

યુગવીર આચાર્ય

[શાસનપ્રભાવક, પંજાબકેસરી
આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી]

ભાગ બીજો

પ્રયોજક:—
ફુલચંદ હરિચંદ દોશી
'મહુવાકર'





ચરિત્રનાયક
પંજાબકેસરી, શાસનપ્રભાવક
આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.

યુગવીર આચાર્યના વિશેષ સહાયકો.

૧૦૦૦) શા હીરજીલાલ છગનભાઈ કેસરીચંદ
૧૦૦૦) શા પોપટલાલ ગીરધરલાલ
૫૦૧) શેઠ [illegible] બીકાનેર
૫૦૦) શા કાંતીલાલ [illegible] રાધનપુર
૨૫૧) શા હીરચંદ રોશનલાલજી કોચર
૨૦૦) પાલણપુરનિવાસી હીરાબહેન, ઝબુબહેન, ચીમાબહેન તથા હીરાબહેન આદિના દીક્ષા પ્રસંગે
૩૫૦ મુનિશ્રી [illegible]વિજયજી મહારાજ તથા મુનિશ્રી
૧૦૧ [illegible]વિજયજી મહારાજની દીક્ષાની ખુશીમાં

યુગવીર આચાર્યના ચરિત્ર માટે જે જે ગુરુભક્તોએ સહાય આપી છે તે સર્વેનો આત્માનંદ જૈન સભા (મુંબઈ) હાર્દિક આભાર માને છે.



બે બોલ

"આચાર્ય" પહેલો ભાગ પ્રકાશિત થયા પછી આજે ચારેક ...ળે બીજો ભાગ પ્રકાશિત થાય છે. બીજા ભાગને આટલો ...થવાના અનેક કારણો છે પણ મુખ્યત્વે કાગળનો પ્રતિબંધ ...કાશન સંબંધી મુશ્કેલીઓ છે. ઘણા મિત્રો તથા વાચકોની ...ે તેટલા વિલંબ માટે મને ક્ષમા કરશો.

...ભાગ માટે આપ સૌએ સંતોષ તથા આનંદ વ્યક્ત કરી ...વાબદારી વધારી છે. માન્યવર શ્રીયુત મોતીચંદભાઈ ગીરધરલાલ ...ના 'આમુખે' મને વિશેષ પ્રેરણા આપી છે.

...લા ભાગની કેટલીક વીગતો શ્રી કૃષ્ણલાલ વર્માના હિન્દી 'આદર્શ ...' ઉપરથી મળી હતી. બીજા ભાગ વિષે મારે જણાવવું જોઈએ કે ... ભાગની વીગતો મોકલી આપવા તથા તે માટે જરૂરી સામગ્રી પૂરી ... ગુરુદેવના ગુરુભક્ત આચાર્ય વિજયલલિતસૂરિજી તથા આચાર્યશ્રીના ...શ્રી રહસ્ય મંત્રી સમા પંન્યાસશ્રી સમુદ્રવિજયજીએ ભારે પરિશ્રમ ... છે. એ વિધવિધ હકીકતોના પૃષ્ઠોમાંથી આપણા ચરિત્રનાયકના જીવન...ો ઉપસાવવા મેં પ્રયત્ન કર્યો છે. પણ જીવનચરિત્રને અને તે પણ ...મ ત્યાગી-તપસ્વી, સમાજકલ્યાણસાધક, જૈન શાસનપ્રભાવક આચાર્ય...ની જીવનપ્રભાને આલેખવાની તથા તેઓશ્રીના જ્વલંત, ભવ્ય અને ...ત્ત જીવનને ન્યાય આપવા; જેટલી શક્તિ મારામાં ક્યાંથી સંભવે? ...ણ મારે જણાવી દેવું જોઈએ, કે જ્યારે જ્યારે હું એ પુણ્યોજ્જ્વળ મહા...માના પ્રસંગો વિચારતો ત્યારે ત્યારે મારા હૃદયમાં અવનવી ઊર્મિઓ ...ઊઠતી અને કોઈ અગમ્ય શક્તિ મને પ્રેરણા આપી રહી છે એમ ...ભાસ થયું છે, પરિણામ તો આપ સૌની સેવામાં રજુ થયું છે.



બે બોલ

યુગવીર આચાર્ય પહેલો ભાગ પ્રકાશિત થયા પછી આજે ચારેક વર્ષને લાંબે ગાળે બીજો ભાગ પ્રકાશિત થાય છે. બીજા ભાગને આટલો બધો વિલંબ થવાના અનેક કારણો છે પણ મુખ્યત્વે કાગળનો પ્રતિબંધ તથા મુદ્રણાલય સંબંધી મુશ્કેલીઓ છે. ઘણા મિત્રો તથા વાચકોની ધીરજ ખૂટે તેટલા વિલંબ માટે મને ક્ષમા કરશો.

પહેલા ભાગ માટે આપ સૌએ સંતોષ તથા આનંદ વ્યક્ત કરી મારી જવાબદારી વધારી છે. માન્યવર શ્રીયુત મોતીચંદભાઇ ગીરધરલાલ કાપડીયાના 'આમુખે' મને વિશેષ પ્રેરણા આપી છે.

પહેલા ભાગની કેટલીક વીગતો શ્રી કૃષ્ણલાલ વર્માના હિન્દી 'આદર્શ જીવન' ઉપરથી મળી હતી. બીજા ભાગ વિષે મારે જણાવવું જોઇએ કે બીજા ભાગની વીગતો મોકલી આપવા તથા તે માટે જરૂરી સામગ્રી પૂરી પાડવા ગુરૂદેવના ગુરુભક્ત આચાર્ય વિજયલલિતસૂરિજી તથા આચાર્યશ્રીના અંતેવાસી રહસ્ય મંત્રી સમા પંન્યાસશ્રી સમુદ્રવિજયજીએ ભારે પરિશ્રમ સેવ્યો છે. એ વિધવિધ હકીકતોના પૃષ્ઠોમાંથી આપણા ચરિત્રનાયકના જીવન-પ્રસંગો ઉપસાવવા મેં પ્રયત્ન કર્યો છે. પણ જીવનચરિત્રને અને તે પણ પરમ ત્યાગી-તપસ્વી, સમાજકલ્યાણસાધક, જૈન શાસનપ્રભાવક આચાર્ય-શ્રીની જીવનપ્રભાને આલેખવાની તથા તેઓશ્રીના જ્વલંત, ભવ્ય અને ઉદાત્ત જીવનને ન્યાય આપવા જેટલી શક્તિ મારામાં કયાંથી સંભવે? પણ મારે જણાવી દેવું જોઇએ કે જ્યારે જ્યારે હું એ પુણ્યોજ્વળ મહા-માના પ્રસંગો વિચારતો ત્યારે ત્યારે મારા હૃદયમાં અવનવી ઊર્મિઓ જાગતી અને કોઈ અગમ્ય શક્તિ મને પ્રેરણા આપી રહી છે એમ લાગ્યા કર્યું છે, પરિણામ તો આપ સૌની સેવામાં રજુ થયું છે.



અર્પણ

જ્ઞાન-ભંડારોના પુનરોદ્ધારક, પાટણના શ્રી સંઘના
પ્રાણ, જૈન સાહિત્યના મહામૂલા ખજાનાના રક્ષક,
સમયના જાણકાર, ચરિત્ર નાયકના સાચા સલાહ-
કાર, જૈનશાસનના દીપક, પૂજ્ય પ્રવર્તક

શ્રી કાંતિવિજયજી મહારાજ

આપનાજ શહેરમાં તેજસ્વી
દીપક

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી

ની
જીવન પ્રભાનાં વિશેષ તેજકિરણો
આપને ચરણે સમર્પણ

ચરણરજ

ફુલચંદ હરિચંદ દોશી





બે બોલ

યુગવીર આચાર્ય પહેલો ભાગ પ્રકાશિત થયા પછી આજે ચારેક વર્ષને લાંબે ગાળે બીજો ભાગ પ્રકાશિત થાય છે. બીજા ભાગને આટલો બધો વિલંબ થવાના અનેક કારણો છે પણ મુખ્યત્વે કાગળનો પ્રતિબંધ તથા મુદ્રણાલય સંબંધી મુશ્કેલીઓ છે. ઘણા મિત્રો તથા વાચકોની ધીરજ ખૂટે તેટલા વિલંબ માટે મને ક્ષમા કરશો.

પહેલા ભાગ માટે આપ સૌએ સંતોષ તથા આનંદ વ્યક્ત કરી મારી જવાબદારી વધારી છે. માન્યવર શ્રીયુત મોતીચંદભાઇ ગીરધરલાલ કાપડીયાના 'આમુખે' મને વિશેષ પ્રેરણા આપી છે.

પહેલા ભાગની કેટલીક વીગતો શ્રી કૃષ્ણલાલ વર્માના હિન્દી 'આદર્શ જીવન' ઉપરથી મળી હતી. બીજા ભાગ વિષે મારે જણાવવું જોઇએ કે બીજા ભાગની વીગતો મોકલી આપવા તથા તે માટે જરૂરી સામગ્રી પૂરી પાડવા ગુરૂદેવના ગુરુભક્ત આચાર્ય વિજયલલિતસૂરિજી તથા આચાર્યશ્રીના અંતેવાસી રહસ્ય મંત્રી સમા પંન્યાસશ્રી સમુદ્રવિજયજીએ ભારે પરિશ્રમ સેવ્યો છે. એ વિધવિધ હકીકતોના પૃષ્ઠોમાંથી આપણા ચરિત્રનાયકના જીવન-પ્રસંગો ઉપસાવવા મેં પ્રયત્ન કર્યો છે. પણ જીવનચરિત્રને અને તે પણ પરમ ત્યાગી-તપસ્વી, સમાજકલ્યાણસાધક, જૈન શાસનપ્રભાવક આચાર્યશ્રીની જીવનપ્રભાને આલેખવાની તથા તેઓશ્રીના જ્વલંત, ભવ્ય અને ઉદાત્ત જીવનને ન્યાય આપવા જેટલી શક્તિ મારામાં ક્યાંથી સંભવે? પણ મારે જણાવી દેવું જોઇએ કે જ્યારે જ્યારે હું એ પુણ્યોજ્વળ મહાત્માના પ્રસંગો વિચારતો ત્યારે ત્યારે મારા હૃદયમાં અવનવી ઊર્મિઓ ઉછળતી અને કોઈ અગમ્ય શક્તિ મને પ્રેરણા આપી રહી છે એમ લાગ્યા કર્યું છે, પરિણામ તો આપ સૌની સેવામાં રજુ થયું છે.




"આત્માનંદ જૈનસભા–મુંબઈ"

નિવેદન.

જે પુસ્તકની લાંબા વખતથી રાહ જોવાઈ રહી હતી એ યુગવીર આચાર્ય ભા. ૨. સજ્જનોના હાથમાં મૂકતાં અમોને આનંદ થાય છે. પ્રથમ ભાગમાં શ્રીયુત ફુલચંદ હરિચંદ દોશીએ જે શૈલી અને સરલતા તેમજ રસિકતાના દર્શન કરાવ્યાં છે એ આમાં પણ યથાર્થ રીતે ઉતરી આવેલાં જોવાશે. પહેલા ભાગમાં જે વાત અધૂરી રહેલી હતી તે આ વાંચતા પૂર્ણતાને વરશે. જો કે જેમના નિમિત્તે આ પુસ્તકો પ્રગટ થયાં છે એ આચાર્ય મહારાજશ્રીની ઉપદેશધારા હજુ પણ અસ્ખલિતપણે વહી રહી છે અને દિનપ્રતિદિન સંખ્યાબંધ ભવ્ય જીવોના હૃદયકમળને વિકસ્વર કરી રહી છે એ જોતાં આ ભાગ પણ પૂર્ણ તો ન જ ગણાય.

ન્યાયાંભોનિધિ આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદ (આત્મારામજી)-સૂરિજીની સ્વર્ગારોહણ અર્ધ શતાબ્દિ, પૂર્વે જેમ વડોદરા મુકામે જન્મ શતાબ્દિ ત્રણ દિવસના મોટા સમારોહ અને ભરચક કાર્યક્રમપૂર્વક આચાર્યમહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજીની સાનિધ્યમાં ઉજવાઇ હતી તે અનુસાર આ વેળા ગુજરાનવાલા મુકામે અન્ય કાર્યક્રમ ઉપરાંત શિક્ષણ સંબંધીના રોચક કાર્યક્રમ સાથે ઉજવાનાર હતી પણ પંજાબની પરિસ્થિતિ અશાંત હોવાથી હાલ તુરત તે કાર્યક્રમ મુલત્વી રહ્યો છે. આ ગ્રંથ સાથે જેમનું પવિત્ર નામ જોડાએલ છે, એવા છેલ્લા સૈકાના પ્રખર યુગપ્રધાન અને તેજસ્વી આચાર્યપુંગવના નિમિત્તે આરંભાનાર મહોત્સવમાં સભાએ સર્વ પ્રકારે સહાયક બનવાનો નિશ્ચય કરી એ અંગેનું કાર્ય હાથ ધર્યું છે. એ ઉપરાંત પ્રથમ ભાગમાં જે આશા



૧૯૪૩ ના ડીસેંબર માસમાં યુગવીર આચાર્યના પ્રથમ વિભાગનું આમુખ લખેલ તેને ચાર વર્ષ થયાં. આજે તેના બીજા વિભાગને અંગે પ્રાસ્તાવિક લખાણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે તેને માટે હું મારી જાતને ધન્ય માનું છું.

આ 'આમુખ' લખવા પહેલાં આ દ્વિતીય વિભાગનો ૨૯ ફારમો પૃ. ૪૬૪ સુધીનો મુદ્રિત ભાગ વાંચવામાં આવ્યો, ત્યારે મને ખાતરી થઇ કે પ્રથમ વિભાગના આમુખમાં જે અંજલિ લેખકને આપી હતી તે કાયમ રહી છે અને આ બીજા વિભાગમાં આચાર્યશ્રીની કથા સં. ૧૯૮૧ થી ૨૦૦૨ સુધીની આવી છે તેમાં પણ રસક્ષતિ જરાપણ થવા દીધા વગર લેખકે આચાર્યશ્રીના જીવનને અપનાવ્યું છે. અને મેં પ્રથમ ભાગના આમુખમાં લખેલ દરેક પ્રશંસાને તેઓ વધારે યોગ્ય નીવડ્યા છે. સાધુજીવન, યોગ દૃષ્ટિ કે નિર્વેદ દૃષ્ટિએ અત્યુત્તમ સ્પૃહણીય અને આદરણીય હોવા છતાં દુન્યવી દૃષ્ટિએ એને રસમય બનાવવું એ ભારે મુશ્કેલ કાર્ય છે. દુનિયાદારીના માણસોને તો જરા ધમાલ, જરા તોફાન, જરા મનોવિકારના ભાતભાતનાં આવિર્ભાવો હોય તેમાં મજા આવે, એમાં રમણીનાં હાવભાવ, નૃત્યની ડોલના કે દોડધામ, મારામારી, અભિમાન પોષક હજી બાજુઓ, વીર રસની કથાઓ આવે અથવા નટનટીના તરંગ વેરો, પ્રેમના કાવ્યો કે વિરહનાં ગાનો આવે અને રાજકથા, ચૌર્યકથા, પ્રેમકથા, વીરકથા, કરુણકથા કે શોકકથા આવે ત્યારે તેમાં

સંપની પ્રેરણા, પ્રગતિના સ્રોતને જમાવવા અને જગાવવાની કળા ઠામ ઠામ તરી આવે છે, રાષ્ટ્ર ભાવના ઊભરાતી દેખાઈ આવે છે અને શીખો સાથેનો ગુરુદ્વારાનો છેલ્લા પ્રકરણનો સંબંધ તથા સ્થાનકવાસી બંધુઓના ઉપાશ્રયે જઈ તપસ્વીના સત્કાર (પૃ. ૧૮૮). આચાર્યશ્રીની વિશાળતા, વિમળતા અને સર્વહિતા સૂચવે છે અને તેને લેખિની દ્વારા સ્પષ્ટ દર્શન કરાવનાર લેખકને ખૂબ માન અપાવે તેવા આકારમાં નિરૂપવા માટે અભિનંદનને યોગ્ય નિવડે છે.

આચાર્યવર્યના સંદેશાઓ બહુ સુંદર રીતે ઘડાયલા મળી આવે છે. તેમણે શાંતિલાલ છાજેડ પર પાઠવેલ સંદેશો (પૃ. ૩૮૮) મારવાડના યુવકોને આપેલ સંદેશો (પૃ. ૩૮૫) કે અમદાવાદની વિદ્યાલયની શાખા સ્થાપન વખતે પાઠવેલ સંદેશો (પૃ. ૪૧૫) એના દાખલાઓ રૂપે છે અને આચાર્યશ્રીની વિશાળતા, દીર્ઘદર્શિતા અને જનતાનો અભ્યાસ દાખવે છે અને તેને યથાસ્વરૂપે સુયોગ્ય જગ્યાએ ગોઠવવાની કળા માટે લેખકના માનમાં વધારો કરે છે.

બાકી તો ઠામ ઠામ 'મથ્થએણ વંદામિ' થી શરૂ થતા સંભાષણો, તેનાં નાનાં નાનાં વચનામૃત જેવાં વાક્યો ભાષાસંયમ અને ભાષા સમિતિના નમૂના છે. સત્ય, પ્રિય, હિત, મિત અને તથ્ય બોલવાના ભાષાસમિતિના દાખલાઓ આખા ગ્રંથમાં ઠામ ઠામ વેરાયલા છે અને તેને શબ્દચિત્ર લેખકે એટલી સુંદર અને આકર્ષક રીતે રજૂ કર્યા છે કે લેખક પોતે તે પ્રસંગે હાજર હોય તેવી પ્રતિભા ઉત્પન્ન કરે છે અને શબ્દની અર્થવાહી રચના, બોધપ્રદ અને અનુકરણીય હોવા સાથે આચાર્યશ્રીને એના સાદા આકારમાં રજૂ કરે છે. આવા શબ્દચિત્રો માટે લેખકને અભિનંદન ઘટે છે. એમણે પોતાનું કાર્ય જવાબદારીપૂર્વક પૂરતા ખ્યાલ સાથે અને આચાર્યશ્રીને બરાબર સમજીને ચાતુર્યપૂર્વક પૂરું કર્યું છે એમ લાગ્યા વગર રહે તેમ નથી.

આચાર્યશ્રીનો શ્રી જ્યોર્જ સાથેનો ભાષાપ્રયોગ (પૃ. ૨૧૬) અથવા હિરણપુરના રેલવે ગાર્ડ સાથે થયેલ વાતચીત (પૃ. ૨૯૨) કે

પંજાબના જૈન બંધુઓની ભક્તિ, તેઓએ શરૂ કરેલ સંક્રાંતિ દર્શન (. ૨૯) અને તેમનો યોગ્ય સદ્‌ભાવ આખા ગ્રંથમાં ડોકિયાં કરે અને ગુરુદેવે સોંપેલ કાર્ય એના શિષ્યરત્ને કેવી સુંદર રીતે પારપાડી માજિક વિકાસમાં ફાળો આપ્યો છે, તેના અમુક દાખલાઓ પૂરા ડે છે. બાકી પંજાબમાં મંદિરો, મહોત્સવો અને જનતાની દોરવણી રે અનેક દાખલાઓ આખા ગ્રંથમાં ઠામઠામ નજરે પડે છે અને જાબના ભાઈઓની આચાર્યશ્રી તરફના ભક્તિનું રહસ્ય ખુલ્લું કરે છે.

આટલું છતાં હજુ 'કથા અધૂરી છે.' એમાં જ્યારે છેવટના રંગો રાશે, એના ઉપર જ્યારે પીંછી લગાડવામાં આવશે, એના ઉપર ધૂંટો રવામાં આવશે, એના ઉપર પત્રવ્યવહારના દાખલાઓ રજુ થશે ત્યારે કટ થયેલી પ્રભાની જ્યોતમાં અનેકગણો વધારો થશે. છેલ્લા ગુજરા-વાળા પ્રકરણમાં કરેલ સંઘ ભક્તિ, બતાવેલ મધ્યસ્થ સ્થિરતા, દાખ-લ અનુપમ નિર્ભયતા અને અદ્વિતીય વિદ્વત્તાના પ્રકરણોનો એમાં મેરો થશે ત્યારે ઘણું જાણવાજેવું સાહિત્ય મળશે.

લેખકશ્રીએ આચાર્યશ્રીને સમજવા માટે લીધેલ પ્રયત્નો કરેલા પ્રયાસો અને અતિ છૂટાછવાયા પ્રસંગોની ફૂલગુંથણીની એક સુંદર માળા રચીને, પ્રથમ માળાની ઉપયોગિતામાં સુસ્પષ્ટ ઉમેરો કર્યો છે અને અધૂરી કથાના નવા મણકા અને પત્રવ્યવહારાદિ પ્રસંગો એજ પ્રકારના ઉત્સા-હથી આગળ ધપાવશે તો હજુ પણ જનતાને અનેક ઉપયોગી આહ્‌લાદક પ્રસંગોની રસલ્હાણ મળશે એમ જણાય છે. લેખકશ્રી ફૂલચંદભાઈએ કરેલ પ્રયાસ માટે સાહિત્યસેવક તરીકે અભિનંદન આપું છું. તેમની સંસ્કારી લેખિની આ બીજા ભાગમાં વધારે વેગવાન બની છે અને 'મત્થ-એણ વંદામિ' થી શરૂ કરીને જે સંભાષણો તેમણે ચીતર્યાં છે તે ખૂબ મનનીય અને વિચારણીય હોવા સાથે અનુકરણીય દેખાયા છે એટલું જણાવી અધૂરી કથાને આગળ ધપાવવા, પરિચિત પાત્રોનો વિશેષ પરિચય કરાવવા અને સંભાષણ તથા પત્ર સંદેશા અને સંભાષણનો હજુ પણ બનતો સંગ્રહ તેમની સારી ચોકખી માર્મિક અસરકારક

સત્કાર.

(જન્મભૂમિ–કલમ–કિતાબ)

તા. ૨૩–૧૦–૪૭.

" યુગવીર આચાર્ય " શ્રી વિજયવલ્લભસૂરિજી. પ્રયોજકઃ ફુલચંદ હરિચંદ દોશી મહુવાકર. પ્રકાશકઃ આત્માનંદ જૈન સભા.–મુંબઈ. કિંમત અઢી રૂપિયા.

આ પુસ્તક પંજાબકેશરી શાસનપ્રભાવક આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો ચરિત્ર ગ્રંથ છે.

એમાં ચરિત્રનાયક આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના દીક્ષાકાળ પહેલાંના બાલ્યકાળથી માંડીને તેમના અત્યાર સુધીના જીવનના લગભગ તમામ લાક્ષણિક મોટા પ્રસંગોનું સંકલન કરીને એમની જીવનપ્રભાને કાયમ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

કહેવું જોઈએ કે પ્રયોજકનો પ્રયાસ યશસ્વી રીતે પાર પડ્યો છે. ચરિત્ર લેખનની મોટામાં મોટી મર્યાદા એ છે કે જીવનમાં ખરેખર બનેલા પ્રસંગો સિવાય કલ્પનાની રંગપૂર્તિને જરાય અવકાશ નથી. આ મર્યાદા જાળવવા છતાં એક સાધુ પુરુષના શૃંગાર અને વીરરસથી સાવ મુક્ત તેમજ સંસારી જીવનના ધમાલ અને દંભવિહોણા એવા શાંત અને તપસ્વી જીવનનું નવલકથાના આકારમાં આલેખન કરવું એ નાની સૂની વાત નથી.

ચરિત્રનાયકના વ્યક્તિત્વ સાથે પ્રયોજકનું સ્વસ્વરૂપાનુસંધાન, વિષયને બહેલાવવાની શક્તિ પ્રસંગોના વૈવિધ્યને રસમય કરવાની આવડત અને હકીકતના મુદ્દામ નિરૂપણનું સ્પષ્ટ અંતર દર્શન ન હોય તો ચરિત્રનું



जैनाचार्य श्रीमद्विजय-वल्लभ-सूरीश्वर-प्रशस्ति.

रचयिता-महता शिखरचन्द्र कोचर, बी., ए. एल.एल, बी.,
साहित्य-शिरोमणि, साहित्याचार्य्य, मुन्सिफ एंड फर्स्ट क्लास मेजिस्ट्रेट,
पो० रायसिंहनगर (बीकानेर स्टेट)

(१)

जिन-शासन के दिव्य-दूत हे परम तपस्वी,
विश्व-वन्द्य-विजयानँद-गुरु के शिष्य यशस्वी ।
धीर, वीर, गंभीर, प्रखर-वक्ता, वर पंडित,
शान्त, दान्त, निर्भ्रान्त, सकल-सद्गुण-समलंकृत ॥

(२)

निखिल-शास्त्र-निष्णात, मनस्वी, आगम-आकर,
विद्या-वारिधि, योग-शास्त्र-नय-कुमुद-कलाधर ।
सौम्याकृति, निज वाणी से बरसाते अमृत,
मन्त्र-मुग्ध-सम. हो जाते श्रोता सब सकृत् ॥

(३)

बाल-पने में लिए आपने पञ्चमहाव्रत,
भीष्म-तुल्य हैं पालन करते अति भीषण व्रत ।
धर्म-धीरता, दया-शीलता, नीति-निपुणता,
विश्व-विदित है आज आप की शील-सुजनता ॥

(८)

दिग्दिगन्त में व्याप्त आपकी गौरव-गरिमा,
है अकथ्य शत-शेष-शारदा से तव महिमा।
यावचन्द्र-दिवाकर अक्षय कीर्ति रहेगी,
जगती-तल पर कथा आपकी अमर रहेगी॥


(९)

यश-सौरभ से सुरभित होंगी दशों दिशाएं,
कोटि-कण्ठ-कूजित होंगी गुरु-गुण-गाथाएं।
तव-उपदिष्ट मार्ग-पर चल कर जैन-जाति सब,
प्राप्त करेगी गुरु-तर गौरव, अभिनव वैभव॥

(१०)

शत शत वर्षों तक स्थिर हो तव पावन जीवन,
होता रहे सदा ही जिससे पर-हित साधन।
बसे आप की अमृत-वाणी मन-मन्दिर में,
जन-सेवा-रत रहें, भुला कर भेद स्व-पर में॥

॥ समाप्त ॥





યુગવીર આચાર્ય

પૂર્વાર્ધની પુણ્ય ઝાંખી

(૧)

ઉત્તરાર્ધને આરંભીએ એ પહેલાં પૂર્વાર્ધના પુણ્યજીવનની ઝાંખી કરી લઇએ. પુનરુક્તિ ને પુનસ્મરણ પણ કદી કદી પુણ્યદાયક બને છે. શાસ્ત્ર પ્રમાણ આપે છે કે—

ઘૃષ્ટં ઘૃષ્ટં પુનરપિ પુનઃ ચંદનં ચારુ ગંધમ્ ।

સંવેગી સાધુતાના શહેનશાહ સમા શ્રી વિજયાનંદસૂરીશ્વરજી-પૂ. શ્રી આત્મારામજી મહારાજ વડોદરા પધાર્યા છે. પાંચે મિત્રોએ એમની પીયૂષ ધારાને પીધી ને એમને સિદ્ધિઓનાં સોણલાં લાધ્યાં. પાંચે મોતી દીક્ષાર્થી થવાને બહાર આવ્યાં, પણ તરતજ જણાયું કે ચાર તો ફટકિયાં હતાં. પાણી તો એકમાં જ હતું.

*

એ પાણીદાર મોતી આચાર્યવર્યના સુશિષ્ય શ્રી હર્ષવિજયજી મહારાજ પાસે ગયું. એમના પાદમાં સર ઝુકાવ્યું. ભર્યા મેઘ જેવા ગુરુજીએ શાન્ત નયને છગનને નીરખ્યો. ને ગુરુ દ્રોણે એકલવ્યને જે સંદેશો આપ્યો હતો તે ફરી અપાયો. 'વત્સ, અભ્યાસ કર, સાધના કર. યોગ્ય વેળાએ સિદ્ધિ આવી મળશે.'

*

સાધનાના શ્રી ગણેશ મંડાયા. જીવનની પવિત્રતા પ્રતિ છગન સચિંત બન્યો. સંયમ, શીલ અને તપને એ જીવનમાં વણવા લાગ્યો. વાસના, લાલસા ને વ્યામોહથી દૂર રહેવા લાગ્યો. એક દહાડો પ્રભુ ઘેલી મીરાંને જેમ થયું હતું કે પરણીને જો રંડાવું હોય તો પરણવું જ શા માટે? છગન વિચાર તો હતો કે કીચડમાં પડીને પગ ધોવા કરતાં કીચડથી આઘે રહેવું શું ખોટું! પણ આ ઇરાદો પ્રેમાળ વડીલ ભાઈ ખીમચંદભાઇને અપ્રિય લાગ્યો.

*

બે ભાઇ વચ્ચે એક જબરો ગજગ્રાહ ખડો થયો. મોટા

ાટે કમર કસી રહેલા એ મહાન્ યોદ્ધાને લાગ્યું કે પોતાના ાર્યને ભવિષ્યમાં વેગ આપનાર વારસ લાધી ગયો.

*

એ વેળાનો પંજાબ, એટલે વાદાવાદ, તર્કવિતર્ક, કુતંડા ને કુચર્ચા, જૈનધર્મ પર સહુ છૂટે હાથે પ્રહાર કરે, અરે ! જૈનધર્મના ફિરકાવાળાઓ પણ પરસ્પર એવો જ વર્તાવ રાખે ધર્મ કરતાં અધર્મની ઉપાસના ભારે ચાલે, એની સામે મુકાબલો કરતાં આચાર્યશ્રીની વૃદ્ધાવસ્થા આવી હતી.

*

સતલજ તીરે સંધ્યા સમયે ભીષ્મ–પિતામહ સમા ગુરુદેવ જીવનની, છેલ્લી સંધ્યાને નીરખી રહ્યા હતા, ને સામે ભગીરથ સમો એક યુવાન શિષ્ય ખડો હતો. આચાર્યવર્ય બોલ્યા. "વલ્લભ, સામેની સંધ્યા જુએ છે ને ! મારી પણ સંધ્યા આવી છે; પણ જીવનભર જે માટે ઝુઝયો છું એના આદેશ આજે આપવા છે. શાસન સેવા–સમાજ કલ્યાણ મારા મંત્ર છે. ક્રાન્તિ ને શાન્તિ મારા ધ્યેય છે. અહિંસા ને સત્ય મારાં સાધન છે. આ ગગનચુંબી જિનપ્રાસાદો રચ્યા પણ એના પૂજનાર શકિતવંત ન હોય તો ! જ્ઞાનમાંજ શકિત રહેલી છે. સમાજ અજ્ઞાનતાથી સબડી રહ્યો છે. ઠેરઠેર સરસ્વતી મંદિરો સ્થાપજે.

*

સૂરજ ડૂબતો ચાલ્યો. સિંહે મૃત્યુ શય્યા બિછાવી, વલ્લભને પાસે બેસાર્યો. માથે હાથ મૂકયો. છેલ્લા આદેશ–આશીર્વાદ આપ્યા. વલ્લભ ! મારી પાટ તને ભળાવું છું. પંજાબની રક્ષા

માટે કમર કસી રહેલા એ મહાન્ યોદ્ધાને લાગ્યું કે પોતાના કાર્યને ભવિષ્યમાં વેગ આપનાર વારસ લાધી ગયો.

*

એ વેળાનો પંજાબ, એટલે વાદાવાદ, તર્કવિતર્ક, કુતંડા ને કુચર્ચા, જૈનધર્મ પર સહુ છૂટે હાથે પ્રહાર કરે, અરે? જૈનધર્મના ફિરકાવાળાઓ પણ પરસ્પર એવો જ વર્તાવ રાખે ધર્મ કરતાં અધર્મની ઉપાસના ભારે ચાલે, એની સામે મુકાલો કરતાં અચાર્યશ્રીની વૃદ્ધાવસ્થા આવી હતી.

*

સતલજ તીરે સંધ્યા સમયે ભીષ્મ–પિતામહ સમા ગુરુદેવ જીવનની, છેલ્લી સંધ્યાને નીરખી રહ્યા હતા, ને સામે ભગીરથ સમો એક યુવાન શિષ્ય ખડો હતો. આચાર્યવર્ય બોલ્યા. 'વલ્લભ, સામેની સંધ્યા જુએ છે ને! મારી પણ સંધ્યા આવી છે; પણ જીવનભર જે માટે ઝુઝયો છું એના આદેશ આજે આપવા છે. શાસન સેવા–સમાજ કલ્યાણ મારા મંત્ર છે. ક્રાન્તિ ને શાન્તિ મારા ધ્યેય છે. અહિંસા ને સત્ય મારાં સાધન છે. આ ગગનચુંબી જિનપ્રાસાદો રચ્યા પણ એના પૂજનાર શક્તિવંત ન હોય તો! જ્ઞાનમાંજ શક્તિ રહેલી છે. સમાજ અજ્ઞાનતાથી સબડી રહ્યો છે. ઠેરઠેર સરસ્વતી મંદિરો સ્થાપજો.

*

સૂરજ ડૂબતો ચાલ્યો. સિંહે મૃત્યુ શય્યા બિછાવી, વલ્લભને પાસે બેસાર્યો. માથે હાથ મૂક્યો. છેલ્લા આદેશ–આશીર્વાદ આપ્યા. વલ્લભ! મારી પાટ તને ભળાવું છું. પંજાબની રક્ષા

ક્યાંય શાસ્ત્રાર્થ, ક્યાંય વાદવિવાદ, ક્યાંય ચર્ચા, ક્યાંય ગુરુદેવના સ્મારક માટે નિર્ણીત કાર્યો માટેની ઝુંબેશ ! ધીરે ધીરે વિજયશ્રી નજીક સરતી આવી. એક પછી એક કાર્ય થવાં લાગ્યાં. પંજાબ ફરીથી આ મુનિરાજની વીર હાકે ગાજી રહ્યો. સહુએ એમને 'પંજાબકેસરી' કરી બિરદાવ્યા. બે પાંચ નહીં પણ ઓગણીસ વર્ષ આ રીતે ચરિત્ર નાયકે પંજાબ ખેડ્યો. હવે માતૃભૂમિ ગુજરાતને સ્પર્શવાની ઇચ્છા જાગી. પવિત્ર તીર્થ શ્રી શત્રુંજયની યાત્રાની રઢ લાગી. પણ પંજાબીઓ આ સમાચાર સાંભળી શકે તેમ નહોતા. આંખમાં આંસુ સાથે તેઓએ ઇન્કાર ભણ્યો. ચરિત્રનાયકે સમજાવ્યા ને પ્રેમભર્યા પંજાબમાંથી ગુજરાત તરફ વિ. સં. ૧૯૬૪ માં પ્રયાણ કર્યું. ૧૯૬૫ના જેઠ શુદિ બીજના દિવસે પાલણપુરમાં પ્રવેશ કર્યો.

*

પાલણપુરમાં જ તેમના સમાજહિતના કાર્યનો પ્રારંભ થયો. અહીંના સંઘમાં વિખવાદ હતો. તેઓએ પોતાની સુંદર કુનેહથી તે સમાવ્યો. અહીં જ આત્મવલ્લભ કેળવણી ફંડની સ્થાપના થઈ. એક જ દિવસે પચ્ચીશ હજારના વચનો મળ્યાં. આ પછી સિદ્ધાચળની યાત્રા કરી દાદાને ભાવથી ભેટ્યા. સં. ૧૯૬૬ ના વૈશાખમાં વડોદરા પધાર્યા.

*

વડોદરામાં એક અદ્ભુત કાર્ય થવાનું હતું. પૂ. આત્મારામજી મહારાજના મુનિ સમુદાયના સંમેલનની વિચારણા થઇ ને ચરિત્રનાયકે પહેલી હાકલ કરી. આ હાકલને શ્રદ્ધેય વયોવૃદ્ધ

શિક્ષણ સંસ્થાઓના પ્રચાર જેવું બીજું કાર્ય સમાજમાં એકયતા સાધવાનું આંદોલન જગાવવાનું કપરું કામ આપણા ચરિત્રનાયકને કરવાનું હતું.

*

ગામે ગામના સંઘોમાં જ્યાં જ્યાં મનદુઃખ કે મતભેદ હોય, અરે ભાઇ-ભાઈમાં કુસંપ દેખાય, કાકા ભત્રીજાને અણબનાવ હોય, જ્ઞાતિ જ્ઞાતિમાં વર્ષોથી કલેશ હોય, દહેરાસર કે ઉપાશ્રયમાં વહીવટદારોમાં મનઃદુખ હોય કે બે જ્ઞાતિના આગેવાનોને મેળ ન હોય, આ બધામાં સમાધાન, શાંતિ અને સંપ સાધવાની ભારે કુનેહ આચાર્યશ્રી ધરાવે છે અને બધાના મનને સંતોષ થાય તેવું મંગળ કાર્ય કરી હજારોને તેમણે નિર્મળ બનાવ્યા છે. અનેક ફેંસલાઓ પોતે જ ઘડ્યા છે અને તેના પાલન માટે એટલો જ આગ્રહ રાખ્યો છે. સમાજમાં શાંતિના એ ચાહકને અગ્નિ પરીક્ષામાંથી અનેક વાર ઉતરવું પડયું છે પણ શુદ્ધ સુવર્ણને કદી આંચ આવે ખરી ? એ તો સમાજ કલ્યાણસાધક આત્માને ગુરુદેવના લાખ લાખ આશીર્વાદ હતા. પ્રસંગે પ્રસંગે ગુરુદેવની મૂર્તિ પ્રેરણાદાયક બની જતી.

*

આપણા ચરિત્રનાયકની વાણીમાં ભારે ચમત્કાર છે. વ્યાખ્યાનપીઠ ઉપરથી વાકધારા ચાલી તે ચાલી. શ્રોતાજનો મંત્રમુગ્ધ થઇ જાય. જૈન જૈનેતર, અધિકારી, રાજા મહારાજા, શેઠ સાહુકાર, જનતા અને મુસલમાન કે પારસી આર્યસમાજી સુદ્ધાં આ મીઠી, મધુરી હૃદયસ્પર્શી વાણીથી શાંતિ અનુભવે છે. પ્રસંગોચિત દૃષ્ટાંતો અને સમયનો સંદેશ

એ આચાર્યશ્રીની વિશિષ્ટતા છે. એ પ્રવચનોના પરિશીલનથી અનેક આત્માઓ પોતાનું આત્મકલ્યાણ સાધે છે.



જેવા ગુરુભક્ત, જેવા સમાજકલ્યાણ સાધક, જેવા શિક્ષણ પ્રચારક, જેવા પંજાબસંરક્ષક, જેવા મુગ્ધ પ્રબોધક તેવા ગુરુભક્તોના પ્યારા, તેવા જ અનેક શિષ્યોના સહારા, વિદ્વાન અને ઉદાર દિલના, ઉચ્ચ આત્મા, તપશ્ચર્યા અને ચારિત્ર્યના મહાન ઉપાસક, એ યુગવીરે યુગનો સંદેશ ગુરુવર્ય પાસેથી [illegible] ને એ પવિત્ર સંદેશ ગામે ગામ, શહેરે શહેર, દેશ દેશ, પ્રાંત પ્રાંત, સંસ્થાએ સંસ્થાએ, મંદિરે મંદિરે અને [illegible] ઉપાશ્રયે પહોંચાડ્યો અને જૈન શાસનની [illegible] [illegible] પોતાના પ્રાણની પરવા કર્યા વિના અનેક [illegible] અને અસહ્ય પરિસ્થિતિમાંથી પસાર થયા [illegible] [illegible] જૈન જગતને [illegible] કરી મૂકી.



[illegible]



[illegible]

પાસે તોરણો ઝાંખા પડી જતા અને જયઘોષણાથી સમાજનો આપણા નાયકને વધાવી લેતા.

*

જગતના પરિવ્રાજક સમા એ મહાન્ સાધુએ પંજાબથી દક્ષિણ, મારવાડ મેવાડ ને મુંબઈ સુધી હજારો માઈલોની ભૂમિની સ્પર્શના-લાંબા દુષ્કર વિહારો કરીને અનેક ભવ્ય આત્માઓનો ઉદ્ધાર કર્યો.

*

આપણા ચરિત્રનાયકના પૂર્વાર્ધ જીવનના તેજસ્વી કિરણો આપણે સૌએ આનંદ અને ઉત્સાહપૂર્વક ઝીલ્યાં. ઉત્તરાર્ધના પ્રકાશ કિરણો ઝીલી પ્રેરણાના અમીપાન કરીએ.





ધન્ય એ દાન !

(૨)

[illegible]

મુહૂર્ત શ્રી સંઘ કરશે જ કરશે. " લાલા જગન્નાથજીએ સંઘની વતી બાંહેધરી આપી.

" જહા સુખમ્ ! "

આજે ગુજરાનવાલાના નરનારીઓ ગુરુદેવના સ્વાગત માટે ઉત્સાહ અને ઉમંગપૂર્વક તૈયારીઓ કરવા લાગ્યા. આખાએ શહેરને તોરણો ને ધજાઓ, કમાનો અને દરવાજાઓથી શણગાર્યાં. બજારો પણ વિધવિધ સુશોભનોથી શોભી રહી હતી. હજારો સ્ત્રીપુરુષો જૈન અજૈન, શીખ, બ્રાહ્મણ કે સમાજી બધા ગુરુદેવના દર્શને દોડી રહ્યાં હતાં. આ સ્વાગત અપૂર્વ હતું.

*

" મત્થેણ વંદામિ " મુંબઈનિવાસી શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસે વંદણા કરી.

" ધર્મલાભ. " પં. શ્રી લલિતવિજયજીએ બેસવા ઈશારત કરી.

" હવે આપની તબીયત કેમ છે ? અહીં, વિલેપારલેમાં શાંતિ વિશેષ છે. "

" હજી પથારી વશ છું. પણ મારા ગુરુભાઈ પં. શ્રી ઉમંગવિજયજી આદિ છએ સાધુઓ અને શેઠ હીરાભાઈનું આખું કુટુંબ મારી ખૂબ સંભાળ રાખે છે. ગુરુદેવના આશીર્વાદથી આરામ થઈ જશે. "

" સાહેબ ! આપના લાલબાગના પરિચયથી મને તો ખૂબ જ લાભ થયો છે. મારે થોડી રકમ ખરચવી છે. આપ કહો તે ખાતામાં ખરચું.

"ભાગ્યશાળી ! આનંદની વાત છે. કેટલી રકમની ભાવના છે."

"આપ આજ્ઞા કરો તેટલી ?"

"એમ !"

"મહેરબાન ! કેમ ઊંડા વિચારમાં પડી ગયા. વિના સંકોચે આપ ફરમાવો."

"જુઓ ! દાસભાઈ, તમારો આત્મા ઉચ્ચ છે. તમારું હૃદય પવિત્ર છે. હું વિચાર કરતો હતો કે ગુરુદેવનો અભિગ્રહ છે કે પંજાબમાં [illegible] લાખ રૂપીઆના ફંડથી એક મકાન [illegible] ત્યાંસુધી ગાદપગનો ત્યાગ. આમ તો પંજાબ [illegible] નહિ. આ રકમ તમે ગુરુદેવનો અભિગ્રહ [illegible] તો કેવું સારું ?"

"[illegible] આપશ્રી ગુરુમહારાજનો અભિગ્રહ [illegible]"

"[illegible] હજુ તો મોટી રકમ [illegible] પૂરું નહિ થાય"

"[illegible]"

સોહનવિજયજીએ ૬૮ હજાર ભેગા કર્યા છે. ૩૨ હજાર હજી ખૂટે છે. "

" સાહેબ ! એ બત્રીસ હજાર આ સેવકના લખી લેશો. મણીભાઈ ! આપ મારા નામથી ગુજરાનવાલા તાર કરી દેવા તસ્દી લેશો ? આજે મને પણ આ પુણ્યકાર્ય થવાથી અત્યંત આનંદ થયો છે. "

" વિઠ્ઠલભાઇ ! સાચું કહું ? તમે જ્યારે રકમ વાપરવાની ભાવના દર્શાવી ત્યારે મેં બે પાંચ હજારની વાત ધારેલી. પણ મારા અંતરમાં એક વાત તો હતી જ કે હું બિમાર છું. પથારીવશ છું. જિન્દગીનો તો શો ભરોંસો છે ? આ જીવનમાં ગુરુદેવનો અભિગ્રહ પૂર્ણ કરાવી શકું તો મારા જન્મની પણ સફલતા થાય અને તમે એ અભિગ્રહ પૂર્ણ કર્યો. તમારી ભાવનાને ધન્ય છે. તમે જન્મે તો જૈન નથી કર્મે તો મહાજૈન છો પણ તમારું આ વિદ્યાદાન અને તે પણ પંજાબની ભૂમિને માટે તે ખરેખર પ્રશંસનીય ગણાય. "

' સાહેબ ! હું તો મારા આત્મકલ્યાણ માટે કરું છું. મને બાળકોના અભ્યાસ માટે પ્રેમ છે. આપ જેવા ગુરુ મળી ગયા. મારા આત્માને ઉચ્ચ બનાવવાનું શ્રેય તો આપને જ છે. હું રજા લઉં સાહેબ ! "

" સુખેથી "

*

" લાલાજી ! ગુરુમહારાજની કૃપા તો ભારે ગણાય ? " આચાર્ય મહારાજે પત્ર વાંચતાં જણાવ્યું.

નહિ પણ ૩૨૦૦૦) ની મોટી રકમ અપાવવી એ પણ એક ભારે કાર્ય ગણાય."


"સાહેબ ! તે પણ આપના જ શિષ્ય છે ને ! જેવી શક્તિ ગુરુમાં તેવી શિષ્યમાં. આપની અમૃતવાણી જ્યારે સાંભળીએ છીએ ત્યારે પરમ શાંતિ થાય છે. તેમ પન્યાસજી મહારાજાના વચનમાં પણ માધુર્ય છે, આકર્ષણ છે."

"કદાચ દાનવીર શેઠ વિઠ્ઠલદાસભાઇ અહીં દર્શનાર્થે પણ આવે, તે સંબંધી ઈશારો છે પણ નિશ્ચય નહિ."

"તો તો એ ભાગ્યશાળીને જોવાની અમને પણ તક ળશે. પંજાબી ભાઇઓ તેમની પૂરીપૂરી સેવા ઉઠાવશે. પંજાબના ાતિથ્યનો સ્વાદ પણ આપીશું."



શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ-પંજાબ (ગુજરાંવાલા)
કુલપતિ આચાર્યશ્રી તથા કાર્યકર્તા-વિદ્યાર્થીગણ.



સુધાર કરવાની તમારી ભાવના પ્રશંસનીય છે. પણ જાણો છો ? જ્યાં સુધી બાળકોના શિક્ષણનો, બાળકોના સંસ્કારનો, બાળકોના વિકાસનો, બાળકોના ધાર્મિક જ્ઞાનનો, બાળકોના ચારિત્રનો આપણે પ્રબંધ ન કરી શકીએ ત્યાં સુધી સાચો સુધાર સંભવિત નથી. તમે તો જુઓ છોને પંજાબભરમાં આર્ય સમાજનાં કેટકેટલાં ગુરુકુળો-શિક્ષણ સંસ્થાઓ છે. હજારો વિદ્યાર્થીઓને આર્ય સમાજના સિદ્ધાંતો શીખવી તૈયાર કરે છે અને તેઓ આર્ય સમાજની સેવા કરે છે.

મારો આત્મા ત્યારે જ આનંદ અનુભવશે જ્યારે ગુરુ મહારાજની અંતિમ ઇચ્છા પ્રમાણે આપણે એક ગુરુકુળનું મંગલાચરણ કરીએ. પંજાબમાં પૈસા નથી તે વાત સાચી પણ તમે જોઇ શકયા કે ગુજરાતના એક ભાગ્યશાળી શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસે, તમારી ઝોળી ભરી દીધી અને મારો અભિગ્રહ તે પુણ્યશાળીએ પૂરો કર્યો. તમારામાં સંગઠન છે, ગુરુ ભક્તિ છે, વિદ્યાનો પ્રેમ જાગ્યો છે, તો હવે વિલંબ શા માટે ? હું તો સમાધિમંદિરના ચરણમાં બાળકોનો કિલકિલાટ, અભ્યાસ, તેમનો ધર્મપ્રેમ અને આનંદ જોવા ઉત્સુક છું.

હજારો માઇલથી અનેક દુઃખો વેઠતો આ ભૂમિમાં શા-માટે આવ્યો છું, જાણો છો ? ગુરુદેવની આ પુણ્યભૂમિમાં ગુરુદેવની એક માત્ર અંતિમ ભાવના પૂરી કરવાની ઇચ્છાથી. મારા જીવનનું એ મહામૂલું સ્વપ્ન છે. એ મારું પ્રથમ કર્તવ્ય છે. ગુજરાતમાં આજે ઘણી સંસ્થાઓ છે, ત્યાંના સંસ્કાર, ધર્મપ્રેમ જુદા છે. હું તો મારા પ્યારા ગુરુદેવના પંજાબમાં જ્ઞાનપ્રચારની રોશની જોવા ઉત્સુક છું.

કાર્યકર્તાઓ પણ મળશે. તમે નિર્ણય કરો અને આજથી જ નિર્ણય કરો. હવે વિલંબનું કામ નથી. પંજાબની ઉન્નતિ, જાગૃતિ તે ગુરુકુળદ્વારા જ થશે."

શબ્દે શબ્દે, વાક્યે વાક્યે જ્ઞાનપ્રચારની ઉત્કટ તમન્ના હતી. ભારે અસર થઈ. આગેવાનોએ 'શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ'ની ગુજરાંવાલામાં શરૂઆત કરવાનો નિર્ણય કર્યો

*

"સાહેબ! ગુરુકુળ માટે નિર્ણય કરી લીધો છે, તે માટે અનુભવી સંચાલકોનો વિચાર કરવો રહ્યો. અમે ગુજરાંવાલાના ભાઈઓ તો તે માટે અમારી સર્વ શક્તિનો ઉપયોગ કરીશું. સ્થાન તો હમણાં સમાધિમંદિર જ ઠીક પડશે. પછી જોઇ લેવાશે." લાલા માણેકચંદજીએ કાર્યકર્તાઓની મુશ્કેલી બતાવી.

"લાલાજી! સંચાલકો માટે હું પત્ર-વ્યવહાર કરું છું. બીનોલી નિવાસી બાબુ કીર્તિપ્રસાદજી જૈન, મશહૂર વકીલ છે. વળી અનુભવી અને પ્રતિભાશાળી છે. તેમણે અધિષ્ઠાતા તરીકે કામ કરવા મને વચન આપ્યું છે. સંસ્થાના અનુભવી મા... મેં આગ્રા લખ્યું છે. ગુજરાતની સંસ્થાઓના અનુભવી ભા... કુલચંદજીને માટે પૂછાવ્યું છે. મેં બાબુજીને આગ્રા તે મા... જવા પણ લખી દીધું છે."

"વિદ્યાર્થીઓ તો આજથી આવવા ઉત્સુક છે. જ્યારથી ગુરુકુળનું નામ સાંભળ્યું છે ત્યારથી ઘણા ભાઈઓ પોતાના ...કોને મોકલવા તૈયાર છે." લાલા ચરણદાસજી... ...ત્રિ કરી

"આપણે તો સારું મુહૂર્ત જોઇ શરૂઆત કરી દઇએ જેથી મારી એક જવાબદારી ઓછી થાય, પછી તો તમને પોતાને શું કરવું તે બધું સૂઝશે. લાલા તિલકચંદજી સેક્રેટરી તરીકે સુયોગ્ય જ છે." મહારાજશ્રીએ શરૂઆત કરવા સૂચના કરી.

*

અહીં સં. ૧૯૯૧નું ચાતુર્માસ આનંદપૂર્વક થયું.

આ ચાતુર્માસ પણ અનેક કલ્યાણકારી કાર્યોથી સભર ન્યું.

એક અંગ્રેજ વિદ્વાન્ આચાર્યશ્રીના દર્શનાર્થે આવ્યા તા. જૈન ધર્મ સંબંધી વાર્તાલાપ અને પ્રશ્નોત્તરથી તેમને હુ જ આનંદ થયો. તેમણે ગુરુદેવ સાથે પોતાનો ફોટો ડેવરાવ્યો હતો.

ગુજરાનવાલામાં એક મિશન ચાલે છે. તેના સંચાલક પાદરી પણ ગુરુમહારાજ પાસે બે-ત્રણ વખત આવેલા અને જૈન ધર્મ તથા ખ્રીસ્તી ધર્મમાં શું શું સામ્યતા છે તે વિષે રસિક ચર્ચા કરી હતી.

આ ઉપરાંત મુંબઇથી શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા સોલીસીટર, શ્રી મકનજી જૂઠાભાઇ બારીસ્ટર દર્શનાર્થે આવ્યા હતા. સમાધિમંદિરમાં જૈન ધર્મની વિશિષ્ટતા પર તેઓએ ભાષણ આપ્યું હતું. શેઠ છોટાલાલ પ્રેમજી આદિ પણ આવ્યા હતા. ચાતુર્માસ પછી મુંબઇથી દાનવીર શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસ પોતાની સાથે સુપ્રસિદ્ધ ગવૈયા પ્રાણસુખ

ભાઈને લઈને આવ્યા હતા. દાનવીરનું ગુજરાનવાલા શ્રી સંઘે સુંદર સ્વાગત તથા આતિથ્ય કર્યું હતું. દાનવીરજીએ ગુજરાનવાલા મંદિરમાં આચાર્યશ્રી કૃત બ્રહ્મચર્યની પ્રસિદ્ધ પૂજા બહુ જ આનંદપૂર્વક ભણાવી, ગુજરાનવાલાના બહેન ભાઈઓને ખૂબ આનંદ આપ્યો. આ વખતે લોકોની ભીડ ભારે હતી. લાડવાની પ્રભાવના દાનવીરજીના તરફથી થઇ હતી.

આત્માનંદ જૈન મહાસભા પંજાબનું વાર્ષિક અધિવેશન પણ ગુરુદેવની સાનિધ્યમાં થયું હતું.

શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસના રૂા. ૩૨૦૦૦) ના સમાચાર ગુજરાનવાલા આવ્યા અને આચાર્યશ્રીજીની પ્રતિજ્ઞા પૂરી થઈ ત્યારે સમાધિમંદિર એક ઉત્સવ સમારંભ શ્રી સંઘ તરફથી યોજવામાં આવ્યો. તે પ્રસંગે શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસને 'દાનવીર' અને પં. શ્રી લલિતવિજયજીને 'ગુરુભક્ત'નું બિરુદ આપવામાં આવ્યું.

ગુરુકુળનું કાર્ય ચાલુ થયું. પંજાબના શહેરે શહેરમાં તે વિષે પ્રચાર કરવામાં આવ્યો અને સમાધિમંદિરના ચરણમાં તે વૃદ્ધિ અને વિકાસ પામવા લાગ્યું.

ચાતુર્માસ પૂર્ણ થયું અને આચાર્યશ્રી ગુરુકુળની કાર્યવાહકોની યોજના કરી વિહાર માટે તૈયારી કરવા લાગ્યા.

હજી તો કાર્યવાહકોની યોજનાને એક અઠવાડિયું પણ થયું નહોતું ત્યાં તો ગુરુવર્યે વિહાર કર્યો.

ગુરુદેવના તે વખતના શબ્દો આજે પણ હૃદયમાં ગુંજે છે,

"ગુજરાનવાલાંના ભાઈ બહેનો–શ્રી સંઘ સમસ્ત ! ગુરૂકુલનો પ્રારંભ તો થઇ ગયો. બાબુજી જેવા સુપ્રસિદ્ધ વકીલ તમને અધિષ્ઠાતા તરીકે મળી ગયા છે. ગુજરાતની સંસ્થાઓના સંચાલક ભાઇ કુલચંદજી પણ ઉત્સાહી છે. તમે તેઓને હાર્દિક સાથ આપશો. સમાધિમંદિરના ચરણમાં દિનપ્રતિદિન ગુરૂકુળની અભિવૃદ્ધિ જોવા હું ઉત્સુક છું. હું પાછો આવું ત્યારે તો ગુરૂકુળમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, કાર્યકર્તાઓ, અધિકારીઓ અને તમે બધાં ત્યારે મહાન ઉત્સવ ઉજવતા હશો.

સંસ્થાને ગુજરાનવાલા શ્રી સંઘના હાથમાં સોંપી આચાર્યશ્રીએ વિહાર કર્યો.

*

" ગુરૂકુળને માટે જે મદદ પહોંચાડી તેનો બદલો હું કઇ રીતે આપી શકું ? હું તે દિવસ ધન્ય માનીશ જે દિવસે ગુરૂદેવની ઇચ્છા સોળે સોળ આના પૂર્ણ થશે. એ ઇચ્છા સંપૂર્ણ કરવાનું પ્રથમ કર્તવ્ય આપણું–સૂરીશ્વરજીના શિષ્યોનું છે, પણ બધામાં આપ જ તેમની ઇચ્છાને સંપૂર્ણ ન્યાય આપવા સમર્થ છો........ મેં ધારી લીધું છે કે દેશ દેશાંતરમાં ફરી ગુરૂકુલ માટે મોટું ફંડ કરવું. જો મારા ખૂનનું ટીપું પણ માગશે તો હું આપવા તૈયાર છું, પણ ગુરૂદેવે જે છોડ વાવ્યો છે તેનું મહાન વૃક્ષ બનાવી દેવું છે. અગર જિંદગી રહી તો કાંઇ ને કાંઇ સેવાભક્તિ કરીશ, નહિ તો ભાવિભાવ.

" ભાઈ કાલની કોને ખબર છે ? જે થાય તે કરી લઉં,

શરીરનો શો ભરોંસો ! મનમાં તો ઘણાંએ સ્વપ્નાં ઘડી રાખ્યા છે. પંજાબભરમાં ગુરૂદેવના પ્રચારનું બીડું મારે જ માથે છે. ગુરુદેવને નિશ્ચિંત કરવાનું પણ ધાર્યું છે, અને મહાસભાદ્વારા પંજાબની કાયાપલટ વિચારી છે. પણ શરીર થાકી ગયું છે. કેટલા દિવસ ચાલશે તે શંકાસ્પદ છે. ”

આ ઉપરોકત શબ્દો આચાર્યશ્રીના શિષ્ય ઉપાધ્યાયજી સોહનવિજયજી મહારાજના છે. પણ એ અનન્ય ભકત અને કર્મશીલ શિષ્યની તો ભારે ખોટ પડી ગઇ છે. આ ચાતુર્માસમાં ઉપાધ્યાયશ્રી સોહનવિજયજીએ ભારે તપશ્ચર્યા કરી અને તેમની ગુરૂકુળને ઉન્નત કરવાની, ગુરૂદેવને નિશ્ચિંત કરવાની, દેશ દેશાંતરમાં વિચરવાની અને જૈન ધર્મનો પ્રદ્યોત કરવ ભાવના અધૂરી રહી. ઉપાધ્યાયજી શ્રી સોહનવિજયજી આચા શ્રીના પ્રિય શિષ્ય હતા અને પં. લલિતવિજયજીના પ પ્રિય આત્મબંધુ હતા. ઉપાધ્યાયજીએ પણ ગુરૂદેવને પગ ચાલી પંજાબભરમાં જૈન સિદ્ધાંતોના પ્રચારનું, શિક્ષણ સ સુધારનું, ખૂબ ખૂબ કાર્ય કર્યું હતું. ‘ શ્રી આત્માનંદ જૈ મહાસભા ’ ની સ્થાપનાનું શ્રેય તેમને જ છે. હિંદુ, મુસલમાન આર્યસમાજી, શીખ અને કસાઇઓને ઉપદેશ આપી પોતાન રાગી અને જૈન ધર્મ પ્રત્યે પ્રેમભાવવાળા બનાવવાની શક્તિ તેમનામાં અજબ હતી.

ગુરૂકુળ માટે તો તેમને ભારે પ્રેમ હતો. તે માટે પ્રવાસ કરવાની જવાબદારી તેમણે ઉપાડી હતી. ફંડ માટે નિધિ વારીની યોજના પણ તેમણે ઉપાડી લીધી હતી અને તે શું?

ધુ વખત જીવ્યા હોત તો ગુરૂકુળને તેમની સેવાનો સારો લાભ મળત.

એ ધર્મવીર, કર્મશીલ અને સાચા સમાજસુધારકની ગુરૂદેવને, પંજાબને, ગુરૂકુળને અને તેમના પરમ પ્રિય આત્મબંધુ પંન્યાસજી મહારાજને મોટી ખોટ પડી છે. તે આજે પણ પૂરી પૂરાતી નથી. તેમના શિષ્ય પં. શ્રી સમુદ્રવિજયજી આજે આચાર્યશ્રીની સેવામાં લાગી રહ્યા છે અને પોતાના ગુરૂવર્યની ગાદી સંભાળી રહ્યા છે. આચાર્યશ્રીને તેમની સેવાનો ઠીકઠીક લાભ મળી રહ્યો છે. તેમના કાર્યથી આચાર્યશ્રી નિશ્ચિંત થતા જાય છે.

આજે ગુરૂકુળને ૧૮ વર્ષ થઈ ગયાં. પંજાબશ્રી સંઘ અને ગુરૂવર્યે તે નાના વૃક્ષને અમી સિંચન કરીને મહાન્ બનાવ્યું છે. સમાધિમંદિરનાં ચરણમાં ઉત્પન્ન થયેલો નાનો છોડ તે જ સમાધિ મંદિરના ચરણમાં આલિશાન ભવ્ય મકાનોમાં છે. સ્વતંત્ર શિક્ષણક્રમ, ઉદ્યોગ શિક્ષણ, ધાર્મિક શિક્ષણ તથા સ્વાશ્રય દૃષ્ટિએ જીવન ઘડતર થઇ રહ્યું છે. એ વૃક્ષને ઉછેરવામાં વચ્ચે વચ્ચે ઘણા ઝંઝાવાતો આવી ગયા પણ ગુરૂદેવના પુણ્ય પ્રભાવે તે દિનપ્રતિદિન વૃદ્ધિ પામી રહ્યું છે. પંજાબમાં એ આદર્શ ગુરુકુળ છે. સમસ્ત જૈન સમાજનું તેને પોષણ મળે તો થોડા જ સમયમાં રજત ઉત્સવના મંગળ પ્રસંગે-પાંચ છ વર્ષમાં એક મહાન્ આમ્ર વૃક્ષ બની પોતાના મધુર મધુર ફળોને જગતના ચોકમાં મૂકી જૈન સમાજની અદ્વિતીય સેવા સાધે.



પ્રતિષ્ઠા મહોત્સવ

(૪)

"દયાળુ! આપ બીનોલી ક્યારે પધારો છો? દહેરાસરજી તૈયાર થવા આવ્યું છે. પ્રતિષ્ઠાને માટે હવે જલદી પધારો તો તો સારૂં. આપ પધારો તો તૈયારીની સમજ પડે. પ્રતિષ્ઠા માટે શું શું કરવું તેની કશી કલ્પના અમને નથી." લાલા શ્રીચંદજીએ હસ્તિનાપુર આવીને વંદણા કરતાં કરતાં વિનંતી કરી.

'લાલાજી! પંજાબથી કેવી રીતે નીકળ્યો છું, જાણો છો? કોઇ શહેર કે ગામ જલ્દી છોડતું નથી. વળી ગુરૂકુળની સ્થાપના થઈ તેમ તેના વિકાસ-વર્ધનની પણ ચિંતા આવી પડી."

'ગુરૂવર્ય! ગુરૂકુળ માટેની આપની તમન્ના અમે જાણીએ છીએ. ભાઈ કીર્તિપ્રસાદજી કહે છે કે આચાર્યશ્રી ગુરૂકુળ માટે પંજાબભરમાં વિહાર કરી ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.'

"લાલાજી! બાબુજી ગુરૂકુળમાં બેસી ગયા છે તેથી મને ચિંતા છે જ નહિ પણ પંજાબના ભાઇ બહેનોમાં ગુરૂકુળ માટે ભારે પ્રેમ જાગ્યો છે."

" સાહેબ ! આપની વાણીમાં ચમત્કાર છે અને ગુરૂકુળને માટે કોને પ્રેમ ન થાય ! પ્રતિષ્ઠા માટે મુહૂર્ત જોઈ આપો. કંકોતરીનો નમૂનો આપો. પ્રતિષ્ઠા કરાવવાવાળાને માટે પણ તજવીજ કરવી પડશે. તૈયારી માટે જરૂરી સૂચનાઓ લખાવો. પછી આપશ્રીને બે દિવસ મોડું થાય તો પણ ફિકર નહિ. "

' લાલાજી ! મુહૂર્ત મેં જોઈ રાખ્યું છે. જેઠ શુદી છઠનું મુહૂર્ત બીનોલી અને તમારે નામે બહુ શ્રેયસ્કર છે. ક્રિયાવાળા માટે પણ લખી દીધું છે. તૈયારી માટે આ યાદી અને કંકોતરી માટે આ નમૂનો. '

' કૃપાનિધાન ! આપે તો બધું તૈયાર જ રાખ્યું છે ને શું ? '

' જે કામની જવાબદારી હોય તેની ફીકર તો હોય જ ને ? તમે આવશો તેની ખાત્રી હતી. ન આવ્યા હોત તો હું પત્ર લખવાનો હતો. હવે તમે સુખેથી જઇ શકો છો. તૈયારી કરો. અમે હસ્તિનાપુરની યાત્રા કરી આવી પહોંચ્યા સમજો. '

' સાહેબ ! કેટલીક પ્રતિમાઓની અંજનશલાકા કરવા માટે પત્રો છે, તો તેઓને શું લખવું ? '

' લાલાજી ! પ્રતિષ્ઠાની સાથે અંજનશલાકા થઈ જશે. બાબુ કીર્તિપ્રસાદજીની ભરાવેલી ભગવાન મહાવીરસ્વામી આદિ પ્રતિમાઓની અંજનશલાકા કરાવવાની છે તેની સાથે બીજી પ્રતિમાઓની પણ કરાવી લેવાશે. તેઓને મુહૂર્ત લખી જણાવશો. સુખેથી આવે. '

' દયાળુ ! અમારા યૂ. પી. પ્રદેશમાં આપણા શ્વેતાંબરોની

આ પહેલવહેલી પ્રતિષ્ઠા થાય છે માટે અમારા બધા ભાઈ-ઓમાં પણ અજબ ઉત્સાહ છે. ઉત્સવ બહુ જ આનંદપૂર્વક ઉજવવો છે. આપશ્રી વહેલા પધારશો તો આપનું માર્ગદર્શન ઉપયોગી નીવડશે."

'જેવી તમારી ભાગ્યવાનોની ભાવના. આત્માનંદ જૈન ગુરૂકુળના વિદ્યાર્થીઓને બોલાવવા બાબુજીને લખી દેશો. ઓશીયાની મંડળી પણ સારી છે. એકાદ બે પંજાબની ભજન મંડળી માટે પણ લખશો. જે જે મહેમાનો આવે તેની સરભરા તો તમારે જ કરવાની છે ને.'

"સાહેબ! આપની કૃપાથી આનંદ આનંદ થશે. બધી તૈયારી થઈ રહેશે. મહેમાનો માટે અમે બધા તેઓના સ્વાગત માટે તૈયાર છીએ. રજા લઉં. મથ્થેણ વંદામિ."

"ધર્મલાભ."

× × ×

ગુજરાનવાલામાં ગુરૂકુળની સ્થાપના કરી, વિહાર કરી પંજાબના શહેરો ખાનગા ડોગરા, લાહોર, અમૃતસર, કસૂર, પટ્ટી, જંડીયાળા, વેરોવાલ, કપૂરથલા, જાલંધર, નકોદર, શ્રી શંકર, લુધિયાના, મલેરકોટલા, નાભા, સમાના, પતિયાલા, અંબાલા, સાઢૌરા, દેવબંદ વગેરે પ્રદેશમાં શ્રી સંઘોનું અપૂર્વ સ્વાગત સ્વીકારતા અને ગુરૂકુળને મજબૂત બનાવવા પોત-પોતાના શહેરમાંથી ગુરૂકુળ માટે યથાશક્ય ફાળો આપવા, યોગ્ય વિદ્યાર્થીઓને ગુરૂકુળમાં મોકલવા વગેરેના ઉપદેશ આપતા હસ્તિનાપુર તીર્થની યાત્રા કરી આપ શિષ્યમંડળ સહિત દિલ્લીનગરી પધાર્યા.

વિહારમાં શ્રીશંકર ગામમાં આવ્યા ત્યારે લાહોરથી લાલા મોતીલાલજી દીક્ષા લેવાની ભાવનાથી પોતાના કુટુંબની સમ્મતિ મેળવી લાલા પ્રભુદયાળજીની સાથે આવ્યા અને આચાર્યશ્રીને આજ્ઞા આપવા પ્રાર્થના કરી. લાલા મોતીલાલજી છેલ્લા પાંચ વર્ષોથી દીક્ષાની ભાવના સેવતા હતા. વ્રત-પચ્ચખાણ, તપશ્ચર્યા ચાલુ હતાં, અભ્યાસ પણ ચાલતો હતો. આચાર્યશ્રી પાસે વારંવાર આજ્ઞા માગતા હતા પણ કુટુંબની સમ્મતિ મેળવીને રાજીખુશીથી આનંદપૂર્વક દીક્ષા લેવાની પૂરી ભાવના જાગે ત્યારે આવવાની સૂચના હોવાથી લાલા મોતીલાલજી આજે આવ્યા હતા. આચાર્યશ્રીએ વાસક્ષેપપૂર્વક મંગળ આશીર્વાદ આપ્યા અને લાલા મોતીલાલજી ગુરુદેવની આજ્ઞા શિરોધાર્ય કરી પંન્યાસ (હાલ આચાર્ય) શ્રી લલિતવિજયજી મહારાજ પાસે વડોદરા ગયા અને તેમની પાસે ફાગણ શુદિ ત્રીજના દિવસે આચાર્યશ્રીના નામની દિક્ષા લીધી. દેવબંદમાં એક નવીન પ્રસંગ બન્યો. દેવબંદમાં દીગમ્બર ભાઈઓના બસોથી અઢીસો ઘર છે. આચાર્યશ્રીના પ્રવેશ વખતે તેઓનો ઉત્સવ ચાલતો હતો. એજ દિવસે રથયાત્રાનો વરઘોડો હતો. દિગમ્બર ભાઈઓની પ્રાર્થનાથી બજારમાં રથયાત્રામાં સંમિલિત થયેલા લોકોને શ્રી જિનેશ્વરદેવની ભક્તિ વિષયક પ્રભાવિક ઉપદેશ આપ્યો તેમજ તેઓના આગ્રહને માન આપી એક દિવસની સ્થિરતા કરી. ધર્મશાળામાં 'જૈન ધર્મની વિશિષ્ટતા' ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું.

રાત્રે કેટલાક ભાઈઓ આચાર્ય મહારાજશ્રી પાસે જ્ઞાનગોષ્ટિ માટે આવ્યા. વાતચીતમાં એક ભાઈએ પ્રશ્ન કર્યો કે—

લાલા શ્રીચંદજીના ભાઈ બાબુ કીર્તિપ્રસાદજી વકીલ તો ગુજરાનવાલામાં ગુરુકુલના અધિષ્ઠાતા પદે માનદસેવા આપવા બેસી ગયા હતા. આ પ્રદેશમાં આ ઉત્સવ પહેલવહેલો હોવાથી આસપાસના હજારો લોકો તે જોવા આવતા હતા. પંજાબભરના જૈનો ઉપરાંત ગુજરાત–મારવાડ અને કાઠિઆવાડ આદિના જૈનો પણ ઠીક સંખ્યામાં આવ્યા હતા. શ્રી આત્માનંદ જૈન ગુરુકુલના વિદ્યાર્થીઓ તથા ઓસીયા બોર્ડિંગની મંડળી તેમજ પંજાબની ભજન મંડળીઓ આવી હતી. ભજન, ઉપદેશ, વ્યાખ્યાનો, સંવાદો વગેરેની ધૂમ મચી હતી. અંજનશલાકા માટે પાલીતાણા, કપડવંજ આદિ દૂર દૂરના પ્રદેશોમાંથી પ્રતિમાજી લઈને ભક્તજનો આવ્યા હતા.

આ પ્રસંગે જેઠ શુદિ ત્રીજના દિવસે જંડીયાલાનિવાસી લાલા ખજાનચીલાલ લોઢા અને રાધનપુરનિવાસી ભાઈ ભોગીલાલભાઈ તથા ગુજરાનવાલાનિવાસી રળીબાઈને સમારોહપૂર્વક દીક્ષા આપવામાં આવી. મુનિશ્રી વિશુદ્ધવિજયજી તથા મુનિશ્રી વિકાસવિજયજી નામ રાખવામાં આવ્યું અને આચાર્યશ્રીના શિષ્યો તરીકે જાહેર કરવામાં આવ્યા. રળીબાઈનું નામ ચારિત્રશ્રીજી રાખવામાં આવ્યું. તેમને સાધ્વીજી ચિત્તશ્રીજીની શિષ્યા તરીકે જાહેર કર્યા.

જેઠ શુદિ છઠના દિવસે મંગળ મુહૂર્તમાં આચાર્યશ્રીના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી. અંજનશલાકા પણ થઈ અને બીનોલીમાં આનંદમંગળ વર્તાઈ રહ્યો.

બીનોલીના પ્રતિષ્ઠા પ્રસંગની એક ઘટના આપણા ચરિત્રનાયકની ઉદારદૃષ્ટિ અને લોકકલ્યાણ ભાવનાની સાક્ષી રૂપે છે.

આચાર્યશ્રી એક દિવસ શિષ્યો સાથે સ્થંડિલ જતા હતા. એટલામાં પચીસેક આદમીઓનું એક ટોળું માર્ગમાં આવી મળ્યું. નમસ્કાર કરી ટોળાના આગેવાને આજીજી કરતાં અરજ કરી " મહારાજ ! આપ સંતપુરુષ છો. આપના ચરણમાં પ્રાર્થના રૂપે એક સવાલ કરવાનો છે. આપ અમને શાંતિનો રસ્તો બતાવો. "

" કહો, ભાઈઓ ! તમારી શું મુંઝવણ છે ? સૌ શાંતિ રાખો. આપણે યથાશક્ય માર્ગ જરૂર કાઢીશું. "

" સાહેબ ! અમે મેઘવાળ છીએ. તો અમે હિન્દુ રહીએ તો ઠીક કે મુસલમાન બનીએ તો ઠીક ? "

" તમે શું કહેવા માગો છો ? તમારો સવાલ જરા વિચિત્ર લાગે છે. " આચાર્યશ્રીએ આશ્ચર્ય પામીને પૂછયું.

" દયાળુ અમે હિન્દુ છીએ. ગૌમાતાની રક્ષા કરીએ છીએ રામ કૃષ્ણનું સ્મરણ કરીએ છીએ; પરંતુ પાણીના દુઃખે અમે મરી રહ્યા છીએ. હવે જો અમે મુસલમાન બનીએ તો સુખી થઈએ. એટલે આ સવાલ આપની પાસે મૂકયો છે. મહારાજ! આપ જ કહો અમારે શું કરવું ? પાણી વિના મરવું કે મુસલમાન થવું ? " અંતરની વેદના રજુ કરતાં જણાવ્યું.

' ભાઈઓ ! તમને પાણીનું શું દુઃખ છે ? પંજાબમાં પાણીની ક્યાં કમી છે ? '

' સાહેબ ! પાણી તો ઘણું છે, પણ હિંદુ લોકો અમને પાણી જ નથી ભરવા દેતા. એટલું જ નહિ પણ ...

ઉડવાના ભયથી દૂરથી અમને પાણી મળતું નથી. જ્યારે કોઇ મુસલમાન આવી ચડે તો ઝટ બધા ખસી જાય છે. એટલે અમને થાય છે કે, મુસલમાન બની જઇએ તો કુવા પર ચઢીને પાણી લઇ શકાય. પણ કૃપાળુ અમારી આંતરડી દુભાય છે, તેથી આપ ધર્મગુરુની પાસે સમાધાન કરવા આવ્યા છીએ.'

'તમારી મુંઝવણ તો સાચી છે. પણ તમારૂં મન દુભાય છે, એટલે તમે હિંદુ રહેવા તો ઇચ્છો છો. કેમ ખરૂંને ?'

'હિન્દુ છીએ ને હિન્દુ બન્યા રહેવું છે. મુસલમાન બનવાથી તો અમારાં ખોળીયાં બદલાઇ જશે. પણ પાણીનું દુઃખ ાં સુધી સહન થાય ?'

'તમારૂં કહેવું સાચું છે તમારૂં પાણીનું દુઃખ મટી ાય તો પછી શું જોઇએ ?' આચાર્યશ્રીએ ઠંડો શ્વાસ લઇને વાબ આપ્યો.

'અરે મહારાજ! તો તો ભગવાન જ તમે' અમારી ાત પેઢીનું દુઃખ જાય તો બીજું શું જોઇએ ?

'ત્યારે તમેજ કહો તમારૂં પાણીનું દુઃખ શી રીતે મટે ?'

'સાહેબ! અમો હિન્દુ ભાઇઓને ત્રાસ આપવા નથી ઇચ્છતા, પૂર્વ જન્મના પાપે અમે હલકી વર્ણમાં પેદા થયા. અમે અમારો સ્વતંત્ર કુવો બનાવી લઇએ એટલે ન દેખવું ન દાઝવું.'

'વાહ! તમારો આવો સુંદર વિચાર છે તો પછી મુંઝ[illegible]વાનું શું કામ!' ઉત્સાહ આપતાં આચાર્યશ્રીએ પૂછ્યું.

'સાહેબ! અમારી પાસે સ્વતંત્ર કુવો બનાવવા જેટ[illegible] સાધન સામગ્રી નથી. જમીન અમારી પોતાની છે. અને અ[illegible] જાતે બધા મળીને મહેનત કરવા તૈયાર છીએ. પણ પથ[illegible] ઇંટો અને કારીગરનો ખર્ચ અમારી પાસે નથી.'

'ભાઈઓ! અમે લાલા શ્રીચંદજી અને બાબુ કીર્તિ[illegible] પ્રસાદજી વકીલના મકાનમાં છીએ. ત્યાં બપોરના બે વાગે ઉ[illegible]દેશ આપવામાં આવે છે. ગામના ઘણાખરા ભાઈઓ ક[illegible] ઉપદેશ સાંભળવા આવે છે. તમે તે વખતે હાજર થશો [illegible] આશા છે કે તમારું કામ થઈ જશે. પાણીનું દુઃખ જરૂ[illegible] ટળશે.' આચાર્યશ્રીએ આશા આપી.

'દયાળુ! અમને પડતા તમે બચાવ્યા. ધન્ય છે આ[illegible] જેવા હિન્દુ ધર્મના મહાન ગુરૂને!'

બીજે દિવસે વ્યાખ્યાન સમયે તે લોકો આવી પહોંચ[illegible] તેમને ઇશારો કરવામાં આવ્યો એટલે ચોકની ખુણી જગ્યા[illegible] આવી નમસ્કાર કરી ઊભા રહ્યા. ગુરૂદેવ તો જાણતા હ[illegible] વ્યાખ્યાનમાં બેઠેલા બીજા ભાઈઓને તો આશ્ચર્ય થયું[illegible] આ બધા લોકો મળીને કેમ આવ્યા હશે. એટલામાં આચ[illegible] [illegible] જણાવ્યું કે 'આ ભાઈઓ એટલા માટે આવ્યા છે[illegible] તેઓ હિન્દુ રહે કે મુસલમાન બને?'

[illegible] [illegible] શ્રોતાઓ આશ્ચર્યચકિત થઈ ગ[illegible] [illegible] પૂછયું, 'ભાઈઓ! તમે શું કહેવા મા[illegible]

છો? વકીલસાહેબની વાતનો જવાબ આપતાં તેઓ જરા અચકાયા એટલે ગુરૂમહારાજે ઉત્સાહ આપતાં કહ્યું કે ગભરાઓ નહિ તમારે જે કહેવું હોય તે ખુલાસાથી કહો.

'અરે! ચતુરા! શું વાત છે? બધા મળીને કેમ આવ્યા છો? બોલો! ગભરાશો નહિ ગુરૂમહારાજનો હુકમ અમે પાળવા તૈયાર છીએ.'

'બાબુજી! અમારા ગરીબોની શી પ્રાર્થના હોય? અમો પાણીના દુઃખથી એવા કંટાળી ગયા છીએ કે મુસલમાન ''નવાનો વિચાર આવી ગયો. ગુરૂમહારાજ કાલે મળી ગયા ાને તેમની દયાથી અહીં આવ્યા છીએ.'

બધી હકીકત જાણ્યા પછી આગેવાનોના હૃદય પીગળી ાયાં. હાથ જોડી ગુરૂમહારાજને પૂછવા લાગ્યા 'ગુરૂદેવ! શી ાાજ્ઞા છે?'

'ભાગ્યવાનો! તમારા ગામમાં તમારી સેવા કરનાર ભાઇઓ પાણી વિના દુઃખી રહે અને મુસલમાન બનવા સુધીની વાત આવી જાય તે હિન્દુ-જૈન બધાને માટે અયોગ્ય છે. દુઃખીઓના દુઃખ દૂર કરવા એ તમારો પ્રથમ ધર્મ છે. આવાં કામમાં અમારી આજ્ઞા ન હોય પણ શરણે આવેલાંને તમારે બચાવી લેવા જોઇએ. તમારે તમારૂં કર્તવ્ય બજાવવું જોઇએ. અમારે અમારી ઉપદેશ આપવાની ફરજ બજાવવી જોઇએ.' આચાર્યશ્રીના વચનની જાદુઈ અસર થઈ. આગેવાનોએ મસલત કરી કુંવા માટે ફંડ કરી આપવા નક્કી ર્યું ને ટીપ ચાલુ કરી. ગુરૂમહારાજનો ઉપદેશ સફળ થયો.

મેઘવાળોના આનંદનો પાર નહોતો. ગુરૂદેવને હજાર હજા ધન્યવાદ આપતા અંતરથી નમસ્કાર કરતા હિંદુધર્મમાં સ્થિર રહેવાનો આનંદ મનાવતા ઘેર ગયા.

સ્વર્ગસ્થ ગુરૂદેવની જયંતી અહીં બહુજ ઠાઠપૂર્વક ઉજવવામાં આવી. ગુરૂકુળનો ઉદ્દેશ તથા જ્ઞાનપ્રચારની આવશ્યકતા ઉપર આચાર્યશ્રીએ મનનીય વ્યાખ્યાન આપ્યું.

× × ×

'ગુરૂદેવ! બીનોલીનો પ્રતિષ્ઠા મહોત્સવ જોઈને તો અમે બધા મુગ્ધ થઈ ગયા. આપનું જ્ઞાનપ્રચારનું વ્યાખ્યાન તો આજે પણ ગુંજે છે. આપ કૃપા કરી અહીં ચોમાસું કરો તો કેટલાક ભાઈઓ જરૂર આપના સદુપદેશથી શ્વેતામ્બર મૂર્તિપૂજક બનવા સંભવ છે. મારૂં કુટુંબ ને મારા બે સંબંધીઓ તો આપના વાસક્ષેપ માટે તૈયાર છીએ.' બડૌતના એક આગેવાને પોતાનો ભાવ વ્યક્ત કર્યો.

'બાબુજી! તમે તો પૂરા રંગાઈ ગયા છો. પણ ઠીક જણાય તો હું જરૂર વિચાર કરૂં, મારે તો ધર્મ પ્રચાર થતો હોય તો બીજાં કામ પછી થશે.' આચાર્યશ્રીએ ધર્મપ્રચારનું મહત્ત્વ જણાવ્યું.

'આપને વચન તો શી રીતે આપું? પણ મારી ભાવના છે. ઘણાંને આપના પ્રત્યે ભક્તિભાવ જાગ્યો છે. રંગમાં ને રંગમાં કેટલાક પણ થઈ જાય!'

'બાબુજી! તમે જોયુંને' બીનોલીમાં બાબુ શ્રાવકોમાં પણ કેવો ધર્મ ઉદ્યોત થયો?

"અમારા ગામમાં પણ એવો જ ધર્મપ્રેમ છે. વળી અહીં તો ભક્તિભાવ જામ્યો તો પછી બેડો પાર. જો કે સાહેબ અમારી પાસે હજારો રૂપીયા નથી."

"દહેરાસરની ભાવના થતી હોય તો શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીને સહાયતા માટે હું ભલામણ કરૂં. મુંબઇ કોઇ જવા તૈયાર હોય તો હું ત્યાં પણ પત્રો લખી આપું. કામ થઇ જશે."

"કૃપાનાથ! તો તો પ્રભુ મળ્યા! આપ તે માટે કોશીશ કરો. હું અમારા ભાઇઓની સલાહ લઇ જોઉં. મુંબઇ જવું પડશે તો હું જઈશ પણ દહેરસરજીનું કામ કોણ કરશે?"

"તે માટે તમે નિશ્ચિંત રહો. લાલાશ્રીચંદજી પણ તમારા જ છે. બાબુ કીર્તિપ્રસાદજી પણ છે. બન્ને તે માટે પૂરી જહેમત ઉઠાવશે. લાલા શ્રીચંદજીને તો તાજો જ અનુભવ છે."

"દયાળુ! એ બધું ખરૂં પણ પછી કામ અધૂરૂં છોડીને આપ ચાલ્યા જાઓ તેનું શું?"

"એટલે! તમે શું કહેવા ઇચ્છો છો?"

"આપની પ્રેરણાથી અને પ્રયત્નોથી દહેરાસરનું કાર્ય ચાલે, અને આપની કૃપાથી પૈસા પણ મળી રહે પણ પછી તમે તો ચોમાસુ ઉતરે કે કેડ બાંધો તેનું શું?"

"પણ અહીં મારી જરૂર પણ શું રહેશે? લાલા શ્રીચંદજી છે, તમે છો, વળી કમીટીમાં બે પાંચ નામો પણ રાખીશું. કામ તત્કાલ પૂરું થઇ જશે પછી શું ચિંતા?"

"પણ પ્રતિષ્ઠાનું શું ?"

"ઓહો ! તમે તો પાકા વાણીયા છો. હજી તો ક્યાં દહેરાસરની વાત અને ક્યાં પ્રતિષ્ઠાની વાત ? અવસરે લેઈ લેવાશે. જો કામ બની ગયું તો પ્રતિષ્ઠા પણ કરાવી લેવાશે. બસ હવે થયો સંતોષ."

બીનોલીની પ્રતિષ્ઠા પ્રસંગે આવેલા દિલ્હીના આગેવાન લાલા હજારીમલજી જોહરી, લાલા દલેલસિંહજી, લા. હીરા ચંદજી, લા. હરખચંદજી, બાબુ જસવંતરાયજી વગેરે આચાર્યશ્રીને દિલ્હી ચોમાસું કરવા આગ્રહભરી વિનંતિ કરી આસપાસમાં બીજું કોઈ યોગ્ય સ્થળ ન હોવાથી દિલ્હી ચોમાસું કરવાની ઈચ્છાએ આપ બિનોલીથી વિહાર કરી બડોત પધાર્યા અહીં થોડા દિવસની સ્થિરતા દરમ્યાન સારો લાભ દે કેટલાક કુટુંબો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ધર્મમાં લેઈ મકાન વગેરેની અગવડતા છતાં અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ આપે દિલ્હીનો મોહ છોડી બડોત ચોમાસું કરવાનો નિ કર્યો. આ વાત સાંભળતા દિલ્હીના ગૃહસ્થો બડોત પહોંચ્યા અને દિલ્હી પધારવા આગ્રહપૂર્વક વિનંતિ કરી બડોતની અનેક મુશ્કેલીઓ આગળ ધરી, પરંતુ આચાર્યશ્રી બડોતમાં વિશેષ લાભનું કારણ દર્શાવી તેઓને સમજા અને બડોત ચોમાસું કર્યું.

બડોતના વિજયવાવટો લહેરાવ્યો. ચોમાસામાં સ.પુ. સ.શ્રી આચાર્યશ્રી પણ તાવમાં સપડાયા પર્યુ કે.ઓ વ્યાખ્યાન મુનિશ્રી સમુદ્રવિજયજીએ વાંચ્યુ અને

ર્યશ્રીએ કલ્પસૂત્ર વાંચ્યું. સંવત્સરીના દિવસે બારસા સૂત્ર તાવ છતાં નિર્વિઘ્ને પૂર્ણ કર્યું. પાંચમે રથયાત્રાનો વરઘોડો ધામધૂમથી ચડ્યો. દિલ્હી, પંજાબ અને બીકાનેરના અનેક ભાવિકો પર્યુષણ કરવા આવ્યા હતા. આખા ચાતુર્માસમાં દર્શનાર્થીઓની સંખ્યા વિશેષ રહી. નાના એવા ગામમાં ધર્મનો ઉદ્યોત સારો થયો. જૈન શાસનની પ્રભાવના અનેક સ્ત્રીપુરૂષોના હૃદયમાં જાગી.

અહીં દહેરાસર માટે ઉપદેશ થયો અને ઘણા ભાઇઓની ઉત્સુકતા હોવાથી આચાર્યશ્રીએ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદીની મારફત ભલામણ પત્ર લખ્યો. આચાર્યશ્રીના પત્રથી અને મોદીજીની પ્રેરણાથી પેઢીએ સારી મદદ આપી. આ ઉપરાંત મુંબઇના ગૃહસ્થો પર પત્રો લખી આપ્યા અને બડોતથી એક પ્રતિનિધિ મંડળ લાલા શ્રીચંદજીના સુપુત્ર બાબુ વીરચંદજી આદિનું આ માટે મુંબઇ ગયું. મુંબઈમાંથી પણ રૂા. ૧૫૦૦૦ થી રૂા. ૨૦૦૦૦ ની મદદ મળી ગઈ. આચાર્યશ્રીના પત્રો અને પ્રેરણાની અસર ચમત્કારિક હોય છે. ગુરુવર્યના ભક્તો આચાર્યશ્રીના શાસન ઉદ્યોતના કાર્યમાં હર ઘડી તૈયાર હોય છે.


જંડીયાલાગુરુનિવાસી ચતુર્થ વ્રતધારી ધર્મનિષ્ઠ લાલા ટેકચંદજી માલકસના શુભ હસ્તે નૂતન જિનમંદિરનું ખાતમુહૂર્ત સં. ૧૯૮૨ ના શ્રાવણ શુદિ પાંચમે કરવામાં આવ્યું.

દહેરાસરનું કામ ધમધોકાર ચાલ્યું. ગુરૂની કૃપાથી અને બાબુ શ્રીચંદજી તથા બાબુ કીર્તિપ્રસાદજીના અથાગ પરિશ્રમથી

ભવ્ય શિખરબંધ દહેરાસર બંધાઈને તૈયાર થઈ ગયું અને ઉપાશ્રય પણ તૈયાર થઇ ગયો.

અને સંઘની ઇચ્છા મુજબ તેની પ્રતિષ્ઠા આચાર્યશ્રી ફરી પંજાબમાં પધાર્યા ત્યારે સં. ૧૯૯૫ ના મહા શુદિ સાતમના માંગલિક દિવસે આપશ્રીના કરકમળથી દસ હજારની માનવ મેદની વચ્ચે શ્રી દેવાધિદેવ શ્રી શાંતિનાથ ભગવાનને તખ્ત નશીન કર્યા. સં ૧૯૮૨ નું ચોમાસું બડોત (જિ. મરેઠ)માં થયું.





મરુભૂમિમાં આમ્રવૃક્ષ

(૩)

"ગુરુજી" એક બાળક આંસુભરી આંખે દોડતો દોડતો આવ્યો.

"કેમ રડે છે ? કોઇએ તને માર્યો ?"

"ગુરુજી ! સિંધીજી........"

"અરે ! ગજબ થયો. રડવાનો અવાજ પણ આવ્યો."

"વૈદરાજજી ! કેમ લાગે છે ! તમે કોઇ રડશો નહિ. સિંધીજી તો મહાન સેવક છે. તેમની અંતિમ ઘડી સુધારી લ્યો."

"સાહેબ ! દીપક બુઝાઈ રહ્યો છે પણ હજી ચેતના લાગે છે. નાડી પણ ધીમી ધીમી ચાલે છે." વૈદરાજે નાડી તપાસતાં કહ્યું.

"તમે બધા બહાર જાઓ. તેમના આત્માને શાન્તિ આપવી જોઇએ. ધૈર્ય ધારણ કરો. અન્તિમ આરાધના કરાવી લઉં."

મરુભૂમિમાં આચાર્યશ્રીજીએ જ્ઞાનવૃક્ષના વાવેલ બીજને

કુરિત કરવા માટે ઘાણેરાવવાલા શ્રી જસરાજજી સિંઘીની હિંમત અને પરિશ્રમ અનુપમ હતાં. તેમણે જ આચાર્યશ્રીને વિનંતિ પત્ર મોકલી પંન્યાસજી મહારાજ શ્રી લલિતવિજયજી મહારાજને ગોડવાડમાં બોલાવ્યા હતા. પંન્યાસજી મહારાજ સાથે રાતદિવસ પરિશ્રમ કરી, યોજનાઓ માટે રાત્રિના બબ્બે વાગ્યા સુધી ઉજાગરા કરી, ઘેર ઘેર, ગામ ગામ, સંઘ સંઘ, શહેર શહેર જઇ ફંડ માટે, વિદ્યાર્થીઓ માટે ભારે પ્રયત્નો કર્યા. પંન્યાસજી મહારાજે ગોડવાડના પંચોને મરુભૂમિમાં [illegible]નવૃક્ષ માટે અને તે દ્વારા ગોડવાડનો ઉદ્ધાર કરવા અહો-[illegible]શ ઉપદેશ આપ્યો અને તેના ફળસ્વરૂપ ભારે પ્રયાસ [illegible]રી શ્રી વરકાણા તીર્થની શીતળ છાયામાં 'શ્રી પાર્શ્વનાથ [illegible]ન વિદ્યાલય' માત્ર ૯ વિદ્યાર્થીઓથી શરૂ કરવામાં આવ્યું. [illegible] શ્રેય જેટલું પંન્યાસજી મહારાજ શ્રી લલિતવિજયજીને છે [illegible]લું જ શ્રી જસરાજજી સિંઘીજીને પણ છે. ઘેર હાથી તો [illegible]ધ્યો પણ તેને ખવરાવવું શું ? એ કહેવતવાળો હિસાબ થયો. [illegible] શરૂ થયા. વિદ્યાર્થીઓ પણ આવવા લાગ્યા પણ ફંડનું શું ? [illegible] માટે જસરાજજી સિંઘીએ પરિશ્રમ કરવામાં બાકી ન રાખી [illegible] તો. બહુ સફળતા ન મળી પછી તો બધો ભાર પંન્યાસજી મહારાજ પર આવી પડ્યો. ગુરુદેવની કૃપાથી અને તીર્થભૂમિની પવિત્રતાથી પંન્યાસજી મહારાજને થોડી સફળતા મળવા લાગી. [illegible] તો સિંઘીજી [illegible] અને વિદ્યાલય-[illegible] પંન્યાસજી [illegible] અને [illegible]

મજલ પૂરી થવા આવી હતી. વિદ્યાલયના બાળકે આ
સિંધીજીના સમાચાર આપ્યા. પંન્યાસજી દોડતા આવ્યા. જુ
તો સંબંધીઓ રોવા લાગ્યા હતા. તેમણે જોયું હજી ચેતના
બધાને શાંત કરી પોતે તેમને છેલ્લી આરાધના કરાવવા લાગ

"સિંધીજી ! કેમ સમાધિ છે ને ? પરમાત્માનું સ્
કરો. પાર્શ્વનાથ ભગવાનની શીતળ છાયામાં છો."

"ગુરુદેવ !" બુઝાતા દીપકમાં જરા ચમક આવી. આં
ખુલી, હાથ જોડી બેઠા થવા પ્રયત્ન કરવા લાગ્યા.

"સિંધીજી ! ઉઠવાની જરૂર નથી. શાંતિથી સૂઇ ર
બીજો કશો વિચાર ન કરશો. અરિહંત ભગવંતનું શ
સ્વીકારો. આત્માનું કલ્યાણ એમાં છે. તમે તો પૂર્ણ સ
શાળી છો." પંન્યાસજીએ સાંત્વન આપ્યું.

"ગુરુદેવ ! હવે શાંતિ થઇ. આપે મારે માટે પરિ
સેવ્યો છે. મેં જ આપના આ ત્યાગી જીવનમાં આ મ
કાર્યમાં જોડી આપના આત્માને દુઃખ પહોંચાડયું છે. વિદ્
ઓનો કિલકિલાટ સાંભળી આનંદ થાય છે. મારે આ છ
સેવા કરી આ છોડને વૃક્ષ બનાવવું હતું પણ મારું એવું
ભાગ્ય કયાં ?" શ્વાસ ભરાઈ આવ્યો.

"સિંધીજી ! ચિંતા ન કરો. શાંતિ રાખો. હવે શ્રમ ન લ

"ગુરુદેવ ! મારી એક અભિલાષા અધૂરી રહી."

"સિંધીજી બોલો ! તમારી જે ભાવના હશે તે ",

"ગુરુદેવ આચાર્યશ્રીના દર્શન અને બીજું આ બાળ-ઉદ્યાનની રખવાળી."

"સિંધીજી ! ગુરુદેવ અલવરની પ્રતિષ્ઠા કરાવી આ તરફ આવી રહ્યા છે. તમારા મનની શાંતિ જોઈને તો અમે સામે ગયા હતા. ગુરુદેવ પણ બબ્બે વખત વિહાર કરી આવી રહ્યા છે. એ પુણ્યરાશિના દર્શન થશે જ, અને આ વિદ્યાલયની સમુન્નતિ માટે પ્રાણાન્ત સુધી હું પ્રયત્નશીલ રહીશ."

આ વાર્તાલાપ ચાલે છે. દીપ બુઝાવાની તૈયારી છે. બધા શોકગ્રસ્ત બેઠા છે. બાળકો ઉદાસ છે. પંન્યાસજી મહારાજ અંતિમ આરાધના કરાવે છે. ત્યાં ગુરુદેવ આચાર્ય મહારાજ આવી પહોંચ્યા. ઘડીભર તો બધા ચકિત થઈ ગયા.

સિંધીજીનો જીવન-દીપક ઝાંખો પડવા લાગ્યો હતો. ગુરુદેવે બે મંત્રાક્ષરો સંભળાવ્યા અને આચાર્યદેવના દર્શન કરતાં કરતાં તેમનું પ્રાણપંખેરૂં આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયું.

"ગુરુદેવ મારો તો સ્થંભ તૂટી ગયો. સિંધીજીએ જીવન હોમી દીધું આ ભૂમિ ક્યારે જાગશે ?" પંન્યાસજી ઉદાસીન વદને ગુરુદેવના ચરણમાં બેસી ગયા.

"લલિત ! આ ઉદાસ થવાનો કે નમસ્કારવાનો સમય નથી. ઉદાસ થવાનો શો અર્થ ? હવે તો પૂજ્ય સોંપાયેલ કાર્ય કરવાનો સમય છે [illegible] સિંધીજી અને [illegible] વિચારણી [illegible] હું [illegible]"

ગોડવાડના આગેવાનોનું એક વિનંતિપત્ર ઘાણેરાવનિવાસી શેઠ જસરાજજી સિંઘીની પ્રેરણાથી આવ્યું હતું. આપણા ચરિત્રનાયક આચાર્યશ્રીએ વરકાણા તીર્થ ઉપર વિદ્યાલય સ્થાપન કરવા માટે ભારે જહેમત ઉઠાવી હતી પણ કુદરત સાનુકૂળ ન હોવાથી તે કાર્ય અધૂરું પડ્યું હતું. આચાર્યશ્રીને પરિશ્રમ સફળ કરવાની ઉત્કટ ઇચ્છા સિંઘીજીને હતી અને તેથી બડોત સાનંદ ચોમાસું કરી અને વિહાર કરી દીલ્હી પધાર્યા અને દીલ્હીના સંઘે સુંદર સ્વાગત કર્યું. તે વખતે ગોડવાડના આગેવાનો આવ્યા હતા. દિલ્હીમાં આત્માનંદ જૈન ગુરુકુળની બેઠક હતી અને દાનવીર શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસ દર્શનાર્થે મુંબઇથી આવ્યા હતા. આચાર્યશ્રી દિલ્હીમાં રહ્યા. તે દરમિયાન ૐકાર વિષે તાત્વિક વ્યાખ્યાન ચાલતું હતું. તે એક જ વિષય બહુ જ સ્પષ્ટ રીતે અને વિધવિધ શાસ્ત્રોની દૃષ્ટિએ આખો મહિનો ચાલ્યો અને જૈન-જૈનેતર ભાઈ બહેનોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

પં. શ્રી લલિતવિજયજી (હાલ આચાર્ય) પાલણપુર હતા. આચાર્યશ્રીએ તેમને સિંઘીજીને સહકાર આપી ગોડવાડના આગેવાનોને પ્રેરણા આપી કાર્યની શરૂઆત કરવા જણાવ્યું. પંન્યાસજી અને સિંઘીએ ભારે પરિશ્રમ કર્યો અને તેના ફલસ્વરૂપ શ્રી વરકાણાજી તીર્થની શીતળ છાયામાં ૯ વિદ્યાર્થીથી એક શિક્ષણ સંસ્થાની શરૂઆત થઈ.

આચાર્યશ્રી ગ્રામાનુગ્રામ પાવન કરતા અલવર પધાર્યા. અહીં જીર્ણોદ્ધાર થયેલ હતો અને મૂળનાયકજીને ઉત્થાપન કરેલા હોવાથી ફરીથી પ્રતિષ્ઠા કરાવવાની હતી ત્યાં આચાર્યશ્રી

પધાર્યા એટલે શ્રી સંઘે વિનંતી કરી અને ૧૯૮૪ ના મહા શુદિ પાંચમે ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. અંબાલાથી ચાંદીનો રથ તથા શ્રી ઓસિયાજીથી સંગીત મંડળી આવેલ હતાં.

અહીંથી જયપુર, અજમેર, નયાશહેર આદિ ગામ નગરોને પાવન કરતા અને શ્રી સંઘોનું અપૂર્વ સ્વાગત સ્વીકારતા, ધર્મોપદેશનું પાન કરાવતા બીજોવા આવતા હતા. ત્યાં વરકાણા તીર્થથી પં. લલિતવિજયજી, શ્રી પ્રભાવિજયજી, શ્રી શિવવિજયજી આદિ આપને લેવા રૂગનાથગઢ સુધી સામે આવી મળ્યા અને બધા સાથે ચૈત્ર શુદિ ૬ ના દિવસે બીજોવા પધાર્યા. બીજોવા શ્રી સંઘને માંગલિક સંભળાવી સીધા વરકાણા તીર્થદર્શને પધાર્યા ત્યાં તો સિંધીજીનો જીવન-દીપ બઝાઈ રહ્યો હતો.

ત્યાં એકત્ર થયેલા ગોડવાડના આગેવાન સજ્જનોને આશ્વાસન આપતાં ચરિત્રનાયકે જણાવ્યું.

" આજનો પ્રસંગ આપણને બધાને દુઃખી કરે તેવો છે. પંન્યાસજીનો તો જમણો હાથ ગયો. આવા સેવકો તો વિરલા જ હોય છે, પણ આપણું કામ તેમની પાછળ શોક કરવાનું નહિ. તેમના આત્માની શાન્તિ ને તેમના કામને પૂર્ણ કરવાનું છે. હું પણ દિલ્હીથી તે માટે જ આવ્યો છું. જો તમે તેમના સાચા સ્નેહી હો અને તમારા દિલમાં તેમને માટે સાચી ભાવના હોય તો તેમના અધૂરા મનોરથોને અને [illegible] [illegible] કરીને પૂર્ણ કરો. [illegible] હું તમને તમારું [illegible] [illegible] કરો. [illegible] પણ તમે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

અને તે માટે દેવગુરુની સાક્ષીએ પ્રતિજ્ઞા કરો. આ ઉત્તમ કાર્ય તમારી સહાનુભૂતિથી શ્રીમાન સિંધીજીની તરફના પ્રેમ અને કૃતજ્ઞતાનો ઉજ્વળ યશ ગાતું રહેશે. હું તો આને મારું પંન્યાસજીનું કે તમારું કર્તવ્ય માનું છું."

"ગુરુદેવ! આપ આ ભૂમિમાં સ્થાયી કામ કરવા ઈચ્છતા હો તો કૃપા કરી ચાતુર્માસ કરો તો જરૂર આપના જેવા પુણ્યરાશિના પ્રભાવથી અમારી આ અજ્ઞાન દશામાંથી કાંઈક ઉદ્ધાર થાય ખરો." એક ગૃહસ્થે પ્રાર્થના કરી.

"શાજી! વાત તો ખરી કહી. પણ તમે જાણો છો તમારી ભૂમિ હતી તો પવિત્ર–પ્રાચીન–સમૃદ્ધ અને વીર પ્રસ્વિની પણ આજે તો અંધકાર ભાસે છે. વિજાપુર પાસે ચોરોએ લૂંટ્યો ને મરુભૂમિમાં મને વાણીયાઓએ લૂંટ્યો તે તો યાદ છે ને?" આચાર્યશ્રીએ પહેલાનો અનુભવ યાદ આપ્યો.

"કૃપાળુ! સમય સમયની વાત છે. પણ સિંધીજી જેવા પણ નીકળ્યા ને."

"તેમાં તમારું શું વળ્યું? એ તો બહુરત્ના વસુંધરા. પણ તમે બધા પંચો મળીને તે વિશે કાંઈક કરવા વચન આપો તો જરૂર રહી જાઉં. ગૂજરાતના દાળ ભાતનો મને મોહ છે જ નહિ. ઘણા ફાકીને પણ ચલાવ્યું છે ને?" ગુરુદેવે વચન માગ્યું.

"કૃપાનિધિ! અમારું ગામ તૈયાર છે. યથાશક્તિ સહાયતા પણ કરીશું પણ આપ કૃપાળુ સ્થિરતા કરશો તો

અમારું ગામ પાવન થશે. ઘણા ઘણા ભાગ્યશાળી અને સંસ્થાની જડ મજબૂત થશે. "

બીજોવાના શ્રી સંઘનો આગ્રહ હોવાથી તથા મહારાજને થોડા નિશ્ચિંત કરવાની દૃષ્ટિથી આપ ચાતુર્માસ રહ્યા.

"દયાનિધિ! ફરમાવો, ફરમાવો, આપ જે કહેશો તે હાજર થશે. અમારા તો ભાગ્ય કે આપ જેવા પુણ્યરાશિ આચાર્ય ભગવાનના દર્શન થયાં. અમારૂં આંગણું પાવન થયું. કોઇ પુસ્તક આદિ માટે કોઇ રકમની જરૂર હોય તો પણ આપ વિના સંકોચે કહેશો. હું તો આપની અમૃત વાણી સાંભળીને આ ભવનું સાર્થક માણું છું." શિવકોર માતાએ હાથ જોડી વિનંતિ કરી.

"તમારી બન્નેની ભક્તિ હું કયારે માનું? જ્યારે તમે માતા પુત્ર ગુરુની આજ્ઞા પ્રમાણ માનો."

"સાહેબ! આપની આજ્ઞા અમારે માન્ય છે." બન્ને બોલી ઉઠ્યાં.

"સાચું કહો છો ને!"

"જી! સાચું."

"આપણો કેવો મહાન્ ધર્મ, ભગવાન વીર પરમાત્માના આપણે સંતાનો, તમારૂં કેવું ઉચ્ચ અને ખાનદાન પ્રખ્યાત કુટુંબ અને તેમાં માતા-પુત્રની મીઠી સગાઈ, તેમાં આ કલેશ તમને શોભે? હું તો તે માની જ શકયો નહિ. અને દયા ભવને કાજ! ઘર હોય તો મનભેદ થાય, વાસણો ખખડે પણ ખરાં પણ તેમાં આપણે વિચાર તો કરવો જોઇએ ને?

ચાલો હવે થયું તે થયું. આજે તે બધું ભૂલી જાઓ [illegible] પંજાબથી તમારા દેશમાં આવેલ આ ગુરુની આજ્ઞા પ્ર[illegible] સમાધાન કરી બન્ને ધર્મની ઉન્નતિ પામો અને સુખી થાઓ.

આ અમૃતવાણીની ચમત્કારિક અસર થઈ અને મા[illegible] પુત્રની આંખમાંથી અશ્રુઓ દડી પડ્યાં. પુત્રે માતાના ચરણ[illegible] પોતાનું મસ્તક મૂકી દીધું અને માતાએ અશ્રુઓથી પુ[illegible] મસ્તક પવિત્ર કર્યું. હજાર હજાર દિવસોના તાપ પીવાઈ ગ[illegible] બન્નેના હૃદય પવિત્ર થયાં. ગુરુમહારાજ આ આનંદ[illegible] દશ્ય જોઈ ગુરુદેવની કૃપાનું ફળ માની ઉપાશ્રયે પધારી ગ[illegible] બધા સાધુઓ આ વાત સાંભળી આશ્ચર્ય પામ્યા અને ગુ[illegible] પુરનો શ્રી સંઘ પણ આશ્ચર્ય સાથે ઘણો જ ખુશ થયો.

અહીંથી વિહાર કરી માલરગઢ પધાર્યા. અત્રે શ્રી [illegible] [illegible]

[illegible]

ધારથી આશાપુર તરફ વિહાર કરી ભોપાવર તીર્થમાં બાર ફૂટની શ્રી શાંતિનાથ પ્રભુની કાયોત્સર્ગમાં ઉભી ભવ્ય મૂર્તિના દર્શન કરી રાજગઢ શ્રી સંઘને લાભ આપી આગળ વધતાં એક ગામમાં સાંજના પ્રતિક્રમણાદિ ક્રિયાથી નિવૃત્ત થઇ સાધુઓ સાથે જ્ઞાનગોષ્ઠી ચાલતી હતી. એટલામાં રતલામના દોઢસો જેટલા આગેવાનો આવી પહોંચ્યા.

" ત્રિકાળ વંદણા ! ત્રિકાળ વંદણા ! "

" ધર્મલાભ ! "

" કોણ શેઠ રતનલાલજી કે, ઓહો કેશરીમલજી અને જુહારમલજી પણ પહોંચ્યા છે ને શું ! ભંડારીજી પણ આવ્યા છે ! " સમુદ્રવિજયજીએ ઓળખી કાઢ્યા.

" જી સાહેબ ! આપ સાહેબ ગુરુદેવની સાથે છો ને ? ત્યારે તો અમારા મનોરથો પૂર્ણ થશે ? "

" કેમ શું કામ છે ? "

" અરે સાહેબ ! આચાર્યદેવ રતલામના પાદરમાં થઇને બારોબાર ચાલ્યા જાય તે સારૂં કહેવાય ? "

" ગુરુદેવ ! મહામુશીબતે આપના પુનિત ચરણો માળવામાં થયા અને આપ માળવાનું મુખ્ય જૈન નગર રતલામને છોડી પધારો એ શોભાસ્પદ ગણાય ? ગમે તેમ થાય આપને રતલામ જરૂર પધારવું પડશે. "

" ભાગ્યવાનો ! તમારી ભાવના ઘણી સારી છે પણ મારે

મારવાડ પહોંચવાની ઉતાવળ છે. શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યા
અને ઉમેદપુર જૈન બાલાશ્રમનું જરૂરી કામ છે."

"કૃપાનિધિ! એ કાર્યો પણ થશે. આપ જેવા ગુરૂ
દર્શન વિના રતલામ રહે તો તો અમારા કમભાગ્ય
અમે આપને જરૂર રતલામ લઇ જઇશું."

"તમે જાણો છો ને રતલામ જવું હોય તો મોટા ફે
થઇને જવું પડે. તેથી આઠ દિવસ મોડું થાય. જરૂરી
ન હોત તો હું જરૂર આવત."

"સાહેબ! અમે તો અહીં જ બેસવાના. જ્યાં
આપ રતલામ આવવાની હા નહિ કહો ત્યાં સુધી આ
[illegible] [illegible] છીએ."

"[illegible]! તમે બધા ચાકયાપાસ્યા છો [illegible]
[illegible] [illegible]." [illegible]

"[illegible]"

"[illegible]"

[illegible]

રતલામના ભાઈઓ પણ સાથે જ ચાલી નીકળ્યા. બીજા પણ રતલામથી કેટલાક ભાઈઓ આવી પહોંચ્યા. વ્યાખ્યાનમાં રતલામના ભાઈઓએ દર્દભરી પ્રાર્થના કરી અને ગુરુમહારાજે ચાર દિવસ માટે વિનંતિ સ્વીકારી. પચીસ માઈલનું ચક્કર ખાઈ રતલામ પધાર્યા. રતલામનો પુરપ્રવેશ અપૂર્વ હતો. આસપાસના શ્રાવકો દર્શનાર્થે આવ્યા. રતલામના વ્યાખ્યાનોમાં ખૂબ ભીડ રહેતી. શ્રીમાન દિવાન સાહેબ તથા અન્ય અધિકારી વર્ગ પણ હાજર રહેતા. પૂજા પ્રભાવના સાધર્મિક વાત્સલ્યો થયાં. ફાગણ ચોમાસું રતલામ કર્યું. આસપાસના દેરાસરોના દર્શનાર્થે કરમદી તથા વીપલોદ પધાર્યા. પૂજા પ્રભાવના સાધર્મિક વાત્સલ્યો થયાં અને હજાર દોઢ હજાર જેટલા નરનારીયો લાભ લેતાં. પૂજાઓનો તો ઠાઠ ખૂબ જામતો.

રતલામથી વિહાર કરી સૈલાના, વાંસવડા આદિ થઈ આશપુર પધાર્યા. આચાર્યશ્રીના પધારવાના સમાચાર સાંભળી આખાએ ઇલાકાના જૈનોમાં અજબ ચૈતન્ય આવ્યું. પાટણથી વિદ્વાન મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી, શ્રી પ્રભાવિજયજી, શ્રી રમણિકવિજયજી આદિ આબુ, કેશરીયાજીની યાત્રા કરી આશપુર આવી મળ્યા.

મારવાડથી પં શ્રી મહેન્દ્રવિજયજી, શ્રી પુણ્યવિમળજી પણ આવી મળ્યા. આ બધા મુનિવરોના મિલનથી સંઘમાં ઉત્સાહ અને આનંદ આવ્યો ઘણી જ ધામધુમથી પ્રવેશ થયો. અહીંના સંઘે ખૂબ લાભ લીધો. આચાર્યશ્રીએ આશપુરની જનતાને પોતાના વ્યાખ્યાનોથી મુગ્ધ બનાવી દીધી. અને આસપાસના

ગામોમાં વિચરી સેંકડો સ્ત્રી પુરુષોમાં ધર્મપ્રેમ અને ધ[illegible] શ્રદ્ધા જાગૃત કરી અને સમાજકલ્યાણના આચાર[illegible] વિચારોએ તેઓમાં જાગૃતિ આણી.

અત્રેથી વિહાર કરી ગામાનુગામ વિચરતા શ્રી સં[illegible] સાથે કેશરીયાજી પધાર્યા. બંકોડા ગામમાં એક અજબ [illegible] બની ગઈ. બપોરના સમયે મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહા[illegible] આહાર પાણી કરી વિહારની થકાવટ દૂર કરવા જરા વિ[illegible] લઈ રહ્યા હતા. હજી ઊંઘ તો આવી ન હતી તેવામાં અચ[illegible] બારણાં અને કમાડ એમના ઉપર આવી પડ્યાં પરં[illegible] મહારાજના પ્રતાપે બચાવ થઇ ગયો. બધા સાધુઓ-[illegible] ચકિત થઈ ગયા.

[illegible]

પાછી આવેલા. આચાર્યશ્રીનું નામ સાંભળી દર્શન કરવા આવ્યા. આચાર્યશ્રીએ એવી મીઠી મધુરી ભાષામાં ઉપદેશ આપ્યો કે આહીર કુમારે માંસ-દારૂનો ત્યાગ કરવા ભાવના દર્શાવી. તેમની ઉમર નાની હોવા છતાં આ ભાવના પ્રશંસનીય ગણાય.

× × ×

"ગુરુવર્ય! આપના અમૃતમય વ્યાખ્યાનોની ધૂન તો આખા શહેરમાં મચી ગઇ છે અને અમારા શ્રીમાન્ મહારાણાશ્રી ભૂપાળસિંહજી સુધી તે પહોંચી છે. તેમની જિજ્ઞાસા આપના ઉપદેશો સાંભળવાની છે." એક જૈન અધિકારીએ મહારાણાની ઇચ્છા દર્શાવી.

"મહારાણાશ્રીની જિજ્ઞાસા તૃપ્ત કરવાની મારી ફરજ છે. અમારું સાધુ મુનિરાજોનું કામ જ ધર્મોપદેશ કરવાનું છે. મહારાણા જેવા ઉચ્ચ પુરુષને બે શબ્દો સંભળાવવાથી હજારો પ્રજાજનોના જીવનને સુખમય બનાવી દેવાની ભાવના જાગૃત કરવાનું પુણ્ય છે."

"તે માટે મહારાણાશ્રીના ગુલાબ બાગના મહેલમાં વ્યવસ્થા કરવા વિચાર્યું છે. દિવસ આપને અનુકુળ હોય તે ફરમાવો."

"આવતી કાલે ચૌદશ હોવાથી અમારે ઉપવાસ વગેરે હશે. પરમ દિવસે અનુકૂળતા છે."

"પરમ દિવસે રવિવાર હોવાથી રાજકર્મચારીઓને પણ લાભ મળશે. હું આપને લેવા માટે કયે સમયે આવું?"

"અમે બે વાગે નીકળી શકીશું. પાંચ વાગે અમારે પાછા ઉપાશ્રયે આવી જવું જોઇશે."

"જેવી આજ્ઞા, હું રવિવારે બપોરે આવીશ."

ઉદયપુરમાં આચાર્યશ્રીના વ્યાખ્યાનો એવાં તો મ[illegible] થયાં કે મહારાણા સાહેબ સુધી તે વાત પહોંચી. મહા[illegible] આચાર્યશ્રીના વચનો સાંભળવાની ઉત્કંઠા થઈ અને તે[illegible] તેમના એક જૈન કર્મચારીને આચાર્યશ્રી પાસે મોકલ્યા[illegible]

રવિવારને દિવસે ગુલાબબાગમાં આચાર્યશ્રી શિષ્યો[illegible] પધાર્યા. રાજકર્મચારીઓ પણ રવિવાર હોવાથી આવ્યા[illegible] મહારાણાશ્રીએ ગુરુમહારાજનું સ્વાગત કર્યું. ખાસ [illegible] કરાવેલી ઉંચી બેઠક ઉપર આચાર્યશ્રીને બેસવા પ્રાર્થના [illegible] પોતે બધા કર્મચારીઓની સાથે બેઠા.

આચાર્યશ્રીએ મંગલાચરણ સંભળાવ્યું અને જૈનધ[illegible] [illegible] જણાવ્યું કેઃ—

"મહારાણાશ્રી તથા રાજકર્મચારી વર્ગ, જૈન ધર્મ [illegible] નહિં. [illegible] [illegible]

પ્રમાણ છે. ઉગ્ર કર્મ કરતાં પણ કોઇ એવું કર્મ થઇ ગયું હશે જે ભોગવવું પડે છે. એટલે શાસ્ત્રકારોએ (હિંદુ કે જૈન બધાંએ) કર્મના ક્ષય માટે પ્રજાનું પુત્રવત્ પાલન, ધર્માચરણ અને સાધુ સંતની સેવા એ ખાસ કર્તવ્યો બતાવ્યાં છે. સર્વનું કલ્યાણ થાઓ, સર્વની શાન્તિ થાઓ. આ વચનો અમૃત વચનો હતાં. મહારાણાશ્રીને બહુ જ આનંદ થયો. તેમણે જણાવ્યું કે ધર્મનું ખરૂં રહસ્ય આજે જાણવાની તક મળી. આચાર્યશ્રીનો આભાર માન્યો અને બધા કર્મચારીઓ પણ આ ઉપદેશ સાંભળવાની તક માટે મહારાજશ્રીની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા.

માલવાથી વિહાર કરતાં કરતાં રાણકપુર પધાર્યા. અહીં સાદડી તથા સમસ્ત ગોડવાડ પ્રાંતના સેંકડો ભાવિકોએ દેવ–ગુરુના દર્શનનો લાભ લીધો. સાધર્મિક વાત્સલ્ય પૂજાદિ કાર્યો થયાં. અહીંથી સાદડી પધાર્યા. સાદડી મારવાડમાં એક સમૃદ્ધિશાલી શહેર છે. ત્યાંના નિવાસીઓએ શહેરને ધ્વજા પતાકાઓથી સુશોભિત કરી, સૂરિજી મહારાજનો નગરપ્રવેશ મોટા સમારોહપૂર્વક કરાવ્યો. સૂરિજી ચતુર્વિધ સંઘ સાથે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી બજારોમાં થઈ ઉપાશ્રયે પધાર્યા. માંગલિક સંભળાવી દેશના આપી. શ્રીફ્ળોની પ્રભાવના થઈ. શ્રી સંઘના આગ્રહથી થોડા દિવસ સ્થિરતા કરી મુંડારાકોટ આદિ થઈ વરકાણાજી તીર્થ પધાર્યા. શ્રી પા. જૈન વિ. ના કાર્યવાહકોએ તથા વિદ્યાર્થીઓએ આપશ્રીજીનું ભવ્ય સ્વાગત કર્યું. તે પ્રસંગે આસપાસના અનેક ગામ નગરોના શ્રાવક શ્રાવિકાઓ પણ ત્યાં દર્શનાર્થે

આવેલ. તથા પંન્યાસ (હાલ આચાર્ય) શ્રીમદ્ હરિ[illegible] વિજયજી મ. તથા મુનિ શ્રી મિત્રવિજયજી મ. વસંત વિ[illegible] વિક્રમ વિ. મ. આદિ ઉમેદપુરથી આપશ્રીજીના દર્શન[illegible] પધાર્યા વિદ્યાર્થીઓને તથા કાર્યવાહકોને પોતાના કર્મ[illegible] અમૂલ્ય ઉપદેશ આપી બીજોવા, ખીમેલ, સાંડેરાવ, ફુ[illegible] તખતગઢ થઈ ઉમેદપુર પધાર્યા. ત્યાંના શ્રી સંઘે તથા બા[illegible] શ્રમના કાર્યકર્તાઓએ અપૂર્વ સ્વાગત કર્યું. વ્યાખ્યાન[illegible] લાભ આપી પાદરલી શ્રી સંઘના અને ખાસ કરી [illegible] મેસમલજી જુહારમલજીના અત્યંત આગ્રહથી પં. હરિ[illegible] વિજયજી આદિ મુનિમંડળ સહિત પાદરલી પધાર્યા. શ્રી [illegible] ભવ્ય સામૈયું કર્યું અને ત્યાં શાહ મેસમલજી જુહારમલ[illegible] નકશો દસ્તોના ખરચે ઉજમણું થયું અને તે [illegible] મહોત્સવની રચના કરી અઠ્ઠાઈ મહોત્સવ યોજવામાં આ[illegible] [illegible] પૂજા, પ્રભાવના, આંગી, રોશની આદિ કાર્યો [illegible]

[illegible]

તીર્થાધિરાજોના ડુંગરોની સુંદર રચનાઓ કરી. આઠે દિવસ અટ્ઠાઇ મહોત્સવ કરી સમારોહપૂર્વક પૂજાઓ ભણાવી પ્રભાવનાઓ કરી. નવકારસીઓ કરી. હજારોની સંખ્યામાં આસપાસની જનતાએ લાભ લીધો હતો.

૧૯૮૮ ના જ્યેષ્ઠ સુદિ ૬ ના રોજ શ્રી પદ્મપ્રભુજીના મંદિરની પ્રતિષ્ઠા મોટા સમારોહપૂર્વક કરાવવામાં આવી હતી.

ત્યાંથી સાતમના વિહાર કરી વરકાણા પધારી આઠમના રોજ સ્વ. શ્રી આત્મારામજી મ. ની જયંતિ સમારોહપૂર્વક ઉજવી ચોમાસા માટે સાદડી પધાર્યા હતા.

અહીં ચાતુર્માસમાં શ્રી આત્માનંદ જૈન વિદ્યાલયનું પુનઃ ઉદ્‌ઘાટન આપશ્રીના ઉપદેશથી થયું. ઉપરાંત શ્રી આત્મવલ્લભ જૈન લાઇબ્રેરી ફરીથી ખુલ્લી મૂકવામાં આવી. બીજાં પણ ઘણાં ધર્મપ્રભાવનાના કાર્યો થયાં.

શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ ગુજરાંવાલાની મીટીંગ પણ અહીં થઇ. પંજાબથી દોઢસો જેટલા ભાઈઓ આ પ્રસંગે આવ્યા હતા. ગુરૂકુળના અનેક પ્રશ્નોનો અહીં નિર્ણય કરવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા M. A. શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢા વગેરે પણ આવ્યા હતા. સેવકને પણ આચાર્યશ્રીએ બોલાવ્યો હતો અને ગુરૂકુળના પ્રશ્નોના ઉકેલ માટે યથાશક્તિ પ્રયત્ન કર્યો હતો.

પંજાબના ભાઇઓએ હૃદયદ્રાવક ભાષામાં પ્રેમ અને ભક્તિભર્યા હૃદયે પંજાબ જલ્દી પધારવા અને શાસનસેવાના કાર્યો કરવા પ્રાર્થના કરી.

શ્રી બીયાવરમાં મંદિરપ્રવેશનો સવાલ ઉઠયો અને કે [illegible] મંદિરમાં અછૂતોનો પ્રવેશ થવો જોઇએ. તે માટે સત્યા[illegible] શરૂ થયો અને તે માટે શું કરવું યોગ્ય છે તે માટે આચાર્ય[illegible] શ્રીની સંમતિ પુછાવવામાં આવી.

Beawar, D. 20-9-[illegible]

Vijaya Vallabh Suri, Sadri

Depressed Classes desiring Jain temple en[illegible] Doors Closed. Satyagrah with hunger str[illegible] Please wire your opinion.

Sobhagchand S[illegible]

આના જવાબમાં આપણા ચરિત્રનાયકે શ્રી સુરાના[illegible] [illegible] પણ નીચે પ્રમાણે તારથી જવાબ મોકલ્યો.

S[illegible]chand Surana,

Acharyashree is of opinion that when de[illegible] [illegible] classes have been agetating for entry [illegible] [illegible] temples, they can carry on for entry [illegible] [illegible] temples in whose God they have fa[illegible] [illegible] [illegible] they follow. Please make [illegible] [illegible] peacefully that this Satyagrah [illegible] [illegible] temples is improper with [illegible] [illegible]

G[illegible]chand [illegible]

[illegible]

દ્ધા છે અને જેના સિદ્ધાંતો તે પાળે છે તે મંદિરોના
વેશ માટે તેઓની હીલચાલ યોગ્ય ગણાય. તેઓને શાંતિથી
મજાવશો કે શ્રી જૈન મંદિર પ્રવેશ માટેનો તેઓનો સત્યા-
હ અયોગ્ય છે. આ રીતે કુનેહપૂર્વક આખા પ્રશ્નોનો
કેલ કર્યો.



" સાહિત્યપ્રેમી મુનિ શ્રી જ્ઞાનસુંદરજી ત્યાં જતાં પધારવાના છે તો એમની સાથે સલાહ વગેરે કરી લેવી."

× × ×

જેસલમેરના સંઘમાં જવાનો નિર્ણય થઈ જવાથી આપ ૧૯૮૮ નું ચાતુર્માસ સાદડીમાં પૂર્ણ કરી રાણકપુર યાત્રા માટે પધાર્યા. મુનિશ્રી ચરણવિજયજી આદિ ખુડાલાથી વિહાર કરી અહીં આવી મળ્યા. પુના ગોડીના શેઠ મણિલાલભાઈ આદિ આગેવાનો આપના દર્શનાર્થે અહીં આવી પહોંચ્યા. દેવ-ગુરુના દર્શનનો લાભ લીધો. આધ્યાત્મિક વાતાવરણ હતું. રાણકપુરજી તીર્થની અલૌકિક પ્રતિમાજીઓના દર્શન કરતાં આચાર્યશ્રીજી આદિ બધાએ અત્યંત આનંદ અનુભવ્યો [illegible]

વગેરે આગેવાનો જોધપુર માટે વિનતિ કરવા આવ્યા. આપ પાલીથી જોધપુર પધાર્યા. અહીંનો પ્રવેશ અનુપમ હતો. શ્રી સંઘનો ઊત્સાહ અજબ હતો. આહોર ઠાકોર સાહેબની હવેલીમાં બિરાજ્યા. આપશ્રીના વ્યાખ્યાનોની શહેરમાં ભારે ધૂન મચી. હજારો મનુષ્યો તેમજ રાજ્યના કર્મચારીઓ આદિની સારી હાજરી રહેતી. બપોરના અનેક વિષયો ઉપર ચર્ચા થતી. અત્રેથી પં. શ્રી લલિતવિજયજી પગને કારણે પાછા ઉમેદપુર પધાર્યા. આપશ્રી અહીંથી વિહાર કરી મણ્ડોર તીર્થ પધાર્યા. જોધપુરથી સેંકડો નરનારિયોને લઇને ખાસ સ્પેશીયલ ટ્રેન આવી. અહીં તીર્થ દર્શન, ગુરૂવંદન, પૂજા, સાધર્મિક વાત્સલ્યનો લાભ લીધો. અહીંથી ઓસીયા તીર્થ પધાર્યા. આ ઓસીયા ઓસવાલોનું ઉત્પત્તિસ્થાન છે પણ કાળબળે આજે અહીં ઓસવાલનું નામનિશાન નથી. ફક્ત તે વખતનું શ્રી મહાવીર પ્રભુનું ભવ્ય પ્રાચીન દહેરાસર ઇતિહાસની સાક્ષી પૂરતું ઊભું છે. અહીં શ્રી વર્ધમાન જૈન વિદ્યાલય આવી રહ્યું છે. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકગણને એમના કર્તવ્ય વિષે સુંદર ઉપદેશ આપ્યો. ત્યાંથી લોહાવટ ગામ થઈ ફલોધી પધાર્યા. ફલોધીમાં રહેલા મુનિ શ્રી મંગળવિજયજી ગણિ તથા સાહિત્યપ્રેમી મુનિરાજશ્રી જ્ઞાનસુંદરજી મહારાજ આદિ ઘણે દૂર સુધી સામે આવ્યા હતા. અત્રે થોડો વખત સ્થિરતા કરી શ્રી સંઘને ઉપદેશામૃતનું પાન કરાવ્યું. મહા શુદિ પંચમીના મંગળ મુહૂર્તે સંઘ સાથે જેસલમેર તરફ પ્રયાણ કર્યું. સંઘમાં આચાર્યશ્રી પધારવાના છે તે જાણી નિમંત્રણ પત્રિકાઓ જાણી પંજાબ, કચ્છ, કાઠીઆવાડ, ગુજ-

આચાર્યશ્રીઓની હિન્દી ભાષામાં રચેલી મધુર રાગ-રાગિણીવાળી પૂજાઓનો આનંદ અવર્ણનીય હતો. અહીં વિશાળ મેદાનમાં સંઘપતિ શ્રી પાંચુલાલજી વેદને વિધિપૂર્વક તીર્થમાળ પહેરાવવામાં આવી. સંઘપતિએ આ કલ્યાણકારી ધર્મકાર્ય માટે પંચોતેર હજાર લગભગ વાપરી યશ અને આત્માનંદ મેળવ્યો. સંઘ અમરસાગર થઈ જેસલમેર પહોંચ્યો. આચાર્યશ્રીને બામણવાડા તીર્થ પર ચૈત્રની ઓળીની આરાધના કરાવવા જવાનું હોવાથી અહીંથી બાડમેર તરફ વિહાર કર્યો અને નાકોડા તીર્થની યાત્રા કરી બાલોતરાદિ થઈ જાલોર પધાર્યા શ્રી સંઘે ભવ્ય સ્વાગત કર્યું.

જાલોરનાં સરકારી કિલ્લામાં પરમાર્હત દયાધર્મપ્રતિપાલક મહારાજા કુમારપાળ ભૂપાળના બનાવેલા ચાર ગગનચુમ્બી ભવ્ય શિખરબંધ દહેરાસર છે. અહીં દર્શન કરી આહોર, ગુડા બાલોતરા થઈ ઉમેદપુર ચૈત્રમાં પધાર્યા. પં. શ્રી લલિતવિજયજી મહારાજ (હાલ આચાર્ય) ઉમેદપુરથી આપશ્રીનું આગમન જાલોરમાં સાંભળી જાલોર સામે આવ્યા હતા. ઉમેદપુરના બાળાશ્રમની વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું. આ સંસ્થા પણ વરકાણા વિદ્યાલયની જેમ આપના શિષ્યરત્ન પં. શ્રી લલિતવિજયજી(આચાર્ય)ના સુપ્રયત્નોનું ફળ છે. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ઉપદેશ આપ્યો અને સંસ્થાને આશીર્વાદ આપ્યા. આ સંસ્થાને આજે બાર વર્ષ થયાં છે. ઉમેદપુરની નદીમાં મોટું પૂર આવવાથી બાળકોની રક્ષા માટે તે સ્થાન બદલીને ફાલના સ્ટેશને લાવવામાં આવેલ છે. ત્યાં દિનપ્રતિદિન સંસ્થા વિકાસ પામી રહી છે. અહીંથી વિહાર

કરી આપ વાંકલી પધાર્યા. અહીં સંઘે સુંદર સ્વાગત કર્યું. અહીં ૧૪ વર્ષથી બે ધડાઓ પડી ગયા હતા. જમણ વ્યવહાર, બેટી વ્યવહાર પણ બંધ થયાં હતાં. એટલું જ નહીં પણ ધાર્મિક કાર્યો પણ બંધ જ હતાં. આ જોઇ આચાર્યશ્રીને દુઃખ થયું. તેઓશ્રીએ વ્યાખ્યાનમાં તે સંબંધી ચર્ચા કરી અને જૈનસંઘમાં આવો કુસંપ-આવો કલેશ-આવો વિખવાદ અને આવી જુદાઇ કેટલાં બધાં હાનિકારક છે, ભવિષ્યની પ્રજાના ઘડતરમાં આ પરિસ્થિતિ વિષમય છે માટે બધાએ સમજીને માર્ગ કાઢવો જોઇએ. જૈન સમાજમાં આ ન શોભે. ડાહ્યા આગેવાનોએ સમાધાન માટે પ્રયત્ન કરવો ઘટે. આ વચનોની સારી અસર થઈ. સૌનાં મન પીગળી ગયાં અને બન્ને પક્ષવાળાઓએ લખી આપ્યું કે-આચાર્યશ્રી જે ફેંસલો આપે તે અમારે કબૂલ છે. આપને તો બોળી માટે બામણવાડા જવાની ઉતાવળ હતી છતાં સાંજનું પ્રતિક્રમણ કરી બેઠા અને રાત્રે જરાપણ વિશ્રાંતિ વિના બન્ને પક્ષોના આગેવાનોને સાંભળી, તેઓને સમજાવી સમાધાન કર્યું. સવારના પ્રાતઃ-વિધિથી નિવૃત્ત થઇ સંઘને ફેંસલો સંભળાવી દીધો. ફેંસલો સાંભળતાં જ સૌ આનંદિત થયા અને શ્રી મહાવીર ભગવાનની જય-ગુરુદેવની જય વગેરે જયઘોષો સાથે બન્ને પક્ષોએ આચાર્યશ્રીની આજ્ઞા શિરોધાર્ય કરી. બન્ને પક્ષોવાળાએ પૂજા-પ્રભાવના તથા સ્વામીવાત્સલ્ય કર્યા આચાર્યશ્રીને એક દિવસ આગ્રહપૂર્વક રોકી દીધા.

અહીંથી વિહાર કરી શિવગંજ પધાર્યા. શિવગંજમાં પોરવાળ ભાઈઓમાં ૯હાણીનો ઝઘડો હતો તે મટાડવા

આ બે સંઘોએ ઉદેપુર આવી, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિહાર કરીને [illegible] [illegible] [illegible] અહીં શિવગંજના [illegible] [illegible] આગેવાનો આવ્યા અને આ સંઘોને પણ શિવગંજ પધારવા વિનંતિ કરી. નિર્ણય નહિ પણ આચાર્યશ્રી જે નિર્ણય આપે તે નિર્ણય કબૂલ કરવા જણાવી આપ્યું. આચાર્યશ્રીએ તેઓ [illegible] [illegible] શિવગંજનો કલેશ દૂર કરવા માટે [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible] [illegible] શિવગંજ પધાર્યા.

શિવગંજના આગમન પૂર્વે આનંદ થયો. આચાર્યશ્રીએ કલેશના મૂળનો અભ્યાસ કરી વિચારપૂર્વક નિર્ણય કરી કાઢ્યો અને સંઘને મજબૂતપણે સંગઠનથી બાંધ્યો તે વધાવી લેવામાં આવ્યો. શિવગંજના સંઘમાં ઘેરઘેર, ખૂણે ખૂણામાં આનંદની લહેર લહેરાઈ અને વર્ષોના વેરવિરોધ શમી ગયા. પૂજા–પ્રભાવના–મહોત્સવ–સાધર્મિક વાત્સલ્ય થયાં. આચાર્યશ્રીના પુનિત પગલાંથી શિવગંજમાં આનંદ છવાઈ ગયો. ગુરુદેવના યશોગાન થવા લાગ્યાં. લાખ લાખ ધન્યવાદ અર્પણ થયાં.

આચાર્યશ્રી અહીંથી વિહાર કરી શીરોહીસ્ટેટમાં બામણવાડા તીર્થે પધાર્યા.

આચાર્યશ્રીના કાર્યની મહત્તા, આચાર્યશ્રીના જીવનની સફળતા, આચાર્યશ્રીની વાણીની પ્રબળતા અને આચાર્યશ્રીની ભાવનાઓની સિદ્ધિ એ સંઘનું કલ્યાણ–સંઘનું સંગઠન–સંઘમાં શાન્તિ–સંઘમાં આનંદ–સંઘની જાગૃતિ–સંઘનું ઉત્થાન–સંઘ સમસ્ત આબાલવૃદ્ધની સુખશાંતિ અને વૃદ્ધિ છે.

જ્યાં જ્યાં એ પુનિત પગલાં થાય ત્યાં વેર વિરોધ શમે–શાંતિ સ્થપાય અને આનંદની લહેર લહેરાય, ધન્ય એ વિભૂતિ! ધન્ય એ પ્રાણદાતા!!

× × ×

"દયાસિંધુ! ઓળી પછી અહીં શ્રી પોરવાલ સંમેલનનું અધિવેશન કરવા વિચાર ચાલે છે. આપશ્રી થોડો વિશેષ સમય સ્થિરતા કરશો તો અમને આનંદ થશે." પોરવાળ સંમેલનના યોજકોએ વિનંતિ કરી.

"સાહેબ, ઘણા વખતે આવો પ્રસંગ આવ્યો છે. પોરવાળ સંમેલનમાં આપના શિક્ષણ પ્રચારના વિચારોને વેગ મળશે. અમારું સંમેલન સફળ થશે" બીજા ભાઇએ અનુમોદન આપ્યું.

"ભાઇઓ! તમારી વાત તો ઉત્તમ છે. સંમેલનમાં મોટો સમુદાય એકઠો થશે તો જરૂર લાભ થશે. પણ પંન્યાસજીને હું કહીશ. અમારે પાટણ પહોંચવાની જરૂર છે. પ્રવર્તકજી મહારાજ તથા હંસવિજયજી મહારાજશ્રીના દર્શનની અભિલાષા ઘણા સમયથી છે." આચાર્યશ્રીએ ખુલાસો કર્યો.

"સાહેબ! સંમેલન તો ત્રણ દિવસ જ ચાલશે. સમય જરા વહેલો રાખીશું. પાટણ કયાં દૂર છે? વળી યોગીરાજ શ્રી વિજયશાંતિસૂરીશ્વરજી પણ પધારવાના છે."

"યોગીરાજના મેળાપનો લાભ તો લેવા જેવો ખરો."

"કૃપાળુ! આ ભાઇઓ ઉત્સાહી છે. તેમણે મોટા પાયા ઉપર તૈયારી કરી છે. પ્રચાર પણ સારો કર્યો છે. આપે તેમની વિનંતી પર વિચાર કરવો જોઇએ." પં. શ્રી લલિત-વિજયજીએ પણ આગ્રહ કર્યો


“ સાહેબ ! અમારે [illegible] છે
[illegible]
[illegible]
[illegible] સુધારાની [illegible]
[illegible] ” [illegible]
પૂર્વક અનુરોધ કર્યો.

“ હું જાણું છું. પૈસા તો ઘણા છે કામ થાય તો પૈસા ખરી રહે પણ કોઈ તો સાચા કામ કરનારા થોડા અને તેમાં તમારા આપસ આપસના નાના મોટા ઝઘડાઓ તો બધું સત્યાનાશ કર્યું છે નવી યુવકો સમાજના ફાયદા માટે આ કુસંપને કાઢો અને એકનિષ્ઠાથી સમાજના ઉદ્ધારના કાર્યમાં લાગી જાઓ. ધર્મદૃષ્ટિ ન ભૂલો અને ધીમા ધીમા સુધારાઓ ધીમે ધીમે કરવા લાગો તો થોડા વર્ષમાં ઉન્નતિ સાધી શકાય.”

“ સાહેબ ! અમારી યુવકોની ઘણા વર્ષથી સમાજ સુધાર અને જ્ઞાનપ્રચારની ભાવના છે પણ અમને સારું માર્ગદર્શન મળતું નથી, હવે કાંઈક કાર્ય થઈ શકે તેવા સંજોગો છે.”

“ ઠીક, કરો તૈયારી. અને તમારી ભાવના સફળ કરો.”

આચાર્યશ્રીની મંજૂરી મળી ગઈ. સંમેલનના કાર્યકર્તાઓને આનંદ થયો, તૈયારી થવા લાગી, પોરવાળ સંમેલન ભરાયું. લગભગ પચીસથી ત્રીસ હજાર જેટલા ભાઈઓએ સંમેલનમાં ભાગ લીધો. યોગીરાજશ્રી શાંતિસૂરીશ્વરજી પણ આ પ્રસંગે પધાર્યા. આચાર્યશ્રી અને યોગીરાજનું મિલન થયું. બન્નેએ વાર્તાલાપ કરી પરસ્પર આનંદ અનુભવ્યો.



આચાર્યશ્રીએ જૈન સમાજમાં જ્ઞાનપ્રચારની આવ
પોરવાળ સમાજની ઉન્નતિ માટે રચનાત્મક કાર્યની જરૂ
યુવકોને માત્ર વાતો કરવાને બદલે સમાજસેવાના
કરવાની અને તે દ્વારા પોરવાળ સમાજની ઉન્નતિ સા
માર્ગદર્શન આપ્યું. યોગીરાજે આશીર્વાદ આપ્યા. સં
ચાલતું હતું, પ્રસ્તાવો રજુ થતા હતા, હજારો લોકો
મળ્યા હતા અને બામણવાડાજી તીર્થમાં પોરવાળ સમા
ઉદ્યોત માટે યોજનાઓ ઘડાતી હતી તે પ્રસંગે માનનીય
ગુલાબચંદજી ઢઢ્ઢા આદિ આઠ દસ આગેવાનો આચાર્ય
પાસે આવ્યા.

"ગુરુવર્ય! આપે અમારા સંમેલનને સફળ બનાવવા
ખૂબ સેવા આપી છે. આપની પ્રેરણાથી અમે આ સંમેલ
ભરી શકયા છીએ. પચીસ ત્રીસ હજાર જેટલા ભાઈઓ અમારા
સંમેલનમાં આવે એ આપની જ પ્રતિભાને આભારી છે.
પંન્યાસજી મહારાજની પણ જહેમત ભારે છે. તેમણે તો
મરુભૂમિમાં ચમત્કારિક કામ કર્યું ગણાય, અને યોગીરાજના
આશીર્વાદ અમારે મન મહાન વસ્તુ છે."

"ભાગ્યવાનો! સમાજના ઉત્કર્ષ માટે તો આ વેશ છે.
આ જીવનમાં જેટલું સધાય તેટલું સાધવાનું અમારું કર્તવ્ય
છે. યોગીરાજના મિલનથી મને પણ બહુ જ આનંદ થયો.
પંન્યાસજીનો પરિશ્રમ તો ભૂલ્યો ભૂલાશે નહિ." આચાર્યશ્રીએ
પોતાનું કર્તવ્ય જણાવ્યું.

"કર્ણધાર! અમારી ભાવના આપ ત્રિપુટીને સન્માન
આપવાની છે. અમારા આપ કર્ણધાર છો. અમારી વિનંતિ

શ્રી બામણવાડા તીર્થમાં શ્રી અખિલ ભારતવર્ષીય પોરવાડ સમ્મેલન પ્રસંગે—
આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીને અપાયેલ અભિનંદન પત્ર.



" આપના સિવાય તો હું ડગલું પણ ભરવાનો નથી તેનું
શું ?" પ્રવર્તકજી મહારાજને પ્રશ્ન કર્યો.

" ભાઈ ! હું તો કેવી રીતે આવું ? વળી તમે છો તો
બધુંય છે. એકે હજારાં છો. જરૂર હોય તો હું પુણ્યવિજયજીને
મોકલું પણ મારે માટે આગ્રહ ન કરશો. " પ્રવર્તકજીએ
પોતાની અશક્તિ બતાવી.

" આપની વાત તો સાચી પણ સંમેલનમાં આપની સંમતિ
વિના મારે કામ કેમ કરવું ? વળી આપ તો અનુભવી, વયોવૃદ્ધ,
સમયના જાણકાર છો. હું તો પંજાબમાં રહીને ગૂજરાતના
લોકોના સંસર્ગમાં નથી. આપણી સરળતાનો દુરુપયોગ ન
થાય તે તો જોવું રહ્યું. આપની સલાહની મારે ઘડીએ ઘડીએ
જરૂર પડશે. "

" નગરશેઠનો પણ આગ્રહ એવો જ છે. અને છેવટે
પાલખી-ડોળી ગમે તેમાં આવવાનો તેમનો અનુરોધ પણ છે
પણ બધાને તકલીફ આપીને આવવું મને પસંદ નથી. તમે
છો તો બધુંય છે. "

" એમાં તકલીફ શું ? આપને તો આવવું જ પડશે.
તો જ હું અહીંથી ડગલું ભરું. "

" તમે તો જલ્દી પહોંચી જાઓ. તમારા બધાનો અત્યા
ગ્રહ છે તો ભલે હું આવીશ. પણ કાર્ય તો તમારે જ કરવાનું છે.

" કાર્ય કરવાવાળા તો અમે બેઠા છીએ. હું પુણ્યવિજયજી
પહેલાં મારી સાથે લઈ જાઉં છું. "

× × ×

બામણવાડાથી તીર્થયાત્રાઓ કરતાં કરતાં આપ પાલણપુર પધાર્યા. ચોમાસા માટે અત્યંત પ્રાર્થના શ્રી સંઘે કરી પણ શ્રી પ્રવર્તકજી મહારાજ સાહેબ તથા શાંતમૂર્તિશ્રી હંસવિજયજી મહારાજના દર્શન કરવાની ઇચ્છાથી પાટણ થઇ પાછા આવવા જણાવ્યું.

પાટણમાં બન્ને મહાત્માઓને મળ્યા અને આનંદ અનુભવ્યો. શ્રી આત્મારામજી મહારાજની જયંતી ઘણી જ ધામધુમથી ઉજવવામાં આવી. પંચાસરાજીની પાસે તપાગચ્છના વિશાલ ઉપાશ્રયમાં હજારોની માનવમેદની વચ્ચે પૂજા પણ ઘણી જ ધામધુમથી ભણાવવામાં આવી.

આત્માનંદ જૈન શતાબ્દિ ઉત્સવ માટે પ્રવત કજી તથા શ્રી હંસવિજયજી મહારાજ સાથે પરામર્શ કર્યો. ચાતુર્માસ માટે પાલણપુર પધાર્યા. શતાબ્દિ ફંડની શરૂઆત કરવામાં આવી. અહીંના નવાબ સાહેબ પણ ચાર વખત આપશ્રીના દર્શન કરવા આવ્યા. શતાબ્દિ વિષે વાત કરવામાં આવી ત્યારે નવાબ સાહેબે પાલનપુરમાં શતાબ્દિ ઉત્સવ ઉજવવા આગ્રહ કર્યો અને બનતી સગવડ કરી આપવા જણાવ્યું. અત્રે ઉપધાન પણ થયાં. સં. ૧૯૮૯ નું ચાતુર્માસ પાલણપુરમાં થયું.

ચાતુર્માસ પુર્ણ થતાં પાલીતાણા તરફ વિહાર કર્યો. જગાણામાં શ્રી હંસવિજયજી મહારાજશ્રીની તબીયત વિશેષ નરમના સમાચાર સાંભળી પાટણ આવ્યા અને સુખશાતા પૂછી જરા ઠીક જણાવાથી ભોયણી, લીંબડી આદિ થઇ પાલીતાણા પધાર્યા નગરપ્રવેશ ખૂબ ધામધુમથી થયો, દાદાની યાત્રા કરી. પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબે મહારાજશ્રીની વિદ્વત્તા

વિષે ઘણું ઘણું સાંભળ્યું હતું. તેમણે નગરશેઠદ્વારા રાજ મહેલમાં પધારી દર્શન આપવા વિનંતિ કરી. આચાર્યશ્રી રાજમહેલમાં ગયાં. ઠાકોર સાહેબે સન્માન કર્યું. આચાર્યશ્રીએ ધર્મોપદેશ આપ્યો. રાજાના કર્તવ્ય વિષે વિવેચન કર્યું. શત્રુંજય મહાતીર્થનો મહિમા જણાવ્યો.

આ વાર્તાલાપથી ઠાકોર સાહેબને બહુ જ આનંદ થયો અને શતાબ્દિ ઉત્સવ બની શકે તો પાલીતાણામાં ઉજવવા આગ્રહ કર્યો એટલું નહિ પણ રાજ્ય તરફથી બનતી સગવડ આપવા જણાવ્યું.

આચાર્યશ્રીએ ફરમાવ્યું કે આપનો આગ્રહ બરાબર છે. તીર્થભૂમિ હોવાથી ઘણો જ લાભ થવા સંભવ છે. પરંતુ અમારા વડીલો પ્રવર્તકશ્રી તથા શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ પાટણમાં બિરાજે છે. વૃદ્ધાવસ્થાના કારણે તેઓ અહીં સુધી પહોંચી શકે તેમ નથી અને અમારી ભાવના તેઓશ્રીના સાનિધ્યમાં શતાબ્દિ ઉત્સવ ઉજવવાની છે. આપશ્રીનો સહયોગ છે એ આનંદની વાત છે. તે માટે આપશ્રીનો ફોટો સ્મારક ગ્રંથમાં આપવાનું સ્વીકારશો તો વિશેષ આનંદ થશે. આત્માનંદ સભાના સેક્રેટરી શ્રી વલ્લભદાસભાઈ આપનો ફોટો લઈ જશે.

× × ×

ગિરિરાજની યાત્રા કરી વિહારની તૈયારી ચાલતી હતી ત્યાં ભાવનગરના આગેવાનો શેઠ કુંવરજીભાઈ આણંદજી, શેઠ જૂઠાભાઈ, શેઠ ગુલાબચંદભાઈ, ગાંધી વલ્લભદાસભાઈ, શેઠ દેવચંદભાઇ વગેરે આગેવાનોની આગ્રહભરી વિનંતિને માન આપી આપ વરતેજ થઈ ભાવનગર પધાર્યા.

અઢાર વરસના લાંબા સમય પછી આચાર્યશ્રીમદ્ વિજય-વલ્લભસૂરીશ્વરજી પોતાના શિષ્યસમુદાય કાશીવાળા શ્રીકપુરવિજયજી, મુનિશ્રી સમુદ્રવિજયજી, મુનિ ચરણવિજયજી, આદિ સાથે ભાવનગરને આંગણે પધારે છે, એ સમાચાર મળતાં જ ભાવનગરની જનતામાં ઘણો જ ઉત્સાહ વરતી રહ્યો હતો. શ્રીસૂરિજી વળા, પાલીતાણા, મહુડા, શીહોર થઈ વરતેજ પધારતાં દરેક સ્થળોએ સૂરિજીના દર્શન માટે ભાવનગરના આગેવાનો અવારનવાર જઈ આવ્યા હતા. વરતેજ મુકામે પણ આગેવાનો જઈ આવ્યા, અને શુક્રવારની રાત્રે ભાવનગરની સારીએ બજાર અને સમવસરણનો વંડો ધ્વજ-પતાકાથી શોભી રહ્યા હતા.

શનિવારે પ્રાતઃકાળથી જનતા સૂરિજીને લેવા માટે વરતેજના રસ્તે સામે જવા માંડી. દાદા-સાહેબના મંદિરે પધારવા સુધીમાં શેઠ ગિરધરભાઈ આણંદજી, રા. મોતીચંદ ઝવેરચંદ, રા. કુંવરજી આણંદજી, શેઠ જગજીવનદાસ અમરચંદ, શેઠ ગુલાબચંદ આણંદજી, શેઠ જુઠાભાઈ સાકરચંદ, શેઠ ખાન્તિલાલ અમરચંદ, શેઠ નાનચંદ કુંવરજી, શેઠ હરજીવન દીપચંદ, ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ વગેરે તમામ આગેવાનો, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી વડવા જૈન મિત્ર મંડળ, શ્રી જૈન યુવક મંડળ, શ્રી જૈન યુવક સંઘ વગેરે તમામ સંસ્થાના સંચાલકો, જૈન બોર્ડીંગ અને વિદ્યાશાળાના અભ્યાસકો અને બ્હેનોનો મ્હોટો સમુદાય સૂરિજીના સ્વાગત માટે એકત્ર થઇ ગયો હતો. દરબારી ડંકો, નિશાન તથા ઇંદ્રધ્વજ, જૈન બેન્ડ, પોલીસ પાર્ટી અને સ્થાનિક

બેન્ડના સાજ સાથે સ્વાગતનું સરઘસ ચઢાવવામાં આવ્યું. શહેરના અગ્ર ભાગમાં થઈ સરઘસ સમવસરણના વંડે આવતા સુધીમાં જનતાનો વિશાળ સમુદાય સૂરિજીના દર્શન માટે ચોમેર એકત્ર થયો હતો.

વંડામાં પધારતાં વ્યાખ્યાનપીઠ પર આવી સૂરિજીએ પ્રાથમિક દેશના આપી. શાન્તિ, પ્રગતિ અને યુગ–પ્રભાવનાના સુંદર સૂત્રો સમજાવી દોઢ કલાક સુધી સમયોચિત મંગળાચરણનું વ્યાખ્યાન કર્યું. ત્યારબાદ શ્રી સંઘ તરફથી શ્રીફલની પ્રભાવના કરવામાં આવી હતી. બીજા દિવસના વ્યાખ્યાનમાં પણ જનતાની હાજરી એટલી જ વિશાળ હતી. સૂરિજીએ સમયોચિત દેશના આપી, અને વિહારની વાત જાહેર કરી. અગત્યના કાર્યને અંગે તેઓશ્રીને પંજાબ જેવા દૂરના પ્રદેશમાં અને મહા શુ. ૫ ના પાલનપુરમાં જૈન કન્યા ગુરૂકુળ ખુલ્લું મુકવા માટે જવાનું હોવાથી તેઓશ્રીની એક દિવસની પણ વધુ સ્થિરતા કોઇ પણ સંયોગો વચ્ચે સંભવતિ ન હતી, છતાં આગેવાનોએ આગ્રહી વિનતિ રજુ કરી.

સૂરિજીના પ્રવચનનો લાભ જાહેર જનતાને પણ મળી શકે તે માટે સંઘ તરફથી બપોરના જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ માટે સમવસરણના વંડામાં જ એક ભવ્ય મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. સભાનો સમય થતાં સુધીમાં મંડપ શ્રોતાઓથી ઉભરાઇ ગયો હતો અને પ્રવચનનો લાભ લેવા માટે અત્રેની સ્ટેટ કાઉન્સીલના પ્રમુખ શ્રીયુત સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી, અધિકારીઓ, નગરશેઠ વગેરે શહેરના આગેવાન ગૃહસ્થો પધાર્યા હતાં.

ખ્યાનનો વિષય " મનુષ્ય કર્તવ્ય " રાખવામાં આવ્યો
ાખ્યાનની શરૂઆતમાં મનુષ્ય અને પશુ અગર અન્ય
ચેનો ભેદ સમજાવી માનવ-જીવન શા માટે મહત્ત્વનું
છે, અને તેની સફળતા માટે શી શી જવાબદારીઓ
તે સમજાવવામાં આવ્યા બાદ જીવનના ચાર સ્થંભો-
વિચાર, વ્રત, દાન, અને મીઠી વાણી પર વિવેચન
જણાવેલ કે દરેક વસ્તુનો સારાસારનો વિચાર કરી
સદુપયોગ કરવો એ માનવબુદ્ધિની મહત્તા છે. જીવનને
નિયમિત બનાવવું એમાં દેહની મહત્તા છે, મીઠા-
ને મધુરા વચનોથી વાચાનો ઉપયોગ કરવો તેમજ
એલ આત્મિક કે આર્થિક ધનનો સદુપયોગ કરવો એમાં
ા સાર આવી જાય છે-આ ચાર વસ્તુ માણસ સમજે
ક ધર્મ, સંપ્રદાય કે પંથવાળાનો તેમાં ઉદ્ધાર છે-મુક્તિ
નનું શ્રેય છે, અને એ સમજવામાં મનુષ્ય જીવનની
તા રહેલી છે.

ૂરિજીનું વ્યાખ્યાન સમાપ્ત થતાં પરસ્પર આભાર માની
વિસર્જન કરવામાં આવી હતી.

ીજા દિવસે વિહાર કરવાની તૈયારી ચાલતી હતી,
રાત્રે વડવા જૈન સંઘના આગેવાનો તરફથી ખાસ આગ્રહ
માં આવતા અગવડતા વચ્ચે પણ સૂરિજીએ આ વિનંતિ
રાખી હતી. આમ એક દિવસની સ્થિરતા લંબાતા
ાગરની જનતામાં હર્ષ ફેલાયો હતો. વિશાળ મેદનીને
ડ રહે તે માટે સોમવારે સમવસરણને વડે જ વ્યાખ્યાન
ામાં આવ્યું હતું. વ્યાખ્યાન સમાપ્ત થતાં જૈન સંઘની

સૂરિજીએ અત્રે પધારી જે ઉપકાર કર્યો તે બદલ આભાર માનતું એક અભિનંદન પત્ર વોરા જુઠાભાઇ સાકરચંદે વાંચી સંભળાવ્યું હતું. ત્યારબાદ સંભાવિત ગૃહસ્થો અને બ્હેનો સાથે સૂરિજી શિષ્યમંડળ સહિત વડવાના ઉપાશ્રયે પધાર્યા હતા, જેમના માનમાં ઉપાશ્રય તથા જાહેર રસ્તા ધ્વજ પતાકાથી શણગારવામાં આવેલ અને બપોરના પૂજા ભણાવવામાં આવેલ. આ પ્રસંગે સુરતના પ્રખ્યાત ગવૈયા માસ્તર વસંત અને તેમનું કુશળ સંગીતમંડળ આવેલ હોવાથી પૂજામાં બહુ જ આનંદ આવ્યો હતો, અને શ્રીફળની પ્રભાવના સંઘસમુદાય તરફથી કરવામાં આવી હતી.

લાઠીદડમાં અમદાવાદના નગરશેઠ શ્રી કસ્તુરભાઇ સાધુ સંમેલન માટે વિનંતિ કરવા અને આપશ્રીની સલાહ લેવા આવ્યા. બાદ બોટાદ, વઢવાણ શહેર અને વઢવાણ કેમ્પ પધાર્યા. શ્રી સંઘોએ સુંદર સ્વાગત કર્યું. આ સ્થાનોમાં સોસાયટી પક્ષ તરફથી ઉપસર્ગો થયા છતાં આપશ્રીએ તો હંમેશના સ્વભાવ પ્રમાણે શાંતિ જ જાળવી. વીરમગામ, લોયણી થઇ શ્રી ડાહ્યાભાઇ નગીનદાસ પારીના ઉજમણા માટે પાલણપુર પધાર્યા અને શેઠશ્રીએ અઠાઈ મહોત્સવ, વરઘોડા, પ્રભાવના, સાધાર્મિક વાત્સલ્યાદિ કાર્યોથિ ઉજમણું ઘણું જ ધામધૂમથી કર્યું. પાટણના ગવૈયાઓને બોલાવવામાં આવ્યા. અનેક તીર્થોની ભવ્ય રચના કરવામાં આવી હતી.

શાન્તિસ્નાત્રના દિવસે શ્રી નવાબ સાહેબ પધાર્યા. સોના-મહોરો પરમાત્માના ચરણે ધરી અને શાંતિસ્નાત્રમાં લાંબો સમય બેસી આનંદ અનુભવ્યો. આપશ્રીએ પણ શાંતિસ્નાત્રનું

મહત્વ, તેનો અર્થ આદિ તેઓને સમજાવ્યો. તે સાંભળી તેઓને બહુજ આનંદ થયો. આ પ્રસંગ ઉપર પાટણથી વિદ્વાન મુનિરાજશ્રી પુણ્યવિજયજી, શ્રી વસંતવિજયજી, શ્રી રમણિક-વિજયજી આદિ પધાર્યા હતા. સ્વ. ઉપાધ્યાય શ્રી મોહનવિજયજી મહારાજના શિષ્ય રવિવિજયજી મહારાજ આપશ્રીની સેવામાં હાજર થયા હતા.

× × ×

સાધુ સંમેલનની નિમંત્રણ પત્રિકા નગરશેઠના તરફથી નીકળી, સકળસંઘને અને સમસ્ત સાધુ સમુદાયને રાજનગરમાં પધારવા આમંત્રણો થયાં. અમદાવાદના આગેવાનો નગરશેઠ વગેરે આચાર્યપ્રવરોની પાસે જઈને વિનંતિ કરી આવ્યા. પૂજ્યપાદ શાસનપ્રભાવક આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજીની પ્રેરણા પ્રમાણે કાર્યની તૈયારી થવા લાગી. આપણા ચરિત્ર-નાયકને પણ વિનંતિ થઈ જેનો સહર્ષ સ્વીકાર કર્યો અને જણાવ્યું કે જૈન સમાજનું કલ્યાણ થતું હોય તો અને બધા આચાર્યો, પદસ્થો, મુનિવરો એકજ સ્થાને મળીને વિચાર-વિનિમય કરી જૈન સમાજના ઉદ્યોત માટે પ્રયાસ થાય તો તે જૈન શાસનને માટે શોભાસ્પદ છે.

રાજનગરમાં તૈયારીઓ થવા લાગી. આચાર્યો અને મુનિ-વરોએ રાજનગર તરફ વિહાર કર્યો. અમદાવાદ આખામાં સાધુ સંમેલનનો નાદ ગાજવા લાગ્યો. આચાર્યો ને પદસ્થો અને મુનિવરોથી અમદાવાદ ઉભરાવા લાગ્યું.

આપણા ચરિત્રનાયકે મુનિ સંમેલનમાં સંમિલિત થવા અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. પાટણ પધાર્યા. શ્રી હંસવિજયજી

મહારાજશ્રીની તબીઅત નરમ દેખી ચિંતાતુર થયા અને અમદાવાદ તરફના વિહારને સ્થગિત કરવા ભાવના વ્યક્ત કરી પરંતુ શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજે ફરમાવ્યું કે આપે મારી ચિંતા કરવાની નથી. જ્ઞાની મહારાજે જે દીઠું હશે તેજ બનશે. સૌ સારાંવાનાં થશે. આપે અમદાવાદ જરૂર પહોંચવુંજ જોઈએ કારણકે અનેક પ્રકારની કિંવદન્તીઓ સંભળાય છે, માટે આપ જરૂર સુખેથી અમદાવાદ પધારો. એમ કહી આપણા ચારિત્ર નાયકને મુનિ સંમેલનમાં પધારવા માટે ઉત્સાહિત કર્યા. આથી આપણા ચારિત્રનાયકે અમદાવાદ તરફ વિહાર કર્યો. વિદ્વાન મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ આદિએ પણ આપની સાથે જ વિહાર કર્યો. પેથાપુર પાસે રાંધેજા ગામમાં શ્રી હંસવિજયજી મહારાજ સાહેબના સ્વર્ગવાસના દુઃખદ સમાચાર મળ્યા, બધાને ભારે દુઃખ થયું. દેવવંદનાદિ ક્રિયા કરી ઉદાસીનતાની સાથે રાત વ્યતીત કરી સવારે વિહાર કર્યો.

× × ×

સાધુ સંમેલનને માટે આંદોલનો શરૂ થયાં. છેવટ સુધી સંમેલનની કાર્યપ્રણાલી ન જણાવાથી શાસનદીપક મુનિરાજશ્રી વિદ્યાવિજયજીએ દેહગામમાં આચાર્યો–મુનિવરોનું એક મંડળ બોલાવવા પ્રયાસ કર્યો. તે પ્રયાસને આપણા ચરિત્રનાયકે વધાવી લીધો. પૂજ્યપાદ તીર્થોદ્ધારક આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી પણ આપણા ચરિત્રનાયક સાથે જોડાયા. સંમેલનનું કાર્ય સફળ કઇ રીતે થાય તેની મંત્રણાઓ ચાલી. ફાગણ સુદી ૧૧ ને રવિવારના દેહગામમાં મળવાનું નક્કી થયું. દેહગામ

બસો સાધુઓથી ગાજવા લાગ્યું. સમુદાયના આચાર્ય–પ્રવરો અને પદસ્થો એકઠા થયા. શાસનોન્નતિનું દૃષ્ટિબિન્દુ લક્ષમાં રાખીને દેહગામના મંગળ દ્વારે સંમેલનની ભૂમિકા આપણા ચરિત્રનાયકના પ્રમુખસ્થાને તૈયાર થઇ. સંમેલનમાં દહેગામની મંત્રણા પ્રમાણે વ્યવસ્થિત કામ ચલાવવા નિર્ણય થયો અને સંમિલિત રીતે કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આપણા ચરિત્રનાયક, આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી તથા મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીની ત્રિપુટીએ સંમેલનને સફળ કરવા યોજના તૈયાર કરી અને અમદાવાદ પધાર્યા.

દેહગામથી વિહાર કરી ડભોડા પધાર્યા. અહીં અમદાવાદથી નગરશેઠ વિમળભાઈ મયાભાઇ તથા શેઠ કસ્તુરભાઈ લાલભાઈ આદિ આગેવાનો આપશ્રીને અમદાવાદ ઉજમબાઇની ધર્મ-શાળામાં પધારવા વિનંતી કરવા આવ્યા. અત્રેથી વલાદ થઈ નરોડા પધાર્યા. અહીં શેઠ શકરાભાઈ લલ્લુભાઇ તરફથી સ્વામીવાત્સલ્ય થયું. આપશ્રીજીના પ્રમુખસ્થાને મુનિરાજશ્રી વિદ્યાવિજયજીનું જાહેર ભાષણ થયું. અહીંથી વિહાર કરી ફાગણ વદી બીજના દિવસે અમદાવાદમાં પ્રવેશ થયો. આ વખતે શ્રી કેશરીયાજી તીર્થનો ઝગડો ચાલતો હતો અને યોગીરાજશ્રી શાંતિસૂરીશ્વરજીના ઉપવાસ ચાલતા હતા તેથી આપશ્રીની પ્રતિજ્ઞાનુસાર પ્રવેશ બહુ જ સાદી રીતે થયો. આ સાદો નગરપ્રવેશ પણ બહુ જ આકર્ષક લાગતો હતો.

હજારો માનવમેદનીની સાથે આપશ્રી તથા આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્યશ્રી જયસૂરિજી,

યા આચાર્ય મહારાજ ઋદ્ધિસાગરસૂરિજીનો પ્રવેશ સાથે જ યો હતો. આપશ્રી ઉજમબાઇની ધર્મશાળામાં પધાર્યા.

× × ×

૧૯૯૦ ના ફાગણ વદી ત્રીજના મંગળપ્રભાતે નગરશેઠના ડાવિલામાં સાધુસંમેલનનું કાર્ય શરૂ થયું. આજનું પ્રભાત મદાવાદના ઇતિહાસમાં અપૂર્વ ગણાય. આજે જૈનશાસનના ાયકો, સમાજના કલ્યાણસાધકો, ધર્મના જ્ઞાતાઓ, આચાર્યો . ઉપાધ્યાયો, પંન્યાસો અને ગણિઓ, પદસ્થો અને મુનિવરો ાક સાથે મળ્યા હતા. કેવું અપૂર્વ મિલન–કેવો આનંદ, ટલો આહ્લાદ, ખરેખર દૃશ્ય મનોહર હતું. સ્નાત્રપૂજાના ંગળ કાર્યથી સાધુ સંમેલનની શરૂઆત થઇ.

સાધુ સંમેલનનું કાર્ય ૩૪ દિવસ જેટલું લાંબું ચાલ્યું. શેષતા તો એ હતી કે સંમેલનના કોઇ અધ્યક્ષ નહિ, કામ ય તે સર્વસંમતિથી જ થાય. પહેલાં ૭૨ મુનિરાજોની મિતિ નીમાઇ, તે પછી ૩૦ ની સમિતિ નક્કી થઇ, તે પછી મિતિની સંખ્યા ૪ ની રાખવામાં આવી અને છેવટે આચાર્ય . વિજયનેમિસૂરિજી, આ. શ્રી વિજયસિદ્ધિસૂરિજી, આ. શ્રી ગરાનંદસૂરિજી, આપણા ચરિત્રનાયક (આ. શ્રી વિજયવલ્લભ-રિજી) આ. શ્રી વિજયનીતિસૂરિજી, આ શ્રી વિજયદાન-રિજી, આ. શ્રી જયસૂરિજી, આ. વિજયભૂપેન્દ્રસૂરિજી (ત્રી-તિક) અને મુનિરાજ શ્રી સાગરચંદ્રજી (પાર્શ્વચંદ્રગચ્છીય) મ ૯ ની સમિતિ નિર્ણય કરવા માટે નીમવામાં આવી.

અમદાવાદ મુનિ સંમેલન—
ચરિત્ર નાયક તથા અન્ય આચાર્યાદિ મુનિ મંડળ





સાધુસંમેલન ઉત્તરાર્ધ.

(૧૧)

" ગુરુદેવ ! આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી પધારે છે. " એક મુનિએ સમાચાર આપ્યા.

" અહીં આવે છે શું ! "

" જી હા, અહીંજ આવ્યા ને ! "

" પધારો ! આચાર્યશ્રીએ આવકાર આપ્યો. "

" સુખશાતામાં ! " વિજયલબ્ધિસૂરીશ્વરજીએ સુખશાતા પૂછી.

" ફરમાવો ! શું સંદેશો લાવ્યા છો ? "

" મારે તો આપની સંમતિ જાણવી છે ! "

" શી બાબતની સંમતિ ? "

" સંમેલનમાં એક વાત નીકળવાની છે. તેમાં તમારો સહકાર આપશો ને ? "

" મહાનુભાવ ! વાત જાણ્યા સિવાય હું શું સમજું ! તમે સ્પષ્ટ વાત કરો તો સમજણ પડે "

"વાત એમ છે કે સંમેલનમાં એવો પ્રશ્ન આવવાનો છે કે દીક્ષા આઠ વર્ષના બાળકને આપી શકાય એવો એક પા! છે. તો તે જન્મથી આઠ કે ગર્ભથી આઠ વર્ષ? શ્રી સાગરાનંદસૂરિ ગર્ભથી આઠ વર્ષ કહે છે ત્યારે શ્રી વિજયદાનસૂરિજીનો અભિપ્રાય જન્મથી આઠ વર્ષનો છે. આપશ્રી દાનસૂરિજી સાથે સંમત થશો ને?"

"મહાનુભાવ! મારો અભિપ્રાય તો આ બાબતમાં જુદો છે, એટલે હું શું કહું? પ્રશ્ન આવશે ત્યારે કઇ દ્રષ્ટિએ તે પ્રશ્ન વિચારાય છે. તે જોઇ લેવાશે." આચાર્યશ્રીએ સ્પષ્ટતા કરી.

ધાર્યા પ્રમાણે પ્રશ્ન આવ્યો પણ ખરો અને તે જ બન્ને પક્ષો તરફથી સમર્થનની દલીલોએ ગરમાગરમ ચર્ચાનું રૂપ લીધું. સભામાં ખળભળાટ પણ થયો. આપણા ચરિત્રનાયકે શાંતિ અને હિમ્મતપૂર્વક આચાર્યશ્રી વિજયનેમિસૂરિજી મહારાજને જણાવ્યું.

"આપ! શાંતિથી સાંભળી રહ્યા છો પણ ખરો રસ નથી લેતા તેનું શું કારણ? આ બન્ને પક્ષોનો વિચાર કર્યા વિના આપનો અભિપ્રાય અમને સ્પષ્ટ જણાવવો જોઇએ. આપના માર્ગદર્શન ઉપર આ પ્રશ્નનો ઉકેલ સંભવે છે."

"ભાઇ, હું શું કહું? મને આશા નથી કે મારા કથનને બન્ને પક્ષોવાળા સ્વીકારે." આચાર્યશ્રીએ ખુલાસો કર્યો.

"એમ કેમ કહો છો? આપના વિચારો આપે સ્પષ્ટ જણાવવા જોઇએ. બે પક્ષો કદાચ ન માને પણ બીજા બધા તો માનવા તૈયાર છે ને?" બધાને સંબોધીને આપણા ચરિત્રનાયકે પૂછ્યું.

"મહાનુભાવો! આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી જે ફરમાવે તે સૌને મંજુર છે ને?" લગભગ બધા તરફથી સ્વીકારનો ધ્વનિ નીકળ્યો.

"સાહેબ! હવે આપ સુખેથી ફરમાવો."

"ભાઈઓ! શાંતિથી સાંભળો. પ્રથમ તો આ પ્રશ્નને મુનિ સંમેલનમાં અવકાશ જ નથી. ફક્ત આ બન્ને મહાત્માઓને તે બાબતમાં મતભેદ છે અને ચર્ચા શરૂ થઈ પછી અટકવી મુશ્કેલ. આવા પ્રશ્નનો નિર્ણય આપવો એ આપણા બધાની શક્તિથી બહારની વાત છે. પૂર્વાચાર્યોના કથનમાં તર્ક–કુતર્ક કરવાનો પણ આપણને હક્ક નથી. દૃષ્ટિ દૃષ્ટિમાં ફરક છે. હું તો આ પ્રશ્નને સંમેલનની બહારનો ગણું છું. આપણે બીજા જરૂરી પ્રશ્નોને ઉપાડો."

બધા શાંતિથી સાંભળી રહ્યા અને ચર્ચા બીજા પ્રશ્ન તરફ વળી.

× × ×

સંમેલનનો બીજો પ્રસંગ પણ જાણવા જેવો છે. એક દિવસ શાંતમૂર્તિ શ્રીમાન્ મોહનલાલજી મહારાજના સમુદાયના મુનિશ્રી હેતુમુનિએ એક ટકોર કરી કે શ્રી આત્મારામજી મહારાજના સંઘાડામાં પરસ્પર વૈમનસ્ય જોવામાં આવે છે. એ પ્રશ્ન સંમેલને વિચારવો ઘટે છે. ત્યારે વિદ્વાન મુનિશ્રી પુણ્યવિજયજીએ કહ્યું કે ઘણી ખુશીની વાત છે. અત્યારે જ એનો વિચારવિનિમય થવો જોઈએ એટલે મુનિશ્રી રામવિજયજીએ કહ્યું કે એમાં બીજા કોઈને પડવાની જરૂર નથી. અમે પોતે આપસમાં મળી વિચાર કરીશું.

બીજે દિવસે આચાર્યશ્રી વિજયદાનસૂરીશ્વરજીએ એક શ્રાવક મારફત ઉજમબાઇની ધર્મશાળામાં કહેવરાવ્યું કે આપણે કોઇ જુદા સ્થાનમાં સાથે મળી વાતચીત કરીએ અને સહકાર માટે શકય પ્રયાસ કરીએ. આપણા ચરિત્રનાયક તો એવી કોઈપણ મંત્રણા માટે તૈયાર હતા જ. તેમણે ઘણી ખુશીથી તે નિમંત્રણ સ્વીકાર્યું પણ સૂચવ્યું કે મળવું જ છે તો પછી બીજા સ્થાનમાં શા માટે ? કાં તો આપ અહીં પધારો અથવા અમે આપ સ્થાને વિદ્યાશાળામાં આવી જઇએ પણ તેના જવાબમાં એ સમાચાર મળ્યા કે શેઠ પન્નાભાઇના મકાનમાં મળવાનું ન કર્યું છે. સમય પણ નક્કી કરવામાં આવ્યો.

આપણા ચરિત્રનાયક શ્રી ઉજમબાઇની ધર્મશાળા મુનિરાજશ્રી પુણ્યવિજયજી અને મુનિશ્રી ચરણવિજયજીને સા લઇને નીકળ્યા. રસ્તામાં આચાર્યશ્રીને નવો જ વિચા સૂઝયો. તેમણે જણાવ્યું કે આપણે મળવું જ છે અ તેઓ પણ મળવા ચાહે છે તો આપણા સ્થાનો છો આપણે એક ગૃહસ્થના મકાનમાં મળવાની શી જરૂર છે આપણે જ તેઓના સ્થાને જઇએ અને આનંદથી મળીએ એ વિચાર સુંદર લાગ્યો. અને તેવામાં ઝવેરી ભોગીલાલ ઉ મંગળભાઇ તારાચંદની હવેલીમાં દર્શન કરવા પધાર્યા. દર્શ કરી પોતાનો વિચાર મંગળભાઇને જણાવ્યો. તેમણે પ ખુશી બતાવી. તેમણે પોતાના ભાઈશ્રી ચંદુલાલને પહેલા વિદ્યાશાળે સમાચાર આપવા મોકલ્યા કે મહારાજશ્રી આપના સ્થાને જ આવે છે. આપણા ચરિત્રનાયક પણ ત્યાંથી નીકળી વિદ્યાશાળાએ પહોંચ્યા. અહીંથી શ્રી વિજયદાનસૂરિજી શે

પન્નાલાલના મકાને પહોંચી ગયા હતા. પોતે તો વિદ્યાશાળામાં જ બેઠા અને આ. શ્રી વિજયદાનસૂરિજીને બોલાવવા સૂચના કરી. તેઓ આવી પહોંચ્યા. પરસ્પર ફેંટા વંદના-સુખશાતા વગેરે શિષ્ટાચાર થયો. પછી એકાન્ત જગ્યાએ આપણા ચરિત્ર-નાયક, મુનિરાજશ્રી પુણ્યવિજયજી, મુનિશ્રી ચરણવિજયજી, તથા આ. શ્રી વિજયદાનસૂરિજી, આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી તથા મુનિશ્રી રામવિજયજી એમ છ મુનિરાજો એકઠા મળ્યા.

આપણા મતભેદો દૂર થાય અને આપણામાં સુલેહ શાંતિ થાય તો સારું! એક સૂચના આવી.

"ઘણી ખુશીની વાત છે! હું તો તે ઝંખું છું. એક ગુરુના સંતાનો-આપણામાં સંપ હોય તો તો પછી શું જોઈએ. હું તે માટે તૈયાર છું." આપણા ચરિત્રનાયકે પોતાની તૈયારી બતાવી.

"સાહેબ! મતભેદ ક્યાં છે તે તો આપણે જાણવું જોઈએ ને!" શ્રી પુણ્યવિજયજીએ ટકોર કરી.

"મતભેદ તો કદાચ હોય પણ એવો મતભેદ નથી જેનો ઉકેલ ન આવે. હું તો એમ માનું છું. આપનું શું માનવું છે, તે સમજાવો તો ખ્યાલ આવે." ચરિત્રનાયકે ખુલાસો માગ્યો.

"મતભેદની ચર્ચા લાંબી ચાલશે. ટૂંકી વાત એ છે કે આચાર્ય શ્રીમાન્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ જે આજ્ઞા આપી ગયા છે તે મુજબ વર્તવાને તમે તૈયાર છો? તો અમે

તમારી સાથે સહકાર કરવા તૈયાર છીએ." આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજીએ સ્પષ્ટતા કરી.

"આચાર્યશ્રીની આજ્ઞા શી છે તે અમે જાણતા નથી અને તેઓશ્રી વિદ્યમાન હોત તો આપણે તેમના મુખેથી તેમની આજ્ઞા જાણી શકત. જો સંપની ચાહના જ છે તો આગ પાછળની વાતો ભૂલી જવી જોઈએ. આપણે ક્યાં મતભેદ છે તે કહો અને શક્ય હોય તે રીતે હું ગમે તે ભોગે સં જોવા ઇચ્છું છું. તેમ છતાં આપણા બધાથી વયોવૃદ્ધ, શ્રદ્ધેય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી છે. તેમની સેવામાં હાજર થઈ જઈએ. તેઓ જે માર્ગદર્શન આપે તેમ આપણે મંજુર રાખીએ" આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ નવી સૂચના કરી.

પણ સમયનો પરિપાક નહોતો. મતભેદની ગાંઠો જલ્દી પીગળે તેમ નહોતું. બધા વિશેષ કાળક્ષેપ કર્યા વિના ઊઠી ચાલી નીકળ્યા. સંપ સંપને ઠેકાણે રહ્યો. આનંદની આશા રાખતા ગુરૂદેવના ભક્તોને નિરાશા થઇ. સુવર્ણ અવસર હાથથી ગયો

× × ×

કાર્ય કઈ પદ્ધતિએ કરવું, કયા કયા પ્રશ્નો હ ધરવા, શાસ્ત્રોના આધારે પ્રશ્નોની ચર્ચા કરવી, નિર્ણયો ક કરવા સર્વ સંમતિ ન મળે તો શું કરવું ? છેલ્લો નિર્ણ કોણ આપે ? વગેરે અનેક ચર્ચાઓ થઇ. કોઇ કોઈ વખત વાતાવરણ ગરમાગરમ થતું દેખાયું, કોઇ કોઈ વખત સંમેલન ભાંગી પડશે તેવો ભય લાગવા માંડ્યો, એકાદ વખ તો ભંગાણ પડયાના પગરણો સ્પષ્ટ દેખાયાં. અંગત આક્ષે સુધી વાત આવી ગઈ. વચ્ચે બે આચાર્યો છેડાઇ પડ્યા ભંગાણની તૈયારી હતી પણ નગરશેઠની કુનેહથી અને પૂજ્ય

પાદ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજીની ધીરજથી, આપણા ચરિત્ર નાયકની શાંતિથી કામ લેવાની દૃષ્ટિથી કામ સફળતાપૂર્વક પાર પડી શક્યું.

પૂ૦ આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીની શાસ્ત્રીય ચર્ચા, મુનિ મહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીની હૃદયની તટસ્થ ભાવનાપૂર્વકની દેશકાળની દૃષ્ટિની સૂચના, તેમજ મુનિશ્રી વિદ્યાવિજયજીની આવડત અને આપણા ચરિત્રનાયકની વિષય પ્રતિપાદન કરવાની શૈલી તથા મુદ્દાઓ વિકસિત કરવાની કળાથી સમસ્ત સમુદાય ઠીકઠીક આકર્ષાયો હતો. સંમેલનની સફળતાનો યશ જેટલો શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યશ્રી નેમીસૂરીશ્વરજીને ફાળે જાય છે તેટલો જ યશ આપણા ચરિત્ર નાયકને ફાળે છે. તેમજ બીજાઓ પણ કેટલાક અંશે યશના ભાગી છે.

અહીંથી પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી અને સંઘપતિના આગ્રહથી આપ સેરીસા, પાનસર પધાર્યા. યાત્રા કરી અમદાવાદ આવ્યા. અહીં ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતીને માન્ય રાખવી પડી. પણ ડભોઇ શ્રી સંઘના આગ્રહથી આપશ્રી વડોદરા થઇ ડભોઇ પધાર્યા અને શ્રી સંઘે ભવ્ય સ્વાગત કર્યું. શ્રી લોઢણ પાર્શ્વનાથ ભગવાનની ૧૯૯૦ ના વૈ. સુ. ૬ ના ખૂબ આનંદપૂર્વક પ્રતિષ્ઠા કરાવી પાછા અમદાવાદ પધાર્યા. અને જેઠ સુદિ આઠમની સ્વ. શ્રી આત્મારામજી મ૦ ની જયંતી ધામધૂમથી ઉજવવામાં આવી.

આપણા ચરિત્રનાયકના ઉપદેશની સ્વર્ગીય શાંતમૂર્તિ યોગીરાજ સ્વનામધન્ય શ્રીમાન્ બુદ્ધિવિજયજી (બૂટેરાયજી)

મહારાજના સદુપદેશથી પ્રતિબોધ પામેલ એક ભાગ્ય
પુરૂશોત્તમદાસ અને તેમના સુપુત્રોએ પોતાના પરમોપકારી
ગુરૂદેવની યાદગીરી માટે દરવર્ષે (જયંતી નિમિત્તે) એક સ
રકમ આપી.

અત્રે આપના પ્રશિષ્ય મુનિશ્રી સાગરવિજયજી મહા
જે કેટલાક સમયથી બિમાર હતા તેઓ અશાડ વદી ૧૪
દિવસે સ્વર્ગવાસ પામ્યા. તેમના શ્રેય નિમિત્તે અઠ્ઠાઈ મહો
આદિ ધાર્મિક કાર્યો થયાં.

× × ×

આજે ચતુર્દશી હતી. વ્યાખ્યાનમાં સારી ભીડ
સંઘના આગેવાનો પણ હાજર હતા. વ્યાખ્યાનમાં પો
ભણાવ્યા પછી શ્રોતાઓને એક નજરે નિહાળીને આચાર્યશ્
એક નવીન યોજના રજુ કરી.

'ભાગ્યવાનો! અમદાવાદ પ્રસિદ્ધ જૈન નગરી
અહીંનો શ્રી સંઘ અને અહીંની વિખ્યાત આણંદજી કલ્યાણ
પેઢી જગતભરમાં જાણીતાં છે. અહીંના શ્રીમંતોએ અને
વીરોએ પોતાનાં દાનઝરણાં બંગાળ અને પંજાબ સુધી
ચાડયા છે. અહીંનો અર્ધો વેપાર જૈનોના હાથમાં છે.
શાસનના ઉદ્ધારક આચાર્યોએ સિંચન કરેલ ધર્મભાવના
પણ અમદાવાદમાં ઘેર ઘેર જોવાય છે.

પણ તમારા બાળકોના અભ્યાસ માટે અમદાવાદ
કાંઇ વિચાર કરતું નથી? હજારો વિદ્યાર્થીઓના ધર્મસં
માટે અમદાવાદ તો ઘણું ઘણું કરી શકે. મેં સાંભળ્યું
દર વર્ષે ત્રીશ હજાર રૂપીઆ જુદા જુદા ફંડ તરફથી ફ્રી

પુસ્તકોના અપાય છે. તો પછી એક જૈન હાઇસ્
રીતે બહુ જ સારી રીતે ચાલી શકે. શ્રી કસ્તુ
વિદ્યાપ્રેમી ગૃહસ્થ અને બીજા ભાઇઓ ધારે તો
જૈન હાઇસ્કુલનું ખાતમુહૂર્ત થઇ શકે.

અમદાવાદ જેવા શહેરમાં એક જૈન કોલેજ હો
નહીં તો જૈન હાઇસ્કુલ તો અવશ્ય થવી જોઇએ.
બાળકોના જીવન ઘડતર અને ચારિત્ર્ય ઘડતરનો પા
જૈન હાઇસ્કુલમાં નંખાશે, તો ભવિષ્યનો સમાજ કેવો
મનશે. અમદાવાદ પાસે બધું ય છે. શ્રી છે, સરસ્વ
યાપાર છે, ઉદ્યોગ છે, ધર્મભાવના છે અને કાર્યકુશળ

હું તો શિક્ષણ પ્રચારનો પ્રેમી છું. અને સમ
કલ્યાણમાં ધર્મનો ઉદ્યોત જોઇ શકું છું.

તમે બધા આ યોજના પર વિચાર કરો અને આ
હિતકર લાગે તો બધી સામગ્રી તો આપોઆપ મળી રહે

આચાર્યશ્રીની સુધાભરી વાણી, સમાજ કલ્યાણની ઉ
ભાવના માટેની યોજના 'સમાજનો મંત્રમુગ્ધ થઇ સાંભ
રહ્યા. જરૂર કાંઇ થવું જોઇએ તેમ બધાના મનમાં થયુ
અમદાવાદ જેવી જૈનપુરીમાં એક હાઇસ્કુલ થવી જોઇએ તેમ
ધાને થયું. પૈસા તો મળી [illegible] ને મળી રહેત
વી મોટી સંસ્થાની જવાબદા[illegible]
વ્યું અને યોજના અમલમાં [illegible] ઇ આગળ
આ ચાતુર્માસમાં ઘણાં
જન્મ શતાબ્દિ માટે [illegible]

ધીરજ બહેન તથા તેમના સગાસ્નેહીઓ આપશ્રીને કપડવં
પધારી ધીરજબહેનને દીક્ષા આપવા વિનંતિ કરવા આવ્ય

શેઠ ડાહ્યાભાઈ ઘોળશાજીની ધર્મપત્ની શ્રી મણીબહેન
તરફથી ચોમાસું બદલાવવામાં આવ્યું. અને શ્રી મણીબહે
નરોડાનો સંઘ કાઢ્યો. આપ પણ નરોડા પધાર્યા. બી
દિવસે અમદાવાદ આવી કપડવંજ તરફ વિહાર કર્યો.

આં રાજનગરના ૧૯૯૦ ના ચાતુર્માસમાં આચાર્યશ્રી
સુધાસમી વાણી, સમાજકલ્યાણની ભાવના તથા શાસન
ઉન્નતિની તમન્નાથી અમદાવાદની જૈન જનતામાં આચાર્યશ્ર
માટે ભારે સન્માન અને અપૂર્વ પૂજ્યભાવ જાગૃત થય
પંજાબના રાહબરને ગૂજરાતની પ્રજા ઓળખી શકી.





વિદ્યાલય-પ્રતિષ્ઠા મહોત્સવ.

(૧૨)

" મથેણ વંદામિ. "

" ધર્મલાભ, કોણ રણછોડભાઈ-ઓહો અહીં કેવી રીતે આવી પહોંચ્યા " ?

" સાહેબ ! સાધુ મહાત્માઓના દર્શન એમ સુલભ થોડાંજ હોય છે ? હું અને મોતીચંદભાઈ આપને વંદન કરવા અમદાવાદ ઉતરેલા પણ આપે વિહાર કર્યાનું જાણ્યાથી પૂછતાં પૂછતાં પહોંચી ગયા. "

" દહેરાસરજીનું કામ ક્યાંસુધી ચાલ્યું ? "

" સાહેબ ! તૈયાર છે. અમે આપને પ્રતિષ્ઠા માટે નિમંત્રણ કરવા માટેજ આવ્યા છીએ. હવે જલ્દી મુંબઈ પધારો. "

" હા, પ્રતિષ્ઠા ઉપર તો આવવાના ભાવ છે, પણ મારે ગુરુદેવની શતાબ્દિ માટે પ્રચાર કરવાનો છે તે તમે જાણો છો ? "

" મુંબઈમાં તે માટે ઘણું કાર્ય થઈ શકશે. માટે મુહૂર્ત આપો એટલે તૈયારી થઈ રહે. "

" તમારા પહેલાના પત્ર ઉપરથી મુહૂર્ત જોઈ રાખ્
મહા શુદિ દસમનું મુહૂર્ત સર્વશ્રેષ્ઠ છે. "

" ગુરુવર્ય ! આપશ્રી હવે વહેલાસર પધારશો. અમે
તૈયારી કરાવી રાખીશું પણ આપના આવવાથી વિશેષ
પ્રતિષ્ઠાનું કાર્ય થઈ શકશે. "

" રણછોડભાઈ ! મારે કપડવંજ ગયા સિવાય ચાલે
નથી. ત્યાં ત્રણ બહેનોની દીક્ષા છે. પાટણથી મુનિશ્રી પુણ્યવિજ
આદિ પણ આવવાના છે. પછી તો વચ્ચે રોકાણ નથી. બ
ત્વરાએ આવી પહોંચીશું. "

આચાર્યશ્રી કપડવંજ તરફ જતાં હતાં. ત્યાં બારે
શેઠ રણછોડભાઈ રાયચંદ તથા શ્રીયુત્ મોતીચંદ ગીરધર
કાપડીયા શ્રી મહાવીર વિદ્યાલયના દહેરાસરજીની પ્રતિષ્ઠા
આપને પધારવા વિનંતિ કરવા આવ્યા. આચાર્યશ્રીએ મુ
આપ્યું અને કપડવંજનું ધર્મ–કાર્ય પૂર્ણ કરી પ્રતિષ્ઠા પ
મુંબઈ પહોંચી જવા જણાવ્યું.

આપ મહેમદાવાદ થઈ કપડવંજ પધાર્યા. અહીં વડોદર
મુનિરાજશ્રી હિમ્મતવિજયજી મહારાજ, પંન્યાસજી શ્રી
વિજયજી મહારાજ, શ્રી ઉત્તમવિજયજી મહારાજ, તથા
ચંદનવિજયજી મહારાજ તેમજ પાટણથી વિદ્વાન મુનિરાજ
પુણ્યવિજયજી મહારાજ, શ્રી રમણિકવિજયજી આદિ કેટલ
મુનિરાજો આ પ્રસંગે આવી પહોંચ્યા.

નગરપ્રવેશ બહુ જ ધામધુમપૂર્વક થયો. ધીરજ બહેન આદિ ત્રણ બહેનોને ધામધૂમપૂર્વક આપશ્રીના શુભ હસ્તે દીક્ષા આપવામાં આવી, અને તેઓને શ્રીદાનશ્રીજી મહારાજની શિષ્યાઓ બનાવી. શતાબ્દિ ફંડમાં સારી મદદ મળી. શાસન-દીપક મુનિરાજશ્રી વિદ્યાવિજયજી તથા તેમના શિષ્ય શ્રી હિમાંશુવિજયજી આપને મળવા પધાર્યા. શ્રી વિદ્યાવિજયજી મહારાજશ્રીએ આપના અધ્યક્ષ સ્થાને જાહેર ભાષણો આપ્યાં. અત્રે આનંદમંગળ વર્તાવી વિહાર કરી અનેક ગામોને પાવન કરતાં વડોદરે પધાર્યા. ધામધુમથી પ્રવેશ થયો. અત્રે ગણિવર્ય શ્રી મૂલચંદજી મહારાજ સાહેબની જયંતી આપશ્રીની અધ્યક્ષતામાં ઉજવવામાં આવી. શતાબ્દિ ફંડને સારી મદદ મળી અને સકળ શ્રી સંઘે શતાબ્દિ ઉત્સવ વડોદરામાં ઉજવવા અત્યંત આગ્રહ કર્યો. આચાર્યશ્રીએ ઉચિત જવાબ વાળી વિહાર કર્યો. ગીયાગામ, પાલેજ આદિ થઇ ભરૂચના શ્રી સંઘની વિનંતિને માન્ય કરી ભરૂચ શહેરમાં પધાર્યા. અત્રે વેજલપુરના લાડશ્રીમાળી અને શ્રીમાળી આપશ્રીના ઉપદેશથી એકત્ર થયા અને સાધર્મિક વાત્સલ્ય બધા સાથે જમ્યા. ત્યાંથી વેજલપુરના ઉપાશ્રયે પધાર્યા. અહીં લાડવાશ્રીમાળીનો પરસ્પરનો કલેશ મટાડયો. અહીંથી અંકલેશ્વર થઇ સૂરત પધાર્યા. ધામધુમથી પ્રવેશ કર્યો. વડા-ચોટાના ઉપાશ્રયે પધાર્યા. નેમુભાઈની વાડી તેમજ સગરામપુરાના આગેવાનોની વિનંતિથી વ્યાખ્યાન માટે ત્યાં પણ પધાર્યા. શતાબ્દિ ફંડમાં અહીં પણ સારી રકમ નોંધાણી. અહીંથી નવસારી, બીલીમોરા, વલસાડ થઇ મુંબઈમાં આગમન થયું.

મુંબઈનું સ્વાગત અપૂર્વ હતું. આચાર્યશ્રી વિજય

સૂરિજીના શિષ્ય પં. શ્રી કલ્યાણવિજયજી આદિ સામૈયામાં પધાર્યા હતા.

આચાર્યશ્રી ઘણા વર્ષે મુંબઈ પધારતા હોઇ સામૈયામાં જનતાની ભારે ભીડ હતી. આચાર્યશ્રીએ એક દિવસ ગોડીજીના ઉપાશ્રયે સ્થિરતા કરી. બીજે દિવસે આપશ્રી શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પધાર્યા અને પ્રતિષ્ઠા સંબંધી વિધિવિધાન આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં શરૂ થયાં.

૧૯૯૧ નો મહાશુદ દશમના દિવસે ઘણી જ ધામધુમ અને અપૂર્વ ઉત્સાહપૂર્વક આચાર્યશ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ થયો. આ પ્રસંગે મહાવીર વિદ્યાલયના આંગણે હજારો ભાઇબહેનો આવ્યા હતા.

વિદ્યાર્થી ગણે પણ આ પ્રસંગે બહુ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આચાર્યશ્રીના ઉપદેશનો લાભ વિદ્યાર્થીગણને આ વખતે સારી રીતે મળ્યો. કોલેજના વિદ્યાર્થીઓએ જૈન ધર્મ અને જૈન સિદ્ધાંતના અનેક પ્રશ્નોની ચર્ચા છૂટથી કરી અને આચાર્યશ્રીના જ્ઞાન ખજાનાનો અપૂર્વ લાભ મેળવી પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા. આપશ્રીનું પ્રતિષ્ઠા સંબંધી વ્યાખ્યાન મનનીય અને રસપ્રદ હતું.

આસપાસના પરાઓના ભાઇઓનો અત્યંત આગ્રહ હોવાથી આપ ગોડીજીના ઉપાશ્રયમાં પધારી થોડી સ્થિરતા કરી. મુનિશ્રી સમુદ્રવિજયજી તથા વિશુદ્ધવિજયજી મહારાજને અહીં રોકી આપ આસપાસના પરાઓમાં પધાર્યા. ઘાટકોપર, સાન્તાક્રુઝ, આદિ પરાઓમાં ધર્મોપદેશ આપતા આપશ્રી વિલે-..ર્લે પધાર્યા

જેઠ સુદિ આઠમના દિવસે શેઠ કાંતિલાલ ઇશ્વરદાસના બંગલે સ્વર્ગવાસી ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજ સાહેબની જયંતી ઘણા જ ઉત્સાહપૂર્વક આપશ્રીની અધ્યક્ષતામાં ઉજવવામાં આવી. મુંબઇથી હજારો માણસોએ લાભ લીધો. સર્વેની ભોજન આદિની ભક્તિ શેઠ કાન્તિલાલભાઇએ કરી હતી.

પરાઓમાં વિચરી અશાડ સુદિ ત્રીજના ફરી મુંબઇ પધાર્યા અને શ્રી આદીશ્વરજીના દહેરાસરમાં ઉપર બિરાજમાન પ્રતિમાજીઓનો મૂળ ગભારામાં પ્રવેશ કરાવ્યો. ચાતુર્માસમાં કોટ, ભાતબજાર વિગેરેના ઉપાશ્રયે જાહેર ભાષણો થયા. શ્રી મહાવીર જૈન વિદ્યાલયને મદદ મળી અને જન્મ શતાબ્દિ ફંડ પણ સારા પ્રમાણમાં થયુ તેમજ બીજા પણ શાસનપ્રભાવનાના અનેક કાર્યો થયાં.

કાર્તિક શુદ ૧૪ નો પવિત્ર દિવસ છે. ગોડીજીના ઉપાશ્રયમાં મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના આશ્રય નીચે જન્મ શતાબ્દિ અને મુંબઇનો જૈન સમાજ એ વિષય ઉપર વિવેચન અર્થે એક સભા મળી છે. મુંબઇના આગેવાનો હાજર છે, સ્ત્રી પુરૂષોની મોટી ભીડ જામી છે. આચાર્યશ્રી પ્રમુખસ્થાને બીરાજ્યા છે.

શરૂઆતમાં શ્રીયુત મોતીચંદભાઇ ગીરધરલાલ કાપડીયાએ જણાવ્યું કે–શ્રી મહાવીર જૈન વિદ્યાલયના જિનાલયની પ્રતિષ્ઠાને અંગે પૂજ્ય આચાર્ય મહારાજને અત્રે પધારવા અમે વિજ્ઞપ્તિ કરી હતી. તેઓશ્રીને વિદ્યાલય માટે મમતા હોય તે સ્વાભાવિક છે. તેઓશ્રી વિદ્યાલયના કુલપતિ, આદ્ય પ્રેરક અને સર્જક છે. તેઓશ્રી પધાર્યા મુંબઇને ખૂબ લાભ થયો.

મહાત્માઓનું તો કર્તવ્ય છે કે તેઓ વરસાદની માફક સર્વત્ર વરસે જ. તેમાં આપણે આભાર માનીએ તો તે વ્યવહાર-દ્રષ્ટિએ ભલે ઠીક હો, પરંતુ વાસ્તવમાં જોઇએ તો તેમનો તો સ્વભાવ જ જનસમાજનું સર્વથા કલ્યાણ સાધવાનો છે. જન્મ શતાબ્દિને અંગે તમે જાણો છો કે પૂજ્ય આત્મારામજી મહારાજે સમસ્ત વિશ્વમાં જૈન ધર્મનો પ્રકાશ પાથર્યો છે. અમેરિકા જેવા દેશમાં જૈનધર્મનો સંદેશ પહોંચાડવાનું કાર્ય અદ્વિતીય ગણાય. એટલે તેમની જન્મ શતાબ્દિના મહોત્સવમાં આપણે સૌએ યથાશક્તિ ફાળો આપીને શતાબ્દિને યશસ્વી બનાવવી જોઇએ. આચાર્યશ્રીને મારી વિનંતિ છે કે મુંબઇમાં આ ઉત્સવ ઉજવવામાં આવે તો તેનાથી જૈન સમાજ અને જૈનશાસનને ઘણો લાભ થશે. વળી જે ભગવતી સૂત્ર વંચાઇ રહ્યું છે અને તેનો લાભ ઘણા ભાઇ બ્હેનો મનનપૂર્વક લઈ રહ્યા છે તે સૂત્રનો ખરો રસપ્રદ અને વિશેષ ઉપયોગી ભાગ તો હજુ હવે આવે છે. એટલે મૌન એકાદશી સુધી તો અહીં સ્થિરતા કરવી જરૂરી છે. શ્રી સંઘની તે માટે હાર્દિક પ્રાર્થના છે. ”

ત્યારબાદ શેઠ અમૃતલાલ કાળીદાસે જણાવ્યું કે–અત્યારે વંચાતા શ્રી ભગવતી સૂત્રને પૂર્ણ કર્યા પહેલાં આપણે આચાર્યશ્રીને જવા દેવા ન જોઇએ. જો તેઓશ્રી પૂર્ણ વરસ્યા વિના જાય તો આપણી ખેતી અધૂરી રહે. આચાર્યશ્રી મૌન એકાદશી સુધી તો જરૂર સ્થિરતા કરે જ કરે.

મુનિરાજશ્રી ચરણવિજયજી મહારાજશ્રીએ જણાવ્યું કે-શતાબ્દિ ઉત્સવને દિંગબરના શહેરે શહેરના સંઘનો ટેકો છે

શતાબ્દિ ઉત્સવથી જૈન સમાજને જ લાભ છે. ગુરુદેવશ્રી આત્મારામજી મહારાજશ્રીનો જીવનસંદેશ શહેરે શહેર પહોંચાડવાનો આ કલ્યાણકારી અવસર છે.


આચાર્ય મહારાજશ્રીએ ગુરુદેવને સ્મરણાંજલિ આપતાં જણાવ્યું કે–શતાબ્દિ ઉત્સવની ભાવના વર્ષો પહેલાં ગુરુદેવના સમાધિમંદિરમાં મને સ્ફુરી. શ્રદ્ધેય શ્રી પ્રવર્તકજી મહારાજ અને શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજશ્રીની પ્રેરણા મળી અને આજ શતાબ્દિ ઉત્સવ જૈન સમાજે અપનાવ્યો છે. ગામેગામ, શહેરે શહેરના શ્રીમંત અને ગરીબ બધા ભાઈ બહેનોએ તેમાં ફૂલ નહિ ને ફૂલપાંખડી આપી છે. તે ફંડની વ્યવસ્થા તો તમારે કરવાની છે. અને અમારી ભાવના છે કે ગુરુદેવના ચિરસ્મારકરૂપ આ રિદ્ધિનો ઉપયોગ, ગુરુદેવનો સંદેશ, ગુરુદેવનું નિર્મળજ્ઞાન, ગુરુદેવના વચનામૃતો એટલું જ નહિ પણ જૈન સાહિત્યના ખજાનામાંથી પસંદ કરેલાં મહામૂલાં રત્નો જૈન સમાજ અને જગતના ચોકમાં મૂકવા અને તે દ્વારા જૈન સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે થવો જોઈએ. આ જવાબદારીનું કાર્ય હું મુંબઈના ભાઈઓને સોંપવા ઈચ્છું છું.

શતાબ્દિ ઉજવવાની ભાવના પાટણમાં છે જ્યાં શ્રદ્ધેય શ્રી પ્રવર્તકજી મહારાજ બિરાજમાન છે પણ તમે પ્રવર્તકજીને ખરા સ્વરૂપમાં ઓળખતા નથી. તેઓશ્રીની ઉદારતા અને ગાંભીર્યતા અપરિમિત છે. બીજે સ્થાને વધારે લાભ જોવે તો તેઓ પોતાનો લાભ પણ જતો કરે. હું અહિંથી વિહાર કરીશ પણ પરામાં છું ત્યાંસુધીમાં પ્રવર્તકજીની આજ્ઞા મંગાવી શકાય તો પ્રયત્ન કરો. યાદ રાખજો ગુરુદેવની શતાબ્દિ જ્યાં થશે ત્યાં તમારે આનંદપૂર્વક ભાગ લેવાનો છે. ગુરુદેવનો જીવન-

સંદેશ મારે-તમારે-જૈન સમાજના આબાલવૃદ્ધોએ હૃદયમાં ધારણ કરી આપણે જીવન-વિકાસ સાધી જૈન શાસનનો વિજય ડંકો વગાડવો છે.

ગુરુદેવનું સાચું સ્મારક આપણે રચવું છે. તેઓશ્રીએ જ્ઞાનના દુર્ગમ શિખરે પહોંચી પોતાની આસપાસના પ્રદેશમ કિરણો પાથર્યાં, પોતાના પરાક્રમથી સંપ્રદાયની નાની પણ કઠણ બેડીઓ તોડી, ચિકાગો જેવા દૂરદૂરના પ્રદેશમાં જૈન-ધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કર્યો. જ્ઞાન, સાધના, તપસ્વિતા અને નિર્ભયતાના સંદેશ પાઠવ્યા, તે ગુરુદેવની જન્મ જયંતી ઉજવવી તેમાં વ્યક્તિનું કે સંપ્રદાયનું નહિ પણ સમગ્ર જનતાનું શ્રેય સમાયેલું છે. સો સો વર્ષ પછી કોઈ સુભાગી દિવસે મહાવિભૂતિને ભક્તિરૂપ અંજલિ અર્પવી તે આપણું પરમ કર્તવ્ય છે. ૐ શાંતિ:

આ ૧૯૯૧ નું ચાતુર્માસ આનંદપૂર્વક પૂર્ણ કરી અનેક ગામોને, નગરોને દર્શન-ઉપદેશનો લાભ આપતાં સુરત થઈ ભરુચ પધાર્યા. આમોદ દહેરાસરની પ્રતિષ્ઠા કરાવવાની હોવાથી ત્યાંના આગેવાનો ગણદેવી, સુરત અને અહીં વિનંતી કરવા આવ્યા. તેઓની વિનંતીને માન આપી મુનિશ્રી સમુદ્રવિજયજી વિશુદ્ધવિજયજીને ત્યાં જઈ સાનંદ પ્રતિષ્ઠા કરાવવા જવા આમોદ તરફ વિહાર કરાવ્યો અને આપણા ચરિત્રનાયક ઝઘડીયા આદિ થઈ સીનોર પધાર્યા. અહીં શ્રી આત્મારામજી મહારાજના વૃદ્ધશિષ્ય મુનિરાજશ્રી અમરવિજયજી મહારાજ સાહેબના દર્શન થયા. તેઓશ્રીની વૃદ્ધાવસ્થા હોવા છતાં પણ ઘણે દૂર આચાર્યદેવના સામે આવ્યા હતા. પરસ્પર ભેટી ઘણો આનંદ મનાવ્યો.



શતાબ્દિ મહોત્સવ.

(૧૩)

"કૃપાનાથ! શતાબ્દિ ઉજવાય તો વડોદરામાં જ શોભે. આપની જન્મભૂમિને આવા અનુપમ પ્રસંગનો લાભ મળવો જોઇએ." વડોદરાના આગેવાનોએ પ્રાર્થના કરી.

"તમારી વાત તો ખરી છે, પણ મારી હાર્દિક ભાવના તો શ્રધ્યેય પ્રવર્ત્તકજી મહારાજની નિશ્રામાં પાટણમાં ઉજવવાની છે, છતાં જેવો ભાવી ભાવ." આચાર્યશ્રીએ પોતાની ભાવના વ્યક્ત કરી.

"સાહેબ! વડોદરામાં બીજી રીતે પણ લાભ થવા સંભવ છે."

"કયો લાભ!"

"રાજ્યના વિપુલ સાધનોનો લાભ મળશે. નામદાર મહારાજા સાહેબ તથા મે. દિવાન સાહેબની પણ ઈચ્છા કે અહીં ઉત્સવ થાય તો સારું. આપના વ્યાખ્યાનો સાંભળ્યા પછી તેઓશ્રીને સારો ભાવ છે."

"બીજી દ્રષ્ટિએ વડોદરા કેન્દ્રસ્થાને હોઈ અહીં મુંબઈ વગેરેના ભાઈઓ સારી સંખ્યામાં આવી શકશે." બીજા ગૃહસ્થે સૂચના કરી.

"પંજાબથી તો પંજાબી ભાઈ-બહેનોનો મોટો સમૂહ આવવાનો છે." આચાર્યશ્રીએ પંજાબી ભાઈઓની ઈચ્છા જણાવી.

"તો, તો, ગુરૂદેવ! અહીં ઉત્સવ થાય તો ઘણું સારું." બધાએ આગ્રહ કર્યો.

"હાલ તો હું પાટણ તરફ જાઉં છું. હા, એક વાત છે."

"જણાવોને દયાળુ!"

"પાટણમાં બે પક્ષોના સમાધાન માટે વાટાઘાટ ચાલે છે. તે માટેના મારા પ્રયત્નો ચાલુ છે. ઘણું કરીને તો સમાધાન થઈ જશે." આચાર્યશ્રીએ સ્પષ્ટતા કરી.

"પણ કોઈ ઉપાયે તે શક્ય ન બન્યું તો?"

"અત્યારે તો તે માટેના બધા પ્રયત્નો થાય છે. નહિતો હું તમારા આગ્રહને જરૂર વિચારીશ."

"એમ નહિ સાહેબ! આપ વચન આપો કે પાટણમાં શક્ય ન હોય તો વડોદરા ઉત્સવ કરવો."

"તમે તો મને બાંધી લેવા માગો છો. પણ સાધુઓથી એમ વચન ન અપાય વડોદરા તો મારા હૃદયમાં છે જ ને

પણ જો અહીંનું નક્કી થાય તો આખા સંઘે મળીને તેને માટે જબ્બર તૈયારી કરવી પડશે."

"સાહેબ! અમે બધા ઉત્સવને સફળ કરવા માટે તનતોડ પ્રયત્ન કરીશું. તેમાં તો અમારા શ્રી સંઘની શોભા છે ને!"

"દેશ દેશના ભાઇ બહેનો અને ખાસ કરી પંજાબી ભાઇઓનો સત્કાર તમને ભારે ન પડી જાય. ખર્ચની વાત નથી કરતો પણ વ્યવસ્થા ખૂબ સુંદર થવી જોઇએ." આચાર્યશ્રીએ સ્પષ્ટતા કરી.

"દયાળુ! આપ ગુરુદેવના પસાયે અમે આબાલવૃદ્ધ મહેમાનોની પૂરેપૂરી સેવા સુશ્રુષા કરીશું."

"જેવો ભાવી ભાવ."

× × ×

આચાર્યશ્રીએ વિહાર કર્યો. અમદાવાદ પધાર્યા. અમદાવાદના આગેવાનોએ શતાબ્દિ ઉત્સવ અમદાવાદમાં ઉજવવા અથાગ પ્રયત્નો કર્યા. પણ આપશ્રીની ઇચ્છા પાટણ માટે હતી. આપશ્રીની આજ્ઞાથી આમોદ પ્રતિષ્ઠા માટે ગયેલા મુનિશ્રી સમુદ્રવિજયજી, વિશુદ્ધવિજયજી અમદાવાદ આવી મળ્યા.

સાબરમતીનો લાંબો પટ ને આકાશી તારલાઓ મહામદિનાની ચાંદનીથી ચમકી રહ્યાં હતાં. શાંત-પ્રશાંત રાત્રિના એક પછી એક પ્રહરો પૂરા થતા હતા. આચાર્યશ્રીની વિચારસરણી ઊંડા ઊંડા વિચારોમાં નિમગ્ન હતી. એક તરફ પાટણ અને પ્રિય પ્રવર્તકજી મહારાજ, એક તરફ પાટણનું સમાધાન-

સંઘ સોસાયટીનું ઐક્ય, ગુરૂદેવનો શતાબ્દિ ઉત્સવ, સમાજ
કલ્યાણની તમન્ના અને વડોદરાનું હાર્દિક નિમંત્રણ, પાટણ
યુવકો, પાટણની પ્રાચીન સંસ્કૃતિ અને પાટણની ઐક્યતા
શું શ્રદ્ધેય પ્રવર્તકજીની નિશ્રામાં ઉત્સવ નહિ થઇ શકે ?
પાછું વડોદરા જવું પડશે ? પાટણના સંઘની ઐક્યતા ન
સધાય ? આવા સેંકડો વિચારોથી રાત્રિ ચાલી જતી હતી
નિદ્રાદેવી રીસાઈ ગઇ હતી. સવાર થયું ને આચાર્યશ્રીને
સંદેશો મળ્યો કે પાટણનું સમાધાન શક્ય નથી. ઘણા પ્રયત્ને
છતાં બન્ને પક્ષો સમાધાન માટે તૈયાર નથી. સમયનો
પરિપાક નહિ હોય. ગુરૂદેવ કડવો ઘુંટડો ગળી ગયા. શિષ્યોને
વડોદરા તરફ વિહાર કરવા તૈયારી કરવા સૂચના કરી અને
મુંબઈ, પાટણ તથા વડોદરા પોતાના નિર્ણયના પત્રો લખાવી
વિહાર કર્યો.

ફાગણ શુદ ૧૨ ના રોજ આચાર્યશ્રી પરિવાર સહિત
વડોદરા પધાર્યા. આજનો દિવસ વડોદરાના શ્રીસંઘ માટે
આનંદકારી હતો. આબાલવૃદ્ધ ગુરૂવર્યના સ્વાગત માટે વહેલી
સવારે ધસમસી રહ્યાં હતાં. એક મારવાડી જૈનબંધુ શ્રી પોખ-
રાજજી તરફથી સામૈયું થયું અને બજારોમાં ફરી માર-
વાડી જૈન બંધુઓના નિવાસસ્થળ યાકુબપુરામાં આવ્યું.
સામૈયામાં ચાંદીની અંબાડીવાળો હાથી, પાગા વગેરે સરકારી
સામગ્રી લાવી મારવાડી ભાઈઓએ પોતાનો ભક્તિભાવ પ્રદ-
ર્શીત કર્યો હતો. હજારો શ્રીપુરુષોએ ગુરુદેવનું સુંદર
સ્વાગત કર્યું હતું.

એક પુખરાજજીના તરફથી ફતેહપુરાના શ્રી ...

ભગવાનના દહેરે અઠ્ઠાઈ મહોત્સવ થયો. યાકુબપુરાના ઉપાશ્રયે થોડા દિવસ સ્થિરતા કરી ઉપદેશામૃતનું પાન કરાવી શહેરમાં જાની શેરીના ઉપાશ્રયે પધાર્યા.

શતાબ્દિ માટે બહુ થોડા જ દિવસો હતા પણ શ્રી સંઘમાં ઉત્સાહ અજબ હતો, જુદા જુદા કાર્યો માટે જુદી જુદી કમીટીઓ નીમાઇ ગઇ. નિમંત્રણ પત્રિકાઓ તૈયાર થવા લાગી. ગામે ગામના સંઘોને વિજ્ઞપ્તિ પત્ર મોકલાયા, કાર્યક્રમ ઘડાયો અને શતાબ્દિ ઉત્સવની તડામાર તૈયારીઓથી વડોદરા ધમધમી ઉઠયું.

ફાગણ વદી તેરશ શનિવારના સૂર્યકિરણોએ વડોદરામાં વિશાળ મંડપને સોનેરી બનાવ્યો. શેઠ ચંદુલાલ લલ્લુભાઈ ઝવેરીના પ્રતાપવિજય થીએટરનું વિશાળ ચોગાન માનવ મેદનીથી મધમધી રહ્યું. શતાબ્દિનાયકશ્રી વિજયાનંદસૂરિજી, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી, પ્ર. શ્રી કાન્તિવિજયજી, શાંતમૂર્તિ મુનિશ્રી હંસવિજયજી મહારાજ આદિના ફોટાઓ, ધ્વજાપતાકા, તેમજ વિવિધ ચિત્રાવળીથી મંડપ વિશેષ આકર્ષક બન્યો હતો.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી, પં. શ્રી લલિતવિજયજી, (હાલ આચાર્ય) પં. શ્રી લાભવિજયજી, (આચાર્ય) પં. શ્રી પ્રેમવિજયજી, પં. શ્રી પ્રીતિવિજયજી, પં. શ્રી કસ્તુરવિજયજી, (આચાર્ય) મુનિશ્રી મિત્રવિજયજી, મુનિશ્રી સમુદ્રવિજયજી, મુનિશ્રી ચરણવિજયજી આદિ વિશાળ સાધુસમુદાય, પંજાબથી સતત વિહાર કરીને આ પ્રસંગે પધારેલ સાધ્વીશ્રી માણેકશ્રીજી, ગુજરાતના દેમશ્રીજી, શ્રી દાનશ્રીજી

આદિ સાધ્વી સમુદાય. પંજાબ, મારવાડ, મહારાષ્ટ્ર, મુંબઈ ગુજરાત, કાઠીયાવાડ અને પૂર્વદેશના આવેલ અનેક પ્રતિષ્ઠિત ગૃહસ્થોની અને બ્હેનોની મોટી માનવમેદનીથી મંડપ ભરાઈ ગયો હતો.

પંજાબના ગામે ગામ અને શહેરે શહેરમાંથી ગુરુભક્તિ અને ધર્મપ્રેમનું દિગ્દર્શન કરાવતો અનેક ભાઈ બહેનોનો મોટો સમૂહ વડોદરામાં આવી પહોંચ્યો હતો. આખા શતાબ્દિ સમારંભમાં પંજાબી ભાઈઓ અને બહેનો, સંગીત મંડળીઓ અને યુવક મંડળીઓનો ઉત્સાહ અજબ હતો. ગુરુના નામે પ્રાણ ન્યોછાવર કરવાની તમન્ના એ પંજાબી ભાઈઓના હૃદયે હૃદયમાંથી દૃષ્ટિગોચર થતી હતી. જ્યાં જુઓ ત્યાં કેશરી સાડીઓમાં શોભતી પંજાબી બહેનો પ્રત્યેક આગંતુકનું આકર્ષણ કરતી હતી.

શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ-પંજાબના બેન્ડના વિજયનાદથી કાર્યારંભ શરૂ થયો. સૂરિજીએ મંગલાચરણ સંભળાવ્યા પછી આચાર્યશ્રીને સભાજનોએ પ્રમુખસ્થાન માટે વિનંતિ કરી અને તેઓશ્રી પ્રમુખસ્થાને બિરાજમાન થયા.

જૈન મહિલા મંડળ વડોદરા તથા શ્રી કાન્તિલાલ ઝવેરીએ ગુરુસ્તવના કર્યા બાદ સંઘપતિ શેઠ અમથાભાઈ ગાંધીએ સ્વાગતનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. શતાબ્દિ સમિતિના મંત્રી શ્રી વાડીલાલ મગનલાલ વૈદે મંત્રીનું નિવેદન રજુ કર્યા બાદ શુભેચ્છાના સંદેશાઓ જે અનેક આચાર્યો, મુનિમહારાજો, વિદ્વાનો, નૃપો, ગૃહસ્થો તથા હિતચિંતકોના આવ્યા હતા તે વાંચી સંભળાવવામાં આવ્યા હતા.

આત્માનંદ જૈન ગુરુકુળના વિદ્યાર્થીઓએ 'કોઇ ઇન્સાન નહિ થા, એ તો દેવ થા' નું, પંજાબ જૈન આરતી મંડળે ગુરુભજન અને પંજાબી યુવક શ્રી જ્ઞાનચંદ્રજીએ "પીળી ચાદર કો ઓઢનેવાલે" નું ચમકદાર કાવ્ય રજુ કરી સભાના આબાલવૃદ્ધને ગુરુભક્તિમાં તરબોળ કરી હતી.

ગુરૂભક્ત પંન્યાસ (આચાર્ય) શ્રી લલિતવિજયજી મહારાજે હિંદીમાં જણાવ્યું કે:–ચરિત્રનાયક ગુરુવર્યના ચરિત્રમાંથી અનેક સંસ્મરણો ઉદ્ભવે છે. ગીતાજીમાં જેમ યદા યદા हि धर्मस्य નો ઉલ્લેખ છે. તેમ જૈન જગતમાં જ્યારે જ્યારે દયા અને વિભૂતિની જરૂર પડી ત્યારે એવા મહાન્ પુરુષો થયા છે. શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી હીરવિજયસૂરિ, શ્રી યશોવિજયજી જેવા મહાત્માઓ એ જૈન જગતની વિભૂતિઓ જ છે. આજથી સો વર્ષ પહેલાં જ્યારે જૈન સમાજ એક મહાન્ આત્માની રાહ જોઇ રહ્યો હતો ત્યારે પંજાબની પવિત્ર ભૂમિમાં ગુરુદેવનો જન્મ થયો.

ગુરુદેવમાં સત્યતા માટે જાન દેવાની સુધીના પરિહારો સહવાની તમન્ના હતી. તેમના જીવનના અમૂલ્ય વર્ષો તો સત્ય પ્રચાર માટે હજારો લોકોનો રોષ વહોરી કાર્ય સાધયામિ માટે ગયાં છે. એ વીતકોનો ઇતિહાસ રોમાંચકારી છે. એ પંજાબી દેહમાં લોખંડી હૃદયબળ અને વીરતા હતાં અને ચારિત્રની એ મૂર્તિ હતા. પંજાબમાં જૈન ધર્મનો પ્રચાર કરવા તેમણે જીવનને હોડમાં મૂકયું હતું. પણ આજના સમારંભમાં પંજાબની ભવ્ય ગુરુભક્તિ અને એકવાકયતા જોઇને આપણને દર્શાય આવે છે. ગુરુદેવનો સંદેશ આપણે

જગતમાં ફેલાવીએ ત્યારે જ આપણે સાચી જયંતી ઉજ
ગણી શકાય.

મુનિશ્રી ચરણવિજયજીએ જણાવ્યું કે—આજનો આ અનુ
પમ ઉત્સવ જૈન સમાજના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત
રહેશે. સો વર્ષ પહેલાં સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે-
અંધકારનું પ્રાબલ્ય અને વ્હેમોના ખરાબે ચઢેલી જૈન સમાજ
નૈયાને એક વીર સુકાની મળી આવશે.

ચોવીસ તીર્થંકરો ક્ષત્રીય હતા તેમ આ મહાત્માનો
જન્મ પંજાબના એક નાના ગામડામાં ક્ષત્રીય કુટુંબમાં થયો
હતો. તેમના વડીલોએ બહારવટું ખેડયું ત્યારે આ મહા-
ત્માએ વીર તરીકે જીવન સાર્થક કર્યું. જૈન ધર્મ કોઈ
વ્યકિત કે સંપ્રદાયનો નથી. દરેક આત્મા એનો અધિકારી
છે. આત્મારામજી મહારાજે કોઈ બંધન ન સ્વીકારતાં સત્ય
અને નીડરતાનો માર્ગ લીધો. સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા
લીધી, દિવસમાં સાડા ત્રણસો શ્લોક કંઠાગ્ર કરી ટુંક સમયમાં
શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તુલનાત્મક દર્શન શાસ્ત્ર જાણ્યું અને
સ્થાનકવાસી સંપ્રદાય બંધનરૂપ લાગતાં તેને છોડી સત્યમાર્ગ
ગ્રહણ કર્યો.

શતાબ્દિ ઉત્સવની કલ્પના પંજાબી ભાઈઓને આવી.
પાલનપુરમાં તે માટે નિર્ણય થયો. પંજાબનાં શ્રી સંઘની
ઇચ્છા તો પંજાબનાં આંગણે આ મનોહર ઉત્સવ ઉજવી
ગુજરાત—કાઠીયાવાડના મહેમાનોને પંજાબનું આતિથ્ય અને
ગુરુભક્તિનો રસ ચખાડવાની ભાવના હતી. મુનિ સંમેલનના
કારણે ત્યાં પહોંચવાનો સમય ન હતો. ૮૦ વર્ષના વયે ૧૮

શ્રધેય પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજી મહારાજની આજ્ઞા અને નેતૃત્વ નીચે પાટણમાં ઉત્સવ ઉજવવાની ગુરુ મહારાજની ભારે અભિલાષા હતી અને તેથી તો મુંબઇના ભાઇઓનો હાર્દિક આગ્રહ હોવા છતાં પાટણ માટે જ ચોકસ વિચાર હતો–પણ પાટણમાં બે પક્ષોમાં મનમેળ ન હોય તો શતાબ્દિ ઉત્સવ શે શોભે! એથી જ વડોદરાના શ્રી સંઘના આગ્રહને માન આપી આ ઉત્સવ અહીં ઉજવાઇ રહ્યો છે.

યાદ રહે ચાર દિવસની તાળીઓથી આ ઉત્સવની ઇતિશ્રી ન માનશો. એ ભવ્ય આત્માને અંજલિ આપવા, સક્રિય ફાળો આપવા–પંજાબ–મારવાડ–મુંબઇ–ગૂજરાત અને કાઠિયાવાડના સર્વ ભાઈ બહેનોને મારી વિનંતિ છે.

આચાર્યશ્રીએ મંગળાચરણ કરી શતાબ્દિ ઉત્સવનો ટુંક ઇતિહાસ રજુ કરી પંજાબના ભાઇ બહેનોની ગુરૂભક્તિ અને ઉચ્ચ ભાવનાનું મનોહર દ્રષ્ટાંત પ્રત્યક્ષ દર્શાવ્યું હતું. ગુરૂદેવના જીવનના અનેક સંસ્મરણોના પોતે સાક્ષી હોવાથી બે ચાર દ્રશ્યો રજુ કરી આંતરવ્યવસ્થા માટે જણાવ્યું હતું કે:— વડોદરાના ભાઇઓએ માત્ર પંદર દિવસમાં બધી તૈયારીઓ રાત–દિવસ પરિશ્રમ લઇને કરી છે. સાધનો થોડાં છે. પંજાબી ભાઇઓનું પૂર અખંડ ચાલ્યું આવે છે. સરકાર તરફથી સહાનુભૂતિ અને ઉદારતાનો લાભ મેળવવા દિવાન સાહેબ, શ્રી મણીલાલભાઈ નાણાવટી યોગ્ય કરે તેવી સૂચના સાથે પોતાનું વક્તવ્ય પૂરૂં કર્યું હતું.

છેવટે અંબાલા જૈન બેન્ડે વિદાયનો સૂર સંભળાવી સભા વિસર્જન કરી હતી.

બપોરના આજ મંડપમાં શ્રી ગુલાબચંદજી ઢઠ્ઠા એમ. એ. ના પ્રમુખસ્થાને શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય વરકાણા અને શ્રી ઉમેદપુર જૈન બાળાશ્રમના વિદ્યાર્થીઓએ ગુરૂગુણ ભજનો ગાયા હતાં તથા જુદા જુદા વિષયોપર વક્તવ્યો રજુ કર્યા હતાં. ત્યારબાદ સ્થાનિક શ્રી વીર વ્યાયામ મંડળ તરફથી વ્યાયામના પ્રયોગો બહુ જ સુંદર રીતે કરી બતાવ્યા હતા. તેમાં લોખંડી સળીયા વાળવા, સાડા ત્રણ મણ વજન દાંતથી ઉપાડવું, છાતી ઉપર ગાડું હાંકવું તથા ૨૫ મણ વજન મૂકવાનું વગેરે અદ્‌ભૂત પ્રયોગો કરી સભાને મુગ્ધ કરી હતી. આ પ્રયોગ કરનાર શ્રી નટવરલાલને મુંબઈના શેઠશ્રી ફુલચંદ શામજી તથા બીજા બે ગૃહસ્થોએ ચંદ્રકો આપવાનું જાહેર કર્યું હતું.

આ શતાબ્દિ ઉત્સવ પ્રસંગે નરસિંહજીની પોળમાં આવેલ શ્રી આત્માનંદ જૈન જ્ઞાન મંદિરમાં પ્રાચીન જૈન સાહિત્ય તથા ચિત્રકળાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તે પ્રસંગે દિવાન બહાદુર વી. ટી. કૃષ્ણામાચારી વગેરે અધિકારી વર્ગ પધાર્યા હતા. પંડિત લાલચંદ ભગવાનદાસે સમયોચિત વ્યાખ્યાન આપ્યું હતું. આચાર્યશ્રીએ દિવાન સાહેબને પ્રાચીન જૈન સાહિત્ય ને ચિત્રકળાની કેટલીક માહિતી આપી હતી તેમજ ના. સરકારના વિદ્યા પ્રેમ માટે આનંદ વ્યક્ત કર્યો હતો. અને સૂચના કરી હતી કે જેવી રીતે કોલેજને માટે પાલી કોર્સ રાખવામાં આવેલ છે એવી જ રીતે પ્રાકૃતને પણ સ્થાન ... જોઈએ.

ઉપરાંત ચોટાઓળમાં શ્રી આદિનાથના મંદિરે અઠ્ઠાઇ મહોત્સવ પણ યોજવામાં આવ્યો હતો. જ્યાં હંમેશા વિધવિધ પૂજાઓ ખાસ ગવૈયાઓને રોકીને ભણાવવામાં આવતી હતી.

× × ×

શતાબ્દિ મહોત્સવ ૨

આજે બીજો દિવસ હતો. ઉત્સાહ વધતો જતો હતો. આજે ગુજરાનવાલા પંજાબથી આવેલ જૈન સ્પેશીયલના યાત્રિકોનું પ્રભાતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજના સમારંભમાં વડોદરા સ્ટેટના પ્રાચીન સંશોધન ખાતાના અધિકારી શ્રી હીરાનંદ શાસ્ત્રીને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું. હોશિઆરપુર પંજાબની ભજન મંડળીએ મનોરંજક ભજનો સંભળાવ્યા બાદ પાટણથી આવેલ શ્રી ફુલચંદ હરિચંદ દોશીએ વિદ્વાનો, પંજાબીઓ તથા શતાબ્દિ પ્રેમીઓને પાટણ પધારવા તથા શ્રદ્ધેય પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજની નિશ્રામાં થતા શતાબ્દિ ઉત્સવમાં ભાગ લેવા સૌને આમંત્રણ આપ્યું હતું.

ઉપરાંત વક્તાએ જે સ્થાનમાં શતાબ્દિ ઉત્સવ ઉજવાય છે તે વડોદરામાં એક જૈન શિક્ષણ સંસ્થા કાયમ કરવા આગ્રહ ભરી વિનંતી કરી હતી.

ત્યારબાદ પં. સુખલાલજી, પં. હંસરાજજી, ડૉ. હીરાનંદ શાસ્ત્રી વગેરેના મનનીય વ્યાખ્યાનો થયાં હતાં.

આજે બપોરના શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ ફંડની સમિતિની બેઠક મળી હતી. તેમાં ફંડની વ્યવસ્થા વિષે જુદા

જુદા ગૃહસ્થોએ પોતાના વિચાર બતાવ્યા હતા. એક ટ્રસ્ટી મંડળ કાયમ કરવામાં આવ્યું હતું અને ફંડના ઉપયોગ માટે એક યોજના તૈયાર કરવામાં આવી હતી. આચાર્યશ્રીએ શતાબ્દિ ફંડનો ઉપયોગ ગુરુદેવના સાહિત્યનો તેમજ જૈન સાહિત્યનો પ્રચાર કરવા માટે હોઇ શકે તેવું કમીટીને સૂચન કર્યું હતું. આ વિષે મુનિરાજશ્રી ચરણવિજયજી, શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, શ્રી મૂળચંદ આશારામ વૈરાટી તથા શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસે ઠીકઠીક દિશાસૂચન કર્યું હતું.

સાંજના પાંચ વાગે નાયબ દિવાન શ્રી મણીભાઈ નાણાવટીના પ્રમુખસ્થાને ડૉ. પ્રાણનાથ વિદ્યાલંકારનું જૈન ધર્મની પ્રાચીનતા વિષે વ્યાખ્યાન થયું હતું.

મુંબઈના સેવાભાવી ડૉકટરો શ્રી ટી. ઓ. શાહ, શ્રી ચીમનલાલ શ્રોફ, શ્રી નાનચંદ કસ્તુરચંદ મોદી, તથા શ્રી મોહનલાલ હેમચંદને નાયબ દિવાન શ્રી મણિલાલ બાલાભાઈના પ્રમુખપણા નીચે માનપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

ત્રીજે દિવસ—ભવ્ય વરઘોડો.

આજે સવારના આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની પ્રતિકૃતિનો વરઘોડો ચડાવવાનો કાર્યક્રમ હતો.

આ વરઘોડાને ભવ્ય બનાવવા વડોદરાના ઉત્સાહી ભાઈઓએ ભારે તૈયારી કરી હતી. હાથી–ઘોડા–પાલખી ઉપરાંત સંસ્થાઓના બેન્ડ, પંજાબની ભજન મંડળીઓ, ચાંદીનો રથ, દોઢસો જેટલા સાંબેલા, સ્વયંસેવકોની વ્યવસ્થા અને દેશદેશના જૈન ગૃહસ્થો, ...ના મુનિમંડળ, અધિકારી વર્ગ, વગેરેથી શોભતો ભવ્ય

વરઘોડો દોઢ માઇલનો લાંબો નીકળ્યો હતો. આ વરઘોડો વડોદરામાં તેની શાનનો પહેલોજ ગણાય. હજારો લોકો એ વરઘોડો જોવા ઉમટી આવ્યા હતા. માનવમેદની રસ્તાઓમાં સમાતી નહોતી. મંડપ પાસે પહોંચતા ગુરુદેવની પ્રતિકૃતિને પંજાબી ભાઇ બહેનોએ રૂપીઆથી વધાવી હતી. આ બસો રૂપીઆ ગરીબોએ ઉપાડી લીધા હતા.

બપોરના થીએટરના હોલમાં શ્રી. બી ભટ્ટાચાર્યના પ્રમુખપણા નીચે ડૉ. પ્રાણનાથનું દીપક ચિત્રો સાથે 'જૈન ધર્મની પ્રાચીનતા' વિષયક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

ચતુર્થ દિવસ (ચૈત્ર સુદિ ૧) આજે શતાબ્દિનાયકનો જન્મદિવસ હોઇને આજનો કાર્યક્રમ વિશેષ રસિક બનાવવામાં આવ્યો હતો.

પ્રાતઃકાળે છ વાગે ગુજરાનવાલા, હોશીયારપુર, જંડીયાલા આદિ પંજાબની ભજન મંડળીઓ, વરકાણા ઉમેદપુરની જૈન શિક્ષણ સંસ્થાઓ આદિના બેન્ડ વગેરે સાથે શહેરના મુખ્ય મુખ્ય ભાગમાં ફરી પ્રભાત ફેરી કરી હતી. તેમાં ગુરુકીર્તન કરી શહેરનું વાતાવરણ ગુરૂભક્તિથી તરબોળ બનાવ્યું હતું. આઠ વાગે ભજનમંડળીઓ શતાબ્દિ મંડપમાં આવી પહોંચી હતી. આચાર્ય મહારાજે અધ્યક્ષસ્થાન ગ્રહણ કર્યું હતું.

શીઘ્રકવિશ્રી ભોગીલાલે પોતાની અનોખી કાવ્યશૈલીમાં ગુરૂ-ચરિત્ર અને ગુરૂઉપદેશનો મહિમા રજુ કર્યો હતો.

બહારગામના આવેલા સંદેશા વાંચી સંભળાવ્યા હતા. ડૉ પ્રાણનાથે પોતાના ભાષણમાં જૈનધર્મની પ્રાચીનતા પુર-

વાર કરતાં જણાવ્યું કે પ્રાકૃત ભાષા એ જૈન ધર્મની ખાસ ભાષા છે અને તે સૌથી પુરાણી છે. આજથી પાંચ હજાર વર્ષ પહેલાં ગંગાનદીથી નીલ નદીના પ્રદેશ સુધી તે પ્રચલિત હતી. સંસ્કૃત આદિ ભાષાઓ પ્રાકૃતમાંથી જન્મ પામી છે. આ ઉપરાંત આ વિષયને વધુ સ્પષ્ટ કરવા માટે તેઓએ પ્રાચીન સમયની પ્રાકૃત લીપીઓના નમૂનાઓ રજુ કર્યા હતા તેમજ વચન, જાતિ વગેરે વ્યાકરણની સામ્યતા તથા ભિન્નતાના દૃષ્ટાંતો આપી પ્રાચીન ઇજીપ્શયન અને સુમેરીયન ભાષા એજ આપણી પ્રાચીન પ્રાકૃત ભાષા હોવાનું મોહન–જો–ડેરોની લીપીના આધારે પુરવાર કર્યું હતુ. તેમનું વ્યાખ્યાન મનનીય અને નવો પ્રકાશ આપનારું હતું.

અત્રે આચાર્યશ્રીએ પાલનપુરના સંદેશ અંગે જણાવ્યું કે આ શતાબ્દિ મહોત્સવ પ્રસંગે નામદાર પાલણપુરના નવાબ સાહેબે રૂા. ૨૦૧) ભેટ મોકલ્યા છે. અને તે માટે પાલણપુરના નગરશેઠ ચીમનલાલભાઈની આગેવાની નીચે એક ખાસ ડેપ્યુટેશન મોકલ્યું છે. પાલણપુર રાજ્ય સાથે જૈનોનો સંબંધ ઘણા જૂના સમયથી લાગણીભર્યો ચાલ્યો આવે છે. શતાબ્દિ અંક માટે તેઓશ્રીની છબી લેવા ડેપ્યુટેશન ગયું ત્યારે આ શુભ મહોત્સવ મારા આંગણે કેમ ન ઉજવાય ? તેમ ભાવના પ્રગટ કરી હતી. તેઓ ખાસ કાર્ય પ્રસંગે દિલ્હી ગયા હોવાથી અત્રે આવી શકયા નથી.

વધુમા પૂજ્યપાદ આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. કચ્છવાગડ઼ા મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ. મુનિરાજ શ્રી

દર્શનવિજયજી વગેરેના સંદેશા બદલ અત્રે હર્ષ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

સાંગલી નરેશે લોકમતને માન આપી તેમના તરફથી થતા યજ્ઞમાં પશુ બલિ નહિ દેવાનો ઠરાવ કર્યો હતો તે બદલ અભિનંદન આપતો એક ઠરાવ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ આચાર્યશ્રીએ જણાવ્યું કે જૈન સાહિત્યના અભ્યાસ માટે અર્ધમાગધી ભાષાના અભ્યાસની ખાસ અગત્ય છે. ભગવાન મહાવીરનો સંદેશ એ ભાષામાં હતો અને ગઈ કાલે ડૉ. પ્રાણનાથે સિદ્ધ કર્યું તેમ દુનીયાની પ્રાચીન ભાષામાં અર્ધમાગધી ભાષા અતિ પ્રાચીન ભાષા ગણાય છે. અત્રેની કોલેજમાં બીજી ભાષાઓની જેમ અર્ધમાગધીને સ્થાન આપવાની અત્યંત આવશ્યકતા છે.

આ માટે અર્ધ માગધીનો ઠરાવ કરવામાં આવ્યો હતો અને તે વિષે શ્રી હરિરાય બુચ, શ્રી સુંદરલાલ ચુનિલાલ વગેરેએ ઠરાવને ટેકો આપ્યો હતો.

જૈન આત્માનંદ સભા ભાવનગરના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે ભાવનગરની આત્માનંદ સભાની કાર્યવાહી રજુ કરતાં જણાવ્યું હતું કે આજસુધીમાં વીસ હજારની કીંમતના પુસ્તકો સાધુ સાધ્વીને ભેટ તરીકે આપ્યાં છે. જૈન સાહિત્ય, તત્વજ્ઞાન, અધ્યાત્મના ઉત્તમોત્તમ ગ્રંથો પ્રગટ કરી જૈન સમાજમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. આ સંસ્થાના પ્રેરકો તથા પ્રાણદાતાઓ પૂ પ્રવર્તકજી મહારાજ, પૂ. આચાર્યશ્રી, પૂ હંસવિજયજી મહારાજ, પં શ્રી ચતુરવિજયજી

મહારાજ, શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા શ્રી ચરણવિજયજી મહારાજ વગેરે છે.

મુનિ મહારાજશ્રી ચરણવિજયજીએ શતાબ્દિ સીરીઝની યોજના રજુ કરી સાત પુસ્તકો પ્રગટ થયાની યાદી વાંચી સંભળાવી હતી તેમજ એ સીરીઝમાં બીજા ઉત્તમ ગ્રંથોના પ્રકાશનને માટે થતી વિચારણા જણાવી હતી.

ત્યારબાદ પં. માધવાનંદજી, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ, મુનિ મહારાજશ્રી સમુદ્રવિજયજી, ગાંધી ઉત્તમચંદ કેશવલાલ તથા શ્રી બાબુરામજી જૈન વકીલ આદિ વકતાઓએ સમયોચિત વકતવ્યો રજુ કર્યા હતા.

છેવટે આચાર્યશ્રીએ પૂર્ણાહુતિ કરતાં મંગળ સૂત્રો સંભળાવ્યા હતા અને સભા વિસર્જન થઇ હતી.

બપોરના દેહરાસરમાં પૂ૦ આત્મારામજી મહારાજકૃત સત્તરભેદી પૂજા રાગરાગણી સાથે સમારોહપૂર્વક ભણાવવામાં આવી હતી.

રાત્રે ' વીર અભિમન્યુ ' નો નાટ્ય પ્રયોગ મનોરંજન કાર્યક્રમ તરીકે શ્રી પા. ઉ. જૈન બાળાશ્રમ ઉમેદપુરના વિદ્યાર્થીઓ તરફથી ભજવવામાં આવ્યો હતો.


આ રીતે મહોત્સવને સફળ બનાવવામાં તેના આદ્યપ્રેરકો જેટલા યશપાત્ર છે તેટલા જ યશ સ્થાનિક સેવકો તરીકે દરબાર. સંઘપતિ તથા શ્રી વાડીલાલભાઇ વૈદ્ય આદિને ઘટે

છે, જેઓએ પંદર દિવસના ટૂંક સમયમાં સતત પરિશ્રમ વેઠી આટલી સફળતા મેળવી.

મહોત્સવને સમસ્ત હિંદે પોતાનો માન્યો હોવાથી તેમાં કોના સહકારની નોંધ લેવી તે એક પ્રશ્ન છે.

પંજાબની ગુરુભક્તિ તો અદ્વિતીય જોઇ શકાય છે. તેવી જ રીતે વડોદરા–મુંબઈ, મહારાષ્ટ્ર, પાટણ, મારવાડ, ગૂજરાત, પૂર્વદેશ, કાઠીઆવાડ દરેક સ્થાનોના અનેક ભાઇઓએ આ પ્રસંગે અદમ્ય ઉત્સાહ બતાવી હાજરી આપી ઉત્સવ મહામૂલો બનાવ્યો હતો.






પાટણમાં શતાબ્દિ મહોત્સવ.

(૧૪)

ચૈત્ર શુદિ એકમની સવારથી પાટણમાં જૈન સમાજમાં કોઇ અનેરો ઉત્સાહ છવાઇ રહ્યો હતો. વડોદરાની જેમ પાટણમાં શ્રદ્ધેય પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના અધ્યક્ષપણા નીચે શતાબ્દિ ઉત્સવ યોજવામાં આવ્યો હતો. સ્ત્રી પુરુષોના ટોળેટોળાં પંચાસરાજીમાં ધસમસી રહ્યાં હતાં. જૈન બોર્ડિંગનું વોલંટીયર બેન્ડ બધાનું સ્વાગત કરતું હતું. પંચાસરાજીના વિશાળ ચોગાનમાં ભવ્ય મંડપ ધ્વજાપતાકાદિ શોભી રહ્યો હતો.

પ્રાર્થના તથા ગુરુસ્તુતિ પછી પ્રવર્તકજી મહારાજે ગુરુદેવના જીવનપ્રસંગોના વિધવિધ સંસ્મરણોથી શતાબ્દિ ઉત્સવની ઉદ્ઘાટન ક્રિયા કરી હતી.

શ્રી કુલચંદ હરિચંદ દોશીએ શતાબ્દિ ઉત્સવ સંબંધી પ્રાથમિક વિવેચન કર્યા બાદ સાહિત્યપ્રેમી શ્રી જીનવિજયજીએ બોલતા જણાવ્યું કે–આજનો દિવસ એક કલ્યાણક જેવો ગણવો જોઇએ. સૌથી મોટા શાસનરક્ષક, ધર્મપ્રભાવક, યુગપ્રવર્તક શ્રી આત્મારામજી મહારાજનો આજે જન્મદિવસ છે



પાટણને ગર્વ લેવા જેવો છે કે તેને મહારાજશ્રીના વિદ્વાન વયોવૃદ્ધ આજ્ઞાધારક શિષ્ય શ્રી કાન્તિવિજયજીના પ્રમુખપણા નીચે શતાબ્દિ ઉજવવાની તક મળી છે.

જૈન ધર્મના વિકાસમાં એ મહાત્માએ મોટો ફાળો આપ્યો છે. તેમના દર્શનનો લાભ મને નથી મળ્યો પણ એમના ગ્રંથો અને પૂજ્ય પુરુષોના મુખેથી-સાંભળેલી તેમની વિદ્વત્તા ઉપરથી કહી શકાય કે તેઓશ્રી તેમના વખતના એક યુગપ્રધાન હતા. એમનાજ પ્રતાપે આજે જૈન ધર્મનો આટલો પ્રચાર થઈ રહ્યો છે. એઓશ્રી ન જન્મ્યા હોત તો આજે જૈન ધર્મની શું દશા હોત ? એમના પ્રતાપે આજે આટલા બધા સાધુઓ વિચરી રહ્યા છે, સંસ્થાઓ ચાલી રહી છે, ધર્મપતાકા ફરકી રહી છે. એમના જીવનમાંથી પ્રેરણા મેળવવી એ પ્રત્યેક સાધુ સાધ્વી, શ્રાવક–શ્રાવિકાનું પ્રથમ કર્તવ્ય છે. તેઓ મહાન તીર્થંકર જેટલા જ આદરણીય અને સ્મરણીય છે. ધર્મની બુઝાઇ જતી જ્યોત એમણે પ્રગટાવી છે. તેઓ આ યુગના સૌથી પહેલા આચાર્ય હતા.

સાક્ષરવર્ય મુનિમહારાજશ્રી પુન્યવિજયજી મહારાજે બોલતાં જણાવ્યું કે તેઓ એક અવતારી પુરુષ હતા. જ્યારે તેઓ અમદાવાદ આવ્યા ત્યારે સાધુઓની સંખ્યા ફક્ત ચાલીસથી પચાસની જ હતી. તેમની સાથે પણ ફક્ત પંદરજ સાધુ હતા, પણ એમના ઉપદેશથી અને ચારિત્રબળથી એ સંખ્યા ખુબ વધી ગઇ હતી. તેઓશ્રીના અક્ષરદેહરૂપી ગ્રંથો આજે પણ એમની શક્તિ, બુદ્ધિ, વિદ્વત્તા અને દીર્ઘદર્શીતાનું ભાન કરાવે છે.

આ રીતે ચાર દિવસ સુધી વિધવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મે. નાયબ સુબા સાહેબ પણ આ પ્રસંગે પધાર્યા હતા. તેમણે શતાબ્દિ ઉત્સવ સમિતિને પોતાના અભિનંદન આપ્યા હતા.


પં. સુખલાલજી, કવિ ભોગીલાલભાઈ, શ્રી ધીરજલાલ ટોકરશી, શ્રી ફુલચંદ હરિચંદ દોશી, શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ વગેરેના સમયોચિત વિવેચનો થયાં હતાં.

પંજાબી ભાઈઓ વડોદરાથી મોટી સંખ્યામાં આ શતાબ્દિ ઉત્સવમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા તથા ગુરુમહારાજની સ્તુતિના દિલ હલાવી મૂકે તેવાં ભજનો ગાઈ સભાને દિગ્મૂઢ કરી મૂકી હતી.

વડોદરાની જેમ અહીં પણ બહુ જ આનંદ ઉત્સાહ અને ધામધૂમ પૂર્વક શતાબ્દિ ઉત્સવ ઉજવાયો હતો.

આ સિવાય સાદડીમાં પૂ. આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ના પ્રમુખપણા નીચે મુનિશ્રી વિદ્યાવિજયજી, મ. મુનિશ્રી [illegible] મ. મુનિશ્રી દર્શનવિજયજી મ. મુનિશ્રી [illegible] મ. મુનિશ્રી ન્યાયવિજયજી મ. તથા મુનિશ્રી હિમાં[illegible] આદિના જાહેર ભાષણો થયાં હતા.

[illegible] અને મુંબઈ, સુરત, ભાવનગર, [illegible], ફોર્ટ, રાજનગર, ધુલીયા, છત્રાસા, શ્રી[illegible], [illegible], બુહારે, માલેગામ, જામનગર, [illegible], રોહીડા, પાલણપુર, [illegible] નાના મોટા શહેરો અને ગામો[illegible] હતી.



માંગલિક કાર્યો

(૧૫)

"ગુરૂવર્ય! શતાબ્દિ ઉત્સવ તો ખૂબ સફળ
વર્ષોની ભાવના બર આવી. શતાબ્દિ ફંડ પણ
એક શિષ્યે આચાર્યશ્રીને શાંતિથી જણાવ્યું.

"ખરેખર, ગુરુદેવનું નામ જ એવું ચમત્કારી
જે કામ ધારો તે નિર્વિઘ્ને પાર પડયા વિના રહે જ

"સાહેબ! પાટણમાં પૂ. પ્રવર્તકજી મ.ની નિશ્રામાં
બહુ જ સુંદર રીતે ઉત્સવ ઉજવાયો."

"ભાઈ, મારી ઇચ્છા તો પાટણમાં જ ઉત્સવ
હતી. આ બે સ્થળોમાં ઉજવવાથી વિશેષ લાભ થયો."

"શતાબ્દિ ફંડ પણ સારૂં એકઠું થઇ ગયું કેમ સાહેબ

"મારી ધારણા પ્રમાણે તો નથી જ થયું પણ [illegible]

આ રીતે ચાર દિવસ સુધી વિધવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મે. નાયબ સુબા સાહેબ પણ આ પ્રસંગે પધાર્યા હતા. તેમણે શતાબ્દિ ઉત્સવ સમિતિને પોતાના અભિનંદન આપ્યા હતા.

પં. સુખલાલજી, કવિ ભોગીલાલભાઈ, શ્રી ધીરજલાલ ટોકરશી, શ્રી ફુલચંદ હરિચંદ દોશી, શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ વગેરેના સમયોચિત વિવેચનો થયાં હતાં.

પંજાબી ભાઈઓ વડોદરાથી મોટી સંખ્યામાં આ શતાબ્દિ ઉત્સવમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા તથા ગુરૂમહારાજની સ્તુતિના દિલ હલાવી મૂકે તેવાં ભજનો ગાઈ સભાને દિંગમૂઢ કરી મૂકી હતી.

વડોદરાની જેમ અહીં પણ બહુ જ આનંદ ઉત્સાહ અને ધામધૂમ પૂર્વક શતાબ્દિ ઉત્સવ ઉજવાયો હતો.

આ સિવાય સાદડીમાં પૂ. આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ના પ્રમુખપણા નીચે મુનિશ્રી વિદ્યાવિજયજી, મ. મુનિશ્રી ભુવનવિજયજી મ. મુનિશ્રી દર્શનવિજયજી મ. મુનિશ્રી જ્ઞાનવિજયજી મ. મુનિશ્રી ન્યાયવિજયજી મ. તથા મુનિશ્રી હિમાંશુવિજયજી મ. આદિનાં જાહેર ભાષણો થયા હતા.

તેમજ પંજાબ બરમા અને મુંબઈ, સુરત, ભાવનગર, મોરબી, રાંદેર, ડીસા, રામનગર, મુદીયા, છત્રાસા, સીનોર, પીરાણ, વઢવાણશહેર, કનાચી, ભુજોર, માલેગામ, જામનગર, આગ્રા, મોનગઢ, પાલીતાણા, રોહીડા, પાલણપુર, ધાનેરા, અમદાવાદ, ભગવાડા વગેરે નાના મોટા શહેરો અને ગામોમાં જન્મ શતાબ્દિ ઉજવવામાં આવી હતી



માંગલિક કાર્યો

(૧૫)

"ગુરુવર્ય! શતાબ્દિ ઉત્સવ તો ખૂબ સફળ થયો. આપની વર્ષોની ભાવના બર આવી. શતાબ્દિ ફંડ પણ સારું થયું." એક શિષ્યે આચાર્યશ્રીને શાંતિથી જણાવ્યું.

"ખરેખર, ગુરુદેવનું નામ જ એવું ચમત્કારી છે કે જે જે કામ ધારો તે નિર્વિઘ્ને પાર પડયા વિના રહે જ નહિ."

"સાહેબ! પાટણમાં પૂ. પ્રવર્તકજી મ.ની નિશ્રામાં પણ બહુ જ સુંદર રીતે ઉત્સવ ઉજવાયો."

"ભાઈ, મારી ઇચ્છા તો પાટણમાં જ ઉત્સવ કરવાની હતી. આ બે સ્થળોમાં ઉજવવાથી વિશેષ લાભ થયો."

"શતાબ્દિ ફંડ પણ સારૂં એકઠું થઇ ગયું કેમ સાહેબ"

"મારી ધારણા પ્રમાણે તો નથી જ થયું પણ છતાં

સારું થયું છે. હવે તો તેનો સાહિત્યના પ્રકાશનમાં સ
ઉપયોગ થાય તે જોવાનું છે. ”

યોજના તો ઉત્સવ પર આપે કરી છે અને ઘણ
વિચારકોનું તેને અનુમોદન છે તો તેનો સદ્ઉપયોગ
થશે. ”

“ ટ્રસ્ટીઓ તો સારા મળ્યા છે. હવે ફુરસદ મેળવી કા
સતત ચાલુ રાખે તો ઘણું ઘણું કામ થઇ શકે. ”

“ સાહેબ ! મથ્થેણ વંદામિ ” વાત ચાલતી હતી ત
મીયાગામના સંઘની વિનંતી લઈને બે ભાઈઓ આવ્યા.

“ ધર્મલાભ ”

“ કૃપાળુ ! વડોદરામાં તો આપશ્રીએ આનંદ આનંદ ફેલાવ
દીધો. આવો મહામહોત્સવ જૈન સમાજમાં હજી સુધી તે
બીજો થયો નથી. હવે કૃપા કરી મીયાગામ પધારો અને આપન
અમૃત સમી દેશનાનો અમને લાભ આપો. ”

“ ઝવેરચંદભાઇ કેમ નથી આવ્યા. તે તો ધર્મનિષ્ઠ અને
પાકા ભક્ત છે. ”

“ તેઓ જરૂર આવવાના હતા પણ હમણાં તબીયત જર
નરમ રહે છે પણ અમને અત્યંત આગ્રહપૂર્વક વિનંતિ કરવ
તેમણે જ મોકલ્યા છે. હવે અમને આજ્ઞા આપો તો જઇને
ખુશખબર આપીએ ”

“ તમે તો ભદ્રો છો. મારે હવે જલદી પંજાબ પહોંચવુ
છે. પંજાબી ભાઈઓની દર્દભરી વિનંતિ તમે તો ઉત્સવમા
સાંભળી છે ત્યાંના કામ પણ સંભાળવાની જરૂર છે ”

"કૃપાનાથ! પંજાબી ભાઈ બહેનોનો ગુરુપ્રેમ અને ગુરુભક્તિ તો અદ્વિતીય છે જ. પણ ગુજરાતમાં પણ ગુરુભક્તો વસે છે."

"દયાળુ! માફ કરશો. મારી તો એક બીજી વિનતિ છે કે આપ એકલા જ પંજાબ-પંજાબ કયાં સુધી કરશો? હવે તો આપના શિષ્યો પણ આપનું કામ ઉપાડી લેવા તૈયાર થયા છે."

"ભાગ્યશાળી! વાત તો સાચી કહી પણ એ દિવસો કયાંથી?"

"ગુરુદેવ! એમ ન કહો, આપ જવાબદારી આપો. અને જુઓ પછી કામ થાય છે કે નહિ. જુઓને આપે પં. શ્રી લલિતવિજયજી મ. ને જે જે કામ માટે આજ્ઞા કરી તે આપની કૃપાથી કેવાં સફળ થયાં છે.?"

"તમારી વાત સાચી છે. હું તો એ દિવસોની રાહ જોઇ રહ્યો છું કે મારો બોજો કયારે ઓછો થાય?"

"પં. શ્રી કસ્તુરવિજયજી મ. પણ વિદ્વાન છે."

"હા! તેવી રીતે પં. શ્રી ઉમંગવિજયજી મ. અને પંજાબના પં. વિદ્યાવિજયજી મ. પણ તેવાજ છે."

"સાહેબ! પાંચ પાંડવો જેવા પાંચ વિદ્વાન કાર્યદક્ષ શિષ્યો જેની આજ્ઞામાં છે તો પછી આપે ધીમે ધીમે તેઓને જ આગળ કરી આપની જવાબદારી ઓછી કરવી ઘટે. અમારી તો માત્ર પ્રાર્થના છે."

"ભાગ્યશાળી! તમારી વાત મને ગમી છે. એમજ કરીશું તમે મીયાગામ મને વધુ ન રોકશો. મારે પંજાબ જવાની ઉતાવળ છે."

"ગુરુદેવ! હજી પધારો તો ખરા! પછી જેવી આપની ઇચ્છા. અમારી ભાવના તો ત્યાં ઉત્સવ કરવાની છે."

"તમે તો પાકા વાણીઆ જણાઓ છો. બધું અંકે કરીને આવ્યા લાગો છો."

"સાહેબ! વાણીઆ તો ખરા જ પણ આપના જ ને હવે આજ્ઞા આપો."

"પં. લલિતવિજયજીને પૂછીને તમને બપોરના જણાવીશ."

"સાહેબ! પંન્યાસજી મ. તો અહીં જ છે. હું હમણ બોલાવી લાવું. નક્કી થાય તો નિશ્ચિંતતા થઈ જાય."

"શું કરીશું! આ મીયાગામવાળા તો બસ ચોંટયા છે. આપણે ચોમાસું અહીં વટોદરે કરવાનું છે એટલે કાળમા ફરી આવીએ."

"ભક્તજનોને થોડો લાભ તો આપવો ઘટેને. આપ કય વારંવાર આવો છો? તેઓની ભાવનાનો પણ વિચાર કરવે જોઇએને!"

"લ્યો ભાઈ! દલાલી પણ સારી થઇ ગઈ. અચ્છા."

"કૃપાસિંધુ! બહુ જ આનંદ થયો. અમારાં સૌભાગ્ય કે આપ તરણતારણ અમારા નાના ગામમાં પધારો છો."

"ઝવેરચંદભાઇને ધર્મલાભ કહેજો અને સારા કાર્યની વિચારણા કરી રાખજો."

પં. લલિતવિજયજીએ સૂચના કરી. " સાહેબ ! પુણ્યરાશિ ગુરુદેવના પવિત્ર પગલાં થશે અને નવીન ભાવના જાગશે જ. હવે વહેલાસર પધારશો. હવે તાપ પડવા લાગ્યો છે. "

" ગરમી તો શરૂ થઇ છે. પણ વિહાર કયાં લાંબો છે ? વહેલાસર જ નીકળશું. "

વડોદરાથી વિહાર કરી આપશ્રી શિષ્યમંડળ સહિત મીયાગામ પધાર્યા. શ્રી સંઘનો ઉત્સાહ અનેરો હતો. આચાર્યશ્રીનું અપૂર્વ સ્વાગત કર્યું. અહિં સ્થિરતા કરી. આચાર્યશ્રીએ હંમેશા ઉપદેશામૃતનું પાન કરાવી ધર્મભાવના જાગૃત કરી. પાઠશાળા માટે યોજના કરવામાં આવી. શતાબ્દિ ફંડમાં પણ બે ચાર ગૃહસ્થોએ સારી રકમ આપી. વિહારની વાતચીત ચાલતી હતી ત્યાં શેઠ ઝવેરચંદભાઈએ એક દિવસ ગુરુવર્ય પાસે વાત મૂકી.

"ગુરુદેવ ! અમારી ગુરુભક્તિની કસોટી બાકી તો નથી ને ?"

" અરે ઝવેરચંદભાઇ ! આ શું કહો છો તમે ? તમે તો ગુરુભક્ત છો. નાના એવા ગામમાં પણ તમે ભારે જહેમત ઉઠાવી અનેક પ્રકારની સાધન સામગ્રીની અમને ભારે અનુકૂળતા આપી છે. સંઘના આબાળવૃદ્ધનો પ્રેમ પણ તેવો જ છે. આખો દિવસ ઉપાશ્રય ભરચક રહે છે. "

" તો તો, ગુરુદેવ ! ઉત્સવનો લાભ અમને મળવો જોઇએ. "

" તમે શો ઉત્સવ કરવા ધારો છો. "

" કૃપાળુ ! અમે અઠ્ઠાઈ મહોત્સવ કરીશું. " આ અવસરે

આનંદકારી હતું. પંજાબકેશરી આચાર્યપ્રવર શાસનદીપકના શુભ હસ્તે પ્રિય શિષ્ય પં. લલિતવિજયજી મહારાજ, તથા શ્રી ઉદ્યોતવિજયજી મ. ના શિષ્ય પં. શ્રી કસ્તુરવિજયજી મહારાજને આચાર્યપદવીથી વિભૂષિત કરવાના હતા. શિષ્યોના પણ કેવાં અહોભાગ્ય કે પૂજ્ય પ્રાણદાતા ગુરુદેવના વરદ હસ્તે આચાર્યપદવીનું મહાન પવિત્ર બીરુદ મળ્યું.

યોગ્ય વિધિવિધાન પછી આચાર્યશ્રીએ બન્ને શિષ્યોને આચાર્યપદવી આપી અને મંગળ આશીર્વાદ આપ્યા. સાથે જ આચાર્યની જવાબદારી, આચાર્યપદની મહત્તા, સમાજકલ્યાણની ધગશ રાખવાની પ્રેરણા, ચતુર્વિધ સંઘની સેવા અને ઉત્તમ પ્રકારનું ચારિત્ર વગેરે અમીઝરતી સુધાવાણીમાં સમજાવ્યું. વિશેષ ઉમેર્યું કે "આપણા સૌના પરમ પૂજ્ય ગુરુદેવ આત્મારામજી મહારાજની આજ્ઞા 'પંજાબની રક્ષા' એ મારો જીવનમંત્ર રહ્યો છે તેનું યથાશક્તિ પાલન પણ હું કરી રહ્યો છું. ગુજરાતમાં હોઉં કે મારવાડમાં, મારી દૃષ્ટિ પંજાબના હિત માટે જ હોય છે, પણ હવે હું વૃદ્ધ થયો છું. મારી શક્તિઓ પરિમિત છે. મારા હાથ પગ હવે તમે છો. તમે જ મારા કાર્યના જવાબદાર છો. મારી ભાવનાઓને મૂર્ત રૂપ આપવાનું બાકી રહેલું કામ તમારે શિરે હું આજે આ 'પદવી' ઉપાધિ આપીને નાખી રહ્યો છું. આનંદની વાત છે કે તમે પંજાબી છો. કેવો કુદરતનો સુયોગ અને પ્રસંગનો મેળ ! તમારે હવે પંજાબ તો છે, અને રહેશે પણ આ બધી સંસ્થાઓના ઉત્કર્ષની અને પ્રગતિની જવાબદારી પણ હું તમારી સમજું છું. તમને દીર્ઘ આયુષ્ય, શાસનોન્નતિની

મના પ્રમુખપણા નીચે વડોદરામાં ન્યાયમંદિરના મકાનમાં
ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી નગરશેઠ, નાયબ
દિવાન શ્રી મણીભાઈ સાહેબ, પ્રો. માણેકરાવ, પંડિત
ડૉ. હીરાનંદ શાસ્ત્રી, સાક્ષર શ્રી કમળાશંકર દેસાઈ તથા
આચાર્યશ્રી વગેરે મુનિમંડળ પધાર્યા હતા.

આ પ્રસંગે આચાર્યશ્રીએ સૂરીશ્વરજીની જયંતી ઉજવવાનું કારણ તથા તે મહાત્મા કેવા ઉપકારી થઈ ગયા, ધર્મપ્રચાર માટે કેવા ઉગ્ર વિહારો કરી, અકબર બાદશાહને કેવી રીતે પ્રતિબોધ આપ્યો, જીવહિંસા બંધ કરાવી તેમજ જૈન શાસનની ઉન્નતિ સાધવામાં અહર્નિશ અનેક સુપ્રયાસો સેવ્યા તે વિષે મનનીય વિવેચન કરી શ્રદ્ધાંજલી આપી.

ડૉ. હીરાનંદ શાસ્ત્રી, શ્રી રમણલાલ દેસાઈ, શ્રી રાયરત્ન સુધાકર સાહેબ, મુનિ મહારાજશ્રી ચરણવિજયજીએ તેમના જીવનના વિધવિધ પ્રસંગોના ઉલ્લેખ કરીને અર્ધ્ય આપ્યું હતું.

આચાર્યશ્રીએ જજીયાવેરો બંધ કરાવ્યો, કેદીઓને છોડાવ્યા, અકબર બાદશાહ સૂર્યની ઉપાસનાનો અભ્યાસ કરતા થઈ ગયા તે સૂરિજીના ઉપદેશનું ફળ હતું.

આચાર્યશ્રી દરબારમાં આવ્યા ત્યારે પાથરણા ઉપર પગ મૂકવા ના પાડી ત્યારે તેનું કારણ પૂછવા બાદશાહે ઉત્સુકતા બતાવી તેઓશ્રીએ સાધુઓનો આચાર બતાવી, પાથરણા નીચે કોઈ જીવજંતુ હોય તો હિંસા થાય, અને કીડીઓની હારની હાર નીકળી...
ઉપાડતા કીડીઓની હારની હાર

ભાવના એવી છે કે વડોદરા શ્રી સંઘના ભાગ્યશાળી ભાઈ બહેનો મળીને જાની શેરીનો ઉપાશ્રય જે આજે જીર્ણ બની ગયો છે તેનો ઉદ્ધાર કરે. તમે તમારા મકાનમાં જરા પણ ખરાબી હોય તો કેમ તેની દુરસ્તી જલ્દી કરો છો ત્યારે આ તો શ્રી સંઘની મિલ્કત છે. ધાર્મિક ક્રિયાઓ કરવાનું અને પ્રસંગોપાત ગુરુઓને રહેવાનું પવિત્ર આશ્રયસ્થાન છે. વર્ષો પહેલાં તમારા જ બાપ દાદાએ તેને શ્રદ્ધાપૂર્વક બંધાવ્યો છે. તેને જીર્ણ થયેલો જોઇને સૌને લાગણી થવી જોઇએ. હવે વિલંબ ન થવો જોઈએ. વડોદરા જેવો ઉત્સાહી સંઘ આવા નાના કામમાં પાછો પડે જ કેમ? બે પાંચ દશ ભાગ્યશાળીઓ નીકળી પડો. ગુરુદેવ તમારું કલ્યાણ કરશે. ”

વ્યાખ્યાન પૂરું થયું ને ઉપાશ્રયને માટે બધાને લાગણી થઇ આવી. ટીપ શરૂ થઈ, કામ બની ગયું. ’

આચાર્યશ્રી શ્રી સંઘની વિનંતિથી વડોદરા ચાતુર્માસ માટે પધાર્યા છે. શતાબ્દિ ઉત્સવ પ્રસંગે વડોદરાના શ્રી સંઘે ભારે જહેમત ઉઠાવેલી. એક ચાતુર્માસની તેઓની વિનંતિ કેમ ઠેલી શકાય? આચાર્યશ્રીએ જોયું કે જાની શેરીનો ઉપાશ્રય જીર્ણ–શીર્ણ થઇ ગયો છે. તેના ઉદ્ધારની જરૂર છે. તે માટે પ્રસંગ જોઇ વ્યાખ્યાનમાં ઉલ્લેખ કર્યો અને ટીપ શરૂ થઇ ગઇ.

× × ×

" સાહેબ! અમારા મહારાજશ્રીએ દોઢ માસના ઉપવાસ કર્યા છે!" સ્થાનકવાસી આગેવાનોમાંથી એક ભાઇએ વ્યાખ્યાનમાં (તા. ૧૭–૯–૩૬ જન્મ વાચનના દિવસે) વાત

ઉપાશ્રયે પહોંચતા આચાર્યશ્રીએ મંગળાચરણ સંભળાવ્યું, સમયોચિત દેશના આપી. શ્રીફળની પ્રભાવના થઇ. ખંભાતના શ્રી સંઘમાં આનંદ આનંદ ફેલાઈ રહ્યો.

આ શુભ પ્રસંગે એક વિશિષ્ટ આનંદદાયક વાત તો એ થઇ કે આચાર્યશ્રીજીની પધારવાની ખુશાલીમાં ખંભાતની મ્યુનીસીપાલીટીએ નગરપ્રવેશના દિવસે આખા શહેરમાં જીવ હિંસા સદંતર બંધ કરાવી સંખ્યાબંધ પંચેંદ્રિય જીવોને અભયદાન આપી આપનું બહુમાન કર્યું. ખુદ નામદાર નવાબ સાહેબના રસોઇ ઘરમાં પણ એ દિવસે અભક્ષ્ય બંધ હતું. અર્થાત સાદો ખોરાક રાખવામાં આવ્યો હતો. પુણ્યશાળી પુરુષોની કેવી પ્રભાવના, કેવો ચમત્કાર?

વૃદ્ધો ને નવયુવાનો સૌ એકી અવાજે બોલી ઊઠ્યા કે અમારી જિંદગીમાં આવો નગરપ્રવેશ પહેલી વાર જોયો.

ઉપરાંત સુધરાઇએ ઉંદરો પકડવાની પણ સખત બંધી કરી. એક દિવસ વ્યાખ્યાનમાં આપશ્રીએ શ્રી સંઘને જ્ઞાનની મહત્તા અને ભંડારોની વ્યવસ્થા સંબંધી ઉલ્લેખ કરતાં માંડવીની પોળના જૈન દહેરાસરના અને ભોંયરાના પાડાના જ્ઞાનભંડારનો જીર્ણોદ્ધાર કરવાનો સચોટ ઉપદેશ આપ્યો. આ બન્ને કાર્યો આપશ્રીના શુભ હસ્તે સફળતાપૂર્વક થયા. શ્રીમાન દિવાન સાહેબની અધ્યક્ષતામાં શ્રી આત્માનંદ શતાબ્દિ ઉત્સવ પણ ઉજવાયો.

પંજાબ જવાની ઉતાવળ હતી. વિહાર માટે વાતચીત ચાલતી હતી પણ આચાર્યશ્રીના પ્રશિષ્ય યુવાન મુનિરાજ શ્રી ચરણવિજયજી મહારાજ અચાનક બિમારીમાં સપડાઇ ગયા.

મે. મુકરજી સાહેબે ઉપસંહાર કરતાં પ્રમુખપદના પ્રેમાળ આમંત્રણ માટે આભાર માની આચાર્યશ્રીની યશસ્વી અને ઉપકારક કારકીર્દી, મહારાજશ્રીના પરિસહો, મહાન પ્રયાસો, દાંડીકુચ જેવી આગ્રા કુચનું સુંદર વર્ણન, જૈન ધર્મની વિદ્વત્તા તથા તપશ્ચર્યા અને સમર્પણ વગેરેની મનનીય વાતો કહી જયંતી ઉત્સવની સફળતા ઈચ્છી હતી.

આ ઉપરાંત સંઘની વિનતિથી આચાર્યશ્રીનાં નેતૃત્વ નીચે ઉપધાન તપ આરાધન થયું હતું.

આ રીતે વટોદરાનું સં. ૧૯૯૨ નું ચાતુર્માસ આનંદપૂર્વક સંપૂર્ણ થયું.

× × ×

વીસ વર્ષના લાંબા ગાળા પછી આચાર્યશ્રી ખંભાતમાં પધારે છે. રાલજ ગામે પધારતાં ખંભાતની પાંચે જ્ઞાતિના લગભગ ત્રણસો બહેન ભાઈઓ આવી પહોંચ્યા.

ખંભાતમાં ગુરુદેવના સ્વાગતની તૈયારીઓ થવા લાગી. મ્યુનીસીપાલીટી તરફથી નગરના મુખ્ય દ્વારથી ત્રણ દરવાજા સુધી જતો આખોય રસ્તો સાફસુફ કરાવવામાં આવ્યો. રસ્તાના બજારોને બારે સુંદર રીતે શણગારવામાં આવ્યું. રંગબેરંગી તોરણોથી આખોય રસ્તો શોભી ઉઠ્યો. દરવાજા અને કમાનો જ્યાંએ જ્યાંએ ઊભા કરવામાં આવ્યા. રાજ્યના ડંકાનિશાન સ. એસ્ટેટની હાથી દાર, બજરંગ સ્કાઉટગ્રુપ, શણગારેલા જુલુસના ઘોડા, દાદરકરની સ્કાઉટોની ટુકડી, યુનિફોર્મ સજ્જિત બેંડ, વીડીઓ આસ્વાલ બેંડ, ખંભાત સ્ટેટ બેન્ડ તથા જૈન સમાજના આગેવાનો, [illegible] મુકદ્દમો, અધિકારી વર્ગ, નગરનો બનેલો ગુરુદેવના સ્વાગતનો દેખાવ ભારી હતી

ઉપાશ્રયે પહોંચતા આચાર્યશ્રીએ મંગળાચરણ સંભળાવ્યું, સમયોચિત દેશના આપી. શ્રીફળની પ્રભાવના થઇ. ખંભાતના શ્રી સંઘમાં આનંદ આનંદ ફેલાઈ રહ્યો.

આ શુભ પ્રસંગે એક વિશિષ્ટ આનંદદાયક વાત તો એ થઇ કે આચાર્યશ્રીજીની પધારવાની ખુશાલીમાં ખંભાતની મ્યુનીસીપાલીટીએ નગરપ્રવેશના દિવસે આખા શહેરમાં જીવ હિંસા સદંતર બંધ કરાવી સંખ્યાબંધ પંચેંદ્રિય જીવોને અભયદાન આપી આપનું બહુમાન કર્યું. ખુદ નામદાર નવાબ સાહેબના રસોઇ ઘરમાં પણ એ દિવસે અભક્ષ્ય બંધ હતું. અર્થાત સાદો ખોરાક રાખવામાં આવ્યો હતો. પુણ્યશાળી પુરુષોની કેવી પ્રભાવના, કેવો ચમત્કાર?

વૃદ્ધો ને નવયુવાનો સૌ એકી અવાજે બોલી ઊઠ્યા કે અમારી જિંદગીમાં આવો નગરપ્રવેશ પહેલી વાર જોયો.

ઉપરાંત સુધરાઇએ ઉંદરો પકડવાની પણ સખત બંધી કરી. એક દિવસ વ્યાખ્યાનમાં આપશ્રીએ શ્રી સંઘને જ્ઞાનની મહત્તા અને ભંડારોની વ્યવસ્થા સંબંધી ઉલ્લેખ કરતાં માંડવીની પોળના જૈન દહેરાસરના અને ભોંયરાના પાડાના જ્ઞાનભંડારનો જીર્ણોદ્ધાર કરવાનો સચોટ ઉપદેશ આપ્યો. આ બન્ને કાર્યો આપશ્રીના શુભ હસ્તે સફળતાપૂર્વક થયા. શ્રીમાન દિવાન સાહેબની અધ્યક્ષતામાં શ્રી આત્માનંદ શતાબ્દિ ઉત્સવ પણ ઉજવાયો.

પંજાબ જવાની ઉતાવળ હતી. વિહાર માટે વાતચીત ચાલતી હતી પણ આચાર્યશ્રીના પ્રશિષ્ય યુવાન મુનિરાજ શ્રી ચરણવિજયજી મહારાજ અચાનક બિમારીમાં સપડાઇ ગયા.

ગુરુકુળ, મારવાડમાં શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય, ઉમેદપુર જૈન બાળાશ્રમ તેમજ મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી જૈન સમાજમાં જ્ઞાનનો પ્રદીપ કેવી રીતે પ્રગટાવ્યો છે તે જણાવ્યું હતું.

ચાતુર્માસ નજદિક આવતું હોવાથી ખંભાતની અત્યંત આગ્રહભરી વિનતિથી મુનિશ્રી ચરણવિજયજીની સેવા માટે આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરિજી તથા સેવાભાવી મુનિશ્રી મિત્રવિજયજી, મુ. શ્રી વિશુદ્ધવિજયજીને વડોદરામાં રાખી આપ આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી મ. આદિ સાથે ખંભાત પધાર્યા. પં. સમુદ્રવિજયજી આદિને બોરસદના સંઘની વિનતિથી બોરસદ મોકલ્યા.

× × ×

"આજનો બનાવ ભારે હૃદયભેદક છે. તમને શ્રી સંઘના આબાલવૃદ્ધને જ્યારે આટલું બધું દુઃખ થાય છે તો પછી તેમના ગુરુ અને ગુરુભાઈઓ અને ગુરુ જેવા સર્વ સાધુઓને કેમ દુઃખ ન થાય! નાની ઉમરમાં તેમણે મારા પ્રત્યેક નાના મોટા કાર્યોમાં રસ લેવાનું શરૂ કર્યું હતું. તે નવયુવાન સાધુ હોવા છતાં વિનયી હતા. સેવાભાવી અને વિચારશીલ હતા. શિક્ષણ સંસ્થાઓ પ્રત્યે તેમને ખૂબ જ પ્રેમ હતો. ગુરુદેવની શતાબ્દિ ઉત્સવના તે સંચાલક હતા. શતાબ્દિ ગ્રંથમાળા તેમણે જ શરૂ કરાવી હતી. યુવાનોને આકર્ષવાની તેમની શક્તિ અનુકરણીય હતી. નાની ઉમરમાં તેમણે સર્વ કોઈનો પ્રેમ [illegible]દન કર્યો હતો. તેમની ભાવનાઓ ઘણી ઊંચી હતી.

ગુરુકુળ, મારવાડમાં શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય, ઉમેદપુર જૈન બાળાશ્રમ તેમજ મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી જૈન સમાજમાં જ્ઞાનનો પ્રદીપ કેવી રીતે પ્રગટાવ્યો છે તે જણાવ્યું હતું.

ચાતુર્માસ નજદિક આવતું હોવાથી ખંભાતની અત્યંત આગ્રહભરી વિનતિથી મુનિશ્રી ચરણવિજયજીની સેવા માટે આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરિજી તથા સેવાભાવી મુનિશ્રી મિત્રવિજયજી, મુ. શ્રી વિશુદ્ધવિજયજીને વડોદરામાં રાખી આપ આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી મ. આદિ સાથે ખંભાત પધાર્યા. પં. સમુદ્રવિજયજી આદિને બોરસદના સંઘની વિનતિથી બોરસદ મોકલ્યા.

× × ×

"આજનો બનાવ ભારે હૃદયભેદક છે. તમને શ્રી સંઘના આબાલવૃદ્ધને જ્યારે આટલું બધું દુઃખ થાય છે તો પછી તેમના ગુરુ અને ગુરુભાઈઓ અને ગુરુ જેવા સર્વ સાધુઓને કેમ દુઃખ ન થાય! નાની ઉમરમાં તેમણે મારા પ્રત્યેક નાના મોટા કાર્યોમાં રસ લેવાનું શરૂ કર્યું હતું. તે નવયુવાન સાધુ હોવા છતાં વિનયી હતા. સેવાભાવી અને વિચારશીલ હતા. શિક્ષણ સંસ્થાઓ પ્રત્યે તેમને ખૂબ જ પ્રેમ હતો. ગુરુદેવની શતાબ્દિ ઉત્સવના તે સંચાલક હતા. શતાબ્દિ ગ્રંથમાળા તેમણે જ શરૂ કરાવી હતી. યુવાનોને આકર્ષવાની તેમની શક્તિ અનુકરણીય હતી. નાની ઉમરમાં તેમણે સર્વ કોઈનો પ્રેમ સંપાદન કર્યો હતો. તેમની ભાવનાઓ ઘણી ઊંચી હતી.

મારા કાર્યોને વગ આપવાની તેમનામાં ધગશ હતી. જૈન સમાજની નવરચનામાં તેમને ખપી જવાની તમન્ના હતી. વડોદરાના શ્રી સંઘે ઘણી ભક્તિ વૈયાવચ્ચ કરી પણ તૂટીની બુટી નહિ એ નિયમાનુસાર તે આપણા વચ્ચેથી ચાલ્યા ગયા. તેમના આત્માની શાંતિ ઈચ્છવી એ આપણું પરમ કર્તવ્ય છે.


તીર્થંકરો કે મહાપુરુષો, રાજા કે રંક કોઇ મરણને નીવારી શકતું નથી પણ આપણે સૌ આપણા જીવનને કલ્યાણને માર્ગે, સેવાને માર્ગે અને કર્તવ્યના માર્ગે વાળી શકીએ તો આ જિંદગીનું સાચું સાર્થક ગણાય. ”

વિદ્વાન મુનિરાજ શ્રી ચરણવિજયજી મહારાજના ભા. સુ. ૧ ના દિવસે સ્વર્ગવાસના સમાચારથી ખંભાતના સંઘમાં શોકની છાયા ફેલાઇ ગઇ. આચાર્યશ્રીએ સંઘને તેમના જીવનનું રહસ્ય સમજાવ્યું. આ સભાનું દ્રશ્ય ભારે ગમગીન હતું. આચાર્યશ્રીના ભારે હૃદયના ઉદ્ગારોથી સભાના બધા ભાઈ બહેનોની આંખો સજળ થઇ ગઈ. ગુરુદેવના પરમપ્રિય, ઉત્સાહી, પ્રશિષ્યને ભાવભીની અંજલિ આપી.

ખંભાતના ચાતુર્માસમાં જ્ઞાનભંડારનું કાર્ય પૂર્ણ કર્યું. આપના ઉપદેશથી જીર્ણોદ્ધાર થયેલ [illegible] પોળના શ્રી ઋષભદેવસ્વામીના દહેરાસરની પ્રતિષ્ઠા પણ આપશ્રીએ [illegible] સુદિમાં કરાવી. આ ઉપરાંત બીજા ધાર્મિક કાર્યો પણ થયાં. [illegible] વિજય [illegible] મહારાજ [illegible]

[illegible]

આચાર્યશ્રીના સદુપદેશથી જીર્ણોદ્ધાર થયેલ—
શ્રી જૈન મંદિર–ખંભાત–માંડવીની પોળ (ગુ. સ. ૧૯૯૩)





જ્ઞાન પરબનું ઉદ્ઘાટન

(૧૬)

'મથ્થેણ વંદામિ.'

'ધર્મલાભ! ઓહો! કાંતિલાલભાઈ! તમે ક્યાંથી!

"સાહેબ! મુંબઈથી આવું છું. આપના દર્શનાર્થે આવવાનો ઘણા સમયથી વિચાર કરતો હતો પણ ન આવી શક્યો, આપ સુખ શાતામાં છો કે?"

"હમણાં તો ઠીક છે."

"ચન્દ્રવિજયજી મહારાજ જેવા નવીન વિચારના મુનિરાજની મોટી ખોટ પડી ગઈ."

"કાંતિભાઈ! બીજું કાંઈ નહિ પણ તે વિનયી અને ઉત્સાહી હતા. સમાજના ઉત્થાન માટે તેમને [illegible] હતી."

"[illegible] તેમની પ્રવૃત્તિઓ 'ભણવું' હતું કે તે [illegible] [illegible] [illegible] હતી અને વિચારશીલ છે. આપનું [illegible] તેમણે [illegible] [illegible] કરીને [illegible] દીધું હતું."

"સાહેબ! તેમની ભાવનાઓ તો બહુ જ ઉચ્ચ હતી

"સાહેબ! તેમનું શરીર પણ ઘણું સરસ લાગતું હતું. એવો કોઈ રોગ પણ નહોતો લાગતો ત્યારે થયું શું?"

"તમારી વાત સાચી છે. પણ એવો કોઈ રોગ આવ્યો કે શરીર સુકાતું ગયું. લોહી જ ન થાય. અને વડોદરાના શ્રી સંઘે તથા સાધુઓએ તેમની ઘણી સેવા સુશ્રૂષા કરી પણ તૂટીની બૂટી નહિ."

"સાહેબ! હું આપને ખાસ પ્રાર્થના કરવા આવ્યો છું."

"જણાવો; મારે પંજાબ જવાની ઉતાવળ છે. પછી તો જેવા સંજોગ."

"રાધનપુરમાં મારા તરફથી જૈન બોર્ડીંગના મકાનનું ઉદ્‌ઘાટન કરવાનું છે. આપ સાહેબની તે દીક્ષાભૂમિ છે. આપ શિષ્યપરિવાર સાથે પધારો. મારું આંગણું પાવન થશે."

"કાંતિલાલભાઈ! હું જરુર આવું. સંસ્થાઓ માટે તો મને કેટલો પ્રેમ છે તે તમારાથી ક્યાં અજાણ્યું છે? પણ મારે પંજાબ જવું જરૂરી છે. પંજાબના તમામ ગામોના શ્રી સંઘના પત્રો અને વિનતિઓ હું ક્યાં સુધી નકારું?"

"સાહેબ! આ પણ એક શાસનનું કાર્ય છે. રાધનપુર થઈને આપ સુખેથી પંજાબ તરફ જઈ શકશો."

"મારે શ્રદ્ધેય પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજને પણ મળવું જોઈએ."

"વળતાં પાટણ થઈને જવાશે, પછી તો રસ્તો સીધો છે."

"પાલણપુર ને મારવાડ પણ રાહ જોઈને જ બેઠું છે ને! બધાને રાજી પણ કેમ રાખવા?"

"સાહેબ! ગમે તેમ કરો. મારે ત્યાં તો આપશ્રી આવવાનું છે જ."

"ભાગ્યશાળી! તમારા જેવા જન્મભૂમિમાં લાખો રૂપી ખર્ચી જ્ઞાનનું પરબ શરૂ કરે તો અમારા આશીર્વાદ તો હોય દેવગુરુની કૃપાથી બનશે ત્યાંસુધી તો પહોંચી શકાશે."

"કાંતિભાઈ! એક વાત યાદ આવી. પંજાબમાં ઘ મંદિરો થઈ ગયાં. લાઈબ્રેરીઓ અને પાઠશાળાઓ પણ ઠીક છે. ગુરુકુળ પણ સારું ચાલે છે. અંબાલા એક કેન્દ્ર અને ત્યાંના ભાઈઓ સંસ્કારી અને ગુરુભક્ત હોવા ઉપરાં કાર્યશીલ છે. મારી ભાવના અંબાલામાં 'જૈન' કૉલેજ માટે છે."

"આપની ભાવના સુંદર છે. પણ કૉલેજ માટે બહુ મોટ ફંડની જરૂર છે. તે એકાદ વ્યક્તિનું કામ નથી."

"જૈન સમાજમા પૈસાનો તો તોટો નથી. કામ કરનારા બહુ જ પ્રતિદિન અને કાર્યકુશળ જોઈએ. તમારા જેવા શ્રીમંત છે ત્ય. શું ન થાય! જૈન સમાજમાં એક કૉલેજ શું સુંદ વર્ષોથી થાય તેવી સમૃદ્ધિ છે. મહાવીર વિદ્યાલયનો દાખલો મોજુદ છેને!"

"કૃપાળુ! જૈન કૉલેજ માટે મારા તરફથી રૂા. ૧૧૦૦૦ હું આપીશ અને [illegible] તરફથી ઇચ્છાનુસાર છ હજા [illegible] આપીશ. એ રીતે કૉલેજ થઈ શકે તો આનંદ [illegible] છે."

"ધન્ય છે તમારા જેવા દાનવીર જૈન સમાજમાં છે તે [illegible] ઉદય જ છે."

"સાહેબ! રાધનપુર પધારવાનું છે જ. તે વિષે હું રાધનપુર જઈને મુહૂર્ત વિગેરે જણાવીશ. આપે શિષ્યપરિવાર સહિત વહેલાસર પધારવાનું છે."

"જહાસુખમ્, તમને ના શી રીતે પાડવી?"

"આજ્ઞા! મથ્થેણ વંદામિ."

"ધર્મલાભ. સુખેથી કલ્યાણકારી કાર્યો કરો."

કારતક વદિ પાંચમના દિવસે શુભ મુહૂર્તમાં શેઠ ભાઈચંદ કસળચંદની પેઢી કે જેઓએ જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરાવી હતી, એઓની તરફથી જ શ્રી ઋષભદેવ ભગવાનની ચરણ-પાદુકા અને સ્વર્ગવાસી શ્રી ગુરુદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરિજી (આત્મારામજી) મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. સાંજે વિહાર કરી શેઠ દલપતભાઇને બંગલે રહ્યા.

બોરસદથી વિહાર કરી પં. શ્રી સમુદ્રવિજયજી આદિ અને વડોદરાથી મુનિશ્રી વિશુદ્ધવિજયજી મહારાજ આવી મળ્યા.


સર્વ સાધુસમુદાય સાથે સોજીત્રા, માતર આદિ અનેક ...માં ઉપદેશામૃતનું પાન ... અમદાવાદ પધાર્યા. અત્રે ...ઇની ધર્મશાળા, ...કાભટ્ટની પોળ, ...ની પોળ, શાહપુર ... આદિમાં પધારી ...નો આપ્યાં.

શાહપુરમાં રો...

...ક ભાઈ બહેનોએ ... શ્રીવ્રત ...રેએ અનુર્થ મત ... ભાઈ ...

...અત્રેથી ...

...ોની યાત્રા ... આદિ



પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી સમુદ્રવિજયજી મહારાજ

પાટણમાં એક વિદ્યાર્થી ભુવન શાંતિમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજશ્રીની પ્રેરણાથી શરૂ થયું હતું તેને રાંધનપુર લાવવામાં આવ્યું. થોડા વર્ષો ચાલ્યું પણ પછી મંદતા આવી. આ વાત શ્રી કાંતિલાલ શેઠના જાણવામાં આવી, રાંધનપુરની શિક્ષણ સંસ્થા બંધ કરવામાં આવે તે કરતાં તેનો વિકાસ કરવો આવશ્યક છે તેમ શ્રી કાંતિલાલભાઈને જણાયું. તેમનું ઉદાર સખાવતી દિલ આકર્ષાયું અને આખી સંસ્થા પોતે જ ઉપાડી લીધી.

વિદ્યાર્થીઓ વધવા લાગ્યા. જગ્યાની મુશ્કેલી પડી. એક ભવ્ય મકાન રૂ. ૪૫૦૦૦) ખર્ચી ઊભું કરવામાં આવ્યું અને પોણો લાખની બાદશાહી સખાવત કરી પોતના પૂજ્ય પિતાશ્રીના નામે "શેઠ ઇશ્વરલાલ અમુલખરાય જૈન બોર્ડીંગ" ના ઉદ્ઘાટનનો ઉત્સવ યોજવામાં આવ્યો.

રાધનપુરના નવાબ સાહેબના હસ્તે બોર્ડીંગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. શ્રી કાંતિલાલભાઇએ સંસ્થાની આવશ્યકતા, જૈન સમાજ અને શિક્ષણ, જૈન સમાજની બેકારી અને શ્રીમંતોનું કર્તવ્ય વગેરે પ્રાથમિક વિવેચન કર્યું હતું.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી, આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી તથા શિષ્યપરિવારના આગમનથી આનંદ પ્રદર્શીત કર્યો હતો.

આચાર્યશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે—

"જૈન સમાજની પૂર્વ જાહોજલાલીની કલ્પના કરો. કેવો સુવર્ણયુગ હતો! જૈન નામધારી કોઈ દુઃખી હોઇ શકે નહિ. સ્વામીવાત્સલ્યની ભાવના એવી હતી કે પોતાના જેવો

પાટણથી મુનિરાજશ્રી ઉત્તમવિજયજી મહારાજ, વિદ્વદ્વર્ય મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ, શ્રી વસંતવિજયજી તથા શ્રી રમણિકવિજયજી મહારાજ પણ પધાર્યા.

રાધનપુરનો નગરપ્રવેશ અપૂર્વ હતો. એક તો આપશ્રીની દીક્ષાભૂમિ, શ્રી સંઘનો આપના પ્રત્યે અનુપમ ભાવ અને શેઠ કાંતિલાલભાઈની ઉદારતા પછી તો પૂછવું જ શું ?

રાધનપુરના સંઘે ભાવભીનું સ્વાગત કર્યું. સુવર્ણના ત્રણ તોરણ એ સ્વાગતની વિશિષ્ટતા હતી. સ્વાગતની બધી વ્યવસ્થા મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના ૭૫ સ્વયંસેવકો, અંબાલા જૈન હાઈસ્કુલના ૩૦ સ્વયંસેવકોને સોંપવામાં આવી હતી. ગામના લોકોથી બજારો અને મહોલ્લાઓમાં ભારે ભીડ જામી હતી. ઠેકાણે ઠેકાણે ગહુંલીઓ ઉપર સોનામહોરો મુકાની. શેઠ કાંતિલાલભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમની શકુન્તલાબહેનને સાચા મોતીઓની ગહુંલી કરી સોનામહોરો મૂકી સાચા મોતીથી વધાવ્યા હતા. રાધનપુરને આંગણે આજ અપૂર્વ અવસર હતો. લેઝિમ અને બેન્ડની શોભા અનેરી હતી. આબાલવૃદ્ધના આનંદનો પાર નહોતો.

આ પ્રસંગે શ્રીમની [illegible] પં. રાજેન્દ્રપ્રસાદ, શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ સકરચંદ મોતીલાલ, શા મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, શેઠ જીવણચંદ ધરમચંદ, લાલા [illegible], લાલા [illegible], લાલા [illegible], શા [illegible] [illegible]

પાટણમાં એક વિદ્યાર્થી ભુવન શાંતિમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજશ્રીની પ્રેરણાથી શરૂ થયું હતું તેને રાંધનપુર લાવવામાં આવ્યું. થોડા વર્ષો ચાલ્યું પણ પછી મંદતા આવી. આ વાત શ્રી કાંતિલાલ શેઠના જાણવામાં આવી, રાંધનપુરની શિક્ષણ સંસ્થા બંધ કરવામાં આવે તે કરતાં તેનો વિકાસ કરવો આવશ્યક છે તેમ શ્રી કાંતિલાલભાઈને જણાયું. તેમનું ઉદાર સખાવતી દિલ આકર્ષાયું અને આખી સંસ્થા પોતે જ ઉપાડી લીધી.

વિદ્યાર્થીઓ વધવા લાગ્યા. જગ્યાની મુશ્કેલી પડી. એક ભવ્ય મકાન રૂ. ૪૫૦૦૦) ખર્ચી ઊભું કરવામાં આવ્યું અને પોણો લાખની બાદશાહી સખાવત કરી પોતના પૂજ્ય પિતાશ્રીના નામે "શેઠ ઇશ્વરલાલ અમુલખરાય જૈન બોર્ડીંગ" ના ઉદ્‌ઘાટનનો ઉત્સવ યોજવામાં આવ્યો.

રાધનપુરના નવાબ સાહેબના હસ્તે બોર્ડીંગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. શ્રી કાંતિલાલભાઈએ સંસ્થાની આવશ્યકતા, જૈન સમાજ અને શિક્ષણ, જૈન સમાજની બેકારી અને શ્રીમંતોનું કર્તવ્ય વગેરે પ્રાથમિક વિવેચન કર્યું હતું.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી, આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી તથા શિષ્યપરિવારના આગમનથી આનંદ પ્રદર્શીત કર્યો હતો.

આચાર્યશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે—

"જૈન સમાજની પૂર્વ જાહોજલાલીની કલ્પના કરો. કેવો સુવર્ણયુગ હતો! જૈન નામધારી કોઈ દુઃખી હોઈ શકે નહિ. સ્વ.મીવાત્સલ્યની ભાવના એવી હતી કે પોતાના જેવો

પોતાનો સ્વામી ભાઈ ક્યારે બને ? જૈન સમાજમાં ઘણા શ્રીમંતો હોવા છતાં જૈન સમાજમાં બેકારી કેમ હોઈ શકે ! તો તો એ શ્રીમંતો પોતાની ફરજ ચૂકયા ગણાય.

શેઠ કાંતિલાલ ભાઈ અને તેમના ધર્મપત્ની શ્રી શકુંતલા બહેન બન્ને ધર્મનિષ્ઠ અને પુણ્યશાલી છે. જેથી તેમને આંગણે આ અપૂર્વ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે.

આજે મેટ્રીક સુધીના અભ્યાસ માટે તો આ બોર્ડીંગની શરૂઆત થઈ છે. પણ જૈન સમાજને તો એક જૈન કોલેજની જરૂર છે. જ્યાં વ્યવહારિક શિક્ષણ ઉપરાંત જૈન ધર્મ અને જૈન સાહિત્યના શિક્ષણનો પ્રબંધ કરવામાં આવે.

ભવિષ્યના નાગરિકો, ભવિષ્યના સેવકો અને ભવિષ્યના સંઘના સંચાલકોને ઉચ્ચ સંસ્કાર મળવા અત્યંત જરૂરી છે.

રાજાનો ધર્મ પ્રજાનું પાલન અને પ્રજાનો સર્વથા વિકાસ છે તેમ પ્રજાનો ધર્મ પોતાના રાજાની આજ્ઞા મુજબ વર્તવાનો છે

નવાબ સાહેબના રાજ્યમાં કાંતિલાલભાઈ અને શકરચંદ ભાઈ જેવા નાગરિકો છે તેમ [illegible] પ્રજાની શોભા છે

[illegible]

[illegible]

શ્રી કાંતિલાલભાઈને ધન્યવાદ આપી પોતાનું વક્તવ્ય રજુ કર્યું હતું.

આ પ્રસંગે રાધનપુર સ્ટેટના દિવાન સાહેબના પ્રમુખપણા નીચે શેઠ કાંતિલાલભાઈને માનપત્ર આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો.

માનપત્ર રાધનપુરની પ્રજા તરફથી આપવામાં આવ્યું હતું તે શેઠ કાંતિલાલભાઈની લોકપ્રિયતા તથા ઉદારતાનું જ્વલંત દૃષ્ટાંત ગણી શકાય.

શેઠ કાંતિલાલભાઈનો માનપત્રનો જવાબ બહુ જ રોચક હતો. તેમના શબ્દો સમાજના ઉત્થાન માટે માર્ગદર્શક થઈ પડે તેવા સ્મરણીય ગણાશે.

"આપણા સમાજની સ્થિતિ જોતાં આપણે શું કાર્ય કર્યું છે, તે જોવા કરતાં શું કરવાનું છે તેનો જ વિચાર કરવો અત્યંત આવશ્યક છે. જૈન સમાજ હાલ ક્યાં ઊભો છે તેનો જો વિચાર કરીયે તો આખા સમુદ્રમાં એક બિંદુ જેટલું પણ કાર્ય આપણા કોઈથી બની શક્યું નથી. આજે સવારે મેં કહ્યું હતું તેમ પારસી કોમનો દાખલો લ્યો. મર્હુમ વાડીઆ તથા તાતાની સખાવત જુઓ, એક લાખની વસ્તીવાળી પારસી કોમ સમગ્ર ભારતવર્ષમાં પ્રખ્યાત છે. આપણે તેઓથી દસબાર ગણા છીએ છતાં ગુજરાત-કાઠીઆવાડ સિવાય કોઈ આપણને ઓળખતું નથી."

"આપણે તો આપણા મતમતાંતરોમાંથી જ ઊંચા આવતા નથી એ આપણે આ પ્રમાણે સમાજ પ્રત્યે બેદરકાર જ રહીશું

તો થોડા જ વર્ષોમાં જૈન સમાજ બહુ ભયંકર સ્થિતિમાં આવી પડશે. ”

આચાર્યશ્રીના નેતૃત્વમાં અઠ્ઠાઇ મહોત્સવ, રથયાત્રા, શાંતિસ્નાત્ર, પ્રભાવના અને સાધર્મિક વાત્સલ્ય તેમજ આ જ્ઞાન પરબની ઉદ્ઘાટન ક્રિયા વગેરે શ્રી કાંતિભાઇ તરફથી બહુજ મંગળકારી રીતે થયાં.

આ પ્રસંગે શ્રી કાંતિભાઈએ વીરમગામથી મોટરોની વ્યવસ્થા કરી હતી એટલું જ નહિ પણ શંખેશ્વરમાં ભોજન આદિની વ્યવસ્થા કરી હતી. રાધનપુરનું તેમનું ભાવભીનું આતિથ્ય આજે પણ બધા યાદ કરે છે.

ધન્ય છે એ અનુપમ દંપતીને અને તેમની ઉદાર ભાવનાઓ અને સમાજકલ્યાણના કાર્યોને.

આચાર્યશ્રીને શેઠ કાંતિભાઇ તથા નગરજનોએ ભવ્ય વિદાય આપી આપશ્રી શિષ્યપરિવાર સાથે પાટણ પધાર્યા





પૂણ્યભૂમિ પાટણમાં પગલાં.

(૧૭)

આજે પાટણની શોભા અપરંપાર હતી. જૈન સમાજનો ઉત્સાહ અનેરો હતો. વર્ષો પછી પંજાબકેસરી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિનો આજે પ્રવેશ મહોત્સવ હતો. બજારો વિધ વિધ રીતે શણગાર્યાં હતાં. દોશીવટ અને સુખડીવટમાં કીનખાબ ને રેશમના તાકાના તાકા શોભી રહ્યાં હતાં. પોળે પોળે અને મહોલ્લે મહોલ્લે સ્રીપુરૂષોની મોટી ઠઠ જામી હતી. જગ્યાએ જગ્યાએ આચાર્યશ્રીને સોના ચાંદીના ફૂલથી વધાવવામાં આવતા હતા. સામૈયાની શોભા અપાર હતી.

સાગરનો ઉપાશ્રય ખીચોખીચ ભરાઇ ગયો અને ઉપર નીચે, બહાર અને મહોલ્લામાં માણસો માતા નહોતાં.

શાંતિપ્રિય પ્રવર્તકશ્રી કાંતિવિજયજી, શાંતમુર્તિશ્રી હંસવિજયજી અને આચાર્યપ્રવર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી પાટ પર પધાર્યા. ત્રિપુટીનું મિલન ભવ્ય હતું. શાંતિ સ્થપાઇ ગઇ. આચાર્યશ્રીનું પાટણના નગરશેઠ તરફથી સ્વાગત કરવામાં આવ્યું.

સ્વાગત પત્ર.

પધારો ! પધારો ! શાસન શિરોમણિ સૂરિરાજ પધારો

જે ગુજરાતના પ્રસિદ્ધ પાટનગર પર કળિકાળસર્વજ્ઞ શ્રીમદ હેમચંદ્રાચાર્ય મહારાજનો પુનિત જ્ઞાનસંસ્કાર છવાયેલો છે. જે વીરભૂમિ પર કુમારપાળ મહારાજાનાં ધર્મકાર્યો શોભી રહ્યાં છે, જે પુણ્ય ભૂમિ પર મંત્રીવરો વિમળશાહ, ઉદયન, મુંજાલ મહેતા અને વસ્તુપાળ તેજપાળ જેવા વીરવરોની યશગાથા અંકિત થઇ છે, જે જૈનપુરી–મંદિરોના નગરના શ્રી સંઘની હાક દેશદેશાવરોમાં મનાતી તે ભૂમિ પાટણના આંગણે આપશ્રીના પુનિત પગલાં થયા છે તે શ્રી સંઘના ધનભાગ્ય છે.

વંદન હો ! વંદન હો ! જ્ઞાન પ્રચારક સૂરીશ્વર, પંજાબકેસરી, સમયધર્મપ્રણેતા વંદન હો !

ન્યાયાંભોનિધિ પ્રખરપ્રતાપી મહામાન્ય આચાર્યવર્ય શ્રીમદ આત્મારામજી ગુરુદેવના પુનિત પગલે ચાલીને આપશ્રી ગુરુદેવનું અધુરું કાર્ય પૂરું કરવા કટિબદ્ધ થયા છો ને જૈન જગત [illegible] નિહાળી રહ્યું છે ને [illegible] મુંબઈની શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પંજાબનું શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ અને અનેક જૈન [illegible] [illegible]

[illegible]

ભારતની પ્રેરણાનું ધામ હતું. હજીએ ગૂજરાત પૂણ્યભૂમિ છે. ધર્મ, સમાજ, અને સંસ્કૃતિનું કેન્દ્ર છે.

ગૂજરાતમાં બૃહદ્ જ્ઞાનમંદિર, જૈન ગુરુકુળ અને કન્યા ગુરુકુળ જેવી નવીન સંસ્થાઓ કયારે સ્થપાશે. દાનવીરોનાં દાન ઝરણાં એ માટે વહેવરાવવાં કયારે શરૂ થશે !

આ સ્વપ્નો હવે કયારે સાચાં પાડશો !

ધન્ય હો ધન્ય ! ગુરુવર્ય ! ધર્મ સમાજ–સાહિત્ય ઉદ્ધારક, શાસનના સરદાર જ્યાં જ્યાં આપનાં પવિત્ર પગલાં થયાં ત્યાં ત્યાં શાન્તિના સાગર ઉછળ્યા છે. આપની અમૃત વર્ષા કુસંપના દાવાનળને ઠારી શકે છે. પાટણના આંગણે ચાર ચાર વર્ષથી કુસંપનો દાવાનળ સળગી રહ્યો છે. પરિણામે પતિ–પત્નીમાં, સાસરા–જમાઇમાં, અરે ભાઇ–ભાઇમાં, પિતા–પુત્રમાં, ગૃહે ગૃહે હૈયે હૈયે કુસંપ પેઠો છે. વિદ્વેષની જ્વાળાઓ ભભૂકે છે. સમાજની નૌકા ડોલી રહી છે.

ઓ ગંભીર સુકાની આજે વિનાશના આરેથી સમાજને બચાવો બચાવો !

શ્રદ્ધેય કાંતિ, શાંતમૂર્તિ હંસ અને વીર વલ્લભની ત્રિપુટી વિભક્ત થયેલ પાટણને ઐકયતાની સોનેરી સાંકળે સાંધીને ભારતવર્ષના કલેશમય વાદળાંઓ વિખેરી નાખવા શાન્તિના સાચા સ્થાપકો બને એ જોવા અમે આબાલવૃદ્ધ બારે ઉત્સુક છીએ.

પાટણના પ્રભાતે એ સૌભાગ્યનો સૂર્ય કયારે ઉગશે !

દીર્ઘાયુ હો સૂરિપુરંદર. દીર્ઘાયુ હો ! જૈન ધર્મનો ઝંડો

દેશ-વિદેશ, ઘેરે ઘેર, મંદિરે મંદિરે, સંસ્થાએ સંસ્થાએ ફરકાવવા, સમાજને જાગૃત કરવા, સમાજમાં ચેતના ચમકાવવા, સમાજને પ્રગતિને પંથે દોરવા આપશ્રી વિજયી હો! ચિરાયુ હો!

સૂરિપુંગવ! ગૂજરાતની ભૂમિ આપની પાસે અનેક શુભ આશાઓ રાખે છે, રાખવાની અધિકારી છે. તેને નિરાશ કરીને જરૂરી આવશ્યક-જીવતી-જાગતી શિક્ષણ સંસ્થાઓ આપ્યા વિના આપશ્રી પ્યારા પંજાબમાં નહિ જઈ શકો. ગૂજરાતમાં નૂતન યુગનો ચમકતો સૂર્ય જોઈને આપ પંજાબને પંથે ભલે વિચરો-અમર રહો-પરમ ત્યાગી, તેજસ્વી, તપસ્વી શ્રી સંઘના હૃદયનાં સ્નેહભર્યાં સત્કાર ઝીલશો.

અમારા ઉરના ભાવ આપના શ્રી ચરણે અર્પણ કરી અમે ધન્ય ધન્ય થઈએ છીએ.

અમર રહો અમર રહો.

સંઘના ભાવભર્યા સત્કારથી શ્રીયુત પ્રવર્તકશ્રી તથા શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજના દર્શનથી આચાર્યશ્રીનું હૃદય ઉલ્લસિત થઈ ગયું. હર્ષાશ્રુ ભરી પડ્યા. શાંત ભાવે સ્થિર થઈ ગયા અને પ્રવચન કર્યું —

વિ. ૧૯ પ્રવર્તકશ્રી, શાંતમૂર્તિ હંસવિજયજી, આદિ [illegible]
[illegible]

પ્રતાપી જૈન મહારાજા કુમારપાળ જેવા મહાપ્રભાવશાળી પુરુષો થઇ ગયા તે ભૂમિ આજે પણ ગૌરવશાળી છે.

હું તો પંજાબને વરી ચૂક્યો છું. પંજાબ વિના હું નહિ ને મારા વિના પંજાબ નહિ એવો હિસાબ થઇ ગયો છે. ગુરુ મહારાજે મને પંજાબ સંભાળવા આખરી સંદેશ આપ્યો છે. તે હું કેમ ભૂલું, પણ મારી જન્મભૂમિ ગુજરાત પણ હું નથી ભૂલી શકતો.

પાટણના સંઘની ઓટીલી મને પણ ખટકે છે. જે સંઘની હિંદભરમાં હાક હતી તે સંઘમાં કલેશ શોભે? પણ કાળની ગતિ જ વિચિત્ર છે. તેમાં અમારો તમારો દોષ ભેગો છે. આપણે તે માટે શાંત ચિત્તે વિચારીએ ને કાંઇ માર્ગ કાઢીએ.

અહીં તો શ્રધ્ધેય પ્રવર્તકશ્રી વર્ષોથી તમારી સેવા કરી રહ્યા છે. જ્ઞાન-ભંડારના ઉદ્ધારની તેમની તમન્ના જાણીતી છે. પાટણનો શ્રી સંઘ એ મૂંગી તપશ્ચર્યા જાણે છે. સાથે સાથે અવિરત કાર્યશીલ શ્રી ચતુરવિજયજી તથા તેમના વિદ્વાન શિષ્ય શ્રી પુણ્યવિજયજીનાં કાર્યો તો સુપ્રસિદ્ધ છે. આવા મહાત્માઓનો તમે સાચો લાભ કેમ લેતા નથી! બધાને આવો જોગ નથી મળતો. તમારા બધાના કલ્યાણને માટે સંગઠિત બનો અને પાટણની નામના ફરી પાછી સતેજ કરો.

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनं ॥

શ્રીફળની પ્રભાવના થઇ. બધાં સ્ત્રી પુરુષો મહારાજશ્રીના

સુધામય વ્યાખ્યાનથી આનંદિત થતાં થતાં ધન્ય ધન્ય ઉચ્ચારતાં ઘેર ગયાં. પાટણમાં પોળેપોળે, મહોલ્લે મહોલ્લે આચાર્યશ્રીના આગમનથી આનંદ આનંદ છવાઈ રહ્યો.

× × ×

" ગુરુદેવ ! બે યુવકભાઈઓ આપને મળવા આવ્યા છે ! " એક શિષ્યે સમાચાર આપ્યા.

" ખુશીથી ! ઉપર મોકલો. ગોચરી થઈ ચૂકી છે. "

" મથ્થેણ વંદામિ ! " યુવકોએ વંદણા કરી.

" ધર્મલાભ. "

" કેમ ભાગ્યશાળી ? "

" સાહેબ ! આપશ્રીને એક વિનતિ કરવાની છે. "

" જરૂર જરૂર કહો કહો ! સંકોચ શા માટે ? "

" ઘણા ઘણા વર્ષે આપ પાટણ પધાર્યા છો. આપ જેવા પ્રભાવશાળી ગુરુવર્ય પધારે તો અમારા શહેરને કાંઈ લાભ થવો જોઈએ ને ? "

" તમારે કહેવાનો મતલબ શું છે ? "

" ગુરુદેવ ! પૂજ્ય વયોવૃદ્ધ શ્રી [illegible] મહારાજ, શ્રી [illegible] (શ્રી [illegible] મહારાજ) તથા શ્રી [illegible] મહારાજ [illegible] ઉદ્ધાર માટે પોતાની [illegible] [illegible]

[illegible]

"પણ સાહેબ! આપ અમારા શ્રીમંત દાનવીરોને એક હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર માટે ન સમજાવો."

"સાહેબ! જ્ઞાનમંદિર માટે પહેલાં પણ બે ત્રણ વાર પ્રયાસો થયેલા. શ્રીમતી ભીખીબાઈએ તો એક રકમ માટે પણ વચન આપેલું પણ પછી તો કાંઈ થયું જણાતું નથી."

"હા. તે વિષે પ્રવર્તકશ્રી વાત તો કરતા હતા. તમારી ભાવના બહુ જ સ્તુત્ય છે. તમારી વાત મારા દિલમાં પણ ઉતરી છે. પણ હું વિચારમાં હતો કે પાટણ જેવા પ્રાચીન નગરમાં કાંઇક આવશ્યક સ્મરણીય કાર્ય થાય તો સારું."

"તો અમે આજે જ યોજના તૈયાર કરી લાવીએ."

"હા. હા. શુભસ્ય શીઘ્રમ્."

"આવતી કાલથી તો મહોલ્લે મહોલ્લે ઉત્સવો છે ને આપણે તેનો ઉપયોગ કરીશું. ગુરુદેવની કૃપાદૃષ્ટિએ તો તમારી મનોવાઞ્છના પરિપૂર્ણ થશે. તમે નિશ્ચિંત રહો."

"ગુરુદેવ! શ્રીમંતો પણ કેટલાક હાજર છે."

"ભાઈ! મારે તો પહેલાં આમ જનતા–આપણા સર્વ સાધારણ ભાઇ બહેનોને હાથમાં લેવા છે; તેઓની ધર્મશ્રદ્ધા અને ગુરુભક્તિ કોઇથી કમ નથી. જુઓ તો ખરા, શ્રીમંતો તો પછી આવવાના જ."

"સાહેબ! માફ કરશો! આપના આરામમાં અમે વિક્ષેપ કર્યો"

"અરે ભાઈ! અમારે વળી આરામ કેવો! કામ એ જ અમારો આરામ છે. સુખેથી પધારો. યોજના જલદી તૈયાર થાય તેમ કરશો."

x x x

મહોલ્લે મહોલ્લે ઉત્સવો મંડાયા છે. વૃદ્ધ પુરુષો ને શ્રદ્ધાળુ બહેનો, યુવકો ને વિદ્યાર્થીઓ, સ્ત્રીઓ અને પુરુષો બધાં ઉત્સવમાં આનંદભેર ભાગ લઈ રહ્યા છે. પોળે પોળે મંડપો તૈયાર થયા છે. વ્યાખ્યાનો, પૂજાઓ અને રાત્રિજાગરણ, ધર્મચર્ચા અને કથા વાર્તા ચાલે છે. આચાર્યશ્રી જ્યાં જ્યાં પધારે છે ત્યાં ત્યાં જાગૃતિના પૂર આવે છે. આનંદની લહરી ફેલાય છે.

આજે ફોફળીયાવાડાના ચોગાનમાં ભારે ભીડ જામી છે. ઊભા રહેવાની જગ્યા નથી. મંડપ આખો ચીકાર ભરાઈ ગયો છે અપાર શાંતિ પ્રવર્તી રહી છે. આચાર્યપ્રવર અને મોટો શિષ્ય સમુદાય બિરાજ્યો છે. સાધ્વીઓ પણ એક તરફ બે. છે. આદિવાસીના જૈન જૈનેતર ગૃહસ્થો, પાટણના નાગરિકો [illegible]

[illegible]

[illegible]

. ભિક્ષાથી ચમકશો નહિ. તમારા શીરા પૂરી મારે નથી જોઈતા, મારે મહેલો કે મોટરો તો હોય જ નહિ. તમારા માટે, તમારા કલ્યાણ માટે, પાટણના પુનરુદ્ધાર માટે, પાટણના હીરા–મોતી–માણેક જેવા કીંમતી ખજાનાના સંરક્ષણ માટે. સમજી ગયા કે ?

તમારા પ્રાચીન કીંમતીમાં કીંમતી ગ્રંથરત્નો–ગ્રંથભંડારોની તમને કીંમત ઓછી હશે–જગતને તેની ભારે કીંમત છે. તે જગતનું અખૂટ મહામોંઘું દ્રવ્ય છે–અરે કરોડો ખર્ચતાં તેનો એક ગ્રંથ પણ કદાચ ન મળી શકે.

આરાધ્ય પ્રવર્તકશ્રી–ગુરુજીએ તે ગ્રંથભંડારો માટે જીવનનું સમર્પણ કર્યું છે દિવસરાત–ઘડીએ ઘડી તેની પાછળ ખર્ચી છે.

અને દર વર્ષે આંસુ સાથે કીડાવાળાં હજારો શ્લોકો સરસ્વતીમાં મોકલ્યાં છે.

પાટણ માટે–પાટણ જેવી શ્રીમંતોની નગરી માટે–પાટણ જેવા ધર્મપ્રેમી જનો માટે, પાટણ જેવા મંદિરોના નગર માટે, પાટણ જેવા શૂરવીર–સાહસી–પરદેશ ખેડના ગૃહસ્થો માટે એક જ્ઞાનમંદિર શું મોટી વાત છે ?

તમારામાંનો એક એક સજ્જન–એક એક દાનવીર–આવું એક એક જ્ઞાનમંદિર ઊભું કરી શકે.

અને શ્રીમંતો જ શા માટે ? આવા જ્ઞાન–પ્રતિષ્ઠાના પુણ્ય કાર્ય માટે તો મારી ભિક્ષા ઝોળી બધાને માટે ખુલ્લી છે.

શું જવાબ આપો છો! યોજના તૈયાર છે. આ કાર્ય મારે મન મહત્ત્વનું છે. આ વખતે તો એજ કાર્યની સાધના છે—


રૂપીઆવાળા રૂપીઓ આપે, હું તો ઘરેણા પણ કઢાવું, કબાટો આપી શકે તે કબાટો આપે-પુસ્તકો માટે દાબડા આપે. તે દાબડા પણ આપી શકે પણ શક્તિશાળી કોઇ છટકી ન જાય." હર્ષઘેલી સભા ગદ્‌ગદિત થઈ ગઈ અને જાદુ થયું.

એક વીંટી એક બાલિકાએ કાઢી, બંગડીઓ નીકળી, કંઠી નીકળી અને પૈસા નીકળ્યા-રૂપીઆ નીકળ્યા ને નોટો નીકળી. એક બદલે એક ઓરડો લખાવ્યો ને જાણે વરસાદ વરસ્યો.

જૈન શાસનનો જયજયકાર થઈ રહ્યો. વિજયવલ્લભસૂરિજીની જયના પોકારો થયા, મહોત્સવે મહોત્સવે મહોત્સવો થયાં, ફંડ વધતું ગયું.

સભામાં આનંદ છવાઈ રહ્યો. ગુરુવર્યો પ્રસન્ન જણાયા મંગલ કાર્યની મંગલ શરૂઆત થઈ. ત્રિપુટીજનોના મન હર્ષિત થયા. પાટણને આનંદ દેતા આ અનુપમ દ્રવ્ય લેતા ઉતરી આવ્યા—

[illegible]



ભાવનાની સિદ્ધિ

(૧૮)

"ગુરુદેવ ! વરકાણા પધાર્યા વિના તો આપ નહિ જઈ શકો." વિદ્યાલયના બાળકોએ પ્રાર્થના કરી.

"બાળકો ! તમારો પ્રેમ હું સમજી શકું છું. વરકાણા તો તીર્થસ્થાન છે. વળી તમારા ગુરુ આચાર્યશ્રી લલિતવિજયજીએ તેને જ્ઞાન–તીર્થ બનાવ્યું છે. મને આવવાની ઘણી ભાવના છે પણ મારે પંજાબ પહોંચ્યા વિના છૂટકો નથી."

"બાપજી ! આપ પગલાં કરીને ચાલ્યા જજો પણ ક્ષેત્રસ્પર્શના તો થવી જ જોઈએ." વરકાણાના આગેવાનોએ આગ્રહ કર્યો.

"ભાગ્યશાળી ! તમારી વાત સાચી છે. પણ ચારૂપ-મિત્રાણાના સંઘમાંથી પાલણપુર બે દિવસ રહીને કુંભારીઆ તીર્થની યાત્રા કરી મારવાડ આવ્યો છું. હવે પંજાબ જવાની ઉતાવળ છે."

" સાહેબ ભારજા જેવાને પણ આપ કૃપાળુએ લાભ આપ્યો તો અમને નિરાશ કરશો ? "

" વાત તો ખરી પણ ભારજામાં એક વિશેષ કામ હતું. ત્યાં ૧૧ ગામમાં વર્ષોથી કુસંપ હતો. તે માટે પ્રયત્ન કર્યો અને ગુરુદેવની કૃપાથી બધાના ભાવ બદલાઈ ગયા અને આનંદ આનંદ થઈ રહ્યો. ૧૧ ગામના બંધુઓ પરસ્પર પ્રેમની સાંકળથી બંધાયા. ખુશાલીમાં પૂજાઓ અને સાધર્મિક-વાત્સલ્ય થયાં. "

"કૃપાળુ ! ભલે થોડો સમય સ્થિરતા કરશો પણ આપનાં પગલાં તો થવા જ જોઈએ." બીજેવાના સંઘે પ્રાર્થના કરી.

તમારા આગ્રહને માન તો આપવું પડશે. જુઓને કોરીટા, ધનારી, પીંડવાડા, નાણા, ચામુંડેરી વગેરે સ્થળોએ પણ જવું પડ્યું. એક એક દિવસ કરીએ તોપણ દિવસો થઈ જાય છે. "

" કૃપાનાથ ! હવે આપ વહેલા પધારશો "

" [illegible] ૪૦-૫૦ [illegible] આવી ગયા છે તેમને નિરાશ નહિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હવે [illegible] [illegible] [illegible] છે. "

[illegible]

પંજાબ જવાની ઉતાવળ હતી! અહીંથી માલણ, કુંભારીઆ, ભારજા, શેરોડા, ધનારી, પીંડવાડા, નાણા, ચામુંડેરી, ભાડુંન થઈ વિજાપુર, સેવાડી, લુણાવા, લાઠારા, રાણકપુર, સાદડી, બાલી, ખુડાલા થઈ વચન પ્રમાણે વરકાણાજી પધાર્યા.

વરકાણાજીમાં સંસ્થાના પરમ ઉપકારી, પ્રાણદાતા એવા ગુરુદેવનું બેન્ડ આદિથી ભવ્ય સ્વાગત કર્યું. ઉમેદ જૈન બાલાશ્રમના વિદ્યાર્થીઓ તથા કાર્યકર્તાગણ આ પ્રસંગે આપના દર્શનાર્થે આવ્યા હતા. ગુરુદેવે બાળકોને "વિદ્યાર્થી જીવન અને જૈન સમાજનું ઋણ" એ વિષય ઉપર મનનીય પ્રવચન કર્યું. બાળકોને આશીર્વાદ આપ્યા. સંસ્થાના વિભાગોનું નિરીક્ષણ કર્યું. અને બાળકોની દિનચર્યા તથા ધાર્મિક–અભ્યાસક્રમ વગેરે વિષે માહિતી મેળવી. વરકાણામાં ચાતુર્માસ માટે બધાએ અત્યંત આગ્રહભરી વિનતિ કરી પણ પંજાબ જવાની ઉતાવળ હોવાથી વિહાર કરી બીજોવા થઈ સવાર સાંજ વિહાર કરી ઉમેદપુર પધાર્યા.

રસ્તામાં શ્રી સમેતશિખર તીર્થના મુનિમ આપશ્રીના દર્શનાર્થે આવ્યા અને કેટલીક મૂર્તિઓની અંજનશલાકા કરી આપવા પ્રાર્થના કરી. આપશ્રીએ તેમને ફાગણ શુદ ત્રીજના દિવસે પ્રતિમાઓ સહિત ઉમેદપુર આવવા સૂચના કરી.

ઉમેદપુરમાં ફાગણ શુદિ દસમના અંજનશલાકા મહોત્સવ ઉજવવામાં આવ્યો. સમેતશિખરના મુનિમ મૂર્તિઓ સહિત આવી પહોંચ્યા. બીજી પણ કેટલીક જિનપ્રતિમાજીની અંજન-શલાકા ગુરુદેવના કરકમલોથી થઈ. બાલાશ્રમના બાળકોને આશીર્વાદ આપી વિહાર કરી. દરજી પધાર્યા.

" મથ્થેણ્ વંદામિ–ૐ શાંતિ." યોગીરાજ શ્રીમદ્ વિજયશાંતસૂરિજીના પરમભક્ત શ્રી જ્યોર્જે પ્રણામ કર્યા.

" ધર્મલાભ ! ઓહો. યોગીરાજ પાસેથી આવો છો કે ? "

" જી ! યોગીરાજે સુખશાતા પૂછી છે. આપશ્રી મારવાડમાં પધાર્યા છો તે જાણી આપના દર્શનાર્થે આવ્યો છું."

"બહુ આનંદ થયો. તમારી તબીયત કેમ છે ? ગરમી કેવી લાગે છે ? "

"ગુરુવર્ય ! હિંદુસ્તાનની ગરમી અસહ્ય છે પણ હવે તો ટેવાઇ ગયો છુ. વળી યોગીરાજની કૃપાથી સુખશાંતિ છે. "

" યોગીરાજનો શું સંદેશ લાવ્યા છો ? "

" ગુરુવર્ય ! ૐ શાંતિ અને જગત્ કલ્યાણ એ એમનો સંદેશ છે. આપશ્રી મારવાડમાં ચાતુર્માસ કરો તો મારે આપના જૈન દર્શનના જ્ઞાનનો લાભ લેવાની મદદ ભાવના છે. "

" [illegible] ! ધન્ય છે તમારી ભાવના પણ પંજાબ [illegible] મહેરનું [illegible] થવાનું છે તે આવશ્યક કાર્ય [illegible] અનુમાન કરું."

[illegible]

[illegible]

[illegible]

મને જૈન સિદ્ધાંતોમાં ભારે રસ લગાડ્યો અને આજે જગતના ધર્મોમાં જૈન ધર્મના સિદ્ધાંતો અત્યુત્તમ આત્મશાંતિના માર્ગદર્શક છે."

"તમે યોગીરાજના સાનિધ્યમાં સારો વિકાસ સાધી રહ્યા છો. તમારા જેવા યોગીરાજના સંદેશવાહક બને તો જગતને કેટલો બધો લાભ મળે!

"મારી હાર્દિક ભાવના તો એવી છે પણ તે ભાવના ક્યારે ફળે તે જોવાનું છે."

"ધન્ય છે! તમારા આવા ઉચ્ચ મનોરથો જોઈને મને અત્યંત આનંદ થાય છે."

"ગુરુવર્ય! હું વિહારમાં થોડો સમય આપની સાથે રહેવા ઈચ્છું છું. આપના જ્ઞાનદર્શનનો મને લાભ મળશે."

"બહુ આનંદની વાત છે. અમને પણ તમારા દેશ પરદેશના અનુભવો સાંભળવા મળશે."

"હું તો અભ્યાસી છું. ભાષાની મુશ્કેલી રહે છે."

"હા, પણ ભાષા ઠીક ઠીક ગ્રહણ કરી છે."

મી. જ્યોર્જ હરજીથી ઉમેદપુર સુધી સાથે રહી તેઓ પોતાને સ્થાને ગયા. અત્રે શ્રી ગુજરાંવાલાનો શ્રી સંઘ સમેતશિખરથી પાછા આવતાં આપના દર્શનાર્થે આવ્યો.

આપશ્રી ફાગણ શુદિ ૧૩ ના દિવસે ઉમેદપુરથી વિહાર કરી તખતગઢ પધાર્યા. અત્રે પંજાબથી ૪૦ થી ૫૦ ભાઈઓ દર્શનાર્થે આવ્યાં. તખતગઢના શ્રી સંઘે આપને ચાતુર્માસ કરવા માટે આગ્રહભરી વિનંતિ કરી. આચાર્યશ્રી વિજય

લલિતસૂરિજી મહારાજ, શ્રી વિક્રમવિજયજી મહારાજ, પાટ
સાથે આવેલ શ્રી કર્પૂરવિજયજી મહારાજ, શ્રી વસંતવિજય
મહારાજ તેમજ પ્રભાવવિજયજી મહારાજ આદિ પાછા ઉ
પુર પધાર્યા અને આચાર્યશ્રી આદિ અહીંથી વિહાર
પાલી પધાર્યા. અત્રે જાહેર ભાષણો થયાં. અત્રેથી ગ્રામાનુગ
વિચરતાં શેઠ કેશરીચંદજી વડોદરાવાળાની વિનંતિથી મો
પધાર્યા. નગરપ્રવેશ ધામધુમથી થયો. ઉક્ત શેઠશ્રીએ પોતા
પિતા હીરાચંદજી તથા દાદા નવલચંદજીના સ્મરણાર્થે અ
મહોત્સવ, રથયાત્રા, સાધર્મિક વાત્સલ્ય આદિ કાર્યો ક
અત્રે શ્રી ગોડીજી પાર્શ્વનાથજીના દહેરાસરજીના જીર્ણોદ્
માટે ઉપદેશ આપી ટીપ શરૂ કરાવી. અત્રેથી વિહાર
મહાવીર જયંતી ઉપર બ્યાવર પધાર્યા. અત્રે આપશ્રી
અધ્યક્ષતામાં ત્રણે સંપ્રદાયે મળી શ્રી મહાવીર જયંતી ઉત્
સમારોહપૂર્વક ઉજવ્યો. રથયાત્રાનો વરઘોડો બહુ સુંદર
નીકળ્યો. આપશ્રીનુ વ્યાખ્યાન પણ મહત્ત્વશાળી હતું.

" કૃપાનિધાન ! અહીં સુધી પધાર્યા છો તો અમા
[illegible]

[illegible]

[illegible]

"ભાગ્યશાળી! એમ બબ્બે દિવસ કરતાં દિવસો ભાંગી જાય? કોને નારાજ કરૂં?"

"પછી તો કોણ જાણે કયારે દર્શન થશે?"

"વાત સાચી પણ હું પાછો આવવાનો છું. હમણાં ઉતાવળ છે. ગરમીના દિવસો છે, પંથ લાંબો છે–દિલ્હી હજી દૂર છે–અને અંબાલા જતાં તો આ બધા થાકી જશે, પણ જે કાર્ય કરવું તે કરવું. અમારે વળી સુખ દુઃખ શાં?

ધન્ય ધન્ય કહેતા બધા વંદણા કરી આશીર્વાદ મેળવી મંગલિક સાંભળી આચાર્યશ્રીની ઉચ્ચ ભાવના અને કર્તવ્ય-પરાયણતા તેમજ શિક્ષણ માટેની તમન્ના વગેરેની ભૂરિ ભૂરિ પ્રશંસા કરતા ઘેર ગયા.


દિલ્હીમાં લાલા ટીકમચંદજી ઝવેરીની વિધવા ભૂરીબાઈએ નવપદનું ઉઘાપન કર્યું હતું. તેમના આગ્રહને વશ થઈ દિલ્હી રોકાઇ જવું પડયું. શ્રી આત્માનંદ જયંતીનો ઉત્સવ પણ બહુ જ આનંદપૂર્વક થયો.

અહીં વિદ્વાન ત્રિપુટી રત્નો મુનિરાજશ્રી દર્શનવિજયજી, શ્રી જ્ઞાનવિજયજી, શ્રી ન્યાયવિજયજીનો મેળાપ થયો. વાર્તાલાપથી પરિચય વધ્યો. આનંદ થયો.

સવાર સાંજ સતત વિહાર કરી અજમેર, જયપુર, અલવર થઈ દિલ્હી પધાર્યા. વૈશાખ જેઠના મહિના, લાંબા વિહાર, ગોચરી પાણીનું ઠેકાણું નહિ, ગરમી તો એવી કે જમીનમાંથી અગ્નિની જ્વાળાઓ ભભૂકતી લાગે, પુદ્ગલ પગ,

ખુલ્લાં શિર, શરીર પર સર્વ સામગ્રીનો ભાર, નિર્જન-નિર્જળ-નિઃસ્તબ્ધ લાંબા લાંબા રસ્તા, ન મળે વૃક્ષોનાં શીતળ છાંયડા કે ન મળે વિસામા. આવા પ્રદેશોમાં થઈને સમાજ કલ્યાણના ઉચ્ચતમ કાર્યની દ્રષ્ટિએ ચાલી આવતી મહામુનિઓની ટુકડીનું દ્રશ્ય કેવું મનોગમ્ય, કેવું કાર્ય-પરાયણ, કેવું બોધદાયક, કેવું વંદનીય, શ્રધેય અને પવિત્ર લાગે ?

જ્ઞાનપ્રચારનું કેવું અપૂર્વ દ્રષ્ટાંત ?





અપૂર્વ મહોત્સવો

(૧૯)

પંજાબનું કેન્દ્ર સ્થાન અંબાલા શહેર આજે આનંદથી ગાજી રહ્યું હતું. હજાર હજાર માઈલનો સતત લાંબો અને ઉગ્ર વિહાર કરી પંજાબના પ્રાણ આચાર્યશ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી પોતાના પૂજ્ય ગુરુદેવના સ્મારક શ્રી આત્માનંદ જૈન કોલેજના ઉદ્‌ઘાટન પ્રસંગે જ્ઞાનપ્રચારનું અપૂર્વ દૃષ્ટાંત પૂરું પાડવા આવી પહોંચ્યા હતા. તેઓશ્રીના સ્વાગત માટે આખું શહેર અત્યંત ઉત્સુકતાથી તૈયારી કરી રહ્યું હતું.

બચ્ચા બચ્ચામાં આનંદ ઊર્મિ દૃષ્ટિગોચર થતી હતી. પંજાબના ગામે ગામ, શહેરે શહેરથી ભાઈ બહેનોનાં ટોળેટોળાં આ ઉત્સવમાં ભાગ લેવા અને આચાર્યશ્રીના દર્શનાર્થે આવી રહ્યાં હતાં. અંબાલા શહેરની બજારો આજે વિધવિધ સુશોભન અને શણગારથી, દરવાજાઓ અને કમાનોથી, તોરણો અને ધ્વજાઓથી શોભી રહ્યાં હતાં.

એક તરફ આચાર્યશ્રીના સ્વાગતની તૈયારી ચાલતી હતી. બીજી તરફ ઉત્સવના પ્રમુખ માનવર શ્રી શેઠ કસ્તુરભાઈ લાલભાઈ તથા જૈન સમાજના મુંબઈના આગેવાનો શેઠ કાંતિલાલ ઇશ્વરદાસ, શેઠ રતીલાલ વાડીલાલ, શેઠ સકરચંદ મોતીલાલ આદિનું પણ પંજાબી ભાઈઓ સ્વાગત કરવા તૈયાર હતા.

અંબાલા શહેર પંજાબી ભાઇ બહેનોના આગમનથી જ ગામે ગામ અને શહેરે શહેરના સેંકડો ઉત્સાહી ગુરુભક્ત અને નવલોહીયા યુવકો–વિધવિધ ભજન મંડળીઓ, શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ, કાઠીઆવાડ-ગુજરાત-મારવાડ-પંજાબના આગેવાનોથી ધમધમી રહ્યું હતુ. આનંદ ઊર્મિઓની હેલી જામી હતી. ભજનો ને મધુરાં કર્ણપ્રિય ગાનોથી અંબાલાનાં બજારો ને શેરીઓ ગુંજતા કરી રહ્યા હતી

આચાર્યશ્રી વિહાર કરીને બહાર બંગલામાં પધાર્યા. [illegible] આચાર્યશ્રી વિજયવિદ્યાસૂરિજી [illegible] દેવદાસજી આદિ [illegible] ૧૧ [illegible] કરીને [illegible] [illegible]

[illegible]

આદિ દેશ-દેશાંતરોના હજારો માણસો પચરંગી પાઘડીઓથી સુશોભિત થયેલા દેખાતા હતા. ઘણા વર્ષો બાદ ગુરુદેવના પ્યારા પંજાબમાં પુનિત પગલાં કરતાં શ્રી ગુરુવર્યનું સ્વાગત કરવામાં કોને હર્ષ ન થાય ?

આજે સ્ટેશન ઉપર ભારે ભીડ હતી. મેઇલ ટ્રેઇન આવી પહોંચતાં અમદાવાદથી શેઠ કસ્તુરભાઈ લાલભાઈ આદિ ગૃહસ્થો તથા મુંબઈથી શેઠ કાંતિલાલ ઇશ્વરદાસ, શેઠ રતિલાલ વાડીલાલ, શેઠ સકરચંદ મોતીલાલ આદિ પધાર્યા હતા. હાર-તોરા, બેન્ડ આદિથી સ્વાગત કરી ચારે માન્યવર મહેમાનોને હાથી ઉપર બેસારી, એક માઈલ લગભગના લાંબા સરઘસ સાથે શહેરના મુખ્ય મુખ્ય બજારોમાં થઇ આચાર્ય મહારાજશ્રીના દર્શનાર્થે લઇ જવામાં આવ્યા હતા. અંબાલા શ્રી સંઘનું ગૂજરાતના આગેવાનોનું સ્વાગત અપૂર્વ હતું. ઉપરોક્ત ગૃહસ્થો સિવાય શ્રી ગુલાબચંદજી ઢઠ્ઠા, શેઠ શકરાભાઇ લલ્લુભાઇ, શ્રી કાંતિલાલ મગનલાલ, શ્રી મોહનલાલ મગનલાલ, વકીલ મોહનલાલ મુળચંદ, શ્રી પુંજાભાઈ દીપચંદભાઈ, ડા. ચીમનભાઈ, શેઠ સેવંતીલાલ હીરાલાલ બકોરદાસ, શ્રી ફુલચંદ શામજી, વડોદરાથી શ્રી ભાઇચંદભાઈ, શ્રી લાલભાઈ મોતીલાલ, ગીગી હરજીવનદાસ, માંડળથી શ્રી હીરાચંદ શેઠ, ધાંગધ્રા આદિના ભાઇઓ પધાર્યા હતા. પંજાબના નરનારીઓ ગુરુભક્તિનું અદ્ભુત દૃશ્ય ખડું કરી આનંદમગ્ન દેખાતા હતા.

આચાર્યશ્રી તથા મુનિ મંડળનું સ્વાગત પણ એવું જ મનોહર હતું. એક માઇલ જેટલા લાંબા સરઘસમાં આચાર્યશ્રીનો

નગરપ્રવેશ થયો. શહેરની શોભા અનુપમ હતી. હાથી ઉપર ગુરુદેવ આચાર્યશ્રી આત્મારામજી મહારાજના ફોટાને બિરાજમાન કર્યો હતો. વરઘોડામાં ગુજરાનવાલાની ભજન મંડલી, હુશિયારપુર ભજન મંડળી, નારોવાળ ભજન મંડળી, આત્માનંદ જૈન ગુરુકુળની ભજન મંડળી, માલેરકોટલા, લુધિયાના આદિની ભજન મંડળીઓ જગ્યાએ જગ્યાએ ભાવભીના ભજનોથી જનતાને ચકિત કરી રહી હતી. નાના નાના સંગીતકારો સ્ત્રી-પુરુષોના ધન્યવાદ મેળવી રહ્યા હતા. જુદી જુદી સંસ્થાઓના વિદ્યાર્થીઓ વરઘોડાની શોભા વધારી રહ્યા હતા. હિંદુ-મુસલમાન બહેનોએ આખા શહેરને ગજાવી મૂક્યું હતું.

હજારો માણસો બજારે બજારે, ગલીએ ગલીએ, અટારીએ અને અગાશીઓ ઉપર અને છાપરાં ઉપર બેસીને આચાર્યશ્રી મહારાજના દર્શન કરી આનંદ માણી રહ્યા હતા. [illegible]

અંબાલાના વિદ્યાર્થીઓએ 'મેરી ભાવના' નું કર્ણપ્રિય મધુર ભજન ગાયું. શ્રી મહાવીરપ્રસાદજીએ આજના પ્રસંગ પર વ્યાખ્યાન આપી જૈન કૉલેજની આવશ્યકતા બતાવ્યાં, પ્રમુખશ્રી માટે દરખાસ્ત મૂકવામાં આવી. લાલા મંગતરામજીએ વિવેચન કરી અનુમોદન આપ્યું.

ગુજરાંવાલાની ભજન મંડળીએ 'વહાલા વલ્લભ ગુરૂ ઉપકારી' નું ભક્તિ–રસ ટપકતું ભજન ગાઈ સભાને મુગ્ધ કરી દીધી. શેઠશ્રી કસ્તુરભાઈએ હર્ષનાદ વચ્ચે પ્રમુખસ્થાન સ્વીકાર્યું.

શેઠ ફુલચંદ શામજીએ દેશાવરોથી આવેલા અભિનંદન પત્રો અને તારો વાંચી સંભળાવ્યા. કૉલેજના વિદ્યાર્થીઓએ "આજકા દિન હમારે લિયે મુબારક હૈ"–એ સ્વાગત ગીત ગાયું.

બરાબર ૧૧–૪૫ મીનીટે શેઠશ્રી કસ્તુરભાઈએ શ્રી ગુરુદેવનો આશીર્વાદ લઇ ઘણા જ આનંદ અને ઉત્સાહપૂર્વક હજારો જયનાદો વચ્ચે શ્રી આત્માનંદ જૈન કૉલેજની ઉદ્ઘાટન ક્રિયા કરી. તેઓશ્રીએ પ્રસંગોચિત મનનીય વ્યાખ્યાન આપ્યું. જૈન સમાજ, જૈન શિક્ષણ, પંજાબના શ્રી સંઘની એકયતા, પંજાબની ગુરુભક્તિ, આચાર્યશ્રીની જ્ઞાનપ્રચારની તમન્ના તથા જૈન કૉલેજની આવશ્યકતા વગેરે વિવેચન કરી, કૉલેજની દિનપ્રતિદિન ઉન્નતિ થાય તેવી ભાવના પ્રગટ કરી.

"આતમ ગુરુ પ્યારા" નું કૉલેજના વિદ્યાર્થીઓનું ગીત મંડપમાં ગુંજારવ કરી રહ્યું.

આચાર્યશ્રીએ બુલંદ અવાજે પોતાનો આત્માનો આનંદ

વ્યક્ત કરતાં જણાવ્યું કે પંજાબની પુણ્યભૂમિમાં ગુરુદેવના આ સ્મારકની વર્ષોથી હું ઝંખના કરી રહ્યો હતો. પંજાબ જૈન ગુરુકુળ પછી જૈન સંસ્કૃતિ–જૈન તત્ત્વજ્ઞાન, જૈન ઇતિહાસ અને જૈન સાહિત્યના અભ્યાસીઓ તૈયાર કરવા અને સમૃદ્ધિ–કીર્તિ અને કાર્યશીલતા ધરાવતી જૈન સમાજ એકાદ જૈન કૉલેજની સ્થાપના કરે તે અત્યંત આવશ્યક છે. તે મંગળભાવના આજે સિદ્ધ થયેલ જોઈ આજની મારી ઊર્મિઓ હર્ષથી ઉછળે છે. પંજાબી ભાઈઓની ગુરુભક્તિ તો અનુપમ છે ગૂજરાત–મુંબઈ અને મારવાડ જેવી ધનસંપન્ન ભૂમિ હોવા છતાં તેમની કાર્ય–શક્તિ, સંગઠનશક્તિ અને ધર્મપ્રેમ ધન્યવાદને પાત્ર છે. જો કે આ એક મહાપાઠશાળાની શરૂઆત કરી પંજાબે મોટો હાથી બાંધ્યો છે. હાથીને તો ઊંચા ઓવારા જોઈએ. પંજાબ પાસે પૈસા નથી–આજનું ફંડ તો થોડું જ છે. [illegible] સંવાદ છે કે આ કૉલેજ માટે અંબાલા શ્રી સંઘ રૂ. ૫૦૦૦૦) આપે, પચાસ હજાર પંજાબ શ્રી સંઘ આપે, અને પચાસ હજાર મુંબઈના દાનવીરો આપે તો [illegible]
[illegible]
[illegible]
[illegible]

આપવાનું 'માનપત્ર' વાંચી સંભળાવ્યું. ચાંદીના કાસ્કેટમાં મૂકી પંજાબ શ્રી સંઘ તરફથી શેઠશ્રીને સમર્પણ કરવામાં આવ્યું,

× × ×

સાંજના પાંચ વાગે દાનવીર શેઠ કસ્તુરભાઇના પ્રમુખસ્થાને કાર્યારંભ થયો. હુશિયારપુરની ભજન મંડળીએ ગુરુસ્તુતિનું ભજન સંભળાવ્યું. પ્રો. શ્રી વિમલદાસજીએ મંગલાચરણ કર્યું. શ્રી ઠક્કુરજીએ દેશાવરોના સંદેશાઓ વાંચી સંભળાવ્યાં.

આત્માનંદ જૈન સ્કૂલ-લુધિયાનાના એક મુસલમાન વિદ્યાર્થીએ છટાદાર રીતે બોલતાં જણાવ્યું કે, હું મુસલમાન છું પણ જૈન સ્કૂલનો વિદ્યાર્થી છું. મારા ઉપર જૈન ધર્મની સારામાં સારી છાપ પડી છે. "અહિંસા પરમો ધર્મ" સૌ કોઈને મંજુર હોવું જોઇએ. જૈન ધર્મ વિશ્વધર્મ છે. માંસભક્ષણ કરવું એ કોઈપણ શાસ્ત્રનું ફરમાન નથી. તેમણે કુરાને શરીફ આદિના ઘણા દાખલાઓ આપી માંસભક્ષણનો નિષેધ પુરવાર કર્યો. તેણે આનંદપૂર્વક જણાવ્યું કે-મેં પોતે માંસભક્ષણનો ત્યાગ કરેલ છે, તેમજ મારા માતાપિતા આદિએ પણ તે બંધ કરેલ છે.

આ મુસલમાન બાળકની મીઠી ઝબાન તથા આવા સુંદર વિચારો તથા જૈન ધર્મની અને જૈન સંસ્કારની કેવી ઊંડી છાપ પડી છે તે જોઈ સભાજનો આશ્ચર્યચકિત થઈ ગયા.

લાલા ટેકચંદજીએ જણાવ્યું કે આપણા પરમ પુણ્યોદયથી જૈન શાસનમાં આવા પરમપવિત્ર બાળબ્રહ્મચારી, ત્યાગી, વૈરાગી, મહાપ્રભાવશાળી મહાત્મા બિરાજમાન છે. આજે જે

કાંઈ અપૂર્વ દૃશ્ય આપણે જોઈ રહ્યા છીએ તે આ મહાત્માને આભારી છે.

શ્રી ઢઢ્ઢા સાહેબે બોલતાં જણાવ્યું કે–સ્વર્ગવાસી ગુરુદેવના અધૂરાં રહેલાં કાર્યો પૂરાં કરવા માટે હમારા વલ્લભ-વલ્લભ કાયમ રહે. ગુરુનો વલ્લભ તે અમારો વલ્લભ છે. પ્રમુખશ્રી કસ્તુરભાઈએ ગુજરાત જેટલા દૂરના પ્રદેશમાંથી અનેક રોકાણો હોવા છતાં પંજાબી ભાઈઓની વિનંતિને માન્ય કરી આ ઉત્સવમાં પધારી કસ્તુરીની સુગંધ ફેલાવી છે. આચાર્યશ્રીએ પંજાબના શ્રી સંઘને જે સંદેશ આપ્યો છે અને ફંડ માટે જે પ્રેરણા કરી છે તે કાર્ય બધાએ મળીને પાર પાડવું જોઈએ. જૈન સમાજ માટે તો તે સરળ કામ છે. બહેનો ભાઈઓ પણ યથાશક્તિ દાન આપી પોતાના પુત્રોનું પોષણ કરશે. મને અત્યંત આનંદ થાય છે કે પંજાબના હજારો ભાઈબહેનો આ પ્રસંગે આપને ગુરુદેવનું સુંદર સ્વાગત કરી રહ્યા છે

કેવું છે પંજાબનું સંગઠન, પંજાબની ગુરુભક્તિ અને ધર્મભાવના. ધન પ્રેમ- ધર્મપ્રેમ!

[illegible] ગુરુકુળ અને [illegible] વિદ્યાર્થીઓને [illegible]
[illegible]

કરાવ્યો. લાલા નેમચંદ બી. એ. એ અભિનંદન પત્ર વાંચી સંભળાવ્યું અને ચાંદીના કાસ્કેટમાં મૂકી સમર્પણ કરવામાં આવ્યું. લુધીયાના સ્કૂલના વિદ્યાર્થીઓએ વ્યાયામના સુંદર પ્રયોગો કરી બતાવ્યા. શ્રી ફુલચંદ શામજીએ દેશાવરોથી આવેલા સંદેશા વાંચી સંભળાવ્યા. માલેરકોટલાની ભજન મંડળીએ ભજન ગાયું.

પં. વિમલદાસજી ન્યાયતીર્થે તથા શ્રીમતી લેખવતીએ જ્ઞાનની પુષ્ટિ પર તેમજ પુસ્તકાલયની ખાસ આવશ્યકતા ઉપર ભાર મૂકી બહેનોને સંબોધી જણાવ્યું કે ચિત્તાકર્ષક વસ્ત્રો પહેરવાથી કે અલંકારોથી શરીરને શોભાવવામાં તમારી શોભા નથી. તમારી શોભા છે જ્ઞાનપ્રાપ્તિમાં. તમારે પણ જ્ઞાન પ્રચારના કાર્યોમાં ફાળો આપવો જોઈએ. શ્રી પૃથ્વીરાજ જૈન બી. એ.એ જણાવ્યું કે વિદ્યા વિના મનુષ્ય પશુ સમાન છે. પુસ્તકાલય એ જ્ઞાન-પ્રચાર માટે જીવનનું દર્શન કરાવનાર સાચા મંદિરો છે.

પંચકુલા સ્થાનકવાસી જૈનેંદ્ર ગુરુકુળના વિદ્યાર્થીઓએ ભજનો ગાઈ સભાને મુગ્ધ કરી હતી.

શેઠ કાંતિલાલ ઈશ્વરદાસે કોલેજ લાઈબ્રેરીની ઉદ્ઘાટન ક્રિયા હર્ષનાદ વચ્ચે કરી હતી.

શેઠ સેવંતિલાલ હીરાલાલ બડોરદાસે પૂજ્યપાદ આત્મારામજી મહારાજની છબીની અને લાલા નંદરામ તીર્થરામે આચાર્ય મહારાજશ્રીની છબીની ઉદ્ઘાટન ક્રિયા કરી હતી.

પ્રમુખશ્રી શેઠ કાંતિલાલ ઇશ્વરદાસે ગુજરાતી ભાષામાં

જણાવ્યું કે હું માતૃભાષામાં બોલું છું તો માફ કરશે હું પંજાબ સુધી દૂર દેશમાં આપશ્રી સંઘના અને ગુરુવર્યના દર્શન કરવા ભાગ્યશાળી થયો તે આપ સૌની કૃપા આભારી છે.

કૉલેજના વિદ્યાર્થીઓને મારી વિનંતિ છે કે તમે ભર્ ગણીને ચારિત્રવાન થજો. ડીગ્રી ઓછી મળે તેની ચિંતા કરશો પણ સદાચારી અને નિર્ભય બનજો. લાઈબ્રેરીમાં ધાર્મિ પુસ્તકોનો પણ સંગ્રહ રાખશો અને તેનું વાંચન-મનન કરશો ભગવાન મહાવીરના ઝંડા નીચે સૌ હળીમળીને ચાલશો તે જૈન સમાજનો ઉદ્યોત થશે. શ્રી હરૂ સાહેબે તે વ્યાખ્યાનને હિન્દી અનુવાદ કરી સંભળાવ્યો હતો.

આચાર્યશ્રીએ બુલંદ અવાજે પ્રવચન શરૂ કર્યું અને સૌ શ્રોતૃવૃંદો નીચે શાંતિપૂર્વક બેસી ગયા. આજે મને મ[illegible] [illegible] [illegible]નું જન્મસ્થાન રાધનપુર શહેર અને [illegible] યાદ આવે છે અને [illegible]

[illegible]

ગૂજરાતના શ્રીમંતો ! આ ગુરુદેવની પુણ્યભૂમિ પંજાબ અને પંજાબી ભાઈબહેનોની ગુરુભક્તિ તમે જોયાં ને ? પંજાબનું વાતાવરણ કેવું પ્રાણદાયક છે ? પંજાબના બચ્ચા બચ્ચાના હૃદયમાં દેવ-ગુરુ-ધર્મ કોતરેલાં છે. દરેક પંજાબીના હૃદયમાં આત્મારામજી મહારાજ વસેલા છે. જ્યાં સુધી સર્વે એક જ ગુરુની છત્રછાયામાં છે ત્યાં સુધી પંજાબની એકતા-સંગઠન, ગુરુપ્રેમ અને સુખશાંતિ વૃદ્ધિ પામશેજ. સમય તો થયો છે પણ ઉત્સવના કાર્યોમાં એમ જ બને. એ ઉત્સાહ અને આનંદની ઘડીઓ પછી ક્યાં મળવાની છે ?

શિક્ષણપ્રચાર અને જ્ઞાનપ્રચારના કાર્યમાં બહેનોનો પણ હિસ્સો હોવો જોઇએ. શ્રી લેખવતી બહેને સ્ત્રીઓના કાર્યનું જે માર્ગદર્શન કરાવ્યું છે તે બહેનોએ મનન કરવા જેવું છે. શેઠ કાન્તિલાલભાઈએ જે લાઇબ્રેરી-જ્ઞાનમંદિરનું ઉદ્ઘાટન કર્યું, તે આપણા ભવિષ્યના નવયુવકો અને સાચા જૈનોને પોતાના જીવન ઉજ્વળ બનાવવા ઉપયોગી થઇ પડશે તો આજનો આપણા બધાનો પરિશ્રમ સફળ થયો ગણાશે.

એક વાત પંજાબના શ્રી સંઘ સમક્ષ મૂકું છું. લાઇબ્રેરીનું ઉદ્ઘાટન તો થયું પણ તેને માટે સ્વતંત્ર મકાન જોઇશે ને ? તે માટે શું કરવું ? આપણા આજના પ્રમુખ શ્રી કાંતિલાલભાઇની ભાવના છે કે લાઇબ્રેરી સાથે તેમના ધર્મપત્નીનું નામ જોડી શ્રી શકુન્તલા કાંતિલાલ જૈન લાઇબ્રેરી નામ રાખવામા આવે તો તેઓશ્રી રૂા. ૫૦૦૦ આપવા ઇચ્છે છે. સૌ સંઘે એક અવાજે એ વાત વધાવી લીધી. આ પ્રસંગે

વિજયવલ્લભસૂરીશ્વરજીને તથા અંબાલા શ્રી સંઘને ઘટે છે. પ્રીન્સીપાલ, પ્રોફેસરો કે સુપ્રિન્ટેન્ડન્ટ બધા સેવાભાવી, વિદ્યાર્થીઓના વિકાસમાં રસ લેનારા અને નિષ્ણાત હોવા જોઈએ. આપણા સ્વર્ગવાસી ગુરુદેવની સરસ્વતી મંદિરની ભાવના આજે આપણે પૂરી કરી છે. આ કોલેજ દ્વારા જૈન જગતમાં જૈન ધર્મનો વિજય વાવટો ફરકશે.

પ્રમુખશ્રીએ હોસ્ટેલ સાથે વ્યાયામશાળાની આવશ્યકતા માટે સૂચના કરી હતી. તથા પંજાબ શ્રી સંઘ તથા આચાર્યશ્રીને આ મહાન કાર્ય માટે ધન્યવાદ આપ્યા હતા. તેમણે રૂા. ૧૦૦૦) જાહેર કર્યા હતા.

સભા બરખાસ્ત થયા પછી રથયાત્રાનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. ભજન મંડળીઓના ભજનો જનતાને અત્યંત આકર્ષક બની રહ્યાં હતાં.

× × ×

આજે આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજને દીક્ષા લીધાને પચાસ વર્ષ પૂરાં થઈ ગયેલાં હોવાથી શ્રી વલ્લભ દીક્ષાર્ધ શતાબ્દિ મહોત્સવ ઉજવવાનો પવિત્ર દિવસ હોવાથી આજનો દિવસ પંજાબમાં તહેવાર તરીકે ઉજવાયો હતો. અંબાલામાં પધારેલા હજારો સ્રીપુરૂષો તેમજ સ્થાનિક જૈન જૈનેતર બંધુઓ ઘણા જ ઉત્સાહ અને ઉમંગથી વલ્લભ દીક્ષાર્ધ શતાબ્દિ ઉજવવા માટે મંડપ ભણી આવી રહ્યાં હતાં. સમય થતાં મંડપ માનવસાગરથી ઉભરાઈ ગયો હતો. ભજન મંડળીવાળાઓ પોતપોતાના સ્થાનકે ગોઠવાઈ ગયા હતા.

વિવેચન કરતાં જણાવ્યું કે આજનો દિવસ સુવર્ણાક્ષરે લખાશે. આજનો દિવસ એ છે કે જે દિવસે આપણી ઉન્નતિ માટે ...ાન પ્રયાસ કરનાર ગુરુદેવની આપણે દીર્ઘાયુ શતાબ્દિ ...જવીએ છીએ.

આપણે સર્વ મહાવીરના સંતાનો છીએ. ગુરુદેવે મહાવીરનો સંદેશો આપણને સંભળાવવા માટે પોતાનું જીવન અર્પણ કર્યું છે. મહાવીર ભગવાનનો સંદેશો એ સાચું જ્ઞાન ..., એ જ્ઞાનદ્વારા આપણને સાચા શાહ બનાવવા માટે આપણે સર્વ જૈનો તેમના જન્મોત્સવ ઊજવીએ છીએ.

અંબાલા જૈન કૉલેજ તથા બીજી સંસ્થાઓ જે ગુરુદેવના ...તાપે હસ્તીમાં આવી છે એ જૈનો માટે ગૌરવનો વિષય છે ...સહુ એ મળી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીએ કે ગુરુદેવને સમાજ અને ધર્મની સેવા માટે દીર્ઘાયુષી કરે.

પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીને અભિનંદન જૈન મહ... [illegible]

[illegible]

અનેક પ્રકારના પરિસહોને વેઠી ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજના અધૂરા કાર્યને સંપૂર્ણ કરવામાં સંગીન ફાળો આપ્યો છે. સ્થળે સ્થળે જ્ઞાનસત્રો ઊભા કર્યાં છે. ચાલુ સમયની એક અનિવાર્ય જરૂરીઆતને પહોંચી વળવા કટિબદ્ધ થઇ વિદ્યાલયો, આશ્રમો, બોર્ડીંગો આદિ સ્થાપ્યાં છે. એ માટે આકરાં વિહાર કર્યા છે એવા ઉપકારી સંતના દીક્ષાપર્યાયને ૫૦ વર્ષ પૂરાં થયાં છે. એ આપણે માટે આનંદનો પ્રસંગ છે. આપણે એ ઉજવી એવી અભિલાષા વ્યકત કરીએ કે આ મહાત્મા આપણી વચ્ચે લાંબું જીવે અને સમાજ–ધર્મોન્નતિના વધુ અને વધુ કામો કરે.

છેવટે આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજીએ વિવેચન કરતાં જણાવ્યું કે તમોએ જય પોકારી એથી શું?

આપણે તો ગુરુદેવનું અધૂરું કાર્ય પૂર્ણ કરવાનું છે. તમો વાણીઆ છો. તમારી વણિક બુદ્ધિ ચલાવી મને આ માનપત્ર (અભિનંદન પત્ર) આપો છો પણ રખે ભૂલતા કે તમે મને એમ ફોસલાવી નહિ શકો. હું તમારા વાણિયાઓનો ગુરુ છું, આપણે તો હજી આ કાર્ય પૂરું કરવાનું છે. કોઇ પણ કાર્ય જ્ઞાનપૂર્વક થવું જોઇએ. એથી આ માનપત્રનો હું અત્યારે અધિકારી નથી. એ માનપત્ર તો હાલ પંજાબ સંઘ પાસે રહેશે અને મારી શરત પૂર્ણ થયા પછી હું તે લઇશ. મારી શરત એ છે કે કોલેજ માટે અંબાલા થી સંઘ ૫૦૦૦૦, પંજાબ થી સંઘ ૫૦૦૦૦, અને મુંબઇના ગોઠીયાઓ ૫૦૦૦૦ મળી દોઢ લાખ રૂપીયા ભેગા કરવાના છે. પણ એમાં અંબાલા અને પંજાબે પહેલ કરવી પછી મુંબઇ આપશે. પાંચ

…ાઠની કાર્યવાહી પછી જયનાદો સાથે સભા વિસર્જન કર્ય…
…ી. કોલેજ માટે કેટલીક રકમો લખાવવામાં આવી હતી.

સભા વિસર્જન થયા પછી એકાએક વંટોળીઓ આવ્યા.…
…ને મેઘરાજાની પધરામણી થવાથી સાંજની સભા મોડે…
…લેજના મુખ્ય હોલમાં રાખવામાં આવેલ હતી.

પ્રમુખસ્થાને શેઠ સકરચંદ મોતીલાલ જ બિરાજ્યા હતા…
…દાનથી આવેલા સંદેશાઓ સંભળાવ્યા પછી આચાર્ય…
…જનવિદ્યાનુરાગી, મુનિ વિદ્યાવિજય આદિના ભાષણો થ…
…ને ભજનો ગવાયા.

…ત્રણે દિવસના કાર્યો શાંતિપૂર્વક અને નિર્વિઘ્નપણે સમા…
…. [illegible] હર્ષ વ્યક્ત કરી સભા વિસર્જન કરવામાં આ…


[illegible] કાર્યક્રમ [illegible]
[illegible] હતો. [illegible]
[illegible] કોલેજ [illegible]
[illegible]
[illegible] હતો.

સાંજે લગભગ છ વાગે આચાર્યમહારાજ શ્રીમદ્ વિજય-વલ્લભસૂરીશ્વરજી, શ્રી વિજયવિદ્યાસૂરિજી તથા પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી મહારાજ આદિ ઘણી જ ધામધુમથી હજારો નરનારીઓના સમૂહ સાથે શહેરમાં પધાર્યા હતા. આ મહાન ઉત્સવ આ રીતે આનંદપૂર્વક પૂરો થયો હતો.

મુંબઈ, વડોદરા, અમદાવાદ, પાટણ, ખંભાત, બારસી-ટાઉન, સાદડી, પાલી, ખુડાલા, ઉમેદપુર, માંડોલી, આદિ અનેક સ્થળોએ પણ વલ્લભ-દીક્ષાર્ધ-શતાબ્દિ ઉજવવામાં આવી હતી.

કોલેજ ફંડમાં લગભગ રૂા. ૨૦૦૦૦ વીશ હજાર લખાયા હતા.

ચાતુર્માસ માટે અંબાલા સંઘની પ્રેમભરી વિનતિને માન આપી અંબાલામાં ચાતુર્માસ કરવાનું નક્કી થયું. ચાતુર્માસ દરમ્યાન તપશ્ચર્યાદિ ધાર્મિક કાર્યો ઘણાં થયાં. કોલેજ માટે ફંડ પણ થયું. જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિ, ગુરુવર્ય આત્મા-રામજી મહારાજ તથા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના જયંતી ઉત્સવો થયા. વિવિધ વિષયો પર વિદ્વાનોના વ્યાખ્યાનો થયાં. આપશ્રીના સદુપદેશામૃતનું પાન કરી ઘણા મુસલમાન ભાઈઓએ માંસ-મદિરાનો ત્યાગ કર્યો. શ્રી જ્ઞાન પંચમીની જાહેર સભામાં બ્રહ્મચારી શ્રી શંકરદાસજીએ પોતાની મિલ્કત શુભ માર્ગે ખર્ચવાનો નિર્ણય જાહેર કર્યો. સાધ્વીજી લલિતા-શ્રીની વડી દીક્ષા થઈ. પ્રવર્તકણી સાધ્વીશ્રી દેવશ્રીજી આદિ ઠા. ૧૧ નું ચાતુર્માસ પણ અહીં જ થયું હતું. આ રીતે આચાર્યશ્રીનું ૧૯૯૪ નું ચાતુર્માસ અંબાલામાં પૂર્ણ થયું.



બે પ્રતિષ્ઠા મહોત્સવો

(૨૦)

“ગુરુદેવ ! આજના વ્યાખ્યાનમાં ઘણું નવું જાણવાનું મળ્યું છે. અમને તો આપની વાણીનો આ પહેલો જ લહાવો. આપ થોડા દિવસ રહી જાઓ તો મારે આનંદ.” [illegible] શ્રાવકોના [illegible] ભાઈઓએ આગ્રહ કર્યો.

“તમારી વાત તો સાચી ! પણ [illegible] પ્રતિષ્ઠા-ઉત્સવ છે. ત્યાંના ભાઈઓ [illegible] આગ્રહ [illegible] કે [illegible] પણ [illegible] જવા વચન આપ્યું છે.” [illegible]

ત્હેવારની તૈયારી ચાલતી હતી ત્યાં પહોંચ્યા.

પ્રતિષ્ઠા વખતે કેમ ન આવી

ઘણી ભાવના હતી પણ મંદિરનું . પ્રતિષ્ઠા પહેલાં તે સંપૂર્ણ થઈ કયા.'

કે ફેરવ્યું છે?'

પેલું મુહૂર્ત જ રાખ્યું છે. અને વા આપને વિનતિ કરવા અમારૂં

છે. આસપાસના ભાઇઓની વિનતિ આવી જઈશું.'

માટે ઘણી તૈયારી કરવાની બાકી છે. અજાણ છીએ. આપશ્રીના માર્ગ-

જી તે બાબતમાં બધી ઘણી બાબતોથી ના ખ્યાલ રહેશે.'

ગામમાં અનેરો ...લક્ષ નજર ...ની ભજનમંડ

[illegible]
આખું
બાળુ[illegible]
અ[illegible]
પંન્ય[illegible]
શિષ્ય[illegible]
ગામમાં [illegible]
માર્ગદ[illegible]
પણ

પાંચ દિવસ સુધી આચાર્યશ્રીના વ્યાખ્યાનો મંડપમાં ભિન્ન ભિન્ન વિષયો પર થતા હતા.

બહારગામની ભજન મંડળીઓના ભજનોની ધૂમ મચી રહેતી. રાત્રિના પંડિત હંસરાજજી શાસ્ત્રીના વ્યાખ્યાનો થતાં. સેંકડો માણસોની મેદની જામતી.

નોમના દિવસે રથયાત્રાનો વરઘોડો નીકળ્યો. રથયાત્રાની શોભા અપૂર્વ હતી. હુશિયારપુર, અંબાલા, થી આત્માનંદ જૈન ગુરુકુળ તેમજ દિગંબર, સ્થાનકવાસી અને સનાતન આદિ ભજનમંડળીઓએ શહેરમાં નગરકીર્તનથી ભારે રંગ જમાવ્યું હતું. અંબાલાથી આવેલ બે [illegible] [illegible] રથમાં પ્રભુ પ્રતિમાજી બિરાજમાન હતા. આસપાસનાં ગામોના હજારો લોકો રથયાત્રા જોવા ઉમટી પડ્યા હતા.

[illegible] મહેમાનોની [illegible] [illegible] પૂર્વક [illegible] [illegible] હતું.

'મથ્થેણ વંદામિ' વિહારની તૈયારી ચાલતી હતી ત્યાં બરોતના આગેવાનો આવી પહોંચ્યા.

'ધર્મલાભ!' લાલાજી પ્રતિષ્ઠા વખતે કેમ ન આવી શકયા?

'સાહેબ! આવવાની તો ઘણી ભાવના હતી પણ મંદિરનું થોડું ઘણું કામ અપૂર્ણ હતું. પ્રતિષ્ઠા પહેલાં તે સંપૂર્ણ થઈ જાય તે દૃષ્ટિએ ન નીકળી શકયા.'

'મુહૂર્ત, એ જ રાખ્યું કે ફેરવ્યું છે?'

'બાપજી! આપનું આપેલું મુહૂર્ત જ રાખ્યું છે. અને તે ઉપર વહેલાસર પધારવા આપને વિનતિ કરવા અમારૂં પ્રતિનિધિમંડળ આવ્યું છે.'

'હજી તો બે મહિના છે આસપાસના ભાઇઓની વિનતિ છે. ફરતા ફરતા સમયસર આવી જઈશું.'

'કૃપાળુ! પ્રતિષ્ઠા માટે ઘણી તૈયારી કરવાની બાકી છે. અમે તે બાબતમાં હજી અજાણ છીએ. આપશ્રીના માર્ગ-દર્શનની જરૂર ઘણી રહેશે.'

'બીનોલીના બાબુ શ્રીચંદજી તે બાબતમાં બધી રીતે અનુભવી છે. તમે પણ હવે તો ઘણી બાબતોથી જાણીતા થયા છો, છતાં જરા વહેલાસર આવવા ખ્યાલ રહેશે.'

'દયાસિંધુ! આ પ્રસંગ અમારા ગામમાં અનેરો ગણાય. અમારી ભાવના શહેર બહાર આત્મવલ્લભ નગરની રચના કરવાની છે. ઉપરાંત પંજાબભરની ભજનમંડળીઓને પણ આમંત્રણ મોકલવા છે.'

'દિગમ્બર ભાઈઓનો પણ સાથ સારો હશે.'

'અમારા ગામમાં તો ત્રણે ફિરકામાં ઘણો સારો સંપ બધા ભાઈઓ આ ઉત્સવમાં ભાગ લેવાના છે. મ્યુનીસીપાલિટીના પ્રમુખ તથા બીજા સભ્યો પણ અમારી કમીટીમાં સામેલ થયા છે.'

'તો તો આનંદની વાત છે જૈન સમાજમાં આ ત્રણે ફિરકાનું સંગઠન સાધવામાં આવે તો કેટલી ઉન્નતિ જાગૃતિ થાય?'

'સાહેબ! આજ્ઞા આપો. આપશ્રી વરકાણાથી પધારો અમે બધી તૈયારી કરીએ છીએ.'

'જહા સુખમ્!'

ઘાસીરામજી, પં. મનોહરલાલજી, લાલા રઘુવીરસિંહ વકીલ, લાલા મુકુન્દરાયજી, લાલા ફકીરચંદજી પટવારી, લાલા અત્તરસેનજી રહીસ, લાલા વિશ્વંભરજી, લાલા માંગીલાલજી, લાલા મિત્રસેનજી, લાલા ન્યામત મોતીજી સાહેબ, લાલા શ્રીરામ રહીસ ક્ષત્રી, લાલા કામતાપ્રસાદજી, લાલા બાબુલાલજી આદિ તમામ કોમના આગેવાનોની હાજરી ધ્યાન ખેંચનારી હતી. બીનોલીથી બાબુ કીર્તિપ્રસાદજી, તથા લાલા જુગમંદરજી તેમજ ખીંવાઈ, મલકપુર આદિના ઘણા સંભાવિત ગૃહસ્થો ખાસ આ સ્વાગતમાં ભાગ લેવા પધાર્યા હતા.

આચાર્ય મહારાજના દર્શનને માટે બડૌતના તમામ નરનારીઓની ભીડ જામી પડી હતી. ભજન મંડલીઓના ભજનોએ જનતાને રસબોળ કરી દીધી હતી.

આચાર્યશ્રીએ ઉપાશ્રયે પધારી માંગલિક સંભળાવ્યું, બાબુ કીર્તિપ્રસાદજીએ સૌ રહીસો, આગેવાનો તથા સ્વાગતમાં પધારેલા ભાઈઓનો આભાર માન્યો. પ્રતિષ્ઠાને માટે ધમધોકાર તૈયારીઓ ચાલવા લાગી. નગરના સંભાવિત ગૃહસ્થો પ્રતિષ્ઠાના કાર્યમાં ગૂંથાઈ ગયા.

આ ઉત્સવ પ્રસંગે યુ. પીમાં જૈન ધર્મનો મહાન પ્રચાર થયો. બે હજાર જેટલા અગ્રવાલોને શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બનાવનાર મુનિ મહારાજશ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટી મુનિરાજો પણ સમયસર પધાર્યા હતા. ઉપરાંત પ્રસિદ્ધ સાધ્વીશ્રી ચિત્તશ્રીજી આદિ પણ આવી ગયાં હતાં.

શરૂઆતમાં મુસલમાનોએ મસજીદ પાસેથી વરઘોડો ન

નીકળવા દેવા વિષે પ્રયત્ન કર્યો હતો પણ આચાર્યશ્રીના પ્રયત્નથી અને શાસનદેવની કૃપાથી શાંતિપૂર્વક સમાધાન થઈ ગયું હતું.

શહેર બહાર આત્મવલ્લભ નગરની રચના સુંદર રીતે કરવામાં આવી હતી. ભવ્ય મંડપની પણ વ્યવસ્થા હતી.

આ પ્રસંગે અંબાલાનો ચાંદીનો રથ, હસ્તિનાપુરનો [illegible] રથ, બીનોલી તથા દિલ્હીની ચાંદીની પાલખીઓ, [illegible] સમવસરણ, મેરુના તથા મેરઠના સિંહાસનો આદિ [illegible] આવ્યા હતા.

ત્રીજને દિવસે ભવ્ય જલૂસ નીકળ્યું. આ [illegible] [illegible], [illegible], [illegible] તમામ [illegible] [illegible] આગેવાન સ્ત્રીઓ, હિંદુ, મુસલમાન, [illegible] [illegible] [illegible] [illegible] તથા [illegible] [illegible] [illegible] હતા.

આત્મવલ્લભ નગર પહોંચ્યું ત્યાં હજારો માણસોની મેદની જમી હતી.

આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યુ. મુનિરાજશ્રી ન્યાયવિજયજીએ ભગવાન મહાવીરસ્વામીની અહિંસા, સમભાવ તથા પ્રભુભક્તિ ઉપર અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું.

રાત્રે પંડિતોના વ્યાખ્યાન ઉપરાંત ઉમેદપુરની સંગીત મંડળીએ આકર્ષક નૃત્યો તથા ભજનોથી સભાને મુગ્ધ કરી હતી.

મુનિરાજશ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટીના ઉપદેશથી નવા જૈનો આ પ્રસંગે ઘણી મોટી સંખ્યામાં આવ્યાં હતાં. તેમની ભક્તિ, ધર્મભાવના પ્રશંસનીય હતી. આ સિવાય દિલ્હી, અંબાલા, બીનોલી, અમૃતસર, સાઢૌરા, ભરતપુર આદિ ગામોથી શ્રાવક–શ્રાવિકાઓનો મોટો સમૂહ હતો. હજારો ભાઈબહેનો બડોતના આંગણે આવ્યાં હતાં.

ચોથને દિવસે સવારે દિક્પાળપૂજન આદિ ક્રિયાઓ થઈ હતી. બપોરના આત્મવલ્લભ ન [illegible] સભા થઈ હતી. શ્રી જવાહરલાલજીનું મૂર્તિપૂજન [illegible] થયા પછી ઉમેદપુરની સંગીત મંડળીએ [illegible] ગાયાં હતાં. શ્રીમતી દ્રૌપદી દેવીએ [illegible] ભગવાન મહાવીરસ્વામીએ અહિંસાનો [illegible] આપ્યો છે તે અહિંસા ધર્મનું રહસ્ય [illegible]

મુનિરાજ શ્રી ન્યાયવિજયજીએ [illegible] ખરી મુક્તિ છે અને આત્મા પર [illegible]

ન્યાયના દેવા વિષે પ્રયત્ન કર્યો હતો પણ આચાર્યશ્રીના પ્રયત્નથી અને શાસનદેવની કૃપાથી શાંતિપૂર્વક સમાધાન થઈ ગયું હતું.

શહેર બહાર આત્મવલ્લભ નગરની રચના સુંદર રીતે કરવામાં આવી હતી. સભા મંડપની પણ વ્યવસ્થા હતી.

આ પ્રસંગે અંબાલાનો ચાંદીનો રથ, હસ્તિનાપુરનો નવો રથ, લુધિયાણાની તથા દિલ્હીની ચાંદીની પાલખીઓ, ચાંદીનું સમવસરણ, અરબના તથા મેરઠના નિશાનો આદિ લાવવામાં આવ્યા હતા

[illegible]

આત્મવલ્લભ નગર પહોંચ્યું ત્યાં હજારો માણસોની મેદની જામી હતી.

આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યુ. મુનિરાજશ્રી ન્યાયવિજયજીએ ભગવાન મહાવીરસ્વામીની અહિંસા, સમભાવ તથા પ્રભુભકિત ઉપર અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું.

રાત્રે પંડિતોના વ્યાખ્યાન ઉપરાંત ઉમેદપુરની સંગીત મંડળીએ આકર્ષક નૃત્યો તથા ભજનોથી સભાને મુગ્ધ કરી હતી.

મુનિરાજશ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટીના ઉપદેશથી નવા જૈનો આ પ્રસંગે ઘણી મોટી સંખ્યામાં આવ્યાં હતાં. તેમની ભકિત, ધર્મભાવના પ્રશંસનીય હતી. આ સિવાય દિલ્હી, અંબાલા, બીનોલી, અમૃતસર, સાઢોરા, ભરતપુર આદિ ગામોથી શ્રાવક-શ્રાવિકાઓનો મોટો સમૂહ હતો. હજારો ભાઈબહેનો બડોતના આંગણે આવ્યાં હતાં.

ચોથને દિવસે સવારે દિકપાળપૂજન આદિ ક્રિયાઓ થઈ હતી. બપોરના આત્મવલ્લભ નગરમાં જાહેર સભા થઈ હતી. શ્રી જવાહરલાલજીનું મૂર્તિપૂજા ઉપર સુંદર વ્યાખ્યાન થયા પછી ઉમેદપુરની સંગીત મંડળીએ પ્રભુભકિતના ભજનો ગાયાં હતાં. શ્રીમતી દ્રોપદી દેવીએ ભગવાન પાર્શ્વનાથ તથા ભગવાન મહાવીરસ્વામીએ અહિંસાનો જે વિશ્વસંદેશ જગતને આપ્યો છે તે અહિંસા ધર્મનું રહસ્ય સમજાવ્યું હતું

મુનિરાજ શ્રી ન્યાયવિજયજીએ કષાયોની મુકિત એ જ ખરી મુકિત છે અને આત્મા પરમાત્મા કેવી રીતે બની શકે

કરવામાં આવી હતી. હજારો ભાઈ બહેનો દર્શનાર્થે આવી પહોંચ્યાં હતાં. વિધિવિધાન વલાદનિવાસી શ્રી ફુલચંદભાઇ તથા તેમના સુપુત્ર શ્રી ભૂરાલાલભાઇએ ઉત્તમ રીતે કરાવ્યું હતું. જમણનો પ્રબંધ બહુજ સારી રીતે રાખવામાં આવ્યો હતો.

પ્રતિષ્ઠાનો બધો ખર્ચ પંનતબ શ્રી સંઘે આપ્યો હતો. આ પ્રતિષ્ઠા ઉત્સવમાં શેઠ મોતીલાલ મૂળજી તથા શ્રી શેઠ કાંતિલાલ ઇશ્વરલાલે બે જમણો આપી લાભ લીધો હતો.

આ ઉત્સવની વિશિષ્ટતા એ હતી કે મુનિ મહારાજશ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટીએ બનાવેલા નવીન જૈન ભાઈઓ દરેક ગામમાંથી ઉત્સાહ અને ભકિતભર્યા આવ્યા હતા.

ગુજરાનવાલા ગુરૂકુળને બાબુ કીર્તિપ્રસાદજી તરફથી તથા ઉમેદપુર બાલાશ્રમને લાલા શ્રીચંદજી તરફથી ચાંદીના ચંદ્રકો આપવામાં આવ્યાં હતાં. બીજા કાર્યકર્તાઓ-સ્વયંસેવકોને પણ ચંદ્રકો આપવામાં આવ્યાં હતાં. આ પ્રદેશમાં જૈન શાસનની સુંદર પ્રભાવના થઇ હતી. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં બડોતમાં ઉજવાયેલ આ પ્રતિષ્ઠા મહોત્સવ બડોતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત રહેશે.



સ્થાયી લાભ નહિ થાય. મારી ભાવના રાયકોટ જેવા શહેરમાં એક જૈન મંદિરની સ્થાપના કરવાની છે જેથી શ્રી સંઘના આબાલવૃદ્ધની શ્રદ્ધા દૃઢ રહે.'

'આપશ્રી ધારો તે કરી શકશો. આપની વાણીમાં જાદુ છે. આપની પ્રેરણા શું ન કરી શકે?'

બડોતનો પ્રતિષ્ઠા મહોત્સવ પૂરો કરી આચાર્યશ્રી બીનોલી, ખીવાઇ, સરધના, મેરઠ આદિ થઇ હસ્તિનાપુરની યાત્રા કરી મુજફ્ફરનગર, દેવબંધ, નાગલ, સહરાનપુર, સરસાવા, આદિ થઇ ફરી અંબાલા પધાર્યા. ચૈત્ર સુદિ એકમના દિવસે પૂજ્યપાદ યોગિરાજશ્રી બુટેરાયજી મહારાજની સ્વર્ગવાસતિથિ તેમજ ગુરૂદેવ આચાર્યશ્રી વિજયાનંદસૂરિજીની જન્મતિથિ આપની અધ્યક્ષતામાં ઉજવવામાં આવી. સાધ્વીશ્રી જિનેંદ્રશ્રી તથા મહેન્દ્રશ્રીને ચૈત્ર વદિ ૧૧ ના વડી દીક્ષા આપી.

અંબાલાથી વિહાર કરી રાજપુરા, પતીયાલા, સમાના આદિ નગરોમાં વિચરતાં સુનામ પધાર્યા. અત્રે રાયકોટના ભાઇઓ મલેરકોટલાના ભાઇઓને સાથે લઇ વિનતિ કરવા આવ્યા.

× × ×

"દયાળુ! અમારી તો ઘણા સમયથી વિનતિ છે જ પણ અમારા શહેરના અજૈન ભાઇઓની પણ ભાવના છે. આ રહ્યો તેઓનો પ્રાર્થનાપત્ર" રાયકોટના ભાઇઓએ પ્રાર્થનાપત્ર રજુ કર્યો.

"સાહેબ! રાયકોટના ભાઇ બહેનો આપને માટે ખરેખર

'તમે તો રાયકોટના ભાઇઓ સાથે તેમની દલાલી કરવા આવ્યા છો ને!' આચાર્યશ્રીએ ટકોર કરી.

'વાત સાચી! પણ અમે વચ્ચે જ બેઠા છીએને!'

'તમારા ગામમાં તો આવવું જ પડે તેવું છે. મેં સાંભળ્યું છે કે તમારે ત્યાં કુસંપ જાગ્યો છે—અને આત્માનંદ સ્કૂલ પણ બંધ છે.'

'તે માટે જ, ગુરુદેવ! આપનાં પગલાં જરૂરી છે.'

'જેવી સંઘની ઇચ્છા, જેઠ સુદિ ૬ લગભગ રાયકોટ પહોંચવા ધારણા છે.' આચાર્યશ્રીએ વિનંતી સ્વીકારી.

રાયકોટના તથા માલેરકોટલાના ભાઇઓને અત્યંત આનંદ થયો. ગુરુદેવના જયકારની ઘોષણા ગુંજી ઉઠી.

× × ×

'સાહેબ! આપ ૧૪ વર્ષે અમારા ગામમાં પધાર્યા છો. અમારી ઇચ્છા આપશ્રીને 'સન્માન-પત્ર' આપવાની છે.' લાલા પરશરામે વિનંતી કરી.

'લાલાજી! જે શહેરમાં કુસંપ હોય, જેના આગેવાનોમાં પરસ્પર મનદુઃખ હોય ત્યાંનું 'સન્માન પત્ર' હું કઇ રીતે સ્વીકારી શકું? જૈન ધર્મમાં તો દુશ્મનને પણ હૃદયપૂર્વક માફી આપવાનો ઉપદેશ છે. તમારા ગામના અનેક નાના મોટાં કાર્યોમાં કેટલી મુશ્કેલી આવે છે? હું તો બન્ને તરફના આગેવાનોને આ માટે વિચાર કરી સંપ કરવા આગ્રહ કરૂં છું.'

આ માર્મિક ઉપદેશની સારી અસર થઇ. કુસંપ શાંત થયો. બધાએ મળી આચાર્યશ્રીને 'સન્માન પત્ર' આપ્યું.

જન મંડળીઓ વગેરેથી જલુસ શોભી રહ્યું હતું. ગુરુદેવના
રણોમાં નમસ્કાર કરતી જનતા ગુરુદેવના દર્શન કરી અહો-
ાગ્ય માનતી હતી. આનંદની લહેર ઉછળી રહી હતી.
ંડપમાં પધારી આચાર્યશ્રીએ મધુર દેશના આપી. આચાર્ય-
ીની સુધાભરી મીઠી મધુરી વાણી સાંભળી સ્ત્રીપુરુષોના
દય પ્રફુલ્લિત થવા લાગ્યાં. આનંદ આનંદ છવાઇ રહ્યો. વૃદ્ધ
ાવિકજનો પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા.

"રાયકોટના ભાવનાશાળી ભાઇ બહેનો તમારી ગુરૂભક્તિ
જોઇને આનંદ થાય છે. પૂજ્ય ગુરૂદેવે ૩૪–૩૫ વર્ષ પહેલાં
આ શહેરમાં એક ધર્મરૂપી આમ્રવૃક્ષનું બીજ રોપ્યું હતું.
તે ઝાડને અનેક તોફાની પવનોના ઝપાટા સહવા પડ્યા પણ
ગુરુદેવના અમી સિંચનથી તે વધુ ને વધુ ફૂલી ફાલી મનોહર
વૃક્ષ બન્યું. આજે તમારી સાથે ગુરુભક્તિમાં અન્ય ભાઇઓ
અને ખાસ કરીને હિન્દુ-આર્યસમાજી આગેવાનોએ પ્રેમ-
પૂર્વક ભાગ લીધો છે એ જાણી કોના દિલમાં આનંદ ન
ઉછળે? તે માટે તે સર્વ ભાઇઓને અભિનંદન ઘટે છે.

તમે અહીં વિશેષ સ્થિરતા કરવા આગ્રહ કરી રહ્યા
છો પણ ભાઇઓ! જાણો છો તમારે આ હાથી બાંધવા જેવું
છે. તેને હંમેશાં ખાવાનું આપવું પડશે. રોટલા-દાળ નહિ,
પણ ધર્મભોજન. તમારો ધંધો-વેપાર ઓછો કરી અમારા
વ્યાખ્યાનમાં આવવું પડશે. મહેમાનોની સેવા ઉઠાવવી પડશે.
અને મને તો તમે જાણો છો. પંજાબમાં ધર્મઉદ્યોત કરવાનું
ગુરૂદેવનુ કાર્ય મારે કરવાનું છે. તેમની ટેલ હું જ્યાએ
જ્યાએ નાખીને તેઓનો સંદેશ સંભળાવી રહ્યો છું

લાલા પ્યારેલાલ બરડે (ગુજરાંવાલા) રૂા. ૫૧) મંત્રીશ્રીના નામે જાહેર કર્યા.

×   ×   ×

" ગુરૂવર્ય ! અહીં ચાતુર્માસ કરવાનું સલાહભર્યું નથી. " પંજાબના આગેવાનોએ આવીને વિનંતિ કરી.

" તમે બધા ભયભીત કેમ જણાઓ છો ? હકીકત શું છે ?"

" સાહેબ પંજાબના બધા શહેરોમાં પત્રિકાઓ આવી છે કે રાયકોટમાં તોફાન થવાની હીલચાલ છે અને એ ઉપર વિચાર કરી અમે આપની પાસે આવ્યા છીએ. આપ કૃપા કરી પંજાબના બીજા કોઇ શહેરમાં ચાતુર્માસ માટે પધારો. આપ પંજાબ શ્રીસંઘના એક માત્ર રાહબર છો. "

" બાબુજી ! તમે વકીલ થઈને આવી ઉડતી વાતો ઉપર કેમ વિશ્વાસ કરો છો ?"

"સાહેબ ! આખા પંજાબમાં જે વાત ફેલાઇ ગઇ તેને ઉડતી કેમ માની શકાય ? "

" વાસ્તવિક રીતે, અહીં સુખશાન્તિ છે. અહીં તો જૈન ઉપરાંત ક્ષત્રિ, બ્રાહ્મણ, શીખ અને આર્યસમાજીભાઈઓ ચાતુર્માસ માટે આગ્રહ કરી રહ્યા છે. તેઓ વ્યાખ્યાનમાં આવે છે. દરેક પ્રકારે તૈયાર છે. ભય રાખવાની કશી જરૂર નથી. વળી બધાની રક્ષા કરવાવાળા ગુરુદેવ છે.

"એમ સાધુ થઈને ડરી જઇએ તો પછી અમારાથી પંજાબ વિહાર જ ન થઇ શકે. અમારો ઉપદેશ આપવાનો ધર્મ અમે ક્યાં નહિ ભુલીએ. અહીં ગુરૂકૃપાથી આનંદ છે તમે નિશ્ચિંત રહો

"તમે શ્રી સંઘે, અગ્રવાલભાઈઓએ તથા આર્યસમાજના આગેવાન બાબુ રામપ્રસાદજી બધાએ મારા કાર્યોની પ્રશંસા કરી તે મેં સાંભળી છે. અને બધાએ મળી જે અભિનંદન આપ્યું તે પણ મેં સાંભળ્યું. પણ મેં તો મારૂં કર્તવ્ય બજાવ્યું છે. અમે પણ અમારી દુકાનો પર માલ સામાન વેચીએ છીએ. તમે જેમ તમારા ગ્રાહકોને તમારો માલ બતાવો છો તેમ મેં પણ મારો માલ તમને બતાવ્યો છે. તે વીતરાગ પ્રભુનો સત્ય ઉપદેશ અને સત્ય જીવન ધર્મ દર્શાવ્યો છે. તે પણ મારા મનમાંથી નહિ પણ શાસ્ત્રોક્ત વચનો કહ્યાં છે. ભગવાનનો સંદેશ જીવમાત્રને પહોંચાડવાનો અમારો ધર્મ અમે અદા કર્યો છે. તમને–તમારા આત્માને–પ્રિય અને હિતકર લાગે તો ગ્રહણ કરી તેનો જીવનમાં અમલ કરશો તો તમારા જીવનનું સાર્થક થશે. આ ધર્મબીજ જે તમે-અમે મળીને વાવ્યું છે તેને હવે તમારે સિંચન કરીને પલ્લવિત રાખવાનું છે. તન–મન–ધનથી તેનું પાલન કરી તેને ફૂલ્યું–ફાલ્યું બનાવશો તો હું તેને સાચું માનપત્ર માનીશ; નહિ તો વાતો કરી ઘેર જઈ ભૂલી જવાનો શો અર્થ છે? અગ્રવાલભાઈઓને બે શબ્દો કહી લઉં કે–જે રીતે છ મહિના મારા પર પ્રેમભાવ બતાવ્યો છે તેમજ વ્યાખ્યાનાદિ બધાં કાર્યોમાં ભાગ લીધો છે તે રીતે મારા ગયા પછી આ કલ્પવૃક્ષનું સિંચન કરી પ્રફુલ્લિત રાખવાનું કામ તમારૂં છે. વળી અમારા ચાતુર્માસ દરમ્યાન કોઈ વખત કોઈ પણ બાબતે મારાથી અનુચિત શબ્દો કહેવાયા હોય તો હું મિચ્છામિ દુક્કડં કહું છું."

આ ઉદ્ગાર શબ્દોથી સભા ગદ્ગદિત થઈ ગઈ. આચ
શ્રીજીના હૃદયની સરળતા માટે બધાને બહુમાન થયું.
પણ રાજકોટની જનતા ગુરુદેવની વાણી અને ગુરુદેવના કાર્ય
યાદ કરે છે.





મોહે તારો.

(૨૨)

'નમસ્કાર' યોગી જેવા એક યુવાને ચરણસ્પર્શ કરી નમસ્કાર કર્યા.

'કોણ ! સ્વામીજી !'

'જી હા, કૃપાળુ.'

'કુશળ છો ને ? ઉદાસીન કેમ છો ! તમારા જેવાએ તો આનંદી રહેવું જોઈએ ને !'

'જ્યારથી યતિજી મહારાજ ભરતવિજયજીએ મને આપનું નામ આપ્યું છે ત્યારથી આપના ચરણ માટે તલસી રહ્યો છું.'

'સ્વામીજી ! તમારી ઇચ્છા હું જાણું છું. તમે-અંબાલામાં આવ્યા હતા તે મને યાદ છે. પણ મારી પદ્ધતિ જુદી છે. તમે સાધુજીવનને માટે વિચાર કરો અને તે માટે થોડો સમય રાહ જોવાની પણ જરૂર છે. આ જીવન બધા સમજે છે તેવું સરળ નથી. અનેક મુશ્કેલીઓથી ભરેલું છે. એ તો જીવનના સાચા દર્શન માટેનું તપસ્વી જીવન અને આત્મકલ્યાણનું અપૂર્વ સાધન છે પણ સાથે જ અસિધારા જેવું દુષ્કર-પણ છે'

'પણ, મારી ક્યાંસુધી પરીક્ષા કરવી છે! અંબાલાનું એ આપનું દર્શન-આપના હૃદયની ઉદારતા, આપનું માર્ગદર્શન તથા આપની શિખવણી બધુંય યાદ છે. ગુરુદેવ! હું પણ દેશદેશાંતર ફર્યો છું, મતમતાંતરોની છાણવીણ કરી છે. જૈન દર્શનનો અભ્યાસ પણ થોડો ઘણો કરી લીધો છે. બીજા ધર્મો વિષે પણ ઘણું ઘણું વાંચ્યું અને વિચાર્યું છે.'

'તમારી યોગ્યતા માટે મને શંકા છે જ નહિ. તમે વિદ્વાન છો-પણ તમે અમારો-જૈન આચારનો અને જૈન ધર્મનો પૂરો પરિચય મેળવો. પછી તમે પોતે નિર્ણય કરો તે ખરૂં [illegible]'

[illegible]

[illegible]

[illegible]

* * *

[illegible]

દરવાજાઓ બનાવવામાં આવ્યા હતા. મંડપમાં જનતાની ભારે ભીડ હતી. આચાર્યશ્રીને જૈન સમાજની તરફથી હિન્દીમાં, લુધિયાનાના શહેરીઓ તરફથી ઉર્દુમાં અને જૈન સ્કુલની તરફથી સંસ્કૃતમાં એમ ત્રણ સન્માન પત્રો અર્પણ કરવામાં આવ્યાં. આચાર્યશ્રીએ ઓંકાર મંત્રનું વિવેચન કરી મંગલિક સંભળાવ્યું. લુધિયાનાના શહેરીઓને સંગઠન સાધી શહેરના કલ્યાણ માટે કાર્ય કરવા ઉપદેશ આપ્યો. પંજાબમાં જ્યારથી આચાર્યશ્રી બહોળા શિષ્ય સમુદાય સહિત પધાર્યા છે ત્યારથી જાગૃતિ, ઉત્સાહ તથા આનંદની લહેરો ઉછળી રહી છે.

લુધિયાનામાં સ્વામી કૃષ્ણાનંદજી યતિશ્રી ભરતવિજયજીની પ્રેરણાથી આચાર્યશ્રીના બેત્રણ વખત દર્શન કરી આચાર્યની પાસે દીક્ષા લેવાની પ્રાર્થના કરેલી પણ પોતાની પદ્ધતિ પ્રમાણે એકદમ તેમનો સ્વીકાર ન કર્યો. વારંવારની વિનતિ, સ્વામીજીની ઉત્કટ ભાવના તથા ઉચ્ચ મનોરથો જોઇને લુધિયાના શ્રી સંઘની આગ્રહભરી વિનતિને માન આપી સ્વામી કૃષ્ણાનંદજી તથા તેના શિષ્ય સ્વામી શ્યામાનંદજીને દીક્ષા આપવાનું નક્કી થયું.

શ્રી સંઘમાં અપૂર્વ ઉત્સાહ ફેલાઇ ગયો. દીક્ષા મહોત્સવની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી. પોષ વદી એકમથી વાયણા શરૂ થયા. ધવલ મંગલ થવા લાગ્યા. દીક્ષાર્થીના માતા-પિતા બનવાનું સોભાગ્ય લાલા રીણુરામ શાદીરામજીના પુત્ર લાલા કિશોરીલાલજી અને તેમના ધર્મપત્નીએ પ્રાપ્ત કર્યું મહાશુદિ એકમના દિવસે વરઘોડો ચઢાવવામાં આવ્યો ભજનમંડળીઓના ભજનો જનતાને આકર્ષી રહ્યા

હતા. શણગારેલી મોટરોમાં બેઠેલા બન્ને મુમુક્ષુઓને જોવાને માનવ સમુદાય ઉમટી રહ્યો હતો.

પુરાણા કિલ્લા પાસે ખુલ્લા મેદાનમાં તૈયાર કરવામાં આવેલ મંડપમાં આચાર્યશ્રી, શિષ્ય મંડળ, સાધ્વી શ્રી દેવશ્રીજી આદિ સમવસર મંડપમાં પધાર્યા. બન્ને મુમુક્ષુઓ પોતાના ધર્મપિતા લાલા કિરોરીલાલજીને ત્યાંથી વાજતેગાજતે દાન આપતા મંડપમાં આવી પહોંચ્યા. જનતાએ જયનાદથી મંડપ ગજાવી મૂક્યો.

શંકા થતી હશે કે આ નવયુવાન, વિદ્વાન, વિચારશીલ, સુધારક વિચારનો હોવા છતાં, સાંસારિક સુખનો ત્યાગ કરીને શા માટે સાધુ બન્યો હશે. તેમજ આટલો પ્રસન્નચિત્ત કેમ દેખાય છે?

કારણ સ્પષ્ટ છે. આપણે જેમાં સુખ માની બેઠા છીએ તે વાડી, લાડી અને ગાડી બધાં ક્ષણભંગુર છે. જીવન પણ ક્ષણભંગુર છે. સંસાર સાગર અનેક આધિ, વ્યાધિ, ઉપાધિથી ગ્રસ્ત છે. આ બધું જાણવા છતાં મનુષ્ય મોહ દર્શાવી તેમાં જ ફસાઈ રહે છે.

સાચા સુખની પ્રાપ્તિ માટે મેં દીક્ષા લીધી છે. કવિએ સાચું કહ્યું છે કે યૌવન, જીવન, વિત્ત, છાયા, લક્ષ્મી અને સ્વામીપણું ચંચળ છે. હું ઘણાં ઘણાં પ્રદેશોમાં ફર્યો, તીર્થયાત્રાઓ કરી, સાધુ બાવાઓના પરિચયમાં આવ્યો. પણ મને કોઈ જગ્યાએ સાચી શાંતિ ન મળી. બનારસમાં સદ્ભાગ્યે યતિવર્ય ભરતવિજયજીનો પરિચય થતાં તેઓએ મને ગુરુદેવનું નામ આપ્યું. હું તો તેજ વખતે ચાલી નીકળ્યો. ગુરુદેવના દર્શન કરી, તેમની વાણી સાંભળી તેમની હૃદયની ઉદારતા જોઈ, તેમના આત્માની ઉચ્ચતા અને પવિત્રતા જોઈ. મારૂં હૃદય નમી પડ્યું. મેં દીક્ષા માટે વિનવ્યા પણ મને ધીરજ રાખી અનુભવ લેવા આજ્ઞા કરી. મેં પણ પ્રતિજ્ઞા કરી કે ગુરુદેવ મને દીક્ષા ન આપે ત્યાં સુધી દુધ અને લીલોતરીનો ત્યાગ કરીશ. પં. મહારાજશ્રી સમુદ્રવિજયજીની અસીમ કૃપાથી લગભગ દોઢ વર્ષે આ મંગળ અવસર પ્રાપ્ત થયો છે. આ વેશને શોભાવીશ યાવત્ જીવન ગુરુદેવની સેવામાં રહી અખંડ ચારિત્ર પાળી

છે ? વાહીઓ, આ મારી ચાદર પાથરી, તેના ઉપર તમારે
બધા જે કહેવું હોય તે કહો. હું સાંભળવા તૈયાર છું."

। અમારી ભૂલ થઇ, અમને ક્ષમા કરો.
હા ા આ દૃશ્ય જોઈ સગાસંબંધિ રોતી ઉઠયા.

નના બાઢો એક પાછી એક નીકળવા લાગ્યા
ી રહું ? બીજો ઉપાય જ શું હતો ? હું
હાવનો ટોપલો હું જ ઓઢી લઉં તો

। કરો. આપ સંતની અંતરથી ક્ષમા
કરી. આપથી જે આજ્ઞા ફરમાવો તે
શાંધાર્ય છે. આપ તો અમારા વાલા માટે
અજળ નયને બધાએ શુકદેવના ચરણમાં
પ્રાર્થના કરી.

આચાર્યશ્રીએ અભિનંદન પત્રના જવાબમાં જણાવ્યું કે–હું તો ગુરુદેવનો સંદેશવાહક છું. સમાજ, કલ્યાણ અને પંજાબનો ઉદ્ધાર એ મારું પ્રથમ કર્તવ્ય છે. તમે જે માનપત્રો આપો છો તે હું ગુરુદેવને સમર્પણ કરું છું. ને પુણ્યરાશી આત્મા જ આ પુણ્યકાર્યોના દ્રષ્ટા છે.



આચાર્યશ્રીએ અભિનંદન પત્રના જવાબમાં જણાવ્યું કે– હું તો ગુરુદેવનો સંદેશવાહક છું. સમાજ, કલ્યાણ અને પંજાબનો ઉદ્ધાર એ મારૂં પ્રથમ કર્તવ્ય છે. તમે જે માનપત્રો આપો છો તે હું ગુરુદેવને સમર્પણ કરૂં છું. ને પુણ્યરાશી આત્મા જ આ પુણ્યકાર્યોના દ્રષ્ટા છે.



રવામાં આવ્યા બાદ શ્રી જૈન સંઘ તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું. મુનિરાજશ્રી વિશ્વવિજયજીએ ' સંગઠન ' પર વ્યાખ્યાન આપ્યું હતું.

"મહાનુભાવો ! હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાંની જૈન જૈનેતર જનતા મને હર્ષપૂર્વક સન્માને છે. માનપત્રો પણ આપે છે. બધાને મારો એકજ જવાબ હોય છે કે હું તો ગુરુદેવનો સંદેશ–જૈન ધર્મના સૂત્રો–સિદ્ધાંતોનો પ્રચાર ગામેગામ, શહેરે શહેરમાં કરી રહ્યો છું. જૈનધર્મ વિશ્વધર્મ છે. તમે ત્રણે ફિરકાનું સંગઠન સાધી શકયા છો તે માટે તમને બધાને ધન્યવાદ ઘટે છે. આજે જૈન સમાજને સંગઠનની ભારે જરૂર છે. દેશમાં હિંદુ-મુસલમાન એકતા માટે આંદોલન ચાલે છે તો જૈન સમાજ પોતાનું સંગઠન કયારે સાધશે ? નાના નાના મતભેદો ભલે હોય પણ તેમાં એકતાને અવકાશ છે. સામાજિક કાર્યોમાં તો બધા હળીમળી શકે છે. મેં વારંવાર કહ્યું છે તેમ માનપત્ર તો સમાજ કલ્યાણ સાધવા માટેની વિશેષ જવાબદારીનું ભાન કરાવે છે. સંઘ સમસ્તનો ઉત્કર્ષ સાધવા માટે દેહ, વાણી અને ચારિત્રનો ઉપયોગ કરવાની એ ચેતવણી માનું છું."

આચાર્યશ્રીની વાણીએ બધાને મુગ્ધ કરી દીધા. પાંચ દિવસની સ્થિરતા દરમિયાન ઉપાશ્રયો તથા ગીતાભવનમાં પ્રવચનો થયા. કોલેજના પ્રોફેસરો તથા અનેક વિદ્વાનોએ શંકા–સમાધાન તથા જ્ઞાનગોષ્ઠીમાં ભાગ લીધો.

× × ×

આજે ગુજરાનવાલાના આબાલવૃદ્ધના આનંદની સીમા

શ્રી આત્મારામજી મહારાજની રંગીનમૂર્તિને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી વંદણા કરતા બતાવવામાં આવ્યા હતા. ગુરૂદેવનો આશીર્વાદદર્શક હાથ આચાર્યશ્રી ઉપર વારંવાર આવતો હતો, વિજળીના પ્રકાશમાં એ દશ્ય ભારે સુંદર દેખાતું હતું.

જલુસ મંડપમાં આવ્યું. મંગલાચરણ બાદ શહેરની મ્યુનીસીપાલીટી તરફથી એક માનપત્ર સરદાર બહાદુરસિંહજીએ વાંચી સંભળાવી અર્પણ કર્યું. શ્રી જૈન શ્વેતાંબર સંઘની તરફથી બાબુ અનંતરામજી વકીલે તથા ગુરુકુળની તરફથી પં. મથુરદાસ શાસ્ત્રીએ વાંચી અર્પણ કર્યું. એક અભિનંદન પત્ર જનરલ મરચંટસ ગુજરાનવાલાની તરફથી લાલા બિહારીલાલજીએ તથા જૈન નવયુવક મંડળ તરફથી માનપત્ર અર્પણ થયું.

"ભાઈઓ, તમારૂં ભાવભીનું સ્વાગત અને અપૂર્વ ભક્તિભાવ જોઈ મને અત્યંત આનંદ થાય છે. તમારા માનપત્રોને માટે હું યોગ્ય નથી. અમારે સાધુઓને આ માનપત્ર શાં? ક્યાં રાખવાં એ માનપત્રો! હા, તમારા હૃદયની ઊર્મિઓને દર્શાવવાનું એ સરળ સાધન ગણી શકાય. પણ મારા હૃદયમાં તે ઊંડી છાપ મૂકી જાય છે. મારી ધર્મ અને સમાજ પ્રત્યેની જવાબદારીનું એ મને ભાન કરાવે છે.

સોળ વર્ષ પહેલાં ગુરુકુળનું સંચાલન તમને સોંપી ગુરુદેવના સંદેશ દૂર દૂર પહોંચાડવા હું ગયો હતો. આજે ગુરુદેવના સમાધિમંદિરના દર્શન કરતાં મારૂં હૃદય ભરાઈ આવ્યું આજે પણ હું ગુરુદેવના આત્માને આ તમારા ભવ્ય સ્વાગતના જોઈ રહ્યો છું. ગુરુકુળના તમે કેટલા અને કેવા

અને બધાના આશ્ચર્ય વચ્ચે એમજ થયું. બીજે જ દિવસે વર્ષા ગાજી ઉઠી. નાચતી કૂદતી વરસી પડી. તપસ્વીઓની સાથે જનતાને અપાર શાંતિ થઇ. તપસ્વીઓનું સારૂં સ્વાગત કરવા આવી. પારણા તો લીલા લહેરથી થઇ ગયા.

પર્યુષણા પર્વનો આનંદ અપૂર્વ હતો. ગુરુકુળના વિદ્યાર્થીઓ સાથે ગુરુકુળના ભંગી-હરિજને અઠ્ઠાઇ કરી હતી. શ્રી સંઘમાં આનંદ આનંદ છવાઇ રહ્યો હતો. શ્રી સંઘે આઠે દિવસ હિંદુ-મુસ્લીમ તમામને શિરો, ખીર, મીઠાભાત વગેરેનું ભોજન આપી પુણ્ય ઉપાર્જન કર્યું.

એટલું જ નહિ પણ કસાઇ ભાઇઓએ કતલખાનું બંધ રાખી જીવદયા પાળી સહાનુભૂતિ બતાવી. ગુજરાનવાલાના ઇતિહાસમાં આ એક ચમત્કાર જ ગણાય.

આ માટે શ્રી સઘે મળીને મુસલમાનભાઇઓએ સંવત્સરી જેવા ધાર્મિક દિવસને માન આપી ઉદાર હમદર્દીથી જીવદયા બંધ રાખી તે માટે અભિનંદન માનતો અને આભાર માનતો ઠરાવ કર્યો. અને તેમના આગેવાનોને ધન્યવાદ આપ્યા.

આચાર્યશ્રીના અધ્યક્ષસ્થાને જગતગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજીની જયતી સમારોહપૂર્વક ઉજવવામાં આવી, ગુરુકુળના વિદ્યાર્થીઓ, અધ્યાપક વર્ગ, આચાર્ય ચંદ્રશેખર શાસ્ત્રી, ભાઇ પૃથ્વીરાજજી એમ. એ. પં. હંસરાજજી વગેરેએ મનનીય વ્યાખ્યાનો કર્યાં.

× × ×

આચાર્યશ્રીને કાર્તિક શુદિ બીજના દિવસે ૭૦ વર્ષ પૂરા

આચાર્યશ્રીએ શાસનના એક સેવક તરીકે ગુરુદેવનું નામ રોશન કરવા માટે જૈન ધર્મના ઝંડા નીચે સમાજ ઉત્થાનના અને ધર્મપ્રચારનાં કાર્યો કરવા પ્રતિજ્ઞા લીધી.

આચાર્યશ્રીના આત્માની ઉચ્ચતા અને સરળતાની ભૂરિ ભૂરિ પ્રશંસા થવા લાગી.

× × ×

"સોળ વર્ષના આ વૃક્ષનું મધુર ફળ જોઈને કોને આનંદ ન થાય ? જ્યાં સુધી ગુરૂકુળની સ્થાપના નહોતી થઈ ત્યાં સુધી મારા આત્માને ચેન નહોતું. આજે તેના મીઠાં મધુરાં ફળો જોઈને મારી છાતી ફૂલે છે. ગુરૂકુળના બાળ વિદ્યાર્થી રઘુવીર-કુમારે ખોદકામ શરૂ કર્યું. સર્વે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ તેમાં સહકાર આપ્યો, બાબુ જીનદાસ વકીલ જેવા મંત્રીએ ટોપલી ભરીને પોતે ઉપાડી ફેંકી દીધી એ અપૂર્વ દૃશ્યથી હર્ષાશ્રુ રોકી શકાતાં નહોતાં. જૈન સમાજ ને ધર્મની સેવા આવા સ્વાશ્રય અને સેવાભાવથી કરશો તો તમારૂં-ગુરૂકુળનું નામ અમર થશે.

વર્ષોથી તમારૂં કામ જોવા ઉત્કટ ભાવના હતી. પણ એક તરફથી ગુજરાતના પ્રેમી જનો છોડતા નહોતા, મહાવીર વિદ્યાલયનું કામ પણ કરવું રહ્યું, હરિપુના ભાઈઓની ભાવના પણ પૂરી કરવી પડી. શ્રદ્ધેય પ્રવર્તકજીના દર્શનની અભિલાષા પણ હતી. પછી ગુરૂભક્ત આચાર્ય શ્રી લલિતસૂરિજીની સંસ્થાઓ પણ જોવા સિવાય કેમ ચાલે ? છેવટે પંજાબમાં આવ્યો પણ આત્માનંદ કોલેજ વગેરે જરૂરી કામોમાં રોકાવું પડ્યું. તમારૂં કાર્ય જોઈ ખરેખર હૃદયને આનંદ થાય છે. તેમ જ કીર્તિમસાગરજી તથા બાબુ ફુલચંદજીની સેવા પ્રશંસનીય

ગુજરાંનવાલાએ ૫૦૧) લાલા ગોકુળદાસ જૈન મુન્હાણીએ જાહેર કર્યા હતા.

ગુજરાનવાલાનું સં. ૧૯૯૬ નું ચાતુર્માસ અપૂર્વ હતું. શાસનસુધારના અનેક નાના મોટાં કાર્યો થયાં. પંજાબની જૈન પુરી ગુજરાનવાલાના આબાલવૃદ્ધે ગુરુદેવનું અપૂર્વ સ્વાગત કરી પોતાની ફરજ અદા કરી.



થોડું પોતાને ખપતું અને તે પણ પોતાને માટે તૈયાર કરેલું ન હોય પણ ગૃહસ્થીએ પોતાના કુટુંબ માટે કરેલ હોય તેમાંથી લે છે.'

'ધન્ય! ધન્ય! સાહેબ, આપે મને દર્શન આપી ઘણી કૃપા કરી, નહિ તો આ તરફ તો આપ ક્યાંથી પધારો?'

'જેહલમમાં સાંભળ્યું કે સ્વર્ગસ્થ ગુરુદેવના ખાનદાનમાં તમે અહીં હીરણપુરમાં છો તેથી તમને મળવાની ઉત્સુકતા હતી. તમારી ભક્તિ જોઈને આનંદ થયો.'

'સાહેબ! મારાં અહોભાગ્ય, ખરેખર ગુરુદેવનું નામ તમે તો જગતભરમાં રોશન કર્યું.'

'બાબુજી! તમારી પાસે એક માગણી છે.'

'મને એમ કહી શરમિંદો ન કરો આપની આજ્ઞા મારે હમેશાંને માટે શિરોધાર્ય છે.'

'તમારા જેવા ઉદાર અને સરલ જીવાત્માને વળી વૈમનસ્ય શોભે? હું તો એ માનવા પણ તૈયાર નથી કે તમારે કોઈની સાથે વેર-વિરોધ હોય.'

'કૃપાળુ! માફ કરો. આજે આપે મારા હૃદયને નિર્મળ બનાવી મને જીવનનું દર્શન કરાવ્યું. આપનું ઋણ હું કઈ રીતે અદા કરી શકીશ?' ગળગળા થઈને હરવંશલાલે ચરણમાં નમસ્કાર કર્યા.

'બાબુજી! તમે મારું વચન માન્યું તેથી મને પણ આનંદ થયો. ઉઠો, ઉઠો, ધર્મલાભ'

* * *

તો આપશોને ? અમારે ત્યાં આપને ખપતી શુદ્ધ ચીજો જ મળશે.' સરદાર કરતારસિંહે બે હાથ જોડી પ્રાર્થના કરી.

'સરદારજી ! તમારો બંગલો રહેવા તો મળી ગયો એજ અમારી ભક્તિ પૂરતી છે'

'મહારાજ ! મારા એવા અહોભાગ્ય ક્યાંથી કે આપ જેવા પુણ્યાત્માના પુનિત પગલાં મારા આંગણામાં હોય ? પણ ભોજન માટે શું તૈયારી કરું ? આપને જે જોઇશે તેની સત્વર વ્યવસ્થા થઇ જશે.'

'સરદારજી ! અમારો જૈન સાધુનો ધર્મ જુદી જાતનો છે. અમારા નામથી કરેલું ભોજન અમે ન લઈ શકીએ. અમે તો જુદા જુદા ભાઈઓને ત્યાંથી અમારે ખપતી થોડી થોડી ચીજો અમે માગી લાવીએ. અમારે માટે કોઈપણ જગ્યાએ ખાસ રસોઇ બનાવી શકાય નહિ.'

'દયાળુ ! એ તો બહુ આકરો રિવાજ છે. તો મારે ત્યાં જે વસ્તુ હોય તે તો ખપશે ને ?'

સરદાર ઇંદ્રસિંહજી ! તમારે ત્યાં ઉતરવાનું થયું એટલે તમારા ઘરનો આહાર ન લેવાય.

'ધન્ય ! ધન્ય ! તમારી તપશ્ચર્યા અને ચારિત્ર વિષે તો ઘણું સાંભળ્યું હતું પણ આવા આકરા આચારો વિષે તો આજેજ જાણ્યું.'

ખાનગા ટોમરાથી વિહાર કર્યો અધિકારી વર્ગ, સ્થાનકવાસી ભાઈઓ, જૈન સંઘ સમસ્તના શ્રી પુરૂષો તથા શહેરના આગેવાનોએ વિદાય આપી આસપાસના ગામોમાં વિચરતા

'સાહેબ, બન્ને પક્ષના ઘણા ભાઈઓ એવું ઇચ્છે તો છેજ.'

'માત્ર ઇચ્છા માત્રથી શું થાય? તે માટે તો પૂર્વ યોજના થવી જોઇએ.'

'આપશ્રી તે માટે માર્ગદર્શન આપશો?'

'જુઓ લાલાજી! વાત તો સહેલી છે. તે માટે બન્ને પક્ષના બુદ્ધિશાળી સમભાવવાળા અને સમાધાન વૃત્તિવાળા પાંચ પાંચ ભાઈઓને પસંદ કરવા જોઇએ. તેઓ બે ચાર વખત મળીને પરિસ્થિતિનો વિચાર કરી યોજના મૂર્ત સ્વરૂપ આપવા પૂર્ણ પ્રયત્ન કરે તો સમાધાન છે અને એકજ સ્થાનમાં બન્ને સાથે બેસી ઉપદેશ..

'સાહેબ! બન્ને વચ્ચે જે ભિન્નતા છે તે આથી સંભવ છે એમ આપ માનો છો?'

'શામાટે નહિ? અમારા-તેમના વચ્ચે એવો વિરોધ છે? કોઇ ઘર-બાર, જમીન તો વહેંચવી નથી. એકતા અને સમભાવ સાધવો છે તો પછી આવા ઉન્નતિના ને શાસનશોભાના કામમાં તો બધાએ કરવું જોઇએ.'

'સાહેબ! અમારે અંદર અંદર જે મનભેદ પડી ગ તેનું સમાધાન પહેલાં થવું જોઇએ.'

'લાલા માણેકચંદજી! તમારી વાત સાચી છે. પણ મૂળ વાત એ છે કે શીઆલકોટવાળા ભાઈઓ ૪-૫ વખત મારી પાસે આવી ગયા. તેઓએ શીઆલકોટ માટે વિનંતિ કરી, ત્યારે શું કે... ... ઓ ધર્મશ્રદ્ધા ટકાવી રાખવા, જૈન તત્ત્વોને સમજવા


"ધન્ય છે! સરદારજી! ધન્ય છે. તમારી ધર્મભાવના આટલી ઉચ્ચ જાણીને અત્યંત આનંદ થયો."

શીઆલકોટનું સ્વાગત અપૂર્વ હતું. ગુજરાંવાલાથી ૬૫૦ ભાઇબહેનોની એક સ્પેશીયલ ટ્રેઈન આવી હતી. નારોવાલ, સબંતરા, જેહલમ, જમ્મૂ, પીડદાદનખાં, રામનગર, વઝીરાબાદ, લાહોર, અમૃતસર, જંડીયાલા, કસૂર, પટ્ટી, લુધિયાના આદિ શહેરોથી મોટી સંખ્યામાં ભાઇઓ આવી પહોંચ્યા હતા. બેન્ડ મંડલીઓ, ભજન મંડલીઓ પણ હાજર થઈ ગઇ હતી.

જલુસમાં શીઆલકોટના જૈન ભાઇઓ, સ્થાનકવાસી ભાઇઓ ઉપરાંત બ્રાહ્મણ, ક્ષત્રિય, આર્યસમાજી, શીખ, મુસલમાન આગેવાનો, અધિકારી વર્ગ, વકીલ મંડળ, ડાકટરો બધા આવ્યા હતા..

આચાર્યશ્રીએ જૈન ધર્મ અને મનુષ્ય જન્મ ઉપર એક કલાક વ્યાખ્યાન આપ્યું. જનતા આચાર્યશ્રીની અમૃતવાણી એવી શાંતિપૂર્વક સાંભળી રહી હતી કે-ટાંકણીનો અવાજ પણ સાંભળી શકાય. સર્વ કોમના લોકો આચાર્યશ્રીની વિદ્વત્તા તથા વક્તૃત્વશક્તિ, ત્યાગ અને તપશ્ચર્યાથી મુગ્ધ થઇ ગયા. આવા મહાત્માની વાણી સાંભળવાની તક મળવા માટે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા.

અહીં શ્રી મહાવીર જયંતીનો ઉત્સવ ખૂબ આનંદપૂર્વક થયો. ભગવાન્ મહાવીરનું જીવન વિસ્તારપૂર્વક આચાર્યશ્રીએ સંભળાવ્યું બહારના ભાઇઓએ શીઆલકોટમાં જૈન મંદિર



સુપુત્રો શાના ?

(૨૫)

'લાલાજી ! તમારા જેવા ધર્મપ્રેમી અને ગુરુભક્તને શું કહેવું ? તમારા બન્ને ભાઇઓ વિષે જ્યારે મેં સાંભળ્યું ત્યારે હું તે માનવા તૈયાર નહોતો.'

'સાહેબ ! આપની વાત સાચી છે. પણ આમાં મારો એકલાનો દોષ નથી, ઘણાએ પ્રયત્નો કર્યા પણ હઠાગ્રહ હોય ત્યાં શું થાય ?'

'લાલાજી ! ગમે તેમ હોય પણ તમારા જેવા ખાનદાન કુટુંબના સુપુત્રોને આ શોભે ? તમે મોટાભાઈ છો. તમારૂં હૃદય તો ઉદાર હોવું જોઈએ. આવું મનદુઃખ તમને બન્નેને કાંઈ ઓછું રહેતું હશે. ?'

'કૃપાળુ ! નાનાભાઇ આવે છે.'

'ધર્મલાભ ! તમે તો યાદ કરતાં જ આવી પહોંચ્યા.'

'સાહેબ આપ તો અમારા ઉપકારી છો. આપના હુકમને માન આપવું એ અમારો ધર્મ છે.'

આચાર્યશ્રીજીના મનોહર પ્રભાવશાળી વ્યાખ્યાનો ક્ષત્રિ સભાના વિશાળ હોલમાં થતાં હતાં. વ્યાખ્યાનમાં દિવાન સાહેબ, રેવન્યુ કમીશનર શ્રી ફુલચંદજી મોધા, અધિકારી વર્ગ તથા નગરના અગ્રગણ્યજનો સારા પ્રમાણમાં લાભ લઇ રહ્યા હતા.

ફરીદકોટના લાલા નરપતરામ તથા મીરજીલાલ બન્ને સગા ભાઇઓમાં વૈમનસ્ય ચાલતું હતું. આચાર્યશ્રીને તે વાતની જાણ થતાં તેમણે બન્ને ભાઇઓને બોલાવ્યા, સમજાવ્યા અને વર્ષોનું મનદુઃખ ચમત્કારિક રીતે શાંત થયું. આ કલેશમાં કોર્ટ-કચેરીમાં ને મોટા વકીલો પાછળ હજારો રૂપીઆનું પાણી થયું હતું. ગુરુદેવના ભાવભર્યા ઉપદેશે અમીના છાંટણા કરી શાન્તિ સ્થાપી.

જમ્મુમાં આનંદોત્સવ ઉજવી, હજારો માણસોને પ્રતિબોધ આપી વિહાર કરવાના સમયે સનાતન ધર્મ હાઇસ્કૂલ તરફથી આચાર્યશ્રીને અભિનંદન પત્ર આપવામાં આવ્યું.

જમ્મુથી સત્તવારી, વિસના, હરિયાલ, નખનાલ, જફરવાલ, ધર્મચંદ આદિ ગામોમાં ધર્મોપદેશનો ધોધ વહેવડાવતા સંખતરા પધાર્યા. સંખતરા નિવાસીઓએ આચાર્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. પણ આનંદની વાત તો એ હતી કે કસાઇ લોકોએ પણ આચાર્યશ્રીના માનમાં દુકાનો બંધ રાખી હતી. અહીં હિંદુ, મુસ્લીમ, શીખ તમામ ભાઇઓ વ્યાખ્યાનનો લાભ લેતા હતા.

'સાહેબ! લાલા અમીચંદજીને તો આપ જાણતા હશો.' એક ભાઇએ પ્રશ્ન કર્યો.

'ઘણી સારી રીતે, તે તો સાચા ગુરુભક્ત અને બહુશ

'સાફ સાફ કહું ને? ખોટું તો નહિ લાગે ને?'

'આપની આજ્ઞા શિરોધાર્ય છે.'

'એમ મોઢેથો બોલવાથી નહિ ચાલે. જુઓ હું કાલે સવારે ગોચરી આવવાનો છું-પણ એક શરતે."

'ફરમાવો, ફરમાવો.'

'તમે લાલા અમીચંદજીના સુપુત્રો-બન્ને એક બીજા સાથે મળીને સહકુટુંબ જમો. મનદુઃખને કાઢી નાખી, જે કાંઇ કલેશ-કંકાસ હોય તેને દૂર કરીને આનંદપૂર્વક મને એ પ્રેમભિક્ષા વહોરાવો તો—'

'દયાસિંધુ! આપે જાદુ કર્યું. અમે આજસુધી અભિમાનથી ભરેલા હતા. આપે અમારા હૃદયના મેલને દૂર કરી અમારું ભારે કલ્યાણ કર્યું. અમારાં અહોભાગ્ય. આપની આજ્ઞા શિરોધાર્ય છે.'

સંખતરા આખામાં આ વાત પહોંચી ગઇ. ભલભલા આવી ગયા અને અનેક પ્રયત્નો છતાં જે ન બની શકયું તે ગુરુદેવે માત્ર એક જ પળમાં કર્યું.

સંખતરાથી વિહાર કરી જયપાલ, નાગલ થઇ નારોવાલ પધાર્યા.

અહીં ગુરૂવર્યના સ્વાગત વખતે એક આનંદજનક બનાવ બન્યો. લાલા પંજુશાહની દુકાન પાસેના વાસ્તેથી સજાવેલા સુધીભિન વહાબ દરવાજા પાસેથી આચાર્યશ્રી શિષ્ય સમુદાય સહિત નીકળ્યા કે હકીમ ગુલામમહમદ તથા કમ્મરએમદે આચાર્યશ્રીને પોતાની દુકાન પાસે ઉભા રાખી આચાર્યશ્રીનું

ચાતુર્માસ કરવા નિર્ણય કર્યો. પંજાબભરમાં આનંદની ઊર્મિઓ ઉછળવા લાગી. શીઆલકોટ નિવાસીઓના આનંદનો પાર નહોતો.

જેઠ વદી સાતમે આચાર્યશ્રીએ શિષ્ય મંડળ સાથે વિહાર કર્યો. લાલા જંગીરીલાલ લિગાએ કિલ્લા શોભાસીંગનો સંઘ કાઢવાથી ગુરુવર્ય સંઘ સાથે પધાર્યા. કિલ્લા શોભાસીંગનું દેવ-વિમાન સમાન દહેરાસર અનુપમ હતું. શ્રી શીતળનાથ પ્રભુના દર્શન કરી શીતળતા અનુભવી. આ શુભ પ્રસંગે ગુજરાંવાલા, અંબાલા, અમૃતસર, પસરૂર વગેરેના સંભાવિત ગૃહસ્થો પણ આવ્યા હતા.

પસરૂરથી લાલા મોતીશાહજી, લાલા રામચંદ્રજી, લાલા ખજાનચીલાલજી ફરી પાછા વિનંતિ કરવા આવ્યા. આચાર્ય-શ્રીએ તેમની વિનંતિ સ્વીકારી પસરૂર થઈને શીઆલકોટ જવા માટે નિર્ણય જાહેર કર્યો.

× × ×

આજે વ્યાખ્યાનમાં ભારે ભીડ હતી. જૈન-જૈનેતર ભાઈઓ ઉપરાંત શીખ ભાઈઓ-હિંદુભાઈઓ વગેરે પણ સારી સંખ્યામાં આવ્યા હતા. આચાર્યશ્રીએ સપ્ત વ્યસનો અને મનુષ્ય જીવ-નની સાર્થકતા વિષે મનનીય વ્યાખ્યાન આપ્યું. સરદાર બહાદુર કપ્તાન કરતારસિંહજીએ ઉભા થઇ આચાર્યશ્રીની વિદ્વત્તા અને રસપ્રદ વ્યાખ્યાન શૈલી વિષે બોલતાં જણાવ્યું કે:—

'પૂજ્ય આચાર્યશ્રી તથા મારા જૈન ભાઈઓ ! તમે સતત પરિશ્રમ કરીને આચાર્યશ્રીને અહીં આપણા ગામમાં લાવ્યા છો તે માટે હું તમને ધન્યવાદ આપું છું. હું સંત-સમાગમ કરનારો અને વિદ્વાનોના સમાગમમાં આવનારો છું પણ આવું વિદ્વત્તાભરેલું તત્વરસથી તરબોળ વ્યાખ્યાન મારી



શીઆલકોટમાં મુક્તિમંદિર

(૨૬)

'કૃપાસિંધુ! આપના પવિત્ર પગલાં અમારાં ગામ પસરૂરમાં થયાં ને અમારે લીલા લહેર થઈ. ૪૬ વર્ષ પહેલાં ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજ અમારા ગામમાં પધાર્યા હતા. તે વખતે એવી પરિસ્થિતિ હતી કે તેમને ગરમ પાણી પણ ન મળવાથી પંજાબની સખ્ત ગરમીમાં બપોરના વિહાર કરવો પડ્યો હતો. અને તે વર્ષમાં અમારા કુવાના પાણી ઊંડાં ગયાં હતાં–સૂકાઈ ગયાં હતાં. આ વર્ષે આપશ્રી પધાર્યા, આપના પુણ્યોદયના પ્રતાપે કુવાઓમાં પાણી ઉભરાઈ રહ્યાં છે, જાણે કે પાણીની રેલમછેલ થઈ રહી છે. અમારા જૈનેતર બંધુઓ માને છે કે આપ મહાન આત્માનો એ પુણ્ય પ્રતાપ છે, એક ચમત્કાર જ છે. ગુરુવર્ય આપના ત્યાગ અને તપને કોટિ કોટી વંદન.' પસરૂરનિવાસી લાલા કસ્તુરીલાલે નવીન વાત કરી સભાને ચકિત કરી દીધા.

શીઆલકોટમાં અપૂર્વ સ્વાગત થયું. આચાર્યશ્રી આત્માનંદ જૈન ભુવનમાં જૈન ધર્મ, મૂર્તિ પૂજા, માંસત્યાગ, ગૃહસ્થોનું કર્તવ્ય, મનુષ્ય જન્મની સાર્થકતા વગેરે વિવિધ વિષયો પર

શ્રી ગુજરાંવાલા શ્રી સંઘ તરફથી પર્યુષણના સાતે દિવસ ગરીબોને ભોજન આપવામાં આવ્યું હતું તેનો લાભ હિંદુ-મુસલમાન વગેરે બધાને આપવામાં આવ્યો હતો.

શ્રી વિજયાનંદ જૈન મંડળે હંમેશાં આબુ તીર્થ, નેમનાથ ભગવાનનું લગ્નમાંથી પાછું ફરવું, પાર્શ્વનાથ અને કમઠ વગેરેના દૃશ્યો બતાવી જનતાને આશ્ચર્યચકિત કરી હતી.

ભાદરવા શુદ ૧૧ ના રોજ શ્રી આત્માનંદ જૈન ભુવનમાં આચાર્યશ્રીની અધ્યક્ષતામાં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજીની જયંતી સમારોહપૂર્વક ઉજવવામાં આવી. આ પ્રસંગે પં. સરસ્વતીનાથજી, પંડિત પુરૂષોત્તમ શાસ્ત્રી એમ એ. પંડિત હંસરાજજી શાસ્ત્રી, પંડિત ભગવાનદાસજી આદિ વક્તાઓએ સૂરીશ્વરજીના જીવનની મુખ્ય મુખ્ય ઘટનાઓ પર પ્રકાશ ફેંકી આચાર્યશ્રી કેવલ જૈન સમાજના ઉપકારી નહોતા પણ અખિલ ભારત વર્ષના ઉપકારી હતા. અકબર બાદશાહને પ્રતિબોધી છ માસ તથા છ દિન જીવહિંસા બંધ કરાવવા જજીયા વેરો બંધ કરાવવો વગેરે તેઓશ્રીના કાર્યો મહાન અને ચિરસ્મરણીય છે.

આચાર્યશ્રીએ અધ્યક્ષસ્થાનેથી જગદ્‌ગુરુના જીવનના વિવિધ પ્રસંગો રસપ્રદ રીતે રજુ કરી તેઓના જ્વલંત જીવનનું અનુકરણ જૈન સમાજના તમામ સાધુઓ અને પદવીધરોને કરવાની આ યુગમાં કેટલી બધી આવશ્યકતા છે તે સચોટ રીતે બતાવ્યું હતું.

× × ×

'ગુરુદેવ ! અમને તુલસીકૃત રામાયણ અને વાલ્મિકી રામાયણ સાંભળવાનું તો સૌભાગ્ય પ્રાપ્ત થયું છે પણ હજુ

શીખ, મુસલમાન વગેરે સર્વે કોમના બંધુઓએ સંમિલિત થઇ જૈન ધર્મની શોભા વધારી હતી. આ અપૂર્વ દ્રશ્ય જોવા માટે માનવમેદની ઉતરી પડી હતી.

બહારથી પધારનાર ભાઈઓ–બહેનોની ભોજન આદિ વ્યવસ્થા રાયસાહેબ લાલા કર્મચંદજીએ કરી હતી.

બીજના સવારે આત્માનંદ ભવન તમામ કોમના ભાઈ–બહેનોથી ભરાઇ ગયું હતું. લોકોનો અદમ્ય ઉત્સાહ અને જય જયકારની સાથે જૈન રામાયણનું વ્યાખ્યાન આચાર્યશ્રીએ શરૂ કર્યું. યુવક મંડળની વ્યવસ્થા સુંદર હતી.

જૈન રામાયણમાં આદર્શ ગૃહસ્થાશ્રમ, આદર્શ બંધુભાવ, આદર્શ રાજા, આદર્શ પત્ની, આદર્શ સેવક, આદર્શ પ્રજા અને આદર્શ પુત્ર વગેરેના મનનીય, બોધક અને જીવનમાં પ્રાણનો સંચાર કરે તેવા ભવ્ય દશ્યો મધુર ભાષામાં રજુ કરી આચાર્યશ્રીએ કાર્તક વદ તેરશ સુધી સતત સુધા–વાણીનો ધોધ વહેવડાવી શીઆલકોટના આબાલવૃદ્ધમાં નવીન પ્રેરણાનો સંચાર કર્યો. તમામ કોમના ભાઈઓ આચાર્યશ્રીની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા, પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા.

શીઆલકોટ જેવી ભૂમિમાં આચાર્યવર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્ય પ્રશિષ્ય પં. શ્રી સમુદ્રવિજયજી આદિ મુનિ મંડળ સહિત બિરાજમાન હોવાથી જૈન–અજૈન જનતા ઉપર જે મહદ ઉપકાર થયેલ છે તેનો બદલો કોઇ રીતે વાળી શકાય તેમ નથી.

કારતક શુદ બીજના આચાર્યશ્રીના ૭૨ મો જન્મદિવસ

બેન્ડના મધુર મીઠા ધ્વનિઓએ દિશાઓને ગજાવી દીધી છે. તેવી રીતે તમારા બધાના હૃદયમાં પરમાત્મા પ્રત્યેનો પ્રેમ ગુંજી ઉઠવો જોઇએ. જગતમાં એક જ વસ્તુ પ્રાણીઓને દૃષ્ટિભેદથી જુદી જુદી ભાસે છે. આથી પ્રત્યક્ષ છે કે અમે જે વસ્તુને માનવ જીવન માટે આદર્શ અને શ્રદ્ધાની નજરે જોઈએ છીએ તેને જ બીજાઓ ઉપેક્ષાની નજરે જુએ છે.

જગતમાંના તમામ મનુષ્યો કોઇ ને કોઇ રીતે મૂર્તિપૂજામાં માને છે. પ્રકારો ભલે જુદા જુદા હોય. ઉચ્ચ તત્ત્વની સહાયતા વિના જીવનનું પૂર્ણ દર્શન શકય નથી અને મોક્ષની પ્રાપ્તિ માટે મૂર્તિપૂજાના પ્રથમ પગથીઆની ઉપેક્ષા કેમ થઇ શકે?

આજે આ શાશ્વતા ચાર જિનેશ્વરોના મંદિરજીનો પાયો નંખાય છે તે લોકોની સાચી ભાવનાઓનું પ્રતિબિંબ છે. જૈનોની જૈન આગમો ઉપર નિષ્પક્ષ અડગ શ્રદ્ધા છે. શ્રી સ્થાનાંગ, ઉવવાઇ, રાયપસેણી, જીવાભિગમ, ભગવતી આદિ આગમોમાં ઠેકાણે ઠેકાણે પ્રતિમાઓનું વિધાન છે.

આ પ્રસંગે કાશ્મીરના રેવન્યુ કમીશ્નર રાવબહાદુર બાબુ કુલચંદજી મેધાની અધ્યક્ષતામાં શીઆલકોટની જનતા તરફથી પ્રસિદ્ધ વકીલ પં. જમનાલાલજીએ અભિનંદન પત્ર વાંચી સંભળાવી આચાર્યશ્રીના કરકમળોમાં અર્પણ કર્યું.

પંજાબ શ્રી સંઘ તરફથી આત્માનંદ જૈન ગુરુકુળના અધિષ્ઠાતા બાબુ અનંતરામજી વકીલે અભિનંદન પત્ર વાંચી સંભળાવી ચાતુર્માસ દરમીયાન પ્રત્યેક કાર્યમાં રસપૂર્વક ભાગ

શીઆલકોટનું સં ૧૯૯૭ નું ચાતુર્માસ આ રીતે અનેક શાસનપ્રભાવનાના કાર્યોથી પૂર્ણ થયું. શીઆલકોટનો પ્રવેશ મહોસત્વ, વ્યાખ્યાનો, જયંતી મહોત્સવો, મુક્તિમંદિરની સ્થાપના, હિન્દુ મુસલમાન ભાઈઓનો સહયોગ, રાવસાહેબ લાલાકર્મચંદજી અગ્રવાલ તથા પં. જમનાદાસજી વકીલનો ગુરૂપ્રેમ શીઆલકોટના ઇતિહાસમાં અંકિત રહેશે.



પ્રતિષ્ઠા આપશ્રીના મંગળ હસ્તે કરાવવાની શ્રી સંઘની ભાવના છે.' બાબુ જ્ઞાનચંદજીએ સ્પષ્ટતા કરી.

'આવાં કલ્યાણકારી કાર્યો માટે તો ના કેમ કહેવાય? મુહૂર્ત પણ નજદિક જ છે. જેવી શ્રી સંઘની ઇચ્છા.'

'ગુરુવર્ય! એક બીજો પણ લાભ થવા સંભવ છે. આપના વ્યાખ્યાનમાં વારંવાર આવતા હતા તે મૌલવી એહમદ્દીન આપને વારંવાર યાદ કરે છે. તેમણે માંસાહારનો ત્યાગ કર્યો છે.'

'ઘણી ખુશીની વાત છે. તમારા જેવા યુવાન ભાઈઓએ આવા સરળ હૃદયના બીજી કોમના ભાઈઓને સમયે સમયે પ્રોત્સાહન આપવું જોઈએ. તેનાથી જૈન શાસનનો પ્રભાવ તો વધશે જ પણ એકમાંથી અનેક એવા કુટુંબો જાગશે.'

'દયાળુ! આપની વાણીમાં ખરેખર ચમત્કાર છે. શીઆલકોટ જેવી સખ્ત ને રૂઢીચૂસ્ત ભૂમિમાં આપે એવી સુવાસ ફેલાવી કે મુક્તિમંદિરની સ્થાપના થઈ અને બધી કોમના આગેવાનોએ તેમાં સાથ આપ્યો.'

'બાબુ કપૂરચંદજી! એ તો ગુરુદેવના આશીર્વાદ છે. હું તો વર્ષોથી માનું છું કે ધર્મ અને સમાજકલ્યાણના કાર્યો સફળતાથી પાર પડી રહે છે. આપણી વૃત્તિ સાફ હોવી જોઈએ.'

'કૃપાળુ! અમારા ગામડાઓમાં પણ આપશ્રી થોડી થોડી સ્થિરતા કરો તો ઘણો લાભ થાય. અમને તો આપની અમૃત-

રાખવા અને ગુરુદેવના સ્મારક સમા એ બગીચાની સુવાસ પંજાબભરમાં ફેલાવવા ભરચક પ્રયત્ન કરવા દેશના આપી.

આચાર્યશ્રીના વ્યાખ્યાનમાં જૈનો ઉપરાંત હિંદુ–મુસલમાન–શીખ વગેરેની હાજરી ધ્યાન ખેંચનારી રહેતી. તેઓશ્રીના ઉપદેશના પ્રતાપે ઘણા હિંદુ–મુસલમાન ભાઈઓએ માંસાહારનો ત્યાગ કર્યો હતો.

'સાહેબ ! આજે અમારો ઇદનો મોટો તહેવાર છે, પણ આવા પવિત્ર દિવસે આપના વચનો સાંભળવાની મારી તીવ્ર ઇચ્છા હતી. માંસાહારનો તો મેં ઘણા સમયથી ત્યાગ કર્યો છે. મારા સંબંધી અને અન્ય મુસલમાન ભાઈઓનો અત્યાગ્રહ હોવા છતાં હું મારી પ્રતિજ્ઞામાં દૃઢ છું. એટલું જ નહિં પણ મેં બીજા ઘણા ભાઈઓને આ સાચી સમજણ આપી છે. અમારા કુરાનમાં પણ એમજ કહ્યું છે એમ જ્યારે આપે સમજાવ્યું ત્યારે તો અમારી માન્યતા વિશેષ દૃઢ થઈ." મૌલવી એહમદીને ઉભા થઇને પોતાની પરિસ્થિતિની જાહેરાત કરી.

'મૌલવીજી ! ખરેખર તમને ધન્ય છે. સાંભળવું એ એક વાત છે પણ સાચું ગ્રહણ કરી તેનો અમલ કરવો તે અત્યંત દુષ્કર છે.'

સભાજનોએ પણ મૌલવીજીને હર્ષનાદથી વધાવી લીધા.

આત્માનંદ જૈન ગુરુકુળના નવા મકાનમાં વિદ્યાર્થીઓ આદિને સેવા પૂજા માટે તેમજ શહેરમાં ભાઈઓને માટે પ્રભુપૂજા–ભક્તિ માટે–એમ બે દહેરાસરોનું મુહૂર્ત પોષ વદિ છઠે આનંદપૂર્વક કરવામાં આવ્યું.

દાદુપંથીઓનું કીર્તન સંમેલન હતું. આચાર્યશ્રીને સંમેલનમાં પધારી ઉપદેશામૃતનું પાન કરવા આગ્રહભરી વિનતિ આગેવાનોએ કરી. આચાર્યશ્રી શિષ્ય પરિવાર તથા જૈન આગેવાનો સહિત સંમેલનમાં પધાર્યા. આચાર્યશ્રીએ દાદુસાહેબના જીવનના દષ્ટાંતો આપી સભાજનોને ચકિત કરી દીધા. સભાજનોને આશ્ચર્ય થયું કે જૈન આચાર્ય દાદુસાહેબના આવા જીવનપ્રસંગો કયાંથી જાણતા હોય ? આ ઉપરાંત ખાસ કરીને સંગઠન, ભક્તિ અને સપ્ત વ્યસનના ત્યાગ વિષે ભારે અસરકારક વ્યાખ્યાન આપ્યું. આગેવાનોએ આચાર્યશ્રીનો બહુ સન્માનપૂર્વક આભાર માન્યો.

લાહોરથી કસુર થઇને ગંડાસંગવાલા થઇ ફિરોજપુર છાવણી પધાર્યા. અહીં દિગંબર બંધુઓના ૧૨૫ ઘર છે. દીગંબર ભાઈઓએ બહુ સુંદર સ્વાગત કર્યું. હાઇસ્કુલના હેડમાસ્તર બાબુ હંસરાજજીએ હાઈસ્કુલ તરફથી તથા જૈન સભા ફિરોજપુર તરફથી બાબુ રૂપકિશોરજી જૈને અભિનંદન પત્રો વાંચી સંભળાવ્યા. અને શેઠ તુલસીરામજી જૈને આચાર્યશ્રીના પુનિત કરકમલોમાં અર્પણ કર્યા. આચાર્યશ્રીએ યોગ્ય ઉત્તર આપી માંગલિક સંભળાવ્યું. હાઇસ્કુલની મુલાકાત લીધી.

× × ×

" ગુરુદેવની-જન્મભૂમિ-ભાવનાભૂમિ અને સંસ્કારભૂમિના વીસ વર્ષ પહેલાં દર્શન કર્યાં હતાં. પંજાબમાં પગ મૂકયો અને ગુરુદેવની જન્મભૂમિના દર્શનની અભિલાષા જાગૃત થઇ હતી. પણ આજ સુધી આવવાનું શક્ય ન બન્યું. આજે આ પવિત્ર ભૂમિના દર્શન કરી શાન્તિ થઈ. ગુરુદેવનો અનિમ

આનંદની વાત તો એ હતી કે આજના શુભ પ્રસંગની યાદ-ગીરીમાં અહીંની મ્યુનીસીપાલીટીએ આજે સર્વાનુમતે ઠરાવ કર્યો કે જૈન મંદિરની પાસે આવેલ ચોકનું નામ આજથી શ્રી આત્માનંદ જૈન ચોક અને જે શેરીમાં તેઓ ઉછર્યા હતા તેનું નામ શ્રી આત્માનંદ જૈન સ્ટ્રીટ રાખવામાં આવે છે. આ જૈન સમાજ માટે ગૌરવની વાત છે.

બીજે દિવસે આચાર્યશ્રીની સ્વર્ગસ્થ ગુરુદેવના લહેરા ગામમાં સ્મૃતિચિન્હ રાખવાની આજ્ઞાને અમલમાં મૂકવા શ્રી જીરા સંઘની સભા મળી અને તેમાં સર્વાનુમતે નિર્ણય થયો કે સ્વર્ગસ્થ ગુરુદેવના સ્મરણાર્થે લહેરા ગામમાં બે કનાલ જમીન ખરીદી તેઓશ્રીનો કીર્તિસ્તંભ બનાવવો અને શ્રી આત્માનંદ જૈન પાઠશાળાની સ્થાપના કરવી. જમીનની કીંમત લાલા નથુશાહજી બાબુરામજીએ આપવાની જાહેર કરી.

રાત્રિના આઠ વાગે શ્રી આત્માનંદ જૈન ચોકમાં લાલા ગુરુદાસરાયની અધ્યક્ષતામાં જાહેર સભા થઇ. પંડિત હંસરાજજી, ભાઇ શ્રીપાળ, શાયર મહમદ અકરમ, શિવ દર્શન લાલ ગુપ્તા અને બલવંતરાય ખુશનરે ગુરુદેવના સંસ્મરણો, ગુરુદેવની સ્તુતિઓ તથા ગુરુદેવના ભજનો કહી સભાને રંજિત કરી.

આચાર્યશ્રી જીરા નગરમાં શાન પ્રભાવના કરાવી વિહાર કરી વનખંડી પધાર્યા. રસ્તામાં ઘણા ભાઇઓ સાથે હતા. નવલખા કુટુંબના સમજદાર ભાઇઓમાં ઘણા સમયથી મન-દુઃખ હતું. આચાર્યશ્રીએ તક જોઇને ચારે ભાઇઓને સમ-જાવ્યા સમયનો પરિપાક થયો હોવાથી ચારે ભાઇઓ સમજી ગય. અને લાલા ખેતુરામજી, લાલા સુંદરદાસજી, લાલા સંત-

'ભાઈઓ! તમારા જગરાંવાનો એક યાદગાર પ્રસંગ આજે યાદ આવે છે. સ્વર્ગસ્થ ગુરુદેવે તે અમને કહેલો.'

'અમારી શ્રદ્ધા જ્યારે મૂર્તિપૂજામાં થઈ અને જાહેરમાં આવી ત્યારે પૂજ્ય અમરસિંહજીએ કહેલું કે તમારી શ્રદ્ધા તમારી પાસે–અમારી શ્રદ્ધા અમારી પાસે. હવે તમે અમારી પાસે રહી અમારી શ્રદ્ધાને ચલાવી નહિ શકો. તમે જુદા પડો તેજ સારૂં છે. તે સમયે અમે આ જગરાંવામાં જ જુદા પડ્યા પણ જગરાંવાનિવાસીને અમારા પ્રત્યે અત્યંત પ્રેમભાવ હોવાથી અમે જુદા પડતાં જગરાંવાનિવાસીઓને સંદેશ આપ્યો હતો કે અમે જુદા પડીએ છીએ તે મહારાજશ્રીના વિચારથી પણ તમારાથી–જગરાંવા નિવાસીઓથી જુદા પડી શકતા નથી. આપણો સંબંધ તો એવો ને એવો જ રહેવાનો, આજે આ વાત તમે સાચી પાડી છે. પહેલાં હું ૧૯૬૨ માં આવ્યો ત્યારે પણ તમારો એવો જ ભાવ હતો. વળી અહીં સ્થાનકમાં રહેલા મુનિઓ અને અમે કેવા સદ્ભાવથી મળ્યા તે તમે જોઈ શક્યા છો. આવી રીતે પરસ્પર સદ્ભાવની ભાવના જાગે તો જૈન ધર્મની પ્રભાવના ખૂબ થાય.

અહીં બીકાનેર, અમૃતસર, લુધીયાના, રાયકોટ, માલેર-કોટલા, ગુજરાનવાલા, અંબાલા આદિથી ભાઈઓ ગુરુદેવના દર્શનાર્થ આવ્યા હતા. તેઓનું આતિથ્ય સુંદર રીતે કરવામાં આવ્યું હતું. આઠ દિવસની સ્થિરતા દરમિયાન આચાર્યશ્રીએ વિવિધ વિષયો પર પ્રભાવશાળી વ્યાખ્યાન આપી જનતામાં સારી જાગૃતિ આણી છે.

શ્રી સંઘ લુધિઆનાની ત્રણ ત્રણ વખતની આગ્રહભરી

નકોદરમાં સ્વર્ગવાસી ગુરૂદેવની જયંતીનો ઊત્સવ સમારોહપૂર્વક ઉજવવામાં આવ્યો.

× × ×

'સાહેબ! ચાતુર્માસ માટે અમે પટ્ટી શ્રી સંઘના તરફથી વિનંતિ કરવા આવ્યા છીએ.

'આજે જ ગોચરી વખતે ચાતુર્માસ સંબંધી વાત ચાલી હતી. હુશિયારપુર શ્રી સંઘનો અત્યંત આગ્રહ છે એટલું જ નહિ પણ શ્રી વિદ્યાસૂરિજીની જન્મભૂમિ હોવાથી શ્રી સંઘનો વિશેષ આગ્રહ છે.'

'ગુરૂદેવ! અમારી વર્ષોથી પ્રાર્થના છે. પટ્ટી ખણામાં આવ્યું હોવાથી તેની સારસંભાળ લેવામાં આવી નથી.'

'લાલાજી! એમ ન કહો. પંજાબના બીજા ભાગોમાં પણ આવશ્યક કાર્યો હતા. પટ્ટી કાંઇ ભુલાય છે.'

'દયાળુ! આપ જ વિચારો, ચાલીસ વર્ષ પહેલાં ચાતુર્માસ આપશ્રીએ કર્યું હતું. સત્તર વર્ષથી તો આપના દર્શન દુર્લભ થઇ પડ્યાં છે.'

'એ વાત તો સાચી છે પણ તમારા ઘણાં ભાઇ–બહેનો તો પંજાબમાં બે ત્રણ વખત ઉત્સવ સમયે આવી ગયા છે.'

'કૃપાળુ! અમારા વૃદ્ધજનો, ભાવિક બહેનો તો આપશ્રીના દર્શન માટે, આપની અમૃતવાણી માટે, આપની વૈયાવચ્ચ માટે ઝંખે છે.'

'લાલાજી! તમારી વકીલાત જબરી નીકળી. આનંદ કરો ચાતુર્માસ પટ્ટીમાંજ થશે.'

સેવામય, એવું જ્ઞાનમય અને એવું તો નિર્મળ તથા પ્રશાંત હતું કે જૈન સાધુ સમાજમાં તેઓ વિશિષ્ટ અને સાચા માર્ગદર્શક તથા પૂજ્ય ગણાતા. શાંત સાગરની જેમ સદા એકધારી કર્મઠ્યતાથી પરિપૂર્ણ હતા. શાંતિના ચાહક તરીકે જૈનસંઘમાં તેઓનું અદ્વિતીય સ્થાન હતું. શાંતિના અજોડ ધામસમા, સમદર્શી, પવિત્ર, જ્ઞાનસ્થિર, દીર્ઘજીવી, સરળ, સમભાવી ત્યાગી તરીકે તેઓ પોતાનું સમસ્ત જીવન સર્વસન્માનનીય રાખી શક્યા હતા. પદવી અને અલંકારોથી તેઓ પર હતા. સાધુસમુદાયમાં તેઓશ્રીનું સ્થાન વિશિષ્ટ અનુભવી તરીકે સર્વશ્રેષ્ઠ હતું.

પાટણમાં જૈન સમાજના કીંમતી ખજાનારૂપ હજારો શાસ્ત્રોના પુસ્તકો ઊધઈનો ભોગ થઈ રહ્યા હતા. તે સરસ્વતીમાં પધરાવતા એ જ્ઞાનપિપાસુની આંખમાં અશ્રુ સરી પડતા. પણ એ જ્ઞાનીએ પ્રાચીન જ્ઞાનભંડારો ને શાસ્ત્રગ્રંથોનો ઉદ્ધાર કરવા જીવન સર્વસ્વ આપીને સમગ્ર સાહિત્યોનો જીર્ણોદ્ધાર અને પુનરૂદ્ધાર કરી ભારતીય પ્રાચીન સાહિત્યની અને તે સાથે જૈનસમાજની અપૂર્વ સેવા કરી છે. ગુરૂદેવના આ પરમપ્રિય શિષ્ય હતા.

મારે માટે તો એ વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, સાચા માર્ગદર્શક હતા. એટલે આજે મને તો ખરેખર ગુરુદેવ સાંભર્યા. આજ સુધી ગુરુદેવ પછી તેઓનો મારા પર એવો અપૂર્વ પ્રેમ હતો કે તેનું શબ્દોમાં વર્ણન ન થઈ શકે. મારા જીવનમાં અનેક નાના મોટા, સુખદુઃખના, મુશ્કેલી અને ઉપાધિના ઘણા

પ્રસંગો બની ગયા પણ એ દરેક પ્રસંગે, હું ગૂજરાતમાં હોઉં કે મારવાડમાં, પંજાબમાં હોઉં કે દક્ષિણમાં તેઓશ્રીની સલાહ મળ્યા જ કરે. એવા સંતપુરૂષને ધન્ય છે! તેમના જેટલું પુણ્યબળ, દીર્ઘાયુષ અને ઉચ્ચ પવિત્ર જીવનદર્શન આપણને પ્રાપ્ત થાય તો આપણો બેડોપાર થઈ જાય. તેઓશ્રીનો આત્મા તો સ્વર્ગમાં બેઠો બેઠો ચિરંતન શાંતિ અનુભવતો હશે."

× × ×

વર્ષો બાદ આચાર્યશ્રી પટ્ટીમાં પધારતા હોવાથી આખા નગરમાં આનંદ આનંદ ફેલાઈ ગયો હતો.

પટ્ટીએ ભાવભીનું સ્વાગત કર્યું. મ્યુનીસીપલ પ્રમુખ મીર હમીરઅલ્લા તથા જૈન-જૈનેતર આગેવાનોની સુંદર હાજરી હતી. બાબુ મૂલખરાજજીએ અભિનંદન પત્ર વાંચી ગુરુદેવના કરકમળમાં અર્પણ કર્યું. આચાર્યશ્રીએ આત્મતત્ત્વ ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું.

અષાઢ શુદિ અગીયારસે સવારના આઠ વાગે આચાર્યશ્રી પર પાટણના નગરશેઠનો દુઃખદ તાર આવ્યો. પૂજ્ય પ્રવર્તકજી ૧૦૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજના સ્વર્ગવાસથી પાટણના શ્રી સંઘને મહાન સંતની ખોટ પડી છે.

આ દુઃખદ સમાચાર પટ્ટીમાં ફેલાઈ ગયા. આચાર્યશ્રીએ ચતુર્વિધ સંઘ સાથે દેવવંદન કર્યું તથા વૈરાગ્ય વાહિની દેશના આપતાં પ્રવર્તકજીના મહાન આત્માને ભવ્ય શ્રદ્ધાંજલિ આપી.

આચાર્યશ્રીને સ્વર્ગસ્થ ગુરૂદેવ આજે વિશેષ સાંભરી આવ્યા. શ્રીયુત પ્રવર્તકજીનો એવો જ નિર્મળ પ્રેમ અને સર્વ પ્રવૃત્તિમાં સહકાર હતો.

પટ્ટીમાં પર્યુષણા પર્વ આનંદપૂર્વક ઉજવાયાં. આ પ્રસંગે પર્વાધિરાજ પર્યુષણા પર્વની આરાધના માટે આચાર્યશ્રીની સુધા વાણીનો લાભ લેવા માટે ગુજરાનવાલા, લાહોર, અમૃતસર, કસૂર, ખાનગા ડોગરા, જહેલમ, જંડીયાલા, લુધિયાના, અંબાલા, સાઢોરા, રાયકોટ, લાયલપુર, ફાજલકા વગેરે સ્થળેથી ઘણા ઘણા બહેનભાઈઓ આવ્યાં હતાં.

બહારથી પધારેલ સાધર્મિક બંધુઓની તમામ વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવી હતી. લાલા નંદલાલજી નાહરના સુપુત્રો લાલા સુંદરલાલજી વગેરેએ સુંદર સત્કાર કર્યો હતો.

પર્યુષણા પર્વ નિર્વિઘ્ને ઉજવાયાં હતાં. પટ્ટીમાં આનંદ આનંદ છવાઈ રહ્યો હતો.

આજે જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજીની જયંતી હતી. આચાર્યશ્રીએ સૂરીશ્વરના જીવનના પ્રસંગો દૃષ્ટાંત સહિત કહી બતાવ્યા. શ્રી હરિચંદ્ર કાનુગાએ વિવેચન કરતાં જણાવ્યું કે– 'મેં ઘણા ધર્મના પુસ્તકો વાંચ્યા છે, ઘણી ધર્મસભાઓમાં જઈ ધર્મગુરુઓના વ્યાખ્યાન સાંભળ્યાં છે, પણ મને જે આનંદ અને શાંતિ આચાર્યશ્રીના વ્યાખ્યાનોમાંથી મળ્યાં છે તે અપૂર્વ છે. આચાર્યશ્રીની અમૃત વાણી સાંભળતાં આત્માના ઉંડાણમાં ચીનગારી લાગે છે અને આત્મા જાગૃત બની જાય છે. ગુરુદેવના વ્યાખ્યાનો માત્ર જૈનો માટે જ નથી પણ હિન્દુ–મુસલમાન બન્નેને માટે કલ્યાણકારી છે. તેમાં સર્વ ધર્મનો સમન્વય તેમજ આત્માની ઉન્નચના, મનુષ્ય જન્મનું સાર્થક કેવું છે તે નિષ્પક્ષપાતપણે હૃદયંગમ થઈ પડે તે રીતે આપની સમક્ષ રજુ કરવામાં આવે છે. આચાર્યશ્રીના આ ચાતુર્માસની

યાદગીરી માટે એક એવી સભા સ્થાપન થવી જોઈએ કે સર્વેનું કલ્યાણ થાય. આચાર્યશ્રીનું નામ રોશન રહે. મે મહારાજશ્રી આત્મારામજી મહારાજનાં દર્શન કર્યાં છે. તે વ્યાખ્યાન સાંભળ્યાં છે. આચાર્યશ્રી ગુરુદેવના સાક્ષાત્ ર સમા છે. ધન્ય છે એ જીવન, એ વાણી, એ કલ્યાણ ભા એ સમાજઉત્કર્ષની આગ.

કાર્તક શુદ બીજના દિવસે પટ્ટીમાં આચાર્યશ્રીનો ૭ઃ જન્મદિવસ બહુ જ સમારોહપૂર્વક ઉજવવામાં આવ્યો. આ ર્યશ્રીના ૭૩ મા જન્મદિવસની યાદગારમાં સેવાભાવી ' યુવાનોએ પોતાનું સંગઠન બળ કેળવી ' આત્મવલ્લભ ં સેવક મંડળ ' નામની સંસ્થા સ્થાપન કરી. આચાર્યશ્રી સેવા ધર્મનું મહત્વ સમજાવી માર્ગદર્શન આપ્યું.

જન્મ જયંતીના ઉત્સવ પ્રસંગે છરાનિવાસી વકી બાબુરામજી જૈનની અધ્યક્ષતામાં જાહેર સભા ભરવામાં આ આત્મવલ્લભ જૈન સેવક મંડળ તરફથી પ્રમુખ બાબુ મૂલ રાજજીએ અભિનંદન પત્ર વાંચી સંભળાવી ગુરુદેવને અર્પણ કર્યું

બાબુ ગોરીશંકરજીએ ગુરુદેવના ચરણમાં નમસ્કાર ક જણાવ્યું કે—" આચાર્યશ્રીના સમાગમમાં આવ્યા પહેલાં હું નાસ્તિકમાં નાસ્તિક હતો. કોઈને પણ માનતો ન હતો

હું ઘણા વિદ્વાનો સાથે એવી ચર્ચામાં ઉતર . કે ગમે તેવાની સાથે જોરપૂર્વક ટક્કર ઝીલતો અને કોઈપણ મારી શંકાઓનું સમાધાન ન કરી શકતું. આચાર્યશ્રી ગુજ . . ક પધાર્યા ત્યારે હું શયાનપુરના મારા મિત્ર અયોધ્ય પ્ર . . જીએ . . ને જણાવ્યું કે ગુજરાનવાલામાં

સૂરિજી આવ્યા છે. તેમની પાસે જાઓ. તેઓ વિદ્વાન હોવા ઉપરાંત સમયના જાણકાર તેમજ તમારી શંકાઓનું સમાધાન કરી શકે તેવા સર્વ શાસ્ત્રગામી છે. તમારા આત્માને જરૂર શાંતિ મળશે. મારો આત્મા શાંતિની શોધમાં હતો, અને આશંકા હતી કે જૈનાચાર્ય તો જૈન ધર્મનાં શાસ્ત્રો જાણતા હશે તે મારી શંકાઓનું નિવારણ કેમ કરી શકશે? છતાં હું એમની પાસે ગયો. દર્શન કર્યાં અને દર્શન માત્રથી કોણ જાણે શાથી મારા હૃદયમાં શાંતિનું ઝરણું ફૂટી નીકળ્યું છતાં મેં મારી હંમેશની રીત પ્રમાણે દલીલ બાજી શરૂ કરી. ચર્ચાના અટપટા મુદ્દાઓ રજુ કર્યાં. આચાર્યશ્રીએ તેમની લાક્ષણિક શાંત શૈલીમાં મારી દલીલોના જવાબ આપ્યા. મને રસ પડયો પણ હું તો પૂરો નાસ્તિક તેથી હંમેશાં જવા લાગ્યો. બબ્બે કલાક ચર્ચા કરતો. ઘણી વખત તો મારી ચર્ચા સાંભળનારા અકળાઇ જતા અને કોઇ કોઇ વખત તો મને બહાર કાઢવા મથતા પણ ગુરુદેવ સૌને શાંત કરતા અને મને સમજાવવાનું ચાલુ રાખતા.

અને આપ સૌને શું કહું? થોડા દિવસોમાં મધુર, મીઠી વાણીથી, શાંતિ અને આનંદથી, દૃષ્ટાંતો અને દલીલોથી મારી શંકાઓ સરી પડી. હું મુગ્ધ થઇ ગયો. મારા ઉપર જાણે ગુરુદેવે જાદુ ન કર્યું હોય એવો ચમત્કાર થયો. હું તેમના ચરણમાં ઝુકી પડયો,

આ શાન્ત કૃપાસાગર ગુરુવર્યના પ્રતાપે દેવ, ગુરુ, ધર્મને [illegible] થયો આત્મા પરમાત્માને સમજનારો થયો અને

ગુરુદેવની અમીદ્રષ્ટિથી અંધકારમાંથી પ્રકાશમાં આવ્યો. જીવન ઉજ્વળ બની ગયું."

૧૯૯૮ નું ચાતુર્માસ પટ્ટીમાં શાંતિપૂર્વક પૂર્ણ કરી પધાર્યા. કસુરમાં આચાર્યશ્રીના વરદ હસ્તે પોષ શુદિ પૂર્ણિ દિવસે નવીન દહેરાસરમાં શ્રી આદીશ્વર પ્રભુની પ્રતિષ્ઠા ક તથા નવીન ભરાવેલાં જિનબિંબોની અંજનશલાકા કરાવી.

કસુરથી લુધીઆના થઈ કોટ કાશીસિંહ તથા કોટ રા કૃષ્ણ થઈ જીરા પધાર્યા. રસ્તામાં સ્વામી બોધાનંદજી ત સરદાર ગુરૂદત્તસિંહજી દર્શને આવ્યા. જતી વખતે સ્વા બોધાનંદજીએ આચાર્યશ્રીના ચરણોમાં મસ્તક નમાવી આશીર્વાદ માગ્યા કે 'સ્વામી ! મને એવો આશીર્વાદ આપો કે આપના ચરણોમાં રહી 'પદ્દર્શનસમુચ્ચય' નો અભ્યા બનું.' આચાર્યશ્રીએ સ્વામીજીને હાર્દિક આશીર્વાદ આપ્યા

જીરામાં આચાર્યશ્રીના સદુપદેશથી જીરા સંઘમાં મતભે થવાથી પરસ્પર વૈમનસ્ય હતું તે દૂર થયું. શ્રી જયદે બહેને ઉપાશ્રય નીચેની પોતાની ત્રણ દુકાનો નવીન ઉપાશ્ર માટે ભેટ આપી.

અક્ષય તૃતીયાના દિવસે રાયકોટમાં અંજનશલાકા હતી આચાર્યશ્રીએ પંજાબ સંઘ સમસ્તને જણાવ્યું કે જે જે મહાનુભાવોને નવીન પ્રતિમાઓની અંજનશલાકા કરાવવાનો લાભ લેવા હોય તેઓએ સુખેથી રાયકોટ ચૈત્ર વદી ૧૦ સુધી પહોંચી જવું. અંજનશલાકા સંબંધી કોઈપણ જાતનો ... વગેરે રાખવામાં આવેલ નથી

\

ચૈત્ર શુદિ ત્રયોદશીના દિવસે શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરસ્વામીની જયંતી આચાર્યશ્રીની અધ્યક્ષતામાં ઉજવવામાં આવી. આચાર્યશ્રી એ ગણધરદેવોના શંકા સમાધાન વિષયમાં પ્રકાશ નાખતા, આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ નરક, વગેરેની સિદ્ધિ કરી બતાવી.

સં. ૧૯૯૨ માં જ્યારે આચાર્યશ્રી રાયકોટ પધાર્યા ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે રાયકોટમાં નગરમાં આવું ભવ્ય ગગનચૂંબી જિનાલય બંધાશે. આ વખતે પ્રતિષ્ઠા ઉત્સવ ઘણીજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે પંજાબભરના ૪૦૦૦ ભાઇબહેનો પ્રતિષ્ઠા ઉત્સવમાં ભાગ લેવા આવ્યા હતા.

છઠ્ઠના દિવસે આચાર્યશ્રીના પુનિત કરકમલોથી શ્રી સુમતિનાથજી, શ્રી સુપાર્શ્વનાથજી, શ્રી સુવિધિનાથજીની પ્રતિષ્ઠા થઇ હતી.

શ્રી આત્માનંદ જૈન મહાસભાનું અધિવેશન ગુજરાનવાલા-નિવાસી બાબુ જ્ઞાનચંદજીની અધ્યક્ષતામાં થયું હતું.

પ્રતિષ્ઠા પ્રસંગે નગરના ઠાકરદ્વારા, ગુરુદ્વારા, મસ્જીદ, આદિને તથા બ્રાહ્મણોના ઘરોમાં મીઠાઇ વહેંચવામાં આવી, બધા બજારોમાં, હાઇસ્કુલ, પ્રાઇમરી સ્કૂલના વિદ્યાર્થીઓ અને કન્યા પાઠશાળાની કન્યાઓને મીઠાઇ વહેંચવામાં આવી હતી.

રાયકોટના ઇતિહાસમાં આવો ઉત્સવ પહેલો જ અને અપૂર્વ હતો.





સંક્રાંતિનો ચમત્કાર.

(૨૯)

'ગુરુદેવ! ચાતુર્માસ માટેની અમારી વિનંતિ હવે તો સ્વીકારશો ને!' લાલા ટેકચંદજીએ વિનંતિ કરી.

'જંડિયાલાગુરુ થઈને જ આગળ જવું છે પણ ચાતુર્માસ માટે નિર્ણય નથી કર્યો.'

'સાહેબ! લાલા હંસરાજજી રોચનલાલજી દુગડે થાં ગુરુમંદિરને માટે બે કનાલ જમીન ભેટ આપવા નિશ્ચ કર્યો છે.'

'દુગડ ખાનદાનની એ ભાવના સુંદર છે.'

'દયાળુ! આપ ચાતુર્માસ માટે પધારો તો આપની પ્રેરણાથી ગુરુમંદિરનું ખાતમુહૂર્ત થઇ શકે.'

'લાલાજી! તમારા જેવા અનન્ય ગુરુભક્ત અને ધર્મનિષ્ઠ આગેવાન હોય ત્યાં બધું સફળતાથી થઇ શકે, મારવાડ અને બીકાનેરની વિનતિઓ આવી પડી છે. તે ભાઇઓ આજકાલ આવવાના છે.'

'સાહેબ! ગરમીના દિવસો આવી ગયા. હવે બીકાનેર જેટલે દૂર નહિ પહોંચાય. કૃપા કરી ચાતુર્માસ માટે અમારી પ્રાર્થના સ્વીકારો.'

'તમારી ભાવભરી માગણીને હું કેમ અવગણું?'

'ગુરુદેવ! આપ તો કૃપાના સાગર છો. અમૃતસર, લુધિઆના, અંબાલા, હુશીયારપુર આદિ શહેરોના શ્રી સંઘોની આગ્રહ ભરી વિનતિઓ હોવા છતાં અમારા પ્રબળ પુણ્યોદયે અમારી શ્રી સંઘની વિનતિને માન આપી સખ્ત ગરમી પડતી હોવા છતાં ઉગ્ર વિહાર કરી અમારે આંગણે પધારશો તો ખરેખર અમારૂં કલ્યાણ થશે જ થશે.'

'લાલાજી! નિમિત્ત બળવાન છે. અમારો ને તમારો ધર્મસ્નેહ આપણને આકર્ષે છે. ગુરુદેવની કૃપા એ જ આ બધામાં મુખ્ય છે.'

× × ×

જેઠ શુદ પુનમે વિહાર કરી પીપલાવાલી, આદમપુર, નવાંશહેર, જાલંધર, કરતારપુર, દયાલપુર, ભૈરોવાલ, રૈયા

આદિ ગ્રામ નગરોને પાવન કરતા ઉગ્ર વિહાર કરી અ
શુદિ બીજે પધાર્યા. નગર પ્રવેશનો ઉત્સાહ અજબ હ
અમૃતસરનું શીખ બેન્ડ જનતાને આકર્ષી રહ્યું હતું. ભ
મંડળીઓની ધૂન મચી હતી. અધિકારી વર્ગ તથા હિ
શીખ, મુસલમાન ભાઈઓની હાજરી સારી હતી.

સં. ૧૯૫૦ માં સ્વર્ગીય ગુરુદેવે ચોમાસું કર્યું ત્ય
આચાર્યશ્રી સાથે હતા. ૪૯ વર્ષે પોતાના આંગણે ચાતુર્મા
કરતા ગુરુદેવ માટે સંઘના આબાલવૃદ્ધમાં અપૂર્વ ઉત્સા
ફેલાયેલો હતો.

આચાર્યશ્રીએ આ વખતે જંડીયાલાગુરુના યુવાનોને
જાગૃત કરવા વ્યાખ્યાનમાં યુવાનોની શંકાઓનું સમાધાન
કરવાની પ્રથા શરૂ કરી.

હંમેશાં નવનવા પ્રશ્નોના ઉકેલો મળતા, નવનવી શંકા-
ઓના સમાધાન થતાં તથા જૈન સમાજના ઉત્થાન માટે નવ
નવી યોજનાઓ વિચારાતી.

આચાર્યશ્રીના આશીર્વાદથી નવયુવાનોએ 'શ્રી આત્માનં
જૈન વાંચનાલય'ની સ્થાપના કરી.

'તમે તો ગુરુદેવના પાકા ભક્તો છો. લાલા ટેકચંદજી,
લાલા બનારસીદાસના સુપુત્રો અને લાલા સોમામલજી જેવા
ધર્મનિષ્ઠ, સેવાભાવી સજ્જનો તમારા આગેવાનો છે. જંડિ-
યાલાગુરુનું નામ જ કેવું મજાનું છે? જેને ગુરુ શબ્દ
લાગ્યો છે તે પોતાના માથેથી ક્યારે ગુરુદેવ માટે ર, ર
છે? તમારું મંદિર તો બહુ સુંદર છે. ઉપાશ્રય પણ મ
વિશાળ છે હવે તમ. એક ગુરુ મંદિરની વૃદ્ધિ થાય તે

ગુરુ-ધર્મની પ્રભાવના થાય. તમારામાંથી દુગડ કુટુંબના એક ગૃહસ્થે પોતાની બે કનાલ જમીન ભેટ આપવા વિચાર દર્શાવ્યો છે. તે જમીનનો સ્વીકાર કરવો કે ન કરવો તે તમારી શ્રી સંઘની ઇચ્છાની વાત છે. તમારામાંથી બીજા ભાઈઓ ગુરુમંદિરના મકાનનો ખર્ચ ઉપાડી લેવા તૈયાર થાઓ તો પર્યુષણા પર્વ પહેલાં જ ખાતમુહૂર્ત આવે છે.'

આચાર્યશ્રીની વાણીની અજબ અસર થઈ. વાત વાતમાં ફંડની શરૂઆત થઈ અને ગુરુમંદિર માટે જરૂરી ફંડ થઈ ગયું. લાલા હંસરાજજી રોશનલાલજી જૈન દુગડે શ્રી ગુરુમંદિર માટે પોતાની બે કનાલ જમીન શ્રી સંઘને ભેટ આપી અને શ્રાવણ વદી પંચમીના શુભ દિવસે શ્રી વિજયાનંદ જૈન ગુરુમંદિરનો પાયો નાંખવામાં આવ્યો.

આચાર્યશ્રીની નિશ્રામાં પર્યુષણા પર્વ બહુ આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યા. શ્રી પર્યુષણા પર્વ આરાધવા સારૂ પંજાબભરના તેમજ પંજાબ બહારના વેપારાર્થે આવેલા ગુજરાતી-કાઠિયાવાડી ભાઈઓ બધા મળી લગભગ દોઢ હજાર પધાર્યા હતા. બધાનું આતિથ્ય રૂડી રીતે કરવામાં આવ્યું હતું.

× × ×

ભાઈઓ! આપણે પર્યુષણા પર્વના દાનનો મહિમા જાણીએ છીએ. સ્વામીવાત્સલ્યની ભાવના તો આપણામાં હોય તેમાં નવાઈ નથી પણ જૈન ધર્મ તો જીવ માત્રને અભયદાન આપવાનું કહે છે પ્રાણી માત્ર પશુ-પક્ષીનો જીવ બચાવવામાં પણ મહાન પુણ્ય છે તો આ તો મનુષ્ય જીવોને માટે કરવાનું છે બંગાલ અને મેવાડમાં ઘણાં કુટુંબો આપત્તિમાં આવી

પડયાં છે. તેઓને મદદ કરવી સૌ કોઈની પવિત્ર ફરજ છે. તમે માત્ર તમારા શહેરમાં જ ફંડ કરો તેમ નહિ પણ મારી ઇચ્છા તો એવી છે કે આ આપદગ્રસ્ત કુટુંબો માટે પંજાબ ભરમાંથી યોગ્ય ફાળો થવો જોઈએ. તેને મોકલવાની વ્યવસ્થા શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબ કરશે. આ ફાળામાં બહેનો પણ પોતાનો હિસ્સો નોંધાવે. 'સવિ જીવ કરૂં શાસન રસી' અને-'સર્વ જીવોને અભયદાન આપું' એ આપણા મહાન સૂત્રોનું આપણે આવા વખતે પાલન કરવું જોઈએ. જૈન ધર્મ અને જૈન શાસનની તેમાં જ શોભા છે. તમારા પૂર્વજોએ આવા પુણ્ય કાર્યો ઘણાં કર્યાં છે અને તે ઇતિહાસમાં અમર છે."

આચાર્યશ્રીના આ ઉપદેશની સુંદર અસર થઈ. ફાળો શરૂ થયો. બહેનો-ભાઈઓએ તેમાં સારો રસ લીધો અને આખા પંજાબમાં તે ફાળો કરવામાં આવ્યો.

'ગુરુદેવ! અમારા શ્રી સંઘના આગેવાનોની ભાવના આપશ્રીને ક્ષામણા કરવા આવવાની હતી. સંવત્સરીના દિવસે તે વાત જાહેર કરવામાં આવી પણ અમારા આશ્ચર્ય વચ્ચે શ્રી સંઘના મોટા ભાગના ભાઈ-બહેનો આવવા તૈયાર થયા. ઉપરાંત ગુજરાતી, કાઠિયાવાડી, કચ્છી ભાઈઓ જે વેપાર અર્થે અમૃતસરમાં વસેલા છે તે સમ્મિલિત થયા' બાબુ મોહનલાલજીએ હકીકત કહી.

'કૃપાળુ! અમારામાના એક વૃદ્ધ ભાઈએ એવી [illegible] કે આપણે શ્રી સંઘ મળીને ગુરુદેવના દર્શનાર્થ [illegible] માટે જઈએ છીએ તો બધા ખુલ્લે પગે [illegible]

કેવું સારું ! સંઘની શોભા તેમાં જ છે. આ વાત બધાને ગમી અને આપશ્રીની સેવામાં અમે હાજર છીએ.'

ખુલ્લે પગે ક્ષામણા માટે આવવાની નવી પ્રથાથી બધાને આશ્ચર્ય થયું. જંડીયાલાગુરુના હિંદુ-મુસ્લીમ ભાઈઓ આ અનુપમ દ્રશ્ય જોઇ ચકિત થઇ ગયા.

ગુરુદેવે અમૃતસરના ભાઈઓને ધન્યવાદ આપ્યો તેઓની ગુરુભક્તિ અને ધર્મપ્રેમની પ્રશંસા કરી. તેઓશ્રીએ મધુર પ્રવચન કરી ક્ષમાપનાનું રહસ્ય સમજાવ્યું અને જણાવ્યું કે સંવત્સરી અને સર્વ જીવોને ખમાવવાની જૈન પ્રણાલી જગતના ઇતિહાસમાં ઉત્તમોત્તમ છે. હૃદયપૂર્વકની સાચી ક્ષમાપનાથી તો આત્માની શાંતિ થાય છે. આજની આ ઘટના જૈન ઇતિહાસમાં અંકિત રહેશે, ઉઘાડે પગે ચાલીને આવવું અને ક્ષામણા કરવા-આ સૌભાગ્ય અમૃતસરના શ્રી સંઘને સૌથી પ્રથમ જ મળે છે.

× × ×

ગુરુદેવ! મારવાડ-ગોડવાડ ઘણા વર્ષોથી છોડયું છે. ૪૦ આગેવાન ભાઈઓનું પ્રતિનિધિ મંડળ આપની સેવામાં પ્રાર્થના કરવા આવ્યું છે. અમારી શિક્ષણ સંસ્થાઓના વિકાસ-વર્ધન માટે આપના માર્ગદર્શનની જરૂર છે. ગોડવાડ-મારવાડમાં જાગૃતિ માટે પણ આપની જરૂર છે. આપશ્રી પધારો તો ગુરુભક્ત મારવાડની શિક્ષણ સંસ્થાઓના સંસ્થાપક આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરના હાથોને વેગ મળે. તેઓશ્રી આપને સપ્રેમ વંદના કહેવરાવે છે તેમજ આપશ્રીને ગોડવાડમાં પધારવા વિનતી કરે છે ગુરુદેવ! પંજાબમાં તો જ્યાં જઈએ

ત્યાં ગુરૂવર્યના નામના જયઘોષ સંભળાય છે. પંજાબના ગા ગામને શહેરે શહેરમાં ધર્મ–જ્યોત પ્રગટેલી દેખાય છે. પંજ બનું સંગઠન, ગુરુભક્તિ, ધર્મપ્રેમ તથા આતિથ્ય પ્રશંસની છે. પંજાબમાં આપના કાર્યની એવી સૌરભ છે કે પાંચ દશ વર્ષ આપ અમારા દેશમાં પધારો તો પણ એ તો એવો જ શ્રદ્ધાળુ અને ગુરુભક્ત રહેવાનો. ”

જંડિયાલાગુરુમાં આચાર્યશ્રીને વંદન કરવા તથા ગોડવાડ મારવાડમાં પધારવા માટે વિનતિ કરવા વરકાણા વિદ્યાલયના પ્રમુખશ્રી શેઠ મૂળચંદજી, મંત્રી શેઠ નિહાલચંદજી, જોધપુર સ્ટેઈટ કાઉન્સીલ મેમ્બર વરકાણા તીર્થ જીર્ણોદ્ધાર કમીટીના મંત્રી શેઠ જેઠમલજી આદિ ૪૦ ગૃહસ્થોનું પ્રતિનિધિ મંડળ આવ્યું હતું

શેઠ મૂળચંદજીએ ગુરુદેવને ગોડવાડ–મારવાડ પધારવા હૃદયપૂર્વકની પ્રાર્થના કરી.

રાત્રે વરકાણા,-ફાલના વિદ્યાલયના વિદ્યાર્થીઓના સંવાદો, સંગીત વગેરેએ પંજાબી ભાઈ બહેનોના મન આકર્ષી લીધાં.

પ્રતિનિધિ મંડળ ત્રણ દિવસ રોકાયું. શ્રી શીલાબાઈએ શ્રી સંઘના પ્રત્યેક ઘરે એક એક રૂપીઆની તથા સાકરની લહાણી કરી.

શેઠ મૂળચંદજીએ ૧૦૦૧) જંડીયાલા ગુરુમંદિરને તથા ૧૦૦૧) શ્રી આત્માનંદ ગુરુકુળને આપ્યા. રૂા. ૨૦૦૧) [illegible] દેરાસરને ગોડવાડ શ્રી સંઘ તરફથી આપવામાં [illegible]) શાહ [illegible]મલજીએ ગુરુકુળને આપ્યા. શ્રી [illegible] ૩૦૧) શ્રી [illegible] મહિનાના [illegible]

આચાર્યશ્રીએ પ્રતિનિધિ મંડળને આશીર્વાદ આપ્યા. 'ગોડવાડ–મારવાડ પણ હૃદયપટ પર છે જ. તેની સેવાને ઉત્કર્ષ માટે એક મહારથી તો આપ્યા છે છતાં ક્ષેત્રસ્પર્શના હશે તો જરૂર યાદ કરીને તે તરફ આવવાનું થશે જ."

જંડિયાલાગુરુમાં આચાર્યશ્રીનો ૭૪ મો જન્મદિવસ ત્રણ દિવસના બરચક કાર્યક્રમથી ધૂમધામપૂર્વક ઉજવવામાં આવ્યો.

શીઆલકોટનિવાસી લાલા ગોપાળ શાહની અધ્યક્ષતામાં વિરાટ સભા થઇ. આચાર્યશ્રી સભામાં પધારતાં ગગનભેદી જયનાદોથી આચાર્યશ્રીને વધાવી લેવામાં આવ્યા.

શ્રી સંઘ જંડિયાલાગુરુ, શ્રી આત્મ વલ્લભ જૈન મંડળ, શ્રી આત્માનંદ જૈન કુમાર પ્રેસ સભા, શ્રી વિજયાનંદ જૈન વાંચનાલય, શ્રી આત્મવલ્લભ જૈન સભા, સનાતન મહાવીર દળ તથા મુસલમાન ભાઇઓ તરફથી આચાર્યશ્રીના પુનિત કર-કમળોમાં અભિનંદન પત્રો અર્પણ થયાં.

રાયકોટથી પધારેલ હેડ માસ્તર સિંધીણાં સાહેબે આચાર્યશ્રીને અભિનંદન આપ્યાં તથા જણાવ્યું કે રાયકોટમાં આચાર્યશ્રીએ જે સત્ય ધર્મના પ્રચારનું કાર્ય કર્યું છે તે આજે પણ આબાલવૃદ્ધ યાદ કરે છે. મારી ખુદાને પ્રાર્થના છે કે આચાર્યશ્રી જેવા મહાત્મા પુરુષ કયામત તક સહીસલામત રહો, ખુદા કરે કયામત આવે જ નહિ.

સાડાત્રણ વર્ષની એક બાલિકાએ વ્યાખ્યાન આપી સભાજનોને ચકિત કરી દીધા. પ્રમુખશ્રીએ તે બાળાને પોતાના હાથમાં ઉઠાવી લઇ તેને શાબાશી આપી.

ત્રીજના દિવસે ઉનાનિવાસી બાબુરામજી વકીલની અધ્ય-
ક્ષતામાં શ્રી આત્માનંદ જૈન લાઈબ્રેરીની સ્થાપના થઇ.

રાત્રિના નવ વાગ્યાથી બાર વાગ્યા સુધી કવિ દરબાર થયો
તેમાં હિન્દુ-મુસલમાન વગેરે પચીસેક કવિ-સાક્ષરોએ આચા-
ર્યશ્રીની સ્તુતિની કવિતાઓ અને શેરો સંભળાવી મહોત્સવને
શોભાવ્યો હતો.

આ શુભ પ્રસંગનો લાભ લેવા આસપાસના ચાલીસ લગ-
ભગ ગામ-નગરોના ત્રણેક હજાર ભાઇબહેનો આવ્યા હતા.

આચાર્યશ્રીને પ્રાંતપ્રાંતના આગેવાનો, સંસ્થાઓ ત
સંઘોના અભિનંદનના તારો-પત્રો મળ્યા હતા તે સભા
વાંચી સંભળાવ્યા હતા, સં. ૧૯૯૯ નું ચાતુર્માસ જંડીયાલા
ગુરુમાં આનંદપૂર્વક થયું.

× × ×

'આજે આ પ્રસંગે ઘણા ઘણા સંસ્મરણો યાદ આવે છે.
શ્રી વિવેકવિજયજી મારા પ્રથમ શિષ્ય હતા અને તેથી જ
તે અત્યંત સેવાભાવી અને કાર્યકુશળ હતા. તેમની તપસ્યાની
ભાવના ઉત્તરોત્તર વધતી ચાલી અને પછી તો અમે તેને
તપસ્વી કહેતા, તે સ્વભાવે ઘણા જ શાંત હતા.'

'તેઓ અભ્યાસી અને વિદ્વાન હતા. તેમનું ચારિત્ર ઊંચા
પ્રકારનું હતું. તેમનો સ્વભાવ ખૂબ મિલનસાર હતો. જ્યાં
જ્યા જાય ત્યાં બધાને અનુકૂળ થઇ જવાની આવડત હતી.
તેઓ તો નિર્મળ ચારિત્ર પાળી પોતાનું કલ્યાણ સાધી
ગયા. ૨૪ વર્ષની યુવાન વયે દીક્ષા અંગીકાર કરી ..
... ૫૨ ... ૧ ... દીક્ષાપર્યાય પાળી ...

સમાજની ઉન્નતિ સાધી છે. તેમની માતૃભૂમિ વલાદ–અમદાવાદમાં જ તેઓ કાળધર્મ પામ્યા. તેઓના પરમ પવિત્ર આત્માની આપણે સૌએ ચિરશાંતિ ઈચ્છવી જોઇએ.'

જંડિયાલાથી વિહાર કરી પ્રથમ અમૃતસરમાં એક મહિનો સ્થિરતા કરી. અહીં ધાંગધ્રાનિવાસી શેઠ પરશોતમ સુરચંદ દર્શનાર્થે આવ્યા. ગુરુદેવના સદુપદેશથી જૈન તત્વાદર્શની અર્ધ શતાબ્દિ આવૃત્તિ માટે રૂા. ૩૫૦૦) આપવા વચન આપ્યું તથા પં. સમુદ્રવિજયજીના ઉપદેશથી રૂા. ૫૦૦) યુગવીર આચાર્યને માટે આપ્યા.

અમૃતસરમાં વસતા ગુજરાતી, કાઠીયાવાડી જૈન અજૈન ભાઇઓ એક ગુજરાતી મંડળ ચલાવે છે. દેશમાંથી આવનાર ભાઇઓ માટે વ્યવસ્થા કરે છે તથા એક શાળા પણ ચલાવે છે. મંડળની વિનંતિથી આચાર્યશ્રી શાળામાં પધાર્યા અને વ્યાખ્યાન આપ્યું. ગુજરાતી મંડળે આચાર્યશ્રીને અભિનંદન પત્ર અર્પણ કર્યું.

અમૃતસરમાં આત્માનંદ જૈન લાઇબ્રેરી બંધ થઇ હતી તે આચાર્યશ્રીના સદુપદેશથી ફરી શરૂ થઇ અને તેને માટે ફંડ પણ થઇ ગયું.

અમૃતસરની મેડીકલ કોલેજના વાઇસ પ્રીન્સીપાલ રાયસાહેબ ડૅા. હેનરામજીએ તે લાઇબ્રેરીનું ઉદ્ઘાટન કર્યું. આચાર્યશ્રીએ જ્ઞાનના મહિમા વિષે પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું હતું.

પટ્ટી. કસૂર. ફિરોજપુર છાવણી, જલાલાબાદ થઇને

આપશ્રી ફાજલકા પધાર્યા. અહીંના નુતન મંદિરની પ્રતિ
માટે વિનતિ કરતાં આચાર્યશ્રીએ આવતી સાલનું મુહૂર્ત
આપ્યું. પ્રતિષ્ઠાનું કાર્ય પંજાબ શ્રી સંઘને સોંપવામાં આવ્યુ

અહીં રોડવંશી ક્ષત્રિય લાલા લભુરામજીએ સપરિવા
આચાર્યશ્રીના ઉપદેશથી માંસ મદિરાદિ અભક્ષ્ય પદાર્થોનો
ત્યાગ કર્યો તથા વાસક્ષેપ લઈ જૈન ધર્મનો સ્વીકાર કર્યો.

અહીંથી આભોરમંડી, સાંઘોવાલી આદિ ગામોમાં થઈ
ગંગાનગર પધાર્યા. જનતાએ અપૂર્વ સ્વાગત કર્યું. ધ્વ
પતાકાઓથી બજારો શણગાર્યા તથા આત્મ વલ્લભ દરવા
બનાવ્યો. હતો. અહીં મુક્તિના સ્વરૂપ ઉપર મનનીય વ્ય
ખ્યાન આપ્યું.

અહીંથી ગણેશગઢ, લક્ષ્મીસર થઇ પીલીબંગામંડી પધાર્યા
તેરાપંથી ભાઇઓના દિલઉપર ઉપદેશની ઊંડી અસર થઇ
ઘણા ભાઇ બહેનોએ તીર્થ યાત્રાના નિયમ કર્યા તેમજ વિનં
કરી કે અહીં મંદિર બને તો અમને દર્શન-પૂજનનો લ
મળે. આચાર્યશ્રીએ ફરમાવ્યું કે પહેલા તમારી શ્રદ્ધા
કરી લ્યો પછી મંદિરજીનો પ્રબંધ થતાં વાર નહિ લાગે

અહીંથી વિહાર કરી સૂરતગઢ પધાર્યા. ત્યાં તેઓશ્રી
પ્રથમ શિષ્ય શાંતમૂર્તિ, તપસ્વી મુનિશ્રી વિવેકવિજયજી
કાળધર્મ પામ્યાના સમાચાર સાંભળી દેવવંદન કર્યું
શાળામાં આચાર્યશ્રીની અધ્યક્ષતામાં પંજાબ-મારવાડી
ની શોકસભા કરવામાં આવી. આચાર્યશ્રીએ તેમને
ધ્યને અંજલિ આપી.

'ગુરુદેવ તથા ગૃહસ્થો! એક ચમત્કારી ઘટના અમે અનુભવી છે તે આપ સૌને સંભળાવ્યા વિના હું રહી શકતો નથી.' ગુજરાનવાલાનિવાસી લાલા બાબુરામજીએ પોતાનો અનુભવ રજુ કર્યો.'

ગુજરાનવાલાથી ૨૩ ભાઈઓ ગુરુદેવના દર્શને ખાસ કરીને સંક્રાંતિનો સંદેશ સાંભળવા માટે અહીં આવવા નીકળ્યા. સ્ટેશને આવ્યા એટલે સાંભળ્યું કે વજીરાબાદ નજીક અકસ્માત થવાથી બધી ગાડીઓ રોકાઇ ગઈ છે. ભટીંડા જવા માટે કોઈ પણ ગાડી મળી શકશે નહિ. આથી સૌને ઘણું જ દુઃખ થયું. અમારામાં સૌથી વિશેષ દુઃખ લાલા માણેકચંદજીના સુપુત્ર લાલા છોટાલાલજીને થયું કે જેમના પ્રયાસથી અમે સૌ તથા બીજા ઘણા પંજાબી ભાઈઓ દર સંક્રાંતિએ આચાર્યશ્રીના દર્શનાર્થે આવી સંક્રાંતિનો સંદેશ સાંભળીએ છીએ, અમે સૌ ઉદાસ વદને વિચારવા લાગ્યા કે સમય થોડો છે. લાહોર ૪૨ માઇલ દૂર છે. નથી લૉરી, નથી મોટર, શું થાય?

લાલા છોટાલાલજી તો હતાશ થઈ ગયા. તેમણે શુદ્ધભાવે પ્રાર્થના કરી. 'ગુરુદેવ! દયાસિંધુ! હજુ સુધી કોઇ સંક્રાંતિ અમારી ખાલી નથી ગઇ, શું આ સંક્રાંતિ ખાલી જશે? ગુરુદેવ! તમે જ તારણહાર છો. તમારૂં જ શરણ છે. શું અમારી પરીક્ષા લેવા લાગ્યા છો? કૃપાળુ! અમારી ટેક નહિ જાય. આવો, આવો.'

બસ આટલા શબ્દો ઉચ્ચારતા હોય ત્યાં ક્યાંથી અચાનક એક લૉરીવાળો આવ્યો અને અમારી જ પાસે આવીને

બોલ્યો કે જુઓ છો શું ? ચાલો બેસી જાઓ. લાહોર જવું છે ને ? આ જોઈ અમે ચકિત થઇ ગયા. આ ગુરુદેવની કૃપા છે, એમ વિચારતાં ચુપચાપ લૉરીમાં બેસી ગયા અને લાહોર આવી પહોંચ્યા. ત્યાં રેલગાડીમાં બેસી ગુરુદેવના પ્રતાપનું સ્મરણ કરતાં કરતાં, આનંદપૂર્વક ધર્મશ્રદ્ધાના ચમત્કારની વાતો કરતાં કરતાં ગુરુદેવના ચરણોમાં આવી પહોંચ્યા. ખરેખર આ એક ચમત્કાર જ છે. અમને કલ્પના નહોતી કે આજે અમારી સંક્રાંતિ આ પ્રમાણે અમને ફળશે.”

પંજાબમાં કેટલાક વર્ષોથી સંક્રાંતિ મહોત્સવની સુપ્રથા પ્રચલિત થઇ છે. પંજાબમાં માસની શરૂઆત સંક્રાંતિથી થાય છે, ને સંક્રાંતિના દિવસે ગુરુમહારાજના દર્શન કરવા અને તેઓશ્રીના મુખારવિંદથી સંક્રાંતિનો સંદેશ શ્રવણ કરવો, આચાર્યશ્રી તેઓને પૂર્વાચાર્યકૃત અનેક પ્રભાવક સ્મરણો સંભળાવી તે માસમાં તીર્થંકર ભગવંતોના જે જે કલ્યાણકો થયાં છે તે સંભળાવે તેમજ ધર્મ આરાધના માટે વિશિષ્ટ કર્તવ્યનો બોધ આપે, આ સુપ્રથા વર્ષોથી ચાલે છે અને ગામેગામના ઘણા શ્રદ્ધાળુ ભાઈઓ સંક્રાંતિનો સંદેશ સાંભળવા દરમહિને ગુરુદેવના દર્શનાર્થ જાય છે.





હીરક મહોત્સવ

(૩૦)

'ભાઈઓ ! આચાર્યશ્રી આપણી વારંવારની વિનતિને માન આપી પંજાબ જેટલે દૂરથી રેતાળ પ્રદેશમાં અમૃત સિંચન કરતાં કરતાં બાવીસ વર્ષે આપણા શહેરમાં પધાર્યા છે. આપણા શહેરમાં જૈન શ્રીમંતોની સંખ્યા સારી એવી છે. ધનકુબેરો કે ક્રોડાધિપતિઓ પણ છે. આપણે ગુરુદેવનું ભાવભર્યું સ્વાગત કર્યું. શેઠ ભેરોંદાનજી શેઠીયા, શેઠ સોહનલાલજી કર્ણાવટ તથા ઝવેરી પ્રેમરાજજી ખજાનચીએ તો પ્રથમ પોતાના નિવાસભુવનોમાં ગુરુદેવના પગલાં કરાવી સારો લાભ લીધો. પંજાબી ભાઈઓ અને આસપાસના આપણા

બાવીસ વર્ષ પછી આચાર્યશ્રી બીકાનેરમાં પધાર્યા. ગુરુભક્ત શિષ્ય રત્ન આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી આદિ વરકાણાથી લાંબો વિહાર કરી આચાર્યશ્રીની સેવામાં હાજર થઈ ગયા. આચાર્યશ્રીનું બીકાનેરમાં સરકારી સાજ હાથી, ડંકા, નિશાન, કોતલ, મીલીટરી બેંડ સાથે અપૂર્વ સ્વાગત થયું. પ્રવેશ સમયે શ્રી સંઘે નવ નવા દરવાજા બનાવ્યા હતા. શહેર શણગાર્યું હતું. પંજાબમાંથી ઘણા ભાવિકો ભજન મંડળીઓ લઈ આવી પહોંચ્યા હતા. રાજપૂતાના સંખ્યાબંધ ભાઈ બહેનો સર્વત્ર દૃષ્ટિગોચર થતા હતા. અનેક ગ્રામ નગરોની ભજન મંડળીઓની ભજનધૂન તથા પંજાબી ભાવિકોની અપૂર્વ ભક્તિ જોઈ પ્રેક્ષકો દંગ રહી જતા. જલુસ એક માઈલના વિસ્તારમાં ફેલાયેલું હતું.

ભવ્ય મંડપમાં ગુરુદેવ પધાર્યા. જયઘોષોથી ગુરુદેવને વધાવ્યા. આચાર્યશ્રીની સેવામાં બે અભિનંદન પત્રો અર્પણ કરવામાં આવ્યા. ભક્તજનોના ભક્તિભર્યા ભજનો થયા બાદ આચાર્યશ્રીએ મહામંગળકારી મંગલાચરણ સંભળાવ્યું તથા 'જ્ઞાનમહિમા' વિષે મનનીય દેશના સંભળાવી. બીકાનેરના જૈન ભાઈબહેનોના આનંદની સીમા નહોતી.

પ્રવેશના શુભ દિવસે શ્રી સંઘ તરફથી ૩૦૦ પંચેન્દ્રિય પ્રાણીઓને અભયદાન આપવામાં આવ્યું હતું.

આચાર્યશ્રી જ્યારથી બીકાનેરમાં પધાર્યા છે ત્યારથી શાસનોન્નતિના અનેક શુભ કાર્યો થઈ રહ્યા છે ચૈત્ર [illegible] શ્રીમાન શેઠ અમરચંદજી હિંમતમલજી કેડીયાની [illegible] શ્રી. શ્રી પંજાબ [illegible] તરફથી કરવામાં આવી હતી. [illegible]

તપશ્ચર્યાનો સમારંભ આનંદપૂર્વક પૂર્ણ થયો. ક્રિયા સહિત ઓળીનો લાભ ઘણા બહેન ભાઈઓએ લીધો. આચાર્યશ્રીએ ઓળીનો મહિમા સંભળાવ્યો.

શાસનનાયક શ્રી વીર ભગવાનની જયંતિ પણ અપૂર્વ ઉછરંગથી ઉજવવામાં આવી. ચૈત્ર વદી ૮ (હિન્દી વૈશાખ)ના દિવસે બે દીક્ષાઓ* થઇ. વૈશાખ શુદિ ૩ ના દિવસે વરસી તપના પારણાઓ શાંતિપૂર્વક થયાં. વૈશાખ શુદિ ૬ ના દિવસે શ્રી પાર્શ્વનાથ ભગવાન, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય તથા જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજી તથા નવયુગ પ્રવર્તક શ્રી

*(૧) મારવાડ બરલુટ નિવાસી શા. મંછાલાલજી પોરવાડના સુપુત્ર ભાઈ નથમલ (ઉમર ૧૮ વર્ષ) જે કેટલાક સમયથી આચાર્યદેવની સેવામાં રહી અભ્યાસ કરતા હતા. તેમને સમારોહપૂર્વક દીક્ષા આપવામાં આવી. ચરિત્રનાયકના શિષ્ય કર્યા અને નામ નિપુણવિજયજી રાખવામાં આવ્યું.

દીક્ષાનો વરઘોડો શેઠ શિખરચંદજી રામપુરીઆ તરફથી ધૂમધામપૂર્વક ચઢાવવામાં આવ્યો. દીક્ષા મહોત્સવનો તમામ ખર્ચ પણ એમના જ તરફથી થયો હતો. દીક્ષાર્થીના પિતા શા. મંછાલાલજી પણ હાજર હતા.

(૨) શેઠ મુલચંદજી ડાગાની સુપુત્રી અમોલ બહેનને દીક્ષા ધૂમધામ પૂર્વક આપવામાં આવી. સાધ્વી મહેન્દ્રશ્રીજીના શિષ્યા અને નામ [illegible] રાખવામાં આવ્યું. દીક્ષાનો તમામ ખર્ચ દીક્ષાર્થીના પિતા [illegible]

[illegible]

વિજયાનંદસૂરિજીની વિશાળ મનોહર પ્રતિમાઓની તપગચ્છ દાદા વાડીમાં પ્રતિષ્ઠા કરવામાં આવી.

બીકાનેર પાસે ભીનાસર રમણીય યાત્રાનું સ્થાન છે. કેટલાક ભાઈ બહેનોની ઇચ્છાથી આચાર્યશ્રી શિષ્ય પરિવાર સહિત ભીનાસરના સંઘમાં પધાર્યા. ઘણા બહેન ભાઈઓ સંઘમાં આવ્યા. રસ્તામાં શ્રીમાન તેજરાજજી બાંઠીઆએ સર્વ સાધર્મી ભાઈઓની ભક્તિ કરી. એટલામાં સંખ્યાબંધ પંજાબી ભક્તો બુલંદ અવાજેથી જય જયકારના નાદ કરતા આવી પહોંચ્યા. ગુરુદેવના ચરણમાં નમસ્કાર કર્યા.

ભીનાસરમાં ત્રણ દિવસ રહી બધાએ અપૂર્વ આનંદ માણ્યો. ગુરુદેવે તીર્થયાત્રાનો મહિમા અને તીર્થયાત્રાનું રહસ્ય સમજાવ્યા તથા આત્મ શુદ્ધિ અને આત્મ શાંતિ માટે તીર્થસ્થાન એ કેવું અત્યુત્તમ છે તે સમજાવ્યું.

પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ પંજાબ દેશોદ્ધારક જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના નામથી કોણ અજાણ્યો હશે? દરિયાપારના દેશો સુધી તેઓશ્રીની પ્રતિષ્ઠા પ્રસરેલી છે. તે ક્રાન્તિકારી જૈનાચાર્યની જયંતી બીકાનેરમાં ખૂબ આનંદપૂર્વક ઉજવવામાં આવી.

આચાર્યશ્રી તથા શિષ્ય-પ્રશિષ્ય મંડળ તથા સાધ્વીજીઓ તેમજ નગરજનો, જૈનેતર ભાઈઓ, આસપાસના બાઈઓ તેમજ શ્રીઓ વગેરેથી આખો સભા મંડપ ચિક્કાર ભર્યો હતો.

અ.સ.સંઘોના ગુણાનુવાદની મહત્તા વર્ણન તથા ભાવના પછી ગુરુદેવનું જીવન ઝરમર આચાર્યશ્રી વિજયાનંદ

સૂરીશ્વરજીએ રજુ કરતાં જણાવ્યું કે જયંતી નાયક તો 'પુત્રના લક્ષણ પારણામાંથી' તે અનુસારે તેઓ સાત વર્ષના હતા ત્યારે ગામમાં ધાડપાડુઓ આવ્યાના સમાચાર માત્ર સાંભળવાથી પિતાની ગેરહાજરીમાં આત્મારામજી ખુલ્લી તરવાર લઈ દરવાજા ઉપર ઉભા હતા.

તેઓશ્રીની બુદ્ધિ એવી તો તીવ્ર હતી કે દીક્ષા લીધા પછી ફક્ત સાડા ત્રણ દિવસમાં ૭૦૦ શ્લોક મુખપાઠ કરી ગુરુદેવની કૃપા મેળવી દસમે દિવસે વ્યાખ્યાનની પાટ ઉપર બેસી સુંદર શૈલીમાં વ્યાખ્યાન વાંચ્યું હતું.

આ પ્રસંગે પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ, ખરતર ગચ્છીય આચાર્યશ્રી હરિસાગરસૂરિજી મહારાજ, મુનિશ્રી કવીન્દ્રસાગરજી મહારાજ, આચાર્યશ્રી મણિસાગરજી મહારાજ વગેરેએ ગુરુદેવના જીવનના જુદા જુદા પ્રસંગો બોધક રીતે કહી સંભળાવ્યા હતા.

છેવટે આચાર્યશ્રીએ જયંતી નાયકની સેવામાં રહી અનુભવેલી ઘટનાઓનું વર્ણન કરી બતાવ્યું તેમાં કેટલાક પ્રસંગો રોમાંચકારી હતા. તેઓશ્રીએ જણાવ્યું કે જયંતિ નાયક કેવા નિરભિમાની હતા તે જાણવા એક બે દૃષ્ટાંત જાણવા જરૂરી છે. જયંતી નાયકનું સ્થાનકવાસી સમાજમાં ઘણું માન હતુ છતાં સત્યની ખાતર બાવીશ વર્ષની પૂરી શોધખોળ પછી મૂર્તિપૂજક સમાજમાં આવ્યા અને તે પણ એક શિષ્ય બની તેઓશ્રીએ એવો વિચાર પણ નથી કર્યો કે હું સ્વતંત્ર પણ મહાપુરુષ બનું અને છતાં તે મહાપુરુષ બન્યા

[illegible] ૧૯૪૩ મ. પાલીતાણા મ. [illegible] મુકામ

આદિ હિન્દભરના આગેવાન સજ્જનોએ મળી લગભગ ૩૦ થી ૪૦ હજારની માનવમેદની વચ્ચે આચાર્ય પદવી આપવા માંડી ત્યારે શ્રી જયંતી નાયકે સાફ ના પાડી અને કહ્યું કે 'મૈં ઇસ પદવી કે લાયક નહીં, મેરે પર ક્યોં ઇતના બોજ લાદતે હો.'

સર્વ સભાજનો જયંતિ નાયકના જયનાદ ગજાવતા પ્રભાવના લઈ વિખરાયા.

બીકાનેર જેવા મોટા શહેરમાં એક પણ આયંબિલ-શાળા જેવી વ્યવસ્થા નહોતી. ગુરુદેવના સદુપદેશથી શ્રી જૈન શ્વે. આયંબિલ ખાતાની શરૂઆત થઈ અને પ્રતિદિન અનેક ભવ્યાત્માઓ આયંબિલ કરી કર્મોની નિર્જરા કરે છે.

અહીંના સકલ સંઘ અને ખાસ કરીને કરોડાધિપતિ રામપુરીયા શેઠનો અત્યંત આગ્રહભરી ભાવનાથી શ્રાવણ વદિ ૭ થી વ્યાખ્યાનમાં શ્રી ભગવતીસૂત્રની શરૂઆત થઈ અને શ્રી રામપુરીયાજીએ સમારોહપૂર્વક શ્રી ભગવતીસૂત્ર પોતાના ઘેર લઈ જઈ, રાત્રિ જાગરણ પ્રભાવના વગેરે કરી સકલ સંઘ સાથે સમારોહપૂર્વક ઉપાશ્રયે લાવી, સોનાઓના સાથીઆ કરી, સોનામહોરોથી જ્ઞાનપૂજન કરી, શ્રી આચાર્યદેવને વાંચવા માટે ભગવતીસૂત્ર વહોરાવ્યું. શ્રી ગુરુદેવની અમૃતમય દેશના તથા ભગવતીસૂત્રના મનનીય વિવેચનોનો અપૂર્વ લાભ સવ્યાખ્યાન શ્રોતાજનોએ મેળવ્યો.

પર્યુષણાપર્વનું આરાધન પણ શાંતિ અને આનંદપૂર્વક થયું. ૩૦ થી ૩૫ શહેર અને ગામોના જૈન ભાઈઓ ગુરુદેવની નિશ્રામાં પર્યુષણપર્વની આરાધના કરવા આવ્યા [illegible]

વૃદ્ધજનો કહે છે કે ગુરુદેવે ગણધરવાદનું વિવેચન જે સરલ તથા નવીન શૈલીએ કર્યું છે તે આજસુધી અમે સાંભળવા ભાગ્યશાળી થયા નથી, આજના ગણધરવાદનું રહસ્ય તો હૃદયમાં કોતરાઇ ગયું છે.

આ વખતના પર્યુષણમાં તપશ્ચર્યા પણ બહુ જ મોટા પ્રમાણમાં થઇ હતી. ૧૧ માસખમણ, ૧૫ દસ ઉપવાસ અને ૨૫૦ અઠ્ઠાઇઓ થઇ હતી.

ભાદરવા વદી તેરસના રોજ વડોદરાથી મૂળ સોજતનિવાસી પરમ શ્રદ્ધાળુ શેઠ કેશરીમલજી સુકનરાજજી લગભગ ૪૦૦ માણસોનો સંઘ લઇ ગુરુદેવના દર્શનાર્થે આવ્યા હતા.

બીકાનેરના શ્રી સંઘે વડોદરાના સંઘનો ભાવભર્યો સત્કાર કર્યો હતો સંઘ તરફથી બીકાનેરના જુદા જુદા ખાતાઓમાં રૂા. ૨૫૦૦) જેટલી રકમ આપવામાં આવી હતી. દાનવીર શેઠ ભેરોંદાનજી કોઠારીએ સંઘ તરફથી સંઘવીને પાઘડી બંધાવી મંગલ તિલક કર્યું હતું. સંઘવીજીએ શેઠ ભેરોંદાનજીને દુશાલો ઓઢાડી સ્વધર્મ સ્નેહમાં વૃદ્ધિ કરી હતી.

આસો શુદિ ૩ ના રોજ વરકાણાથી શ્રી સંઘ ગોડવાડ મહાસભાનું ૧૦૦ એકસો માણસનું પ્રતિનિધિ મંડળ આચાર્ય શ્રીના દર્શનાર્થે આવ્યું હતું. ગોડવાડ પધારવા વિનતિ કરી હતી. ગોડવાડ શ્રી સંઘે શ્રી વલ્લભ જન્મ હીરક મહોત્સવમાં રૂ. ૧૦૦૦) આપ્યા હતા.

ભાવીભાવ બન્યા કરે છે, એ કહેવત અનુસાર માંગલિક દિવસોમાં પણ એક શોકજનક ઘટના બની ગઇ. પૂજ્યપાદ

આચાર્યશ્રીના આજ્ઞાવર્તી વિદ્વાન સાહિત્યાચાર્ય મુનિ મહારાજશ્રી ચતુરવિજયજી મહારાજનો આશ્વિન વદિ અમાવસ્યા તા. ૧૭-૧૦-૪૪ ના દિવસે સ્વર્ગવાસ થયો. અંતિમ ક્રિયા બાદ દેવવંદન થયું. રાત્રે શ્રીમાન બાબુ મોહનલાલજી એડવોકેટની અધ્યક્ષતામાં એક શોકસભા ભરવામાં આવી હતી.

× × ×

બીકાનેરના વિશાળ રાજમાર્ગો આજે પુરજનોથી ઉભરાઈ રહ્યા હતા. ગુરુભક્ત, ભાવિક પંજાબી સ્ત્રી-પુરુષો પોતાના પ્યારા ગુરુદેવના આકર્ષક ગુણગાન ગાતાં ગાતાં સભા મંડપમાં જઈ રહ્યા હતા. જૈન જનતા ઉમટીને ભરતીના સાગરની જેમ એક જ દિશામાં ધસી રહી હતી. ઉતાવળે જવાની અને સભા મંડપમાં આગળ સ્થાન મેળવવાની ધમાલ ચાલી રહી હતી. સભા મંડપના મુખ્ય માર્ગો ધ્વજ પતાકાથી શોભી રહ્યા હતા. આસપાસના મહાલયોના ઝરૂખે તોરણો લટકી રહ્યાં હતાં.

શ્રી રામપુરીઆ જૈન ભુવનના વિશાળ ચોકમાં એક ભવ્ય સુંદર મંડપ બધાને આવકારી રહ્યો હતો. ધ્વનિવર્ધક યંત્રોની વ્યવસ્થા કરવામાં આવી હતી. કંકુવરણા લાલ રંગની ઉપર છતમાં રંગબેરંગી તારા મંડળો રચેલાં હતાં. મંડપના સ્તંભે વિધવિધ બોધક સૂત્રો ને શ્લોકો, પૂર્વાચાર્યો ને મહાપુરુષો... શોભી રહ્યાં હતાં. પ્રવેશ દ્વારનો મનોહર દરવાજો વિદ્યુત્... પ્રકાશ અને જૈન ધર્મની... હજારો પ્રેક્ષકોને બોલાવી રહ્યા હતા.

આજનો ઉત્સવ અનુપમ હતો. મંડપ બીકાનેરના ... વિધર્મિઓ તથા લક્ષ્મીનંદનો, જૈન યુવાનો અને વિદ્યાર્થીઓ ... અધિકારી જનો તથા નગરજનો, પંજાબના ૧૦૦૦ ઉપરાંત ...

બીજની સવારના પ્રમુખ શેઠ મંગળચંદજી ઝાબક ઉ
ખરતર ગચ્છીય આચાર્યશ્રી હરિસાગરજી તથા કવિવર મુનિ
કવીન્દ્રસાગરજી પધાર્યા હતા અને વિવેચનો કર્યા હતા.

નવયુવક ભાઈઓએ નીચેના શબ્દોમાં ગુરુદેવને હાર્દિ
અભિનંદન આપ્યું.

"પ્રાણ પ્યારા ગુરુદેવ! સ્વર્ગીય ગુરુદેવના પરમ પ્રિ
પટ્ટધર, શાસન શિરોમણિ, પંજાબ દેશસંરક્ષક, સમાજ કલ્યા
સાધક, શિક્ષણ સંસ્થા પ્રચારક, પરમ તપસ્વી સંઘ હિતૈષી
ચારિત્રનિધિ!

શરદઋતુની રાત્રિનો ચંદ્રમા જેવો નિર્મલ હોય છે
શરદઋતુમાં જલાશય જેવું નિર્મલ હોય છે, મેઘ-વિહીન
આકાશ જેમ નિર્મલ હોય છે, સ્ફટિક રત્ન ને સંગ મરમર
જેમ નિર્મળ હોય છે, તે બધાથી અધિક નિર્મલ ચારિત્ર-
વાનનું ચારિત્ર નિર્મળ હોય છે. આપ એવા ચારિત્રવાન
નર રત્નોમાંના એક છો. આપના જીવનમાં એક જ પ્રકારની
નિર્મળતા, એક જ પ્રકારની સ્વચ્છતા તથા એક જ પ્રકારની
દીપ્તિ દૃષ્ટિગોચર થાય છે.

સ્વર્ગીય ગુરુદેવનો સંદેશ ગામે ગામ, શહેર શહેર,
મંદિરે મંદિરે, ઉપાશ્રયે ઉપાશ્રયે, સંઘ સંઘે અને સંસ્થાએ
સંસ્થાએ પહોંચાડી આપે જીવન ધ્યેય સિદ્ધ કર્યું છે.

૧ આપે અનેક જિન પ્રતિમાઓની અંજનશલાકા, જીર્ણોદ્ધાર
જૈન મંદિર નિર્માણ, પ્રતિષ્ઠા મહોત્સવો, [illegible] મહોત્સવો
[illegible] દોર કર્યો છે



આપ નવયુવકોના પ્યારા છો. પંજાબથી મુંબઇ સુધી ને ત્યાંથી દક્ષિણ સુધી ઉગ્ર વિહાર કરી જનતાને જાગૃત કરી, ગામે ગામ સંપને શાન્તિ સ્થાપી સમાજની સાચી સેવા કરી છે.

રાષ્ટ્રના પણ તમે પ્યારા છો, સાધુઓમાં સૌથી પ્રથમ ખાદી ધારણ કરનાર આપ જ છો. હિન્દી રાષ્ટ્ર ભાષાનો પ્રચાર આપ કરી જ રહ્યા છો. સર્વ ધર્મનો સમન્વય કરવાની આપની ભાવના પ્રસિદ્ધ છે. હજારો અજૈન આપના ભક્ત છે રાજા મહારાજાઓને આપના તરફ ખૂબ શ્રદ્ધા છે.

આપની મીઠી મધુરી વાણીમાં જાદુ છે. આપની શાન્ત મુખમુદ્રામાં આકર્ષણ છે. આપના આત્મામાં ચમત્કૃતિ છે. આપની તપ અને ત્યાગપૂર્ણ પ્રભાવિક આકૃતિ કોને પ્રિય ન લાગે?

આપ હજારો વર્ષ જીવિત રહો.

અમે હજારો વર્ષ સેવા કરીએ.

ફરી સમાજનોએ જયઘોષથી ગુરુદેવને વધાવ્યા. ગુરુદેવને બે શબ્દો કહેવાની પ્રાર્થના કરવામાં આવી.

શ્રોતાજનો ગુરુદેવની અમૃત ભરી વાણી સાંભળવા તલસી રહ્યા હતા. ગુરુદેવ આસનેથી ઉભા થયા અને આખો મંડપ જયઘોષથી ગુંજી ઊઠ્યો. મંગલાચરણના મંગળ શ્લોકોથી મંડપમાં શાંતિ છવાઇ ગઇ.

"ચતુર્વિધ શ્રીસંઘ' આજનો તમારો આનંદ. તમારો ..

ઉલ્લાસ, તમારો ગુરુપ્રેમ, તમારી શ્રદ્ધા, તમારી ભાવના અ
તમારા આશીર્વાદો મારા ઉપરના દેહને ચીરીને અંદર બેઠેલ
અંતર આત્મામાં પહોંચી ગયા છે. તમે જે ઉત્સવને હીર
ઉત્સવનું નામ આપ્યું છે તે ઉત્સવ મારે મન હીરકનું ઉલટું
કરદી-કર્યું જન-કર્મણ્યતા-સેવા-ત્યાગ-તપનો ઉત્સવ છે.

મેં જે સાધુતાનો વેશ પહેર્યો છે, જે સદ્દગુરુનો સંદેશ
ઝીલ્યો છે, જે સમાજનું અન્ન લઈ રહ્યો છું, જે ગુરુભક્તોનો
સેવક કહેવરાવું છું, જે પંજાબ રક્ષાનું બીડું ઝડપ્યું છે,
શિક્ષણ સંસ્થાઓને જન્મ આપ્યો છે, જે સમાજ કલ્યાણન
ભાવના હું વર્ષોથી સેવી રહ્યો છું, જે ધર્મ ઉદ્યોત માટે મારું
આ જીવન બલિ બલિ થવા સર્જાયેલું છે, તેની સાર્થકતા
ક્યારે થશે? એ એક જ વિચાર આજે મને થાય છે.

ભાગ્યવાનો! સમય પલટાયો છે. યુદ્ધની ભીષણતા, મોંઘ-
વારી, બેકારી આદિથી સમાજની નૈતિકતા ઉપર ભારે કારમી
અસર થઈ છે.

જૈન સમાજ-જૈન સંસ્થાઓ-જૈન મંદિરો જૈન ઉપાશ્રયો
જૈન સાધુ-સાધ્વીઓ બધા સમાજના ઉપયોગી થાંભલાની સંભાળ
કોણ લેશે?

લક્ષ્મીનંદનો! કરોડો કમાયા કે લાખો જમા કર-
વાથી જીવનની સાર્થકતા નથી. જીવનમાં કુટુંબ-ગામ-નગર
સમાજ દેશ અને ધર્મ માટે તમે કેટલું કર્યું? તે જ પરથી ..
જીવનની કિંમત અંકાશે. 'કાર્ય ને સાધ' નો વિચાર કર

જગતના સર્વ જીવ સુખી થાઓ, સર્વનું કલ્યાણ થાઓ, એ ભાવના જીવનભર દરેકમાં પ્રદિપ્ત રહો.


બપોરના શ્રી ચારિત્રપૂજા ભણાવવામાં આવી હતી, મુંબઇના સુપ્રસિદ્ધ ગવૈયા પ્રાણસુખભાઈએ ખૂબ રંગ જમાવ્યો હતો.

રાત્રિના નવ વાગે શ્રી શેઠ જવાહરલાલજી નાહટાની અધ્યક્ષતામાં સભા થઇ હતી. શ્રી વૈદ જશવંતરાજજી જૈને 'જૈન સમાજ અને સંગઠન તથા પં. રામકુમારજીએ 'જૈન ધર્મ' એ વિષયો ઉપર ભાષણો આપ્યાં હતાં. અહીંના શ્રીમાન મહારાજ કુમારશ્રીના પ્રાઈવેટ સેક્રેટરી પ્રસિદ્ધ વિદ્વાન પં. દશરથજી શર્માએ 'જૈન ઇતિહાસ' ના વિષય ઉપર મહત્વ પૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું, તેમણે તીર્થંકરો દ્વારા પ્રચારિત જૈન ધર્મના સ્વરૂપનું વર્ણન કર્યું હતું. તેમજ શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય તથા શ્રી કુમારપાલ મહારાજાએ જૈન ધર્મના પ્રચારાર્થે કેવો ભોગ આપ્યો હતો તેનું વર્ણન કર્યું હતું.

અંતમાં સભાપતિજીએ જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતોની સમાલોચના કરી હતી.

શહેરે શહેરની ભજન મંડળીઓના મધુર મધુર ભજનોની ધૂન મચી હતી. મોડી રાત્રિ સુધી સ્ત્રી પુરુષોની ભારી ભીડ રહી હતી.





હીરક મહોત્સવ ([illegible])

ગુરુદેવને જૈન સમાજના લાખ લાખ [illegible] હતા. ગામે ગામ ને શહેરે શહેરના સંઘો, [illegible] ભક્તો, આગેવાનો તથા અનેક વિદ્વાન પુરુષોના [illegible] મળ્યા હતા. સમાજના કર્ણધાર આચાર્ય મહારાજ [illegible] વરોના પણ પત્રો હતા ઉપરાંત બીકાનેરમાં જુદ [illegible] અભિનંદન પત્રો ગુરુદેવના કરકમળમાં અર્પણ થયા [illegible]

બીકાનેરની અભિનન્દન સમિતિ તરફથી [illegible] રૂપી [illegible] સન્માન પત્ર પણ [illegible] છે

॥ श्रीः ॥

नमो अरिहंताणं

अभिनन्दन-पत्र

फलजुग रा कल्प-वृक्ष, ज्ञान रा सूरज, धर्म रा प्रकाश-स्तंभ, लोगों नै अज्ञान रै अंधेरै मांय सूं प्रकाश में लावण वाला

महान जैनाचार्य

श्री श्री १००८ श्रीमद् विजयानंद सूरीश्वर [आत्मारामजी] महाराज रा पाटवी जैन धर्म रा मोटा आधार, अखिल-लोक-कल्याण-कारी

श्री श्री १००८ श्रीविजयवल्लभसूरीश्वरजी महाराज रै चरण-कमलां में सादर समर्पित

हे आचार्य शिरमोड़ !

आप रै गुणां रो बखाण करणो 'सूरज सामो दीपक संजोवणो है। एक पंजाब रो श्री संघ ही नहीं, आखै भारत रा श्री संघ आप रै उपकार सूं उपकृत हो' कृतार्थ हो रया है। सैंकड़ो शिक्षा-संस्थाओं री स्थापना कर ज्ञान-मंदिर और सभाओं नै जन्म देयनै, नया श्रावकांनै जीवण री सफलता रो मारग बता, नया जैन मंदिरां री नींव मेल, और जवानों नै मेल-जोल रो पाठ पढा आप जको पोतरको काम करयो है जिको आप रै जस नै अमर राखण वास्ते

मोकलो है। पंजाब नै संभालनो, राजस्थान नैं जगावणो, और गुजरात नै उठावणो आप जिसा समरथ महात्मा रो ही काम है, समूचै भारत रै साधुसमाज रा आप अगवा हो-इण बात रो इण सूं वत्तो कांई प्रमाण हुसी ?

हे रिखीराज !

बरसां री उडीक रै पछै आ नगरी आप रै चातुर्मास सूं पवित्र हुई। इण चातुर्मास में जिसो आणंद-मंगल रह्यो और उपदेशामृत री जिसी झड़ी लागी उणां रो बखाण करणो शब्दां री शक्ति रै बाहर है।

भगवन् सूरिराट् !

इण नगरी रो जैन संघ-और नगर-निवासी म्हारा ही आप रा मन, वचन कर्मा सूं रिणी है, आप म्हां लोगां री सदा ही कल्याण-कामना करता रैवो इसी आशा है।

जैन संघ-संरक्षक !

आप म्हां रा पूज्य हो, अगवा हो, पथ-दर्शक हो, गुरु हो, रक्षक हो। थांनै म्हारो निवेदन करां। आप म्हां लोगां रा सर्वस्व हो। आप री सद्भावना म्हां पर निरंतर बणी रैवै और म्हे भी आप रै महान आदर्शां रो अनु-किंचित अनुसरण करने में समर्थ हुवां।

सम्पुरिया जैन भवन, आप री चरण रज रा अनुरागी अमर
बीकानेर श्री विजय वल्लभ अभिनन्दन [illegible]
[illegible] [illegible]

"બીકાનેરનો આ મહોત્સવ મારા જીવનનો મહામૂલો ગણું છું. તમે પંજાબ-રાજપૂતાના-ગુજરાત-મારવાડ-મુંબઈના ભાઈબહેનોએ મારા ઉપર જે અભિનંદનની વર્ષા કરી છે. તેને માટે હું મારી જાતને યોગ્ય માનતો નથી. માત્ર સ્વર્ગવાસી ગુરુદેવનો હું તો સંદેશવાહક છું અને રહીશ. તેઓશ્રીના પુણ્ય પ્રતાપે અને તેઓશ્રીના મંગળ આશીર્વાદથી જગ્યાએ જગ્યાએ સમાજ-ધર્મના કાર્યો સફળતાપૂર્વક થાય છે. પણ મારી એક ભાવનાની સિદ્ધિ હજી બાકી છે. જ્યારે સકલ જૈન સમાજ એક દિલ થઈને ખભે ખભા મેળવીને સમાજ કલ્યાણ, સમાજ સંગઠન અને સમાજ પુનર્વિધાનનું રચનાત્મક કાર્ય કરશે ત્યારે હું મારી જાતને મારા કાર્યક્ષેત્રમાં સફળ થયો માનીશ.

બીકાનેરના લક્ષ્મીનંદનોને હું પૂછું છું કે તમે તમારા બીકાનેરના બાળકો-બાળાઓ-વિદ્યાર્થીઓ-યુવકોના સર્વતોમુખી વિકાસ-વર્ધન માટે શું કરો છો?

બીકાનેર ધારે તો એક જૈન વિદ્યાપીઠ ખોલી શકે, રાજપૂતાનામાં એક જૈન કોલેજની તો અત્યંત જરૂર છે જ. અને આ પ્રાચીન મનોહર મંદિરોનો જીર્ણોદ્ધાર એ કેટલો આવશ્યક છે? એ માટે તો તમે આજે જ નિર્ણય કરો—નિશ્ચય કરો."

આચાર્યશ્રીએ અભિનંદન પત્રોનો જવાબ આપ્યો અને મહોત્સવના મહામંત્રીએ એક આનંદજનક જાહેરાત કરી.

ભાઈઓ! ગુરુદેવના ૭૫મા જન્મ દિવસ અને હીરક મહોત્સવની યાદગીરી તરીકે સ્વર્ગીય ગુરુદેવના નામની મુખ્ય

સંસ્થા શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ–ગુજરાનવાલાને નીચે પ્રમાણે રકમનું દાન જાહેર કરવા સૂચના થઇ છે.

રૂા. ૫૦૦૦) શેઠ રાવતમલજી ભેરૂદાનજી કોઠારી બીકાનેર
રૂા. ૫૦૦૦) શેઠ જ્ઞાનચંદજી મગનલાલજી ”
રૂા. ૩૦૦૦) શેઠ રતનલાલજી ચોરડીયા ”
રૂા. ૧૦૦૦) શેઠ ભૈરૂદાન પ્રચન્નચંદજી કોચર ”
રૂા. ૧૦૦૦) શેઠ ભેરૂદાન લહરચંદજી શેઠી ”
રૂા. ૧૦૦૦) શેઠ લક્ષ્મીચંદ ફત્તેહચંદજી કોચર ”
રૂા. ૧૦૦૦) શેઠ ગોરૂમલ મેઘરાજજી કોચર ”
રૂા. ૧૦૦૦) શેઠ નાહનલાલજી કર્ણાવટ ”
રૂા. ૧૦૦૦) શેઠ નેમચંદજી માનમલજી કોચર ”
રૂા. ૧૦૦૦) શેઠ રામ રતનજી કોચર ”
રૂા. ૧૦૦૦) શેઠ શિવબક્ષજી મેઘરાજજી કોચર ”
રૂા. ૨૧૦૦) સાધ્વીશ્રી દેવશ્રીજીના ઉપદેશથી શ્રાવિકા સંઘ તરફથી


રૂા. ૫૦૦૦) લાલા [illegible] ટેકચંદજી અમૃતસર
રૂા. ૧૦૦૦) શા. [illegible]ચંદ અમૃતલાલ વડોદરા
રૂા. ૧૦૦૦ શા. [illegible]ભાઈ ઉગરચંદ અમદાવાદ
રૂા. ૧૦૦૦) શેઠ [illegible] [illegible]
રૂા. ૧૦૦૦) શેઠ [illegible] મુંબઈ
રૂા. ૧૦૦૦) શેઠ [illegible] મુંબઈ

[illegible] રૂા. [illegible]) જીર્ણોદ્ધાર માટે [illegible] [illegible] જાહેર કરવામાં આવ્યા છે.

તે દ્રષ્ટિએ ચૂકાદો નક્કી કરવામાં આવ્યો. બન્ને પ્રધાનો શ્રી પૂજ્યજી પાસે ગયા. શ્રી પૂજ્યજીએ આમાંથી નવી બાબતો ઉભી કરી અને ચુકાદાને સંમત થયા નહિ. આથી સરકાર તરફથી હુકમ આપવામાં આવ્યો કે સરઘસ ગમે ત્યાં જઈ શકે છે ૧૩ ગવાડ કે ૧૪ ગવાડ એવી કોઈ લીટી નક્કી નથી. દોઢસો વર્ષ ઉપર થયેલા રૂક્કાઓની કલમો અમલમાં મૂકવાનું અશક્ય છે. સરકારની પરવાનગીથી કાઢેલા સરઘસને કોઈ પણ શખ્સ કશી હરકત પહોંચાડી શકશે નહિ.

આ રીતે વીતરાગ ભગવાનો રથયાત્રાનું સરઘસ ધૂમધામથી નીકળ્યું. રાજ્ય તરફથી પૂરેપૂરો બંદોબસ્ત હતો. શ્રી પૂજ્યજીના ઉપાશ્રય પાસે ખાસ અધિકારીઓ અને સીપાઈઓની ગોઠવણ હતી. જલુસ મહાવીર સ્વામીના મન્દિરથી શરૂ થયું એક માઈલ લાંબું સરઘસ કોટ દરવાજાથી શ્રી પાયચન્દસૂરીના મંદિર સુધી પહોંચ્યું. આખે રસ્તે વિધવિધ ભજન મંડળીઓના ભજનો જનતાને આકર્ષી રહ્યા હતા. અમૃતસર, વરાણા, કાલના, ગુજરાનવાલાની ભજન મંડળીઓના ભજનો જનતાને મંત્ર મુગ્ધ કરી રહ્યા હતા. [illegible] [illegible] નગર [illegible] અનુપમ હતી. [illegible]

આચાર્યશ્રીના હીરકમહોત્સવ પ્રસંગનું રથયાત્રા—જલુસનું એક દૃશ્ય.
(ગુજરાતી સં ૨૦૦૦ બીકાનેર)



ગુરુદેવના જમણા હાથ સમા પં. શ્રી સમુદ્રવિજયજી, મુનિ વિચારવિજયજી, મુનિ ચતુરવિજયજી મુનિ વસંતવિજયજી, મુનિ શિવવિજયજી, મુનિ વિશુદ્ધવિજયજી, મુનિ વિક્રમવિજયજી, મુનિ હિમતવિજયજી મુનિ વિશારદવિજયજી, મુનિ જનકવિજયજી, મુનિ નિપુણવિજયજી આદિ ૧૪ થાણા હતા.

આવા યુગવીર આચાર્યદેવ જેમના જીવનનો પ્રત્યેક દિવસ અરે પ્રત્યેક પળ ધર્મ અને સમાજની સેવામાં અર્પિત થઈ રહેલ છે, યુગયુગ ચિરાયુ રહે.



ઉપદેશ આપ્યો હતો. તથા મહારાણી સાહેબને ધર્મલા[illegible] પાઠવ્યો હતો.

ઉપરાંત આચાર્યશ્રીના વ્યાખ્યાનોની પ્રશંસા સાંભળી[illegible] ધર્મધુરંધરા શ્રીમતી મહારાણી સાહેબાના આગ્રહથી ૫-નવે[illegible] મ્બર ૧૯૪૪ ના દિવસે દસ વાગે શ્રી ગંગા થીએટર હોલમ[illegible] આપશ્રીના વ્યાખ્યાનની ગોઠવણ કરવામાં આવી. આ પ્રસંગે[illegible] રાજ્ય પરિવાર ઉપરાંત રાજ્યના મોટા મોટા અધિકારીઓ, શ્રીમાન્ માનનીય પ્રાઇમ મીનીસ્ટર સાહેબ, પબ્લિકવર્કસ મીનીસ્ટર સાહેબ, હોમ મીનીસ્ટર સાહેબ, જનરલ સેક્રેટરી સાહેબ, શેઠ ખુશાલચંદજી ડાગા, શેઠ મદન ગોપાળજી દમ્માણી આદિ એ હાજરી આપી હતી. આચાર્યશ્રીએ વિ[illegible] ધર્મ ઉપર બહુ જ સુંદર, સારગર્ભિત, મનનીય અને પ્રભા[illegible] શાળી વ્યાખ્યાન આપ્યું હતું શ્રોતાજનો ઉપર ઘણી જ સા[illegible] અસર થઈ હતી. બધા આચાર્યશ્રીના વિદ્વત્તાની ભૂરિ ભૂ[illegible] પ્રશંસા કરતા હતા. હોલ બધા ધર્માનુરાગીઓથી ખીચો[illegible] ખીચ ભરેલો હતો


સં. ૨૦૦૦ નું બીકાનેરનું ચાતુર્માસ ગુરુદેવના જીવનમાં વિશિષ્ટ અને અમરકીર્તિ [illegible] ગુરુદેવનો દીક્ષા મહોત્સવ ઉજવી જૈન સમાજે ગુરુદેવના ત્યાગ, શાસન સેવા, જ્ઞાન પ્રચાર, સમાજ કલ્યાણ તથા ધર્મ ઉદ્યોત માટેના જીવન ભરના કાર્યોને [illegible] અર્પણ [illegible]

આ ચતુર્માસમાં ગુરુદેવના [illegible] [illegible] [illegible]

ગુરુદેવના જમણા હાથ સમા પં. શ્રી સમુદ્રવિજયજી, મુનિ વિચારવિજયજી, મુનિ ચતુરવિજયજી મુનિ વસંતવિજયજી, મુનિ શિવવિજયજી, મુનિ વિશુદ્ધવિજયજી, મુનિ વિક્રમવિજયજી, મુનિ હિમતવિજયજી મુનિ વિશારદવિજયજી, મુનિ જનકવિજયજી, મુનિ નિપુણવિજયજી આદિ ૧૪ થાણા હતા.

આવા યુગવીર આચાર્યદેવ જેમના જીવનનો પ્રત્યેક દિવસ અરે પ્રત્યેક પળ ધર્મ અને સમાજની સેવામાં અર્પિત થઈ રહેલ છે, યુગયુગ ચિરાયુ રહે.





જયવંત ભાવના

(૩૧)

પંજાબના કર્ણધાર! ગુરુકુળના પ્રાણ! અમારા શ્રી સંઘ પંજાબના રાહબર! આપ પંજાબથી પાંચ વર્ષ માટે તીર્થાધિરાજશ્રી સિદ્ધાચલજીની યાત્રાદિ માટે ગુજરાત તરફ પધાર્યા હતા. અમારી પ્રાર્થના તો વર્ષો વર્ષ ચાલુ હતી, શ્રીસંઘ તથા શ્રી ગિરનારજીમાં અમારા પંજાબના સર્વ નગરોના વાસીનું પ્રતિનિધિ મંડળ આપશ્રીને પંજાબ પધારવા વિનંતિ કરવા આવ્યું હતું. પણ આપશ્રી શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંદિરની પ્રતિષ્ઠા માટે મુંબઈ પધાર્યા. ત્યાં થઈ અમ અમારા પંજાબની સાર સંભાળ લેનાર કોઈ નથી. આપ વિના અમૃત વાણી સંભળાવવા માટે, ગામ ગામના સુધાર માટે, સમાજની શાંતિ માટે, સંસ્થાઓના વિકાસ માટે, [illegible] માટે [illegible] સાહિત્યની ઉન્નતિ માટે [illegible]

ગુરુદેવ! પધારો! મારવાડના આગેવાનો અને આચાર્યશ્રી વિજયલલિતસૂરિ મહારાજની ભાવના આપને ગોડવાડ તરફ લઈ જવાની છે. ગુજરાતના ભાઈઓનો આગ્રહ પણ અહીંથી સિદ્ધાચળ તરફનો હોય તે સ્વાભાવિક છે પણ ગુરુદેવ! અમે જ્યારે મારવાડ ગુજરાતમાં તીર્થ યાત્રા માટે જઈએ છીએ ત્યારે જે જે મુનિ મહારાજોને પંજાબ પધારવા વિનતિ કરવામાં આવે છે તે બધા એક જ જવાબ આપે છે કે આચાર્યશ્રી વલ્લભવિજયજી પંજાબની રક્ષા માટે આવશે. આપ પણ અમને નિરાશ કરશો તો અમારી આશા લતા સૂકાઇ જશે. ગુરુદેવનો પંજાબનો બગીચો જે આજ સુધી તો ગુરુદેવના પ્રતાપે ફૂલ્યો ફાલ્યો રહી શક્યો છે તે વેરાન થઇ જશે.

કૃપાસાગર! વહેલા વહેલા પધારો? અમારા મન પ્રફુલ્લ કરો, અમારા હૃદય કમળને વિકસાવો. અમારી આશા લતાને અમૃતના સીંચન કરો.

ગુરૂવિન સુનો પડયો છે પંજાબ,
ગુલશન સૂકાઇ રહ્યો છે ગુરુરાજ.

સભાજનોના હૃદય પીગળી ગયાં. આંસુઓની ધારાઓ ચાલી, સભા મંત્રમુગ્ધ બની રહી ગુરુદેવને પંજાબ અને ગુરુદેવ સાંભર્યા. લોચનના ખૂણાઓમાં જળ બિંદુઓ દોડી આવ્યાં.

આશ્વાસન આપવા માટે ગુરુદેવ ઉભા થયા. પ્યારા પંજાબી ભાઇબહેનો! તમારી દર્દ ભરી પ્રાર્થના સાંભળી. યાદ છે મને, તમે ખૂબ ધીરજ રાખી રહ્યા છો. પાંચ વર્ષનો વાયદો હતો તેના ૧૩ વર્ષ થયાં છે. ગુજરાત-મારવાડના કેટલાંક મહત્ત્વના સમાજ-ધર્મ અને શિક્ષણના કાર્યોએ મને રોકી લીધો પણ

પંજાબને હું કેમ ભૂલું ? વારંવાર પંજાબને યાદ કરી હું પંજાબની જ ચિંતા કરતો.

હવે વિલંબ નહિ થાય. શાંતિ રાખો હું આવું છું અને સત્વર આવું છું. તે માટે મેં પ્રતિજ્ઞા કરી રાખી છે કે ચાતુર્માસ પૂરું થયે પંજાબ તરફ જ વિહાર કરવો અને જ્યાંસુધી પંજાબના એક મોટા શહેરમાં ન પહોંચું ત્યાં સુધી રોજ એકાસણું કરવું અને પાણી સિવાય બીજા છ દ્રવ્યો એટલે પાણી સાથે સાત દ્રવ્યો જ વાપરવાં.

ગુરુદેવની આ આકરી પ્રતિજ્ઞા સાંભળી સભા સમસમી ગઈ. ધન્ય ગુરુદેવ, ધન્ય ગુરુદેવના જયકારથી મંડપ ગૂંજી ઉઠ્યો.

વર્ષો પહેલાની વાત છે. ગુરુદેવે ૧૯૮૧ માં પંજાબ છોડયું. પાંચ વર્ષમાં પંજાબ પાછા આવવાની ભાવના હતી. પણ સાધુ સંમેલન, વિદ્યાલયના મંદિરની પ્રતિષ્ઠા, શતાબ્દિ મહોત્સવ, રાધનપુરમાં જ્ઞાન મંદિરનું ઉદ્‌ઘાટન તથા પાટણમાં જ્ઞાન મંદિર આદિ કાર્યોએ ગુરુદેવનો હાથ રોકી લીધો. પંજાબની વિનંતિ તો ચાલુ હતી, છેવટે પંજાબી ભાઈઓનું પ્રતિનિધિ મંડળ ગુરુદેવને સગદ્‌ગદિત હૃદયે વિનંતિ કરી અને ગુરુદેવ પંજાબ સીધાવ્યા. ગુરુદેવ અને પંજાબી ભક્તોના નિઃસીમ પ્રેમનું આ એક અનુપમ દૃશ્ય છે.

'ગુરુદેવ! આપશ્રી પંજાબમાં પધાર્યા. આપની છ દ્રવ્યની પ્રતિજ્ઞા હવે તો પૂરી થઈ છતાં આપ હજુ કેમ સાત જ દ્રવ્યો લ્યો છો.' એક ભાઈએ હાથ જોડી પ્રાર્થના કરી.

'ભાઈ છ દ્રવ્યના હવે મારા દ્રવ્યો થઈ ગયાં' હસતાં હસતાં ગુરુદેવે ઉત્તર આપ્યો.

'ગુરુદેવ! પંજાબની ભૂમિ, ગરમી શરદી ચાલ્યા કરે.. વિહાર સતત રહેશે. ગોચરી વહેલીમોડી મળે. કૃપા કરી પંદર દ્રવ્યો તો રાખો જ. આ કાયાથી હજી ઘણાં ઘણાં ધર્મ-ઉદ્યોતનાં કાર્યો કરવાના છે.'

'તો તો પછી ઓછું શું થયું? કાયા તો સંયમથી અને વ્રત નિયમથી વિશેષ કામ આપે. હું તો આઠથી ઓછા દ્રવ્યો કરવાની ભાવના રાખું છું પણ તમારા આગ્રહને વશ થઇ–તમારી બધાની શારીરિક શક્તિની દૃષ્ટિનો વિચાર કરી પાણી સાથે દશ દ્રવ્યો રાખી લઉં છું. દશ દ્રવ્યમાં ઔષધિ આદિનો પણ સમાવેશ થઈ જશે. ભૂલથી કદાચ કોઈ દિવસ એક દ્રવ્ય પણ વધી જાય તો પ્રાયશ્ચિતરૂપે બીજે દિવસે બે દ્રવ્ય ઓછાં કરવાં બે વધી જાય તો ચાર ઓછાં કરવાં અને ગોચરી વખતે મૌન રાખવું.

આવી આકરી પ્રતિજ્ઞા સાંભળી બધા સમસમી ગયા. આચાર્યશ્રી દેવ, ગુરુ અને ધર્મના પ્રતાપથી આ પ્રતિજ્ઞા અખંડ પાળી રહ્યા છે.

× × ×

માગશર વદિ ૬ નો દિવસ આવી ગયો. રામપુરીયા જૈન ભુવનનો ચોક જનતાથી ભરાઈ ગયો આજે હજારો સ્ત્રી પુરુષોના મન ઉપર ગુરુદેવના વિરહની વેદના દેખાતી હતી. ગુરુદેવના અમૃતવચનો, ગુરુદેવના બીકાનેર અને જૈન સમાજને ઉન્નત કરવાના ભગીરથ પ્રયત્નો અને સમાજકલ્યાણની ધગશ આજે બધું યાદ આવી હૃદયને હચમચાવી રહ્યું હતું

ાથરા જે તેરાપંથીઓના આગેવાન છે. તેમણે બદારના ભાઈઓની ભક્તિ કરી. બીકાનેરવાળા શ્રી મેઘરાજજી કોચરની તરફથી પંચકલ્યાણક પૂજા ભણાવી. રાત્રે ભાવના બેઠી. કોચર-મંડળીએ સુંદર રંગ જમાવ્યો. અનેક તેરાપંથી બાઈબહેનો દર્શન માટે આવ્યા હતા.

બાબુ ધનપતસિંહજીના પૌત્ર બાબુ તેજબહાદુરસિંહજીએ જ્યાં સુધી આચાર્યશ્રીના દર્શન ન થાય ત્યાં સુધી પર્યુષણથી ભાત અને આસોથી ઘીનો ત્યાગ કર્યો હતો, તે અહીં ગુરુ-મહારાજના દર્શને આવ્યા હતા.

અનેક નાના મોટાં ગામોને પાવન કરતા કરતા મહા શુદિ ૫ના રોજ પંચકોશી પધાર્યા. અહીં જાગીરદાર ઠાકોર મુનિલાલજી તરફે આચાર્યશ્રીનું સ્વાગત કર્યું. હજારો વીઘાં જમીનના તેઓ માલિક છે, સાધુ સં... છે.

અહીં એક ચમત્કારિક ઘટના બન...

શ્રાવિકા શ્રાવક બાઈબહેનોએ ... ે. પંચ...
ત્યાર્યો રાખી હતી. ઉપરના મકાનમાં ... કલ્યાણ...
આવી હતી. સાંજે આરતી કરી દર... ને ... બંધ...
નીચે આવી ગયા હતા. સવારે મુનિ... ે દર્શ...
કરવા ગયા. પણ બારણાં ઉઘડ્યાં ... ઓઘા...
પણ તેઓનાથી પણ ન ખુલ્યાં. ...

એમ લાગ્યું કે મકાન મંદિ...
... તેઓને.

નામાર્થી કોઇ સૂતેલું ન હતું. આસપાસ તપાસ કરાવી તો પાછળની બધી બારીઓ પણ બંધ હતી. કોઇ અંદર હોય તે માટે અવાજો કરવામાં આવ્યા પણ કોઇનો અવાજ ન આવ્યો. ચુનિલાલજીના ભાભી તથા તેમની બન્ને ધર્મપત્ની પણ ત્યાં આવી પહોંચ્યાં. છેવટે ચુનિલાલજીના ધર્મપત્નીએ હાથ જોડીને પ્રાર્થના કરી "હે ભગવાન! હે ગુરુ વલ્લભ! અમારી કોઇ પણ પ્રકારે આશાતના થઇ હોય તો માફ કરો. પ્રભુ! દર્શન દ્યો, નહિ તો અમારા ઉપર કલંક ચડશે." આટલું બોલી પોતે દરવાજાને ધક્કો માર્યો તો તુરત જ બારણું ઉઘડી ગયું અને હર્ષનાદની સાથે બધાએ દર્શન કર્યાં. ગુરુદેવના જયજયકારથી આકાશમંડળ ગુંજી ઊઠયું.

બપોરે ચુનિલાલજી કુટુંબ સહિત ગુરુદેવના દર્શનાર્થે પધાર્યા. ચરણોમાં નમસ્કાર કર્યા વાસક્ષેપ લઇ ગુરુ ધારણ કર્યા અને માંસ-મદિરા પરસ્ત્રીનો ત્યાગ [illegible] લીધી.

પચ્ચોરાથી વિહાર કરી [illegible] પધાર્યા. આ સમે સુંદર સ્વાગત કર્યું [illegible] વિધપૂર્વક તથા મહાવીર [illegible] સ્વયંસેવક [illegible] શોભામાં વૃદ્ધિ કરી હતી.

સં. ૧૯૭૩ [illegible] ગુરુદેવશ્રી મોહનવિજયજી તથા [illegible] (શિષ્ય [illegible]) [illegible]વિજયજી [illegible] [illegible] પહેલાં [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] મંદિર [illegible]

બીકાનેર તરફ જતાં આચાર્યશ્રી અહીં પધાર્યા હતા ત્યારે શ્રી સંઘે પ્રતિષ્ઠાની વિનતિ કરી હતી. આચાર્યશ્રીએ ફરમાવ્યું હતું કે તૈયારી કરી રાખો, અવસર મળશે તો બીકાનેરથી પંજાબ તરફ પાછા ફરતાં તમારું આ કામ થઇ જશે. શ્રી સંઘે તે વચનની યાદ આપી. આચાર્યશ્રીને આગ્રહપૂર્વક આ કાર્ય નિર્વિઘ્ને પાર પાડવા વિનંતિ કરી. શ્રી ચંદ્રપ્રભુસ્વામીના નૂતનમંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયો. કુંભસ્થાપના, નવગ્રહ; દશદિક્પાળપૂજન તથા અભિષેક આદિ થયાં. ફાગણ શુદ ૧ ના રોજ રથયાત્રાનું ભવ્ય જલુસ નીકળ્યું. લાહોરનું પ્રતાપ બેંડ, ફાઝલકાનું બેન્ડ તથા પંજાબી તથા બીકાનેરી ભજન મંડળીઓએ રથયાત્રાની શોભામાં વૃદ્ધિ કરી.

બીજના દિવસે આચાર્યશ્રી તથા મુનિમંડળની હાજરીમાં લાલા ચંદુલાલજી અગ્રવાલના સભાપતિત્વમાં જાહેર સભા થઇ. જૈન સ્કુલના વિદ્યાર્થીઓના મનોહર ભજનો-સંવાદો આદિ થયાં. આચાર્યશ્રીના સદુપદેશથી અબોહર મંડીવાળા શેઠ સૂરજમલજી ગોલેચ્છાએ જિંદગી પર્યંત પ્રતિવર્ષ રૂા ૫૦) શ્રી જિનમંદિરજીને તથા રૂા. ૫૦) પ્રતિવર્ષ જૈન સ્કુલને ભેટ આપવા વચન આપ્યું. આ ઉપરાંત બીજા ભાઇઓએ પણ જૈન સ્કુલને સારી સહાયતા કરી. અહીંની વિદ્યાપ્રચારિણી સભાએ પૂજ્યપાદ આચાર્યશ્રીના કરકમલમાં અભિનંદન પત્ર સમર્પણ કર્યું.

ફાગણ શુદ ત્રીજના શુભદિને [illegible] ૧૦-૧૫ વાગ્યે પૂજ્યપાદ આચાર્યશ્રી[illegible] શ્રી જિન-મંદિરની પ્રતિષ્ઠા [illegible] ચંદ્રપ્રભુ[illegible]

આચાર્ય લલિતવિજયજી આદિ તો કહે છે કે ૩૦૦ માઈલનું રેગીસ્તાન કેવી મુશીબતો વેઠીને વટાવ્યું છે અને હવે કદાચ તેઓ થાકયા પણ હશે પણ આ એક ગુમડાની તકલીફ ન હોત તો કાલેજ વિહાર કરવો છે, છતાં વચનની પણ કીંમત હોવી જોઈએ. ગુમડું તો રસ્તામાં મટી જશે. તમે નિરાશ ન થશો. અહીંથી રેપડ આવીશું તમારી-અમારી ભાવના પૂરી થશે.

ગુરુદેવના આ વચનો સાંભળી સભા ગદ્‌ગદિત થઈ ગઈ. કેવી કેવી જહેમતો ઉઠાવીને પણ ગુરુદેવ ગામેગામ અને શહેરેશહેરના કલ્યાણ માટે પ્રાણની પણ પરવા કર્યા વિના સતત ધર્મઉદ્યોત કરી રહ્યા છે ?

ઝરાથી વિહાર કરી જતરૈવાસા પધાર્યા. એક ૧૦૦ વર્ષના વૃદ્ધ ડોશીમા ગુરુદેવના આગમનના સમાચાર સાંભળી પગે ચાલીને દર્શન કરવા આવ્યાં. આંખોની નજર સારી હતી દાંત પણ પૈકા હતા માત્ર કાનથી ઓછું સંભળાતું હતું. આખો દિવસ રેંટીઓ કાંતીને દિવસ ગાળતી [illegible] ડોશીમાને પરલોકનું ભાતું બાંધવા માટે [illegible] ગુરુદેવના દર્શન કરી ડોશીમાએ અશ્રુજળથી ગુરુદેવના પગ પખાળ્યા ગુરુદેવે ડોશીમાને પરમાત્માનું સ્મરણ કરી [illegible] જીવન સંપૂર્ણ કરવા સમજાવ્યા

અહીંથી બીજા, [illegible] ધર્મ [illegible] [illegible] અને [illegible] તથા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પૂર્વક [illegible]

અહમદ ગઢીમાં માલેર કોટલાના જૈન-હિન્દુ-મુસ્લીમ ભાઈઓ વિનતિ કરવા આવ્યા. આ પ્રતિનિધિ મંડળમાં વિદ્વાન મોલવીજી પણ હતા. તેઓએ વિનંતિ કરી કે આપશ્રી પહેલાં અમારા શહેરમાં પધાર્યા હતા ત્યારે હિન્દુમુસ્લીમોમાં જોરદાર ઝગડો ચાલી રહ્યો હતો, પરંતુ આપશ્રીના ઉપદેશથી શાંતિ થઇ હતી. તે દિવસો આજે પણ યાદ આવે છે. આપ અમારા શહેરને છોડીને નહિ જઇ શકો. ગુરૂદેવે સમય હશે તો માલેરકોટલા નહિ ભૂલાય તેમ આશ્વાસન આપ્યું હતું.

દોરાહામંડીમાં અંબાલાના આગેવાન ગૃહસ્થો આવ્યા હતા. શ્રી સંઘ અમ્બાલામાં મુનિ ધીરસાગર તથા કાંતિસાગરે જગવેલા વૈમનસ્યની આચાર્યશ્રીએ સદ્ઉપદેશદ્વારા શાંતિ કરાવી અને તે બધાએ માન્ય રાખી.

ગઢીમાં એક હિન્દુ કુટુમ્બે ગુરૂદેવના ઉપદેશથી માંસ શરાબ આદિ કુવ્યસનોના ત્યાગની પ્રતિજ્ઞા લીધી. ગુરૂદેવે પણ પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી શ્રી સિદ્ધાચલજીની યાત્રા ન થાય ત્યાંસુધી મોતીચરનો ત્યાગ.

અહીંથી વિહાર કરી રોપડ પધાર્યા. રોપડના નગરજનો ઘણા દિવસોથી ગુરૂદેવની વાટ જોઇ રહ્યા હતા. ગુરૂદેવનો નગરપ્રવેશ બહુ ધૂમધામપૂર્વક થયો. અમ્બાલા કોલેજ બેન્ડ તથા સ્થાનકવાસી ભાઇઓ અને લુધિયાના અંબાલાના ભાઈઓ પણ સ્વાગતમાં ભાગ લેવા આવ્યા હતા.

આચાર્યશ્રીએ એક મહિનો સ્થિરતા કરી પ્રતિદિન વિવિધ વિષયો પર વ્યાખ્યાનો થતાં હતાં. જૈન જૈનેતર ભાઈઓએ સારી સંખ્યામાં લાભ લીધો.

× × ×

રામણીની ખુશીમાં રૂ. ૧૦૦૦) ગુરુકુળ ગુજરાંવાલાને ભેટ આપે છે.' એક ગૃહસ્થે પરિચય આપ્યો.

.' લાલાજી! તમારી ભાવનાને ધન્ય છે. ગુરુદેવના તમે
શ્રાવક અને વળી આટલા બધા ચુસ્ત ભાવિક જાણી
આનંદ થાય છે.

ગુરુદેવને વધરાવળ જેવું દર્દ થઇ આવવાથી અમ-
ડૉ. મુકન્દલાલ પરીખે બહુ જ કુશળતાપૂર્વક
'. શ્રી સંઘે આયંબિલની તપશ્ચર્યા કરી. ગરીબોને
દેવામાં આવ્યું.

જની તબિયતની શાતા પૂછવા પંજાબભરના
વવા લાગ્યા.

રામણીની ખુશીમાં રૂ. ૧૦૦૦) ગુરુકુળ ગુજરાંવાલાને ભેટ આપે છે.' એક ગૃહસ્થે પરિચય આપ્યો.

'લાલાજી! તમારી ભાવનાને ધન્ય છે. ગુરુદેવના તમે પ્રિય શ્રાવક અને વળી આટલા બધા ચુસ્ત ભાવિક જાણી ખરેખર આનંદ થાય છે.

અહીં ગુરુદેવને વધરાવળ જેવું દર્દ થઇ આવવાથી અમદાવાદનિવાસી ડૉ. મુકુન્દલાલ પરીખે બહુ જ કુશળતાપૂર્વક ઓપરેશન કર્યું. શ્રી સંઘે આયંબિલની તપશ્ચર્યા કરી. ગરીબોને છૂટા હાથે દાન દેવામાં આવ્યું.

ગુરુ મહારાજની તબિયતની શાતા પૂછવા પંજાબભરના બહેનભાઇઓ આવવા લાગ્યા.

'દયાસાગર! હમણાં જ ઓપરેશન કરાવ્યું છે. તબીયત બરાબર નથી. વૃદ્ધાવસ્થા પણ હવે દેખાય છે. આરામની ખાસ જરૂર છે. કૃપા કરી અહીં સ્થિરતા કરો. શાંતિ રાખો. આપનાં કાર્યો તો હંમેશાને માટે ચાલુ જ રહેશે. આપ જ્યાં હશો ત્યાં મન-વચન-કર્મથી ધર્મઉદ્યોત થતો રહેશે.' લુધિયાનાના આગવાને શ્રી સંઘની વતી પ્રાર્થના કરી.

'ભાગ્યશાળીઓ! તમે તો મારી વૃદ્ધાવસ્થા જોઇને મને આરામ લેવા વિનવી રહ્યા છો ને! પણ અમારે સાધુઓને ગરમી કે શરદી–ટાઢ કે તડકો શું? આ શરીર શા માટે છે? અને વૃદ્ધદેહમાં યુવાન-જીવંત આત્મા બેઠો છે તે ભૂલી ગયા? સંસારનો ત્યાગ કરી આ વેશ પહેર્યો અમારે ભગવાન મહાવીરની જેમ અમારા જીવનનાં પળેપળનો હિસાબ આપવાનો

છે : આત્મશાંતિ અને આત્મશુદ્ધિ તો મળતાં મળશે પણ સમાજ–ધર્મ અને દેશના ઉદ્યોતમાં આ જીવનમાં જે કાંઈ ફાળો આપી શકાય તે આપવાનું કર્તવ્ય કેમ ભૂલાય ! આ શરીર તે માટે જ છે. તો છેવટની ઘડી સુધી તેનો ઉપયોગ કરી લેવો જોઈએને ! તે તો ક્ષણભંગુર હોવાથી એક દિવસ તો જવાનું. ત્યાં સુધી શાસનકાર્યો થઈ જાય તેમ કરી લેવાં જોઈએ. જ્યાં સુધી આ નાડીમાં લોહી ફરે છે, હૃદયમાં ધબકારા ચાલે છે ત્યાં સુધી એક સ્થળે બેસવાનો નથી. ગુરુદેવની અર્ધશતાબ્દિ ઉજવી, શિયાલકોટના દેહરાસરની પ્રતિષ્ઠા કરાવી, શ્રી સિદ્ધાચલની યાત્રા કરવાની ભાવના રાખું છું. અને યાત્રા કરીને ગૂજરાતમા નહિ પણ મારા પ્રિય પંજાબની રક્ષા માટે પાછો પંજાબમા આવી શ્વાસોશ્વાસ ચાલતા સુધી ગુરુદેવનો સંદેશ ગામેગામ, શહેરેશહેર, મંદિરેમંદિરે, ઉપાશ્રયેઉપાશ્રયે, સંસ્થાએસંસ્થાએ પહોંચાડવાની ભાવના છે—જ્યા સુધી હાથ, પગ અને જબાન સાજાં છે ત્યા સુધી વલ્લભવિજય નિરંતર જ સંદેશો આ શરીરથી જેટલું થાય—[illegible] તેટલો લેવા છે :'

[illegible]

સંસ્થાને ક્યારે યાદ કરશો? ૫૦૦) ૧૦૦૦) તો દેવાવાળા અહીં મળી રહે છે. પણ તમારી પાસેથી તો સારી એવી રકમની આશા છે.' આચાર્યશ્રીએ શ્રી પુરુષોતમદાસને ઉપદેશ આપ્યો.

'કૃપાળુ! આપ આજ્ઞા ફરમાવો. એવાં મારાં અહોભાગ્ય ક્યાંથી?'

'એક સર્વોચ્ચ કાર્ય માટે રૂ. ૧૦૦૦૦) દશ હજાર જોઈએ. આત્માનંદ જૈન ગુરુકુળ-ગુજરાંવાલામાં શ્રી મંદિરજી માટે તે રકમ વપરાશે. ગુરુકુળનાં સેંકડો બાળકો હંમેશા દેવ-દર્શન, પૂજા, આરતી વગેરેથી પોતાના આત્માને પવિત્ર બનાવી ધર્મના સંસ્કાર મેળવશે.'

'ગુરુદેવ આ તો ઘણું જ સુંદર કાર્ય છે. આપની આજ્ઞા શિરોધાર્ય છે. રૂ. ૧૦૦૦૦) શ્રીઆત્માનંદ જૈન ગુરુકુળના દેરાસર માટે હું આપીશ.' શ્રીપુરુષોતમદાસ સુરચંદે આનંદપૂર્વક કહ્યું.

પુરુષોતમદાસ તો ગુરુદેવના અનન્ય ભક્ત છે. અને આ રીતે વારંવાર ગુરુદેવનાં ઉજ્જ્વળ કાર્યોમાં આર્થિક સહાયતા આપ્યા કરે છે.

પર્વાધિરાજ પર્યુષણપર્વની આરાધના આનંદપૂર્વક થઈ. પર્યુષણને માટે દિલ્હી, કલકત્તા, બીકાનેર, કરણપુર તથા પંજાબનાં અનેક નગરો-ગામોનાં નરનારીઓ આવ્યાં હતાં.

આજે રથયાત્રાનું જલુસ નીકળ્યું હતું. હજારો માનવમેદની રથયાત્રાના દર્શન કરવા ઉમટી હતી. આચાર્યશ્રી

શિષ્ય પરિવાર સહિત પધાર્યા હતા. ભજનમંડળીઓએ ભજનોની ધૂન મચાવી હતી. જલુસ ધીમે ધીમે શહેરના મધ્ય ભાગમાં આવી રહ્યું હતું.

એકાએક આચાર્યશ્રીએ બે આગેવાનોને બોલાવ્યા અને 'તળાજા તીર્થમાં થયેલ મૂર્તિખંડનના હૃદયભેદક સમાચાર' જણાવી એ જ ક્ષણે જલુસને વીખરાઈ જવા સૂચના કરી. જનતા આ દુઃખદાયક સમાચાર સાંભળી દુઃખી હૃદયે વીખરાઈ ગઈ.

બીજે દિવસે જાહેરસભા ભરવામાં આવી. આ સભામાં હિંદુ-મુસલમાન ભાઈઓએ ભાગ લીધો. શ્રી તળાજાતીર્થમાં કોઈ ગુન્ડાએ ચોમુખજીની ચાર પ્રતિમાઓ ખંડિત કરી સમસ્ત ભારતના જૈનસમાજમાં ભારે ઉલ્કાપાત મચાવી દીધો હતો તે વિષે પંજાબનાં ગામેગામમાં ઠરાવો કરવા સૂચના કરવામાં આવી. ઠરાવો ભાવનગરના મહારાજા તથા વાઇસરોયને મોકલવાનો પ્રબંધ કરવામાં આવ્યો. તથા [illegible] [illegible] શાંતિ અને [illegible] ઉજવવા માટે નિર્ણય [illegible]

સંવત્સરી પ્રતિક્રમણ શાંતિપૂર્વક થયું. મુનિ શ્રી જનક-વિજયજીએ અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી તે નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રભાવનાદિ થયા.

ભાદરવા સુદિ ૮ ના દિવસે આપશ્રી [illegible] [illegible] [illegible] જૈન મહાસભા-પંજાબનું ૧૧ મું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

જાતિના રીતરિવાજવિષયક ઠરાવો થયા. સ્વ. ગુરુદેવ આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો અર્ધશતાબ્દિ ઉત્સવ ઉજવવા સંબંધી પરામર્શ થયો. આચાર્યશ્રીએ તે સંબંધી પોતાની ભાવના દર્શાવતાં જણાવ્યું કે સ્વ. ગુરુદેવની અર્ધશતાબ્દિનો ઉત્સવ ગુરુદેવના સમાધિમંદિરમાં ઉજવવો જોઈએ, જેથી તમે પંજાબી ભાઈબ્હેનો ગૂજરાત જેટલે દૂર પહોંચ્યા હતા અને ગુરુભક્તિનું તાદશ ચિત્ર બતાવ્યું હતું તેમ ગૂજરાતના ભાઈઓ તમારે આંગણે આવે અને તમે તેનું સ્વાગત કરો તેમજ ગુરુદેવના કાર્યને વેગ આપવા રચનાત્મક યોજના કરીને એવો સુંદર કાર્યક્રમ યોજી કાઢો કે બે પાંચ વર્ષમાં આપણે પંજાબના જૈનસમાજનું કલ્યાણ સાધી ગુરુદેવના નામને રોશન કરીએ.

પંજાબ મહાસભાના ઉત્સવપ્રસંગે આવેલા પંજાબના જુદા જુદા શહેરના આગેવાનોએ ગુરુમહારાજની ભાવના સાંભળી, તેને અમલી બનાવવા માટે યથાશક્તિ પ્રયાસ કરવા વચન આપ્યું.

× × ×

'તમે જુદા જુદા શહેરના ભાઈઓ દરમાસે સંક્રાંતિનો સંદેશ સાંભળવા આવો છો. વર્ષોથી સંક્રાંતિનું રહસ્ય સાંભળો છો. મને એક વિચાર આવે છે. વિદ્યાદાન એ શ્રેષ્ઠ દાન છે. આપણા વિદ્યાર્થીઓ ભવિષ્યના સંઘના સેવકો છે. ભવિષ્યની પ્રજાને જ્ઞાન-દાન આપવાથી સમાજ અને સંઘનું, ધર્મ અને દેશનું કલ્યાણ થશે. તમે એક વિદ્યાર્થી સહાયક ફંડ શરૂ કરો. સંક્રાંતિ ઉપર જે ભાઇબ્હેનો આવે છે તે આ સહાયક ફંડમાં એક એક રૂપીઓ આપે. એક એક રૂપીઓ કોઇને ભારે નહિ પડે અને ટીપે ટીપે સરોવર ભરાય તે કહેવત

અનુસાર ધીમે ધીમે આ ફંડ મોટું થશે અને તેમાંથી અનેક વિદ્યાર્થીઓને જ્ઞાનનો લાભ મળ્યા કરશે.'

બધાએ આચાર્યશ્રીની આજ્ઞા શિરોધાર્ય માની અને વિદ્યાર્થી સહાયક ફંડમાં રૂા. ૬૯૬) તો ભરાઈ પણ ગયા.

ભાદરવા શુદ ૧૧ના દિવસે જગદ્ગુરુ હીરવિજયસૂરીશ્વરજીની જયંતી આનંદપૂર્વક ઉજવવામાં આવી.

બાલી–મારવાડમાં શ્રી જૈન યુવક સંમેલનનું પ્રથમ અધિવેશન મળવાનું હતું. સંમેલનના મંત્રીનો પ્રાર્થનાપત્ર આચાર્યશ્રી પર એક સંદેશ મોકલવા માટે આવ્યો. આચાર્યશ્રીએ નીચે પ્રમાણે સંદેશ મોકલ્યો.

"ધર્મલાભ ! શ્રી મારવાડ જૈન યુવક સંમેલને પોતાના દેશ–ધર્મ અને જાતિની ઉન્નતિ માટે જે પગલું ભર્યું છે તે ધન્યવાદને પાત્ર છે, પરંતુ સાચી ઉન્નતિ ત્યારે જ થશે જ્યારે તમે યુવકો, પોતાના નેતાઓ–પંચોનો સહકાર સાધી કોઈ પણ રચનાત્મક કાર્ય કરો. હું જાણું છું કે કોઈ કોઈ વાતમાં વૃદ્ધ વર્ગ અને યુવક વર્ગમાં એકમત નથી. પરંતુ તમારું કર્તવ્ય છે કે તમે પંચોને વિનયપૂર્વક સમજાવો કે અમેજ સમાજ રૂપી નાવના ભવિષ્યના કર્ણધાર છીએ. તમે આજથી અમને આ કાર્યમાં રસ લેતા કરો તો અમે ભવિષ્યમાં સમાજના [illegible] કાર્યને [illegible] આપ પંચોનું કર્તવ્ય છે કે આપ યુવકોના મનને સમજી સમાજ[illegible] અને [illegible] કરી [illegible] ઉન્નતિ [illegible] અનુભવી વૃદ્ધ

વર્ગ તથા સુવકહૃદયો સાથે મળી કાર્ય કરશે ત્યારે સ
નવરચના થશે અને સમાજના ઉત્થાનમાં પ્રાણ પૂરાશે

એવું કયું કાર્ય છે કે જે એકતા સાધી ન શકે
દોને અદ્‌ભૂત અલૌકિક શક્તિ નથી આપતી ?

મને પૂર્ણ આશા છે કે પંચના નેતાઓ તમને
સહકાર આપશે અને તમારી તૈયારી હોવા છતાં જો ને
સહકાર ન મળે તો તમારે આત્મભોગ દેવા કઠિન
પડશે. આ કાર્યમાં કદાચ તમારાં માતા-પિતા-ભ
સાથ ન આપે અથવા વિપરીત થાય તો તમારે
શાંતિપૂર્વક સહન કરવું પડશે. ત્યારે જ તમે પોતાન
દેશ અને જાતિનું કલ્યાણ સાધી શકશો. સમયને
સંદેશ છે.

લુધિયાના, વલ્લભવિજ
વિ. સં. ૨૦૦૧ આશ્વિન શુદિ ૧૩ ધર્મલાભ

કાર્તક વદી ૫ ના દિવસે મુંબઈથી શેઠ સકરચંદભાઈ મોતીલાલ મૂળજી, શેઠ એવંતીલાલ તથા શેઠ ફૂલચંદભાઈ શામજી સપરિવાર લગભગ ૧૯—૨૦ ભાઈબહેનો પૂજ્યપાદ આચાર્યશ્રીના દર્શનાર્થે આવ્યા. ભક્તિનો લાભ લીધો. રામકોટ, સ્યાલકોટ, ગુજરાંવાલા આદિ શહેરોની યાત્રા કરી સમેતશિખરજીની યાત્રાએ ગયા.

ઈંદોરથી ભાઈ શાંતિલાલ છાજેડનો આચાર્યશ્રી પર પત્ર આવ્યો કે હું અમેરિકા અભ્યાસ અર્થે જાઉં છું. કૃપા કરી આપના આશીર્વાદ આપો. આચાર્ય દેવે ભાઈ શાંતિલાલને નીચે પ્રમાણે આશીર્વાદ મોકલ્યા.

ભાઈ શાંતિલાલ, ધર્મલાભ.

તમે ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા જઈ રહ્યા છો તે જાણી આનંદ થાય છે. તમારી બુદ્ધિપ્રભાને વિશેષ તેજસ્વી બનાવવાની તકનો પૂરેપૂરો લાભ ઉઠાવશો. અમેરિકાના વિદ્યાર્થીઓના ઉચ્ચ ગુણોને તમારા જીવનમાં વણી લેશો. તે દેશની સમૃદ્ધિ અને સુખસંપત્તિના કારણોનો પણ અભ્યાસ કરશો. આપણા દેશને ઉપયોગી અને જૈન સમાજને ઉપયોગી થઈ પડે તેવાં તત્ત્વોનો પણ અભ્યાસ બુદ્ધિ સાથે કરતા આવશો તો તમે જૈન સમાજની ઘણી સેવા કરી શકશો. તમારા જેવા નવયુવકોની [illegible] આવશ્યકતા [illegible] છે. માતાપિતાને [illegible] દેવ-ગુરુ અને ધર્મને ન ભૂલતા, [illegible]

સમાજની સેવા કરવા વહેલાસર આવીને તમારા જીવનને ઉજ્જ્વળ બનાવશો.

× × ×

પૂજ્યપાદ આચાર્યદેવે વિ. સં. ૨૦૦૨ ના કાર્તિક શુદિ ૩ ના દિવસે ૭૬ મા વર્ષમાં પ્રવેશ કર્યો. તેના ઉપલક્ષમાં ૭૬ મી જન્મ જયંતી સમારોહપૂર્વક ઉજવવામાં આવી.

આ ઉત્સવ પર પંજાબ–મારવાડ આદિના ભાઇઓ ઠીક ઠીક સંખ્યામાં આવ્યા હતા.

બપોરના ફિરોજપુરથી મંગાવેલા શાનદાર રથમાં પ્રભુજીને બિરાજમાન કરી તથા સ્વર્ગવાસી ગુરુદેવ તથા આપણા ચરિત્રનાયકના બે મોટા ફોટાઓ હાથી પર પધરાવી, મહેન્દ્ર ધ્વજ, ડંકા, નિશાન, બેન્ડ, પંજાબી ભજન મંડળીઓ આદિ સહિત બહુ જ સુંદર જલુસ કાઢવામાં આવ્યું.

બીજે દિવસે ખાસ મંડપમાં જાહેર સભા ગોઠવવામાં આવી. જૈન કન્યાશાળાની બહેનોના મંગલાચરણ પછી જંડીયાલા હાઇસ્કૂલના હેડ માસ્ટર શ્રી જયચંદજી, પં. રામકિશોરજી તથા પં. હંસરાજજીએ ગુરુમહારાજના જીવનપ્રસંગો રસિક ભાષામાં વર્ણન કર્યું. લુધિયાના શ્રી સંઘ તરફથી તથા લાલા વીરચંદજી અને ખજાનચીલાલ તરફથી અભિનંદન પત્રો સમર્પણ થયા.

બપોરના આ મંડપમાં આનંદપૂર્વક પૂજા ભણાવવામાં આવી. શાસ્ત્રીના 'સનાતન ધર્મ'ના સંપાદક પં. દ્વારકાપ્રસાદજીની અધ્યક્ષતામાં કવિ દરબાર ભર્યો. સ્થાનિક તથા બહાર ગામના

વિદ્વાન કવિઓએ પોતપોતાની કવિતાઓ દ્વારા આચાર્યશ્રીની વિદ્વત્તા, કાર્યદક્ષતા, વિદ્યાપ્રચાર, સમાજકલ્યાણ ભાવના તથા જ્વલંત ધર્મભાવના વિષે સુંદર પ્રકાશ પાડ્યો. એક કવિતા માટે ઈનામ આપવામાં આવ્યું. જલંધરી કવિ હાકમલની નજમ (કવિતા) લોકોને એટલી તો પ્રિય થઈ પડી કે રૂપીઆનો વરસાદ વરસ્યો. રાત્રિના ૧૧ વાગે કવિ દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.

લાલા રલારામ ગોકળચંદની ધર્મપત્ની શ્રી ચંદનદેવીએ કાર્તિક શુદિ ૫ ના દિવસે જ્ઞાનપંચમીનું ઉદ્યાપન કર્યું અને તે નિમિત્તે સ્વામીવાત્સલ્ય કર્યું. જ્ઞાનપંચમીનું ઉદ્યાપન આનંદપૂર્વક થયું.

કાર્તિક શુદિ ૧૧ ના દિવસે માગશર સંક્રાંતિ ઉજવવામાં આવી. ચોમાસી ચતુર્દશીની આરાધના આનંદપૂર્વક થઈ. પૂર્ણિમાને દિવસે શ્રી સિદ્ધાચળજીનો પટ બંધાવવામાં આવ્યો અને શ્રી સંઘ સમસ્તે પટની યાત્રા કરી.

સં. ૨૦૦૧ નું ચાતુર્માસ આનંદપૂર્વક સુખશાતામાં સમાપ્ત થયું. પૂજા-પ્રભાવના આદિ કાર્યો શ્રી સંઘે શક્તિઅનુસાર કર્યાં.

[illegible] આર્ય [illegible] આર્યસમાજના કાર્યકર્તાઓના [illegible] ડી.એ.વી. [illegible], વિદ્યાધર તથા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ડી.એ.વી. [illegible] [illegible] કર્યું.

લાલાજી! તમે તો ભાગ્યશાળી છો. આજ સમાજનાં બાળકોને જ્ઞાનની ભૂખ લાગી છે. તમારા જેવાએ સમયને ઓળખી સમયનો સંદેશ સાંભળવો જોઈએ. દેશકાળને ઓળખવો જોઈએ. તમે પર્યુષણ આદિમાં તો સારો લાભ લીધો. ધર્મશ્રદ્ધામાં તો તમારી દૃઢતા જાણીતી છે. પણ આજે તો જ્ઞાન-પ્રચારની અત્યંત આવશ્યકતા છે. તમારા જ ગામની સ્કૂલને હાઈસ્કૂલના રૂપમાં જોવાની મારી અભિલાષા છે. ક્યારે પૂરી થશે તે તો પરમાત્મા જાણે પણ તમે બધા ભાઈઓ ધારો તો વાત મામુલી છે. આપણે હવે તો સમયનો સંદેશ સાંભળવો રહ્યો.

ગુરુદેવના સુધાભર્યા વચનો સાંભળી લાલા ગોકળચંદનું હૃદય ખીલી ઉઠયું. તેમણે રૂ. ૫૦૦૦) હાઈસ્કૂલના મકાનના મુખ્ય હૉલ માટે આપ્યા. ગુરુદેવે આશીર્વાદ આપ્યા.





સબ ભાઈ, ભાઈ

આજ સવારથી લુધિયાનાનો ઉપાશ્રય જૈન ભાઈઓથી ભરાઈ રહ્યો હતો. આજ ગુરૂદેવ વિહાર કરવાના હતા. શ્રી સંઘના આગેવાન ભાઈઓ ગુરૂદેવને થોડા દિવસની સ્થિરતા માટે પ્રાર્થના કરી રહ્યા હતા. ગુરૂદેવ એક જગ્યાએ પણ ધર્મ-કાર્ય વિના વિશેષ વખત સ્થિરતા કરવાનો આગ્રહ ન હોવાનું તથા બીજા ગામના ધર્મ-કાર્યો માટે વિહારની આવશ્યકતા સમજાવી રહ્યા હતા. આગ્રાહક ગુરૂદેવના વચનામૃત-ઉપદેશ-રસ મેળવી શકવાનું ભાગ્ય, વિક... પ્રકાર મળેલી તમામ વગેરે વાત કરી કરી ગુરૂદેવ પાસે ... રહી આખા જીવનને ઉચ્ચ ધર્મમય બનાવી તે ... પ્રયત્ન કરી રહ્યા હતા. ગુરૂદેવ બધાને આનંદપૂર્વક સમજા...

"ગુરૂદેવ! આજ્ઞા આપો!" ગુરૂભક્ત આચાર્યશ્રી વિજય લલિતસૂરિજીએ પ્રાર્થના કરી.

"ભાઈ! સુખેથી સીધાવો. હું તમને દુઃખી કરવા નથી ઇચ્છતો. તમારી શારીરિક તંદુરસ્તી સારી નથી રહેતી. વળી મારવાડની શિક્ષણ સંસ્થાઓ પણ તમારી રાહ જુએ છે."

'ગુરૂવર્ય! આપના ચરણમાં રહેવાની અને આપની સેવાનો લાભ લેવાની તો ઘણી ભાવના છે, પણ કુદરતને તે મંજુર નહિ હોય. પંજાબમાં હું આપની પાસે જ રહેવા અને આપના કાર્યનો બોજ ઓછો થઇ શકે તો કરવાની ભાવનાથી આવ્યો હતો પણ લાચાર!'

'તમારી ભાવના હું ક્યાં નથી જાણતો? મારી ઇચ્છા તો આજે પણ આ ભાર તમને સોંપવાની છે. તમે પંજાબના છો ને હું તો ભાઇ! હવે ક્યાં સુધી બધું સંભાળીશ! પણ જ્યાં તમારી તંદુરસ્તી બરાબર નથી રહેતી ત્યાં મારવાડ જવા સિવાય બીજો રસ્તો નથી. સુખેથી સીધાવો, મારા મંગળ આશીર્વાદ છે.'

જગશંવાના પુત્ર પાસેનું ગુરૂ-શિષ્યની જુદાઇનું કરુ્ણ હૃદયભેદક હતું. ગુરૂ ભક્તે ગુરૂદેવને વંદણા કરી, ચરણમાં બે અશ્રુબિંદુ સરી પડ્યાં. ગુરૂદેવે વિદાય આપી અને આંખો સજળ થઇ ગઇ. કેવું મિલન! કેવો પ્રેમ! કેવી વિદાય!

મારવાડ એટલે દૂર પ્રદેશથી ગુરૂદેવના હીરક મહોત્સવમાં લાભ લેવા અને પંજાબમાં સાથે રહી ગુરૂદેવના પ્યારા પંજાબની યથાશક્તિ સેવા કરવાની ઉત્કટભાવનાથી આચાર્યશ્રી વિજય

લલિતસૂરિજી બીકાનેર આવેલા. ગુરુદેવની ચિંતા ઓછી કરવા અને ગુરુદેવને આરામ આપવાની દ્રષ્ટિથી બીકાનેરથી પંજાબ પણ સાથે આવ્યા. પણ આવ્યા ત્યારથી આબોહવા પ્રતિકૂળ રહી, દિવસે દિવસે તબીયત વિશેષ બગડતી ગઈ તેથી અનિચ્છા છતાં ગુરુદેવની આજ્ઞા લઈને મુનિશ્રી વસંતવિજયજી તથા મુનિશ્રી વિશુદ્ધવિજયજીની સાથે વિહાર કર્યો.

આચાર્યશ્રીએ પં. સમુદ્રવિજયજી આદિ શિષ્ય પરિવાર સાથે લુધિયાનાથી વિદાય લીધી. શ્રી સંઘના ભાઈબહેનો દરેશી સુધી આવ્યા. તેઓને મંગલિક સંભળાવી વિહાર કર્યો. રામબાગ, બદોવાલ, અકાળગઢ, નુરપુરા થઈ રાયકોટ પધાર્યા.

રાયકોટમાં આર્યસમાજના પ્રમુખ તથા માસ્તર શિખીબાં આદિ અનેક ભાઈબહેન દર્શનાર્થે આવ્યા. અહીં પં. સમુદ્રવિજયજીની તબીયત અસ્વસ્થ થઈ જવાથી ૫-૬ દિવસ સ્થિરતા કરી.

ગુરુદેવ આપણા પ્રદેશને પાવન કરે છે તેવા સમાચાર માલેરકોટલાના શ્રી સંઘને મળતાં આબાલવૃદ્ધમાં આનંદની ઊર્મિ ફેલાઈ ગઈ. ગુરુદેવના સ્વાગત માટે ઉત્સાહપૂર્વક તૈયારીઓ થવા લાગી. ગુરુદેવનું અપૂર્વ સ્વાગત કરવામાં આવ્યું. માલેરકોટલાના શ્રીમાન દિવાન સાહેબ, નાયબ સાહેબ, ચીફ જજ, પોલીસ સુપ્રિ. મિજીસ્ટ્રેટ આદિ રાજ્યાધિકારી તથા અહીંના મોટા મોટા વિદ્વાન મૌલવી, [illegible]
[illegible]

હાઈસ્કૂલની બેન્ડ સહિત સ્કાઉટ મંડળી, ભજન મંડળીએ તથા ચાર ઘોડાની ગાડીમાં સ્વર્ગસ્થ ગુરુદેવશ્રી આત્મારામજી મહારાજની તસ્વીર વગેરે ઠાઠમાઠપૂર્વક બાદશાહી સ્વાગત કરવામાં આવ્યું.

બન્ને મંદિરોના દર્શન કરી ગુરુદેવ આત્માનંદ જૈન હાઈ-સ્કૂલના વિશાળ ચોગાનમાં ઊભા કરેલા ભવ્ય મંડપમાં પધાર્યા. ગુરુદેવના જયનાદોથી આકાશ ગુંજી ઊઠયું. જૈન-જૈનતર ભાઇઓ અને મુસલમાન ભાઇઓએ પણ ગુરુદેવના વારણા કર્યા.

મંડપ ખીચોખીચ ભરાઇ ગયો હતો. ગુરૂદેવ પધાર્યા અને ખૂણે ખૂણેથી જય ઘોષના બુલંદ અવાજ ગુંજી ઉઠ્યા.

એક મુસલમાન બાળકે ગુરૂસ્તુતિ સંભળાવી ત્યારે જનતાના હૃદયના તાર ઝણઝણી ઉઠ્યા, ધન્ય, ધન્યના પોકારો થયા અને બાળકને પ્રેમપૂર્વક અભિનંદન આપવામાં આવ્યા. ઘણા ભાઇ બહેનોએ રૂપીયાથી તે બાળકને સંતુષ્ટ કર્યો.

સૌથી પહેલું અભિનંદન પત્ર મુસલમાન સમાજ તરફથી અર્પણ કરવામાં આવ્યું. તે ખાનસાહેબ આફરખાન સાહેબે ઉર્દુમાં વાંચી સંભળાવ્યું. શ્રી ગુરૂ પ્રબન્ધક કમીટી તરફથી શીખ ભાઇઓનું અભિનંદન પત્ર સરદાર પં. બિજલીસિંહજીએ વાંચી સંભળાવી સમર્પણ કર્યું, જે ગુરૂમુખી ભાષામાં હતું. હિન્દુ ભાઇઓ તરફથી પં. શ્રી લક્ષ્મણદાસજીએ વાંચી સંભળાવ્યું જે હિન્દી ભાષામાં હતું. જૈન શ્રી સંઘ તરફથી ખરતર જ્ઞાનચંદજીએ વાંચી સંભળાવ્યું જે હિન્દીમાં હતું.

બધા અભિનંદન પત્રોમાં ગુરૂ મહારાજના ત્યાગ, વૈરાગ્ય, વિદ્વત્તા, કાર્યદક્ષતા તથા ઉચ્ચ ચારિત્ર તેમજ વિદ્યાપ્રેમ અને હિન્દુ-મુસલમાન એકતા માટેની ઉત્કટ ભાવના વિગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

'હિંદુ-મુસ્લીમ-શીખ ભાઇઓ, શ્રી સંઘ તથા નવજુવાન ભાઇઓ અને સુશીલ બહેનો,

તમારા શહેરનું આવું ભાવભર્યું સ્વાગત જોઇને કોને આનંદ ન થાય? પણ મને આજે વિશેષ હર્ષ તો એ વાતનો થઇ રહ્યો છે કે તમારા શહેરમાં એક જૈન મુનિ-જૈન સાધુ કે આચાર્યને હિંદુ મુસ્લીમ-શીખ ભાઇઓ પ્રેમપૂર્વક અભિનંદન આપે છે. જૈન સંઘ અને હિંદુ ભાઇઓ તો સ્વાગત કરે, શીખ ભાઇઓ પણ તેમાં સાથ આપે પણ જ્યારે મારા મુસલમાન ભાઇઓ આનંદપૂર્વક તેમાં સક્રિય ભાગ લે ત્યારે તમારી આવી એકતા માટે, તમારા શહેરના સંગઠન માટે અને તમારી ઉદારતા માટે કો કોઇને ધન્ય ધન્ય કહેવું પડે. આ રીતે તમે તમારા શહેરની ભારે પ્રતિષ્ઠા વધારી છે.

હું તો ૧૮ નું હવે તો પહેલા જેટલું સમાજ [illegible] દેશનાં કલ્યાણનું કામ બનું નહિ. વિહારો પણ હવે [illegible] બનતાં નથી. તબિયત પણ હવે બહુ સારી ન જણાય. [illegible] [illegible] [illegible] તો તેમાં જ આનંદ અને તેજ [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible] [illegible] [illegible] છે

[illegible]

છું. તમે તો બધા સવારથી આ કામમાં રોકાઇ રહ્યા છો. જમવાનો પણ સમય થઈ ગયો. મુસલમાન ભાઇઓને નમાજનો સમય થશે, મારે પણ હજી પૂજા-પાઠ કરવાનો છે. પાઠ કર્યા વિના અન્નજળ ગ્રહણ કરી શકાય નહિ તેવો મારો નિયમ છે છતાં તમે પ્રેમભર્યા જે અભિનંદનો આપ્યા છે તેનો જવાબ આપવો જોઇએ. તમને હવે વિશેષ નહિ રોકું.

તમારા અભિનંદનોથી ખરેખર હું દબાઈ રહ્યો છું. મારા જેવા જૈન સાધુને આપ સૌ અભિનંદન આપો તેનો શો અર્થ? હું તો સાધુ છું. મારો ધર્મ-મારી ફરજ-મારૂં કર્તવ્ય-મારી સાધુતા, સમાજ, ધર્મ અને દેશની સેવા છે. અને પ્રાણી માત્રનું કલ્યાણ કરવાની અમારા ધર્મની ઘોષણા પ્રસિદ્ધ છે. મેં જે જીવન વ્રત-ધર્મ પ્રદ્યોત કરવાનું લીધુ છે તે આ-જીવન પાળવાનો મારો ધર્મ હું કેમ ભૂલું?

બીજી વાત એ છે કે આપણા ભારત દેશની આઝાદીમાં આપણા સૌનું કલ્યાણ છે. અને તે આઝાદીને માટે હિંદુ-મુસ્લીમ-શીખ ઐક્યતા મુખ્ય છે. એ ઐક્યતા ગમે તે ભોગે આપણે સાધવી જોઇશે, ગામે ગામ-શહેરે શહેરમાં આ ઐક્યતાના સંદેશ પહોંચે અને દેશમાં ઐક્યતા સ્થપાય તો આપણા દેશનું વિશ્વશાંતિમાં અનેરું સ્થાન રહેશે તેની ખાત્રી રાખશો.

ખુદા કે પરમાત્માએ તો સૌને એક જ સરખા બનાવ્યા હિન્દુ ચોટલીવાળા નથી જન્મતા, મુસલમાન નથી સુન્નતવાળા જન્મતા, શીખ નથી દાઢીવાળા જન્મતા, જન્મ લીધા પછી જેવા જેવા સંસ્કાર અને જેવા જેવા આચાર તેવા તેવા રંગ ચઢે

છે. આત્મા તો બધામાં એક જ છે. સર્વે મોક્ષના અધિકારી છે. સર્વ સરખા છે. આપણે બધા જ એક છીએ. આપણે બધાએ આ દેશમાં હળીમળીને રહેવું જોઈએ. એકના દુઃખે દુઃખી અને એકના સુખે સુખી એમ જ રહી શકાય. ખુદાના બંદા થવું હોય તો તમામ પ્રાણીને આપણા જેવા ગણવા જોઈએ. સબ ભાઈ-ભાઈ એ આપણે કદી ન ભૂલીએ.

આ નવાબ સાહેબનું રાજ્ય છે પણ તેમાં જૈનો અને મુસલમાનોનો સંબંધ ઘણા લાંબા સમયથી ચાલ્યો આવે છે. મને બરાબર યાદ છે કે સ્વર્ગવાસી ગુરુમહારાજ જ્યારે અહીં પધારતા ત્યારે જ્યારે પણ શ્રીમાન્ નવાબ સાહેબ હાથી પર બેસીને નીકળતા ત્યારે ઉપાશ્રયની પાસે હાથીને ઊભો રાખી રહેતા અને 'બાબાજીને અમારી સલામ' કહીને આગળ જતા. આથી જોઈ શકાય છે કે તમારો-અમારો કેવો ઘનિષ્ઠ સંબંધ છે. તમે બધા આ રીતે ઐક્યતાથી રહેશો તો તમારા રાજ્યમાં સ્વરાજ્ય પહેલું સ્થપાશે. પ્રજા સુખી અને સમૃદ્ધિશાળી થઈ રાજ-પ્રજા ઉભયનું કલ્યાણ થશે.

વિશ્વબન્ધુ સર્વજનતા: ની ભાવના સાથે મંગલિક સંભળાવ્યું અને જનતા જયનાદોથી આચાર્યશ્રીને મુંબઈની [illegible] [illegible].

* * *

[illegible]

ભાઇઓ અવારનવાર ધર્મચર્ચા કરવા આવતા. આચાર્યશ્રી પોતાની મીઠી–મધુરી વાણી અને અપૂર્વ વિદ્વત્તાથી બધાને સંતુષ્ટ કરતા અને સર્વ ધર્મ સમભાવનો બોધ લઈને ગુરુ-મહારાજની બુદ્ધિશક્તિ તથા વક્તૃત્વ શક્તિની ભૂરિ ભૂરિ પ્રશંસા કરતા બધા ભાઈઓ આનંદ માનતા. શ્રીમાન્ દિવાન સાહેબ આદિ કર્મચારી વર્ગ પણ વારંવાર આવીને ગુરુમહારાજની વાણીનો લાભ લેતા.

માગશર શુદિ ૧૧, મૌન એકાદશીના દિવસે પોષ સંક્રાન્તિ આનંદપૂર્વક મનાવવામાં આવી. મૌન એકાદશીનું મહાત્મ્ય બતાવવામાં આવ્યું.

બપોરના બાબુ મોહનલાલજી એડવોકેટ અમૃતસર નીવા-સીના સભાપતિત્વમાં શ્રી આત્માનંદ જૈન હાઈસ્કૂલનો ઉત્સવ ઉજવવામાં આવ્યો. ચીફ મીનીસ્ટર આદિ રાજકર્મચારી વર્ગે પણ સભામાં હાજરી આપી હતી. શ્રી ચીફ મીનીસ્ટર સાહેબે પણ મનનીય વ્યાખ્યાન આપ્યું. વિદ્યાર્થીઓ તથા અન્ય વક્તાઓના ભાષણો–ભજન આદિ થયાં. પ્રમુખશ્રીએ જ્ઞાન-પ્રચારની વૃદ્ધિ માટે તથા જૈન સમાજના ભવિષ્યના શ્રી સંઘના વારસદારો–વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધવા માટે જૈન સમાજે ગામે ગામ શિક્ષણની સંસ્થાઓ ઊભી કરવી જોઈએ તે વિષે મનનીય વ્યાખ્યાન આપ્યું. હાઈસ્કૂલને દાતાઓ તરફથી દાન મળ્યું. રાત્રે હાઇસ્કૂલના વિદ્યાર્થીઓએ ધર્મ અને અધર્મ વિષય ઉપર એક સુંદર નાટ્યપ્રયોગ રજૂ કર્યો.

અનેક શ્રાવિકાઓએ શ્રી વીસ સ્થાનકની ઓળી આદિ

મતનું ઉચ્ચારણ કર્યું. લાલા ગીરીમલજીની ધર્મપત્ની ચંપા-દેવીએ જ્ઞાનપંચમીનું ઉદ્યાપન કર્યું. નવપદજીની પૂજા ભણા-વવામાં આવી તથા ગુરુકુલને રૂ. ૫૦૧) ભેટ આપ્યા.

પોષ વદિ ૩ ના દિવસે આચાર્યશ્રીએ શિષ્ય પરિવાર સાથે વિહાર કર્યો. શ્રીમાન દીવાન સાહેબ તથા રાજ્યકર્મ-ચારીઓ અને હિન્દુ-શીખ મુસલમાન ભાઇઓએ દૂર દૂર સુધી સાથે જઇ વિદાય આપી.

ક્રમશઃ વિહાર કરતાં કરતાં ગામ નગરોને પાવન કરતા આપ ફગવાડા પધાર્યા. આઠ દિવસ સ્થિરતા કરી. લાલા ભાગુ-રામજીની ધર્મપત્નીએ નવપદ ઓળીના ઉદ્યાપન નિમિત્તે પૂજા ભણાવી તથા રથયાત્રાનું જલુસ કાઢવામાં આવ્યું.

પોષ શુદિ ૧૧ ના દિવસે [illegible] ઉજવવામાં આવી. સ્થાનકવાસી ભાઇઓએ પણ બધા ધર્મ-કાર્યોમાં ભાગ લીધો.

પોષ શુદિ ૧૩ ના દિવસે આચાર્યશ્રીએ શિષ્ય પરિવાર સહિત વિહાર કર્યો. રસ્તામાં [illegible]

અહીંથી વિહાર કરી નકોદર પધાર્યા. શંકરનિવાસી મોતી બહેનની દીક્ષાની ભાવના થતાં મહા વદી ૬ ના દિવસે મોતી બહેનને દીક્ષા આપવામાં આવી, સાધ્વી શ્રી દમયંતીશ્રીની શિષ્યા બનાવવામાં આવી, નામ દર્શનશ્રી રાખવામાં આવ્યું. અહીંથી વિહાર કરી આચાર્યશ્રી તાજપુર પધાર્યા.

×   ×   ×

'ગુરૂદેવ ! સરદાર મહેરસિંહ અમારા ગામમાં જિજ્ઞાસુ અને હિન્દી સંસ્કૃતના અભ્યાસી અને વિદ્વાન છે. તેમને જૈન ધર્મ વિષે શંકા છે.' એક જૈન ભાઇએ વાત કરી.

'શંકાનું સમાધાન થઈ શકે, તમે બપોરના તેમને લઇ આવો. ચર્ચા કરીશું અને તેમની શંકાનું નીવારણ કરીશું.'

'પણ સાહેબ ! તે તો જૈન ધર્મને નાસ્તિક ધર્મ માને છે.'

'તેની કશી ચિંતા નહિ. જે ભાઇઓને જૈન ધર્મ વિષે પૂરી સમજ ન હોય તે તો એમ જ ધારે ને ! એવી શંકાઓ તો ઘણા ભાઇઓને છે. તમે જરૂર તેમને કહેશો અને તેમને સંતોષ થશે તેવી રીતે આપણે સમાધાન કરીશું.'

'મહારાજ ! નમસ્તે !' સરદાર મહેરસિંહે નમન કર્યું.

'ધર્મલાભ !'

'સરદારજી તમારી વિદ્વત્તા અને જિજ્ઞાસુવૃત્તિ વિષે જાણી આનંદ થયો. તમને જૈન ધર્મ વિષે શંકા છે. તમે નિશ્ચિંત રહો. આપણે શાંતિથી ચર્ચા કરીશું. તમારા મનનું સમાધાન થશે. કહો તમે શું માનો છો ?'

'સાહેબ! જૈન ધર્મ ઈશ્વરને માનતો નથી અને તેથી જ હું તેને નાસ્તિક કહું છું. જૈન ધર્મની અહિંસા, દયા, તપશ્ચર્યા તથા સાધુ મુનિરાજોના પવિત્ર જીવન તથા આચારો વિષે તો મને ખૂબ સન્માન છે.'

'સરદારજી! જૈન ધર્મ ઈશ્વરને નથી માનતો તેમ નથી, તે ઈશ્વરને ન માને તો નાસ્તિક કહી શકાય, પણ જૈન ધર્મની ઈશ્વરની માન્યતા જુદા પ્રકારની છે.'

'કૃપા કરી તે સમજાવો.'

'સરદાર! ઈશ્વર જગતનો ઉત્પાદક નથી, કારણકે કર્મથી નિર્લેપ, પરમ વીતરાગ એવા ઈશ્વરનું કર્તૃત્વ કેમ સંભવે? દરેક પ્રાણીનાં સુખ-દુઃખો તેની કર્મસત્તા પર આધાર રાખે છે. વીતરાગ ઈશ્વર ન કોઈના પર પ્રસન્ન થાય છે કે ન કોઈને કષ્ટ આપે છે.

'સાહેબ! તો પછી ઈશ્વરને પૂજવાથી શો લાભ?'

'સરદારજી! ઈશ્વરની ઉપાસના ઈશ્વરને પ્રસન્ન કરવા માટે નહીં પણ પોતાના હૃદયની-આત્માની શુદ્ધિ કરવા માટે છે. [illegible]

'ગુરુવર્ય ! આજે મારી દૃષ્ટિ ઉઘડી ગઈ. મારી પૂર્ણ પ્રતીતિ થઈ છે કે જૈન ધર્મમાં ઈશ્વરનું સ્થાન ઉચ્ચ છે. અને ઈશ્વર જગતનો કર્તા નથી પણ આત્માના વિકાસ અને સાક્ષાત્કાર માટે ઈશ્વર તથા તેની આરાધના અત્યંત આવશ્યક છે. આપ ગુરુદેવે મારા પર અસીમ કૃપા કરી છે. મારા આત્માને પરમ સંતોષ થયો છે. સારું થયું કે આપના દર્શનનો અને આપની અમૃત વાણીનો મને લાભ મળ્યો. મારા જીવનનું સાર્થક થયું.'

તાજપુરથી વિહાર કરી આચાર્યશ્રી જલંધર શહેર પધાર્યા.

'સાહેબ ! સ્થાનકવાસી સંપ્રદાયના ગણિ ઉદયચંદ્રજી મહારાજના પ્રશિષ્ય મુનિ કુંવરસેનજી આપના દર્શનાર્થે આવ્યા છે.' એક શિષ્યે સમાચાર આપ્યા.

'મથ્થેણ વંદામિ' કુંવરસેનજીએ વંદણા કરી.

'આવો, આવો, મુનિરાજ ! સુખશાતામાં છે ?'

'ગુરુવર્ય ! આપના દર્શનની અભિલાષા ઘણા સમયથી ...તી. આજ તો સત્ય કહું છું કે ત્યાં સુધી પ્રતિજ્ઞા કરી લીધી ...તી કે જ્યાં સુધી આપના દર્શન ન થાય ત્યાં સુધી અન્ન ...ળ ગ્રહણ ન કરવા. પણ મારી ભાવના પૂરી થઈ અને ...પના દર્શનથી અત્યંત આનંદ થયો.'

આચાર્યશ્રીએ તેમને ખૂબ શાંતિપૂર્વક બેસાર્યા સુખ-...ની તેમની વાતો સાંભળી. તેમને સાંત્વન આપ્યું. જૈન ...ની સર્વ દેવતા વિષે સમજણ આપી તથા ચારિત્રની

ઉચ્ચતા અને નિર્મળતા માટે ઉપદેશ આપ્યો. શ્રી કુંવરસેનજીને પરમ આનંદ અને સંતોષ થયો.

શ્રી જ્ઞાનચંદજી જૈન સભ જને પૂજ્યપાદ આચાર્યદેવને પોતાને બંગલે પધારવા વિનંતી કરી અને શ્રી જ્ઞાનચંદજીએ આચાર્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. આચાર્યશ્રીએ વ્યાખ્યાન આપ્યું. શ્રી જ્ઞાનચંદજીએ રૂા. ૧૦૧) વિદ્યાર્થી સહાયક ફંડમાં આપ્યા અને પ્રભાવના કરી.

વસંત પંચમીના દિવસે નાંદ મંડાવી. લાલા તીર્થરામજી ખરૈરવાલ ગીધાદીવાળાઓ સજોડે તથા લાલા બનારસીદાસજીએ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. અનેક બહેનોએ વીશસ્થાનક, જ્ઞાનપંચમી, પોષદશમી આદિ વ્રત ગ્રહણ કર્યાં.

હુશિયારપુરથી લાલા ગોપાલમલ અમરનાથ સંઘ લઈને આચાર્યશ્રીને હુશિયારપુર લઈ જવા માટે આવ્યા. ચતુર્વિધ સંઘે સંઘપતિનું ભાવભર્યું સ્વાગત કર્યું. આચાર્યશ્રીએ ચતુર્વિધ સંઘ સાથે હુશિયારપુર તરફ પ્રયાણ કર્યું. હુશિયારપુરમાં શ્રી સંઘનું તથા આચાર્યશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું. [illegible]

[illegible]

[illegible]

આચાર્યશ્રીના દર્શનાર્થે આવ્યા હતા. આચાર્યશ્રીએ ૐ શબ્દનું રહસ્ય સમજાવ્યું તથા જૈન ધર્મના તથા અન્ય ધર્મોના સિદ્ધાંતોની તુલના કરી, જૈન ધર્મનું જગતના ધર્મોમાં કેવું ઉચ્ચ સ્થાન છે તે પ્રતિપાદન કર્યું.

અહીં આર્યસમાજના પ્રધાન પં. મિલખીરામજી તથા બીજા આર્યસમાજી ભાઇઓ આચાર્યશ્રી પાસે આવતા અને ઇશ્વરકર્તૃત્વ આદિ વિષયો પર રસભરી ચર્ચા કરતા હતા. તેમાં ખાસ કરીને પંડિતજીને તો ધર્મચર્ચાનો એવો રસ લાગ્યો કે બે ત્રણ મુકામ સુધી તો તેઓ સાથે આવ્યા અને આચાર્યશ્રીની વિદ્વત્તા તથા વિષય પ્રતિપાદન કરવાની શૈલીથી મુગ્ધ થઇ ગયા.

અમૃતસર તથા જંડિયાલાગુરુના ભાઇ બહેનો આચાર્યશ્રીને વિનતી કરવા આવ્યા. આચાર્યશ્રી શિષ્ય પરિવાર સહિત વિહાર કરી જંડીયાલાગુરુ પધાર્યા. શ્રી સંઘે સ્વાગત કર્યું. શ્રી સંઘ તથા શ્રી વિજયાનંદ જૈન લાઇબ્રેરીની તરફથી અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવ્યું.

ફાગણ સુદિ ૧૨ ના ચૈત્ર સંક્રાંતિના ઉત્સવ પર પંજાબ–બીકાનેર આદિના ભાઇ બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી. નોહર(બીકાનેર)નિવાસી શેઠ દોલતરામજી પણ ક્રાંતિ પ્રસંગ પર ગુરુદેવના દર્શનાર્થે આવ્યા હતા.

'ગુરુદેવ ! ઘણા સમયથી આપના દર્શનની ભાવના હતી ગૃહસ્થીના કામોમાંથી વખત મળતો નહોતો. આપના ન કરી આજ હું કૃતકૃત્ય થયો. ગુરુદેવ સેવા ફરમાવો.'

'લાલાજી ! તમે તો ગુરુદેવના ભક્ત અને પાકા શ્રાવક છો'

'કૃપાળુ ! હું તો કટ્ટર તેરાપંથી હતો, પરંતુ સ્વર્ગવાસી ગુરુદેવરચિત સમ્યક્ત્વ શલ્યોદ્ધાર વાંચવાથી મારી દૃષ્ટિ બદલા[illegible] ગઈ. મૂર્તિપૂજામાં મારી શ્રદ્ધા દૃઢ થઈ, તેમાં સં. ૧૯૬૯ માં [illegible] આપના સંપર્કથી અનેક શંકાઓનું સમાધાન થયું અને મા[illegible] શ્રદ્ધા વિશેષ દૃઢ થઈ.'

'મહાનુભાવ ! જે પુસ્તકથી તમારા વિચારોમાં પરિ[illegible] થયું અને નવી દૃષ્ટિ મળી તે સમ્યક્ત્વ શલ્યોદ્ધાર પ્રકા[illegible] કરવામાં આવે તો ઘણા જીવોને લાભદાયી થશે.'

'ગુરુદેવ ! એ તો ઘણું ઉત્તમ કાર્ય છે. હું તે મા[illegible] ૫૦૦) આપીશ. તેમજ મારાં [illegible] પણ હું અર્પીશ.'

× × ×

ચૈત્ર વદી એકમના દિવસે અચાનક અહીં હિન્દુ મુસ[illegible] માનનું તુમુલ ફાટી નીકળ્યું. મકાનો બાળ્યાં [illegible] મુસલમાનોએ હિન્દુઓની દુકાનો લૂંટી અને આગ[illegible] આગ લગાડી. સનાતન મંદિરોને નુકસાન પહોંચાડ્યું [illegible] સુધી કે મુનિઓ [illegible]

તરફથી ઘેરી લીધા. સાધ્વીજીના ઉપાશ્રયના એ જ હાલ થયા, પરંતુ ગુરુમહારાજની કૃપાથી સદ્ભાગ્યે અમૃતસરથી પોલીસ પાર્ટી-બંબા આદિ તુરત જ આવી પહોંચતાં મામલો કાબૂમાં આવી ગયો. ટોળું મંદિર તથા ઉપાશ્રયને છોડીને ચાલ્યું ગયું. મંદિરની પાછળની બારીને થોડું નુકશાન થયું. શાસનદેવ અને આચાર્ય મહારાજની કૃપાથી બધાં આબાદ બચી ગયાં. લોકવાણી એવી થતી હતી કે ગુરુમહારાજની ઉપસ્થિતિને કારણે તેઓશ્રીના ઉચ્ચ ચારિત્ર અને ઉગ્ર તપશ્ચર્યાના પુણ્ય પ્રતાપથી બન્ને ઉપાશ્રય તથા મંદિર આદિ બચી ગયાં.

ચૈત્ર વદી ૧૩ ના દિવસે શ્રી વિજયાનંદ વાંચનાલયનું આચાર્યશ્રીએ નિરીક્ષણ કર્યું. આચાર્યશ્રીએ તથા પંન્યાસજી મહારાજે જ્ઞાનપ્રચારની આવશ્યકતા પર પ્રસંગોચિત વ્યાખ્યાન આપ્યું.

ચૈત્ર શુદિ એકમના દિવસે વર્ષારંભ થતો હોવાથી આચાર્યશ્રીએ શ્રી સંઘને નવસ્મરણ આદિ સંભળાવ્યા તથા આત્માનંદ પ્રાયમરી સ્કૂલને મીડલ સ્કૂલ બનાવવા માટે ઉપદેશ કર્યો તે જ સમયે ઘણા ભાઈઓ મેમ્બર બની ગયા.

બપોરના ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજની જન્મ જયંતી ઉજવવામાં આવી. કલકત્તાથી શ્રી રિખવચંદ ડાગા તરફથી એવા સમાચાર મળ્યા કે કલકત્તામાં સૌથી પ્રથમ ગુરુદેવની જયંતી બધા ગચ્છોના ભાઈઓએ મળીને ઉજવી અને સભા, અષ્ટપ્રકારી પૂજા વગેરેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ચૈત્ર શુદિ ત્રીજના દિવસે જંડિયાલાગુરૂથી વિહાર કરીને અમૃતસર પધાર્યા. નવપદ ઓળીનો પ્રારંભ થયો. આચાર્યશ્રીએ શ્રીપાળ ચરિત્રની વાંચના શરૂ કરી, જૈન-જૈનેતર ભાઈઓએ સારો લાભ લીધો.

ચૈત્ર શુદિ ૧૧ ના શ્રી વૈશાખી સંક્રાંતિ આનંદપૂર્વક મનાવવામાં આવી. પંજાબ, બીકાનેર આદિ શહેરોના ૭૦૦-૮૦૦ ભાઈબહેનો આવ્યા હતા.

ચૈત્ર શુદિ ૧૩ ના દિવસે શ્રી મહાવીર જયંતી જીરા-નિવાસી શ્રી બાબુરામજી જૈન એડવોકેટના પ્રમુખસ્થાને ઉજવવામાં આવી. પં. [illegible], પં. શામદિયાળજી, પં. હંસરાજજી, વકીલ અમરચંદ આદિ વક્તાઓએ મહાવીરસ્વામીના જીવન ઉપર તથા પૂજ્યપાદ આચાર્યશ્રીએ શ્રી મહાવીર પ્રભુના ત્યાગમય જીવન ઉપર અને ખાસ કરીને તેઓશ્રીના 'અહિંસા'ના મહત્ત્વના સંદેશ પર સુંદર પ્રકાશ પાડ્યો. બપોરના પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી.

[illegible] આવ્યા હતા, તેમણે [illegible]

[illegible]

[illegible]

અહીંથી મજીઠા, ળડાલા, ફતેહગઢ, રામાતલવંડી, ડેરા નાનક સાહેબ થઇને નારોવાલ પધાર્યા. નારોવાલમાં ગુરૂદેવનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું. હિન્દુ સ્કુલના ૪૦૦ વિદ્યાર્થીઓ જલુસમાં આવ્યા હતા.

વૈશાક શુદિ ૧૩ ના દિવસે જેઠ સંક્રાંતિ આનંદપૂર્વક ઉજવવામાં આવી. આચાર્યશ્રીએ કલ્યાણુક નામ સંભળાવીને સિયાલકોટની પ્રતિષ્ઠા માટે પંજાબના સર્વ સંઘોને આનંદપૂર્વક ભાગ લેવા માટે ઉપદેશ કર્યો.

લાલા ખજાનચીલાલ ચીમનલાલની તરફથી પ્રભાવના થઇ સ્વધર્મી ભક્તિનો લાભ લીધો તથા સિયાલકોટ પ્રતિષ્ઠામાં ઉત્સાહથી ભાગ લેવાના ઇરાદાથી મૂળનાયક ભગવાનને બિરાજમાન કરવા માટે રૂા. ૧૦૦૧) ની પ્રથમ બોલી બોલ્યા. કેટલાક ભાઇઓની પ્રાર્થનાથી બીજી બોલીઓ પ્રતિષ્ઠા પ્રસંગે બોલવાનું નક્કી કરવામાં આવ્યું. શુદિ પુનમના વિહાર કરી જસપાલ થઇને સંખતરા પધાર્યા. અહીં શ્રીસંઘે ભાવભર્યું સ્વાગત કર્યું. અહીંથી વિહાર કરી કીલા શોભાસિંહ પધાર્યા. શ્રી શીતલનાથ સ્વામીના દર્શન કરી, દેવીદ્વાર મુકામ કર્યો.

અહીં સાંજના પંન્યાસજી સમુદ્રવિજયજી મહારાજ ઠલ્લે જઇને ઉપાશ્રયની તરફ આવતા હતા ત્યારે ૨૦–૨૫ મુસલમાન નવયુવકો મળ્યા. તેઓએ અદબથી સલામ કરી અને પૂછ્યું કે આપની બગલમાં આ શું છે ? પંન્યાસજીએ ઉત્તર આપ્યો કે એ જૈનસાધુનો ધર્મધ્વજ છે. પછી તેઓએ કહ્યું કે બાબાજી કાંઇક સંભળાવો. પંન્યાસજીએ કહ્યું કે અમારા ગુરુમહારાજ અહીં દેવીદ્વારમાં છે, ત્યાં આવો તો તમારી શંકાઓનું સમા-

ધાન્ પણ થયે પણ તેઓએ કહ્યું ત્યાં હિન્દુ લોકો અમને દાય આવવા ન દે. પન્યાસજીએ દસેક મિનિટ આપસમાં પ્રેમભાવ રાખવા માટે તથા બધા જીવો પર રહેમ રાખવા માટે ઉપદેશ આપ્યો. બધાએ શાંતિપૂર્વક સાંભળ્યો અને આનંદિત થયા.

આજકાલના નવયુવકોમાં અને ખાસ કરીને મુસલમાન નવયુવકોમાં એક જૈન સાધુ પ્રત્યે થોડી પણ શ્રદ્ધા ઉત્પન્ન થવી તે આનંદની વાત છે. તેમાં દેશનું કલ્યાણ છે.

આચાર્યશ્રી શિષ્ય પરિવાર સહિત વિહાર કરી મોટી પસરૂર પધાર્યા. અહીં મૂર્તિપૂજકની વસ્તી ૫-૬ ઘર હતાં છે, પણ સ્થાનકવાસી ભાઈઓએ પણ દુકાનો બંધ રાખી સમારોહપૂર્વક આચાર્યશ્રીના પ્રવેશમાં ભાગ લીધો.

આજથી પચાસ વરસ પહેલાં સ્વર્ગવાસી ગુરુદેવ અહીં પધાર્યા હતા તે વખતે પસરૂર સ્થાનકવાસી ભાઈઓ [illegible]

[illegible]

એક કટોરા લસ્સીકા ભર, સતરાં સાધુ કૈસે પીયેં ।
વહાંસે ગુજરાંવાલા ચલકર, ગુરુવર સ્વર્ગ સિધાર ગયે ॥

આજ પણ એ જ પરંપરા છે. આજે આચાર્યશ્રીની વાણી સાંભળવા જૈન-અજૈન, સ્થાનકવાસી બધા સાથે મળી બેઠા છે. ગુરુદેવનું સ્વાગત કરે છે. ગુરુદેવની સુધાભરી વાણી સાંભળી પોતાને ધન્ય માને છે, અને ગુરુદેવને પોતાને આંગણે પગલાં કરવા આગ્રહભરી વિનતિ કરી રહ્યા છે. ગોચરી માટે સાધુ મુનિરાજની પાછળ પાછળ જઈને પોતાને ત્યાં લાભ આપવા માટે વિનતિ કરી રહ્યા છે. સમય સમયની બલિહારી છે.





પ્રતાપ-જયંતી.

ગુજરાત મારવાડમાં જેમ ગામેગામ મંદિર અને ઉપાશ્રય હોય છે તેવી જ રીતે પંજાબમાં શીખ આર્યોની આબાદી સારી હોવાથી ગામેગામ ગુરૂદ્વારા હોય છે. શીખ આર્યોનું ગુરૂદ્વારા પ્રત્યેક અતિથિનું આશ્રમસ્થાન હોય છે. અતિથિ પ્રત્યેની તેઓની ભક્તિ અપૂર્વ હોય છે. ગુરૂગ્રંથની સેવાને તેઓ પોતાનું અહોભાગ્ય માને છે.

આચાર્યશ્રી વિહાર કરતા કરતા એક ગુરૂદ્વારામાં આવી પહોંચ્યા. શીખ આર્યોએ આચાર્યશ્રીનું સ્વાગત કર્યું. આચાર્યશ્રીએ શીખ આર્યોને શીખ ધર્મમાં ઘણી [illegible]

સાહેબે વિશ્રામ લીધો હતો, તેથી તે તીર્થસ્વરૂપ મનાય છે. અહીં ગુરૂદ્વારામાં જ ઉતરવાનું રાખ્યું. દિવસભર સિયાલકોટના જૈન-જૈનેતર ભાઈઓ સેંકડોની સંખ્યામાં આવતા રહ્યા. ૧૯૯૭ ના ગુરૂદેવના ચાતુર્માસમાં જે રંગ અહીંના ભાઈઓને ચડ્યો હતો તેનું તે પ્રતિબિંબ હતું.

'આજે જે ભવ્ય આલીશાન મંદિર આપણે જોઈ રહ્યા છીએ તે દેવપ્રાસાદની કલ્પના કોને હતી ?' સિયાલકોટ જેવા શહેરમાં દેવાધિદેવ પરમાત્માનું મંદિર કોઈ દિવસ પણ બનશે તેવું સ્વપ્ન પણ કોઈને નહિ હોય. પણ સમય સમયની બલિહારી છે ને ! સિયાલકોટમાં ચાતુર્માસ થયું. પંજાબ શ્રી સંઘની ભાવના જાગી. તમે બીડું ઝડપ્યું. ભારે હિંમત કરી. પંજાબ શ્રી સંઘની અને મુંબઈ વગેરેની સહાયતા પણ મળી આવી અને આ ગગનચુમ્બી બે મંજિલવાળું ચૌમુખજીનું મંદિર જોઈને તમને-અમને સૌને અત્યંત આનંદ આપી રહ્યું છે. પાસેનો ચાર મંજિલનો ઉપાશ્રય પણ સુંદર બન્યો છે. જે ધર્મ વૃક્ષનું બીજારોપણ સં. ૧૯૯૮ માં થયું હતું તેનું આવું સુમધુર ફળ જોઈને કોને હર્ષ ન થાય ?

તમારી ભક્તિના બહુમૂલા પ્રતીક તરીકે તમે જે દેવ-પ્રાસાદ તૈયાર કર્યો છે તેની પ્રતિષ્ઠા માટે પંજાબ શ્રી સંઘના આબાલ-વૃદ્ધની ભાવના જાગી છે.

મારી વૃદ્ધાવસ્થા છે. થોડો જીવનનો થાક પણ લાગ્યો છે, પણ તમારા મંદિરની પ્રતિષ્ઠા એ મારે મન એક ફરજ છે તે માટે હું ગમે ત્યાંથી આવી પહોંચીશ. શ્રી સિદ્ધાચળની યાત્રાની ભાવના વરોંથી છે, પણ તે પ્રતિષ્ઠા પછી પૂરી કરવાની ઇચ્છા

છે. તમે તૈયારીમાં રહેશો. પંજાબ શ્રી સંઘનું સ્વાગત કરવા તમે તૈયાર રહો.'

ગુરુદેવ શિષ્ય પરિવાર સહિત સિયાલકોટ પધાર્યા. શ્રી સંઘે અપૂર્વ સ્વાગત કર્યું. ગુરુદેવનું આગમન સાંભળી જૈન જૈનેતર ભાઈઓ દર્શનાર્થે આવવા લાગ્યા. સ્યાલકોટનું આલીશાન ભવ્ય મંદિર જોઈને ગુરુદેવને પરમ આનંદ થયો. તે દેરાસરની પ્રતિષ્ઠા માટેની શ્રી સંઘ પંજાબની ભાવના પૂર્ણ કરવા મંગળ મુહૂર્તે આવવા વચન આપ્યું. સિયાલકોટના સંઘમાં આનંદ આનંદ છવાઈ રહ્યો. વ્યાખ્યાન પૂર્ણ થયા પછી ગુરુદેવના જય ઘોષથી ઉપાશ્રય ગુંજી ઊઠ્યો.

× × ×

'મત્થએણ વંદામિ !' એક બાળકે વિનયપૂર્વક વંદણા કરી.

'ધર્મલાભ ! રામપુરીબાબુ ! તમારો સુપુત્ર લાગે છે.'

'ગુરુદેવ ! સેવકનું બાળક છે.'

'ભાઈ ! શું અભ્યાસ કરો છો ?'

'ગુરુદેવ ! લાહોરમાં શાસ્ત્રીની પરીક્ષા આપી છે.'

'શાસ્ત્રીની પરીક્ષા ? શું કહો છો ? કેટલા વર્ષ થયાં ?'

'ગુરુદેવ ! આઠ વર્ષ પૂરાં થયાં છે.'

'રામપુરીબાબુ ! આટલી નાની ઉંમરમાં શાસ્ત્રી [illegible]'

'આપના આશીર્વાદ ફળે.'

બીકાનેરનિવાસી શેઠ નથમલજી રામપુરીયા આચાર્યદેવના દર્શનાર્થે આવ્યા હતા. તેના પુત્રની બુદ્ધિપ્રભા જોઇને સર્વેને આશ્ચર્ય સાથે આનંદ થયો.

શ્રી મહાવીર જૈનવિદ્યાલયના મંત્રી શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા, સોલીસીટરનો પત્ર આવ્યો જેમાં એવા શુભ સમાચાર હતા કે અમદાવાદમાં વિદ્યાલયની શાખાને માટે શેઠ ભોળાભાઇ જેશંગભાઇએ પોતાના બંગલાની મીલકતમાંથી રૂા. એક લાખ આપવા સ્વીકાર્યું અને તેનું મંગળ મુહૂર્ત આચાર્યશ્રીએ જેઠ શુદ ૯ તારીખ ૯ જૂન રવિવારનું મોકલ્યું અને સાથે આશીર્વાદજનક સંદેશ મોકલ્યો.

"શ્રી મહાવીર જૈનવિદ્યાલયની શાખાનું ઉદ્દઘાટન અમદાવાદ જેવી જૈન નગરીમાં થઇ રહ્યું છે તે અત્યંત આનંદની વાત છે.

આજસુધી વિદ્યાલયે જૈન સમાજની શિક્ષણ પ્રચાર સંબંધી જે સેવા કરી છે અને કરી રહેલ છે તે કોઇનાથી અજાણ્યું નથી. હિન્દુસ્તાનના શહેરે શહેરમાં અને વિદેશમાં પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શાખાઓ સ્થાપિત થાય અને વ્યવહારિક શિક્ષણની સાથે સાથે ઉચ્ચ ધાર્મિક શિક્ષણનો પ્રચાર થાય એજ શુભ ભાવના છે.

વિશેષ આનંદની વાત તો એ છે કે અમારા નામ રાશી વલ્લભભાઇના શુભ હસ્તે આ શાખાનું ઉદ્દઘાટન થવાનું છે. તેથી આશા છે કે જેમ સરદાર પ્રજાવલ્લભ થઇ રહ્યા છે, તેવીજ રીતે આ સંસ્થા પણ પ્રજા-વલ્લભ થશે જ થશે અને દિનપ્રતિદિન ઉન્નતિના પથ પર આવશે.

એ જ મંગળ આશીર્વાદ.

વલ્લભસૂરિના ધર્મલાભ."

સિયાલકોટથી જેઠ શુદિ ૧ ના વિહાર કરી ગુજરાંવાલા શહેરની બહાર શ્રી આત્માનંદ જૈન ભવન દાદાવાડીમાં પધાર્યા બબ્બે માઇલ સુધી તો ગુજરાંવાલાના ભાઈ બહેનો સામે હતા. બચ્ચા-બચ્ચામાં આનંદની લહરીઓ ઉછળી રહી હતી.

શ્રી સંઘની સાથે જ્યારે આપશ્રી દાદાવાડી પધાર્યા ત્યારે શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળના બાળકોએ બેન્ડ દ્વારા સલામી આપી સ્વાગત કર્યું.

જ્યારે આપ મુખ્ય પ્રવેશદ્વારમાં થઇને સ્વર્ગવાસી શ્રી ગુરુદેવની સમાધિની તરફ આગળ જઈ રહ્યા હતા ત્યારે આપશ્રી એટલા વેગપૂર્વક ચાલી રહ્યા હતા, માનો કોઈ માતા-પિતાથી વિખુટો પડેલો બાળક માતા-પિતાને જોઈને તેઓને ભેટવા માટે ઉત્સુકતાપૂર્વક દોડી રહ્યો હોય. એ દૃશ્ય ઘણું જ ભક્તિ અને ગુરૂપ્રેમનું અપૂર્વ દૃશ્ય હતું.

આપશ્રીએ ગુરુદેવના ચરણ ચૂમીને જે આનંદ અનુભવ્યો તે તેઓશ્રીનો આત્મા અથવા કેવળજ્ઞાની જ જાણી શકે [illegible] ગુરુદેવના સાક્ષાત દર્શન [illegible] હોય તેવું અનુપમ દૃશ્ય જોવાનું પણ [illegible] હતું.

[illegible]

પ્રારંભમાં ગુરુકુળના વિદ્યાર્થીઓએ મનોહર ભજન દ્વાર ગુરુકુળના કુલપતિનું સ્વાગત કર્યું. શ્રી સંઘ તરફથી ચોધરી દીનાનાથજીએ ગુરુદેવના પરમ પ્યારા ગુજરાંવાલાના આબાલ-વૃદ્ધની આનંદ ઊર્મિ પ્રગટ કરી. આચાર્યશ્રીએ મંગલિક સંભળાવી ગુજરાંવાલા આવવાનો પોતાનો ઉદ્દેશ શ્રી સંઘ સમસ્તને અને તે દ્વારા પંજાબ શ્રીસંઘને જાહેર કર્યો.

"આજ આપણે જે ભૂમિમાં બેઠા છીએ તે ભૂમિ પવિત્ર ભૂમિ છે. ૫૦ વર્ષ પહેલાં જેઠ શુદિ ૮ ના દિવસે સ્વનામ-ધન્ય, જૈન શાસનનાયક, વિશ્વના ઉપકારી, પંજાબના પ્રાણ અને જૈન સમાજના કલ્યાણકારી શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો અહીં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. આ તીર્થભૂમિમાં તે મહાપુરુષની નિર્વાણ–અર્ધ–શતાબ્દિ ઉજ-વવાનો વિચાર પંજાબના શ્રી સંઘનો તથા ગુરુભક્તોનો થઇ રહ્યો છે. તે વિચાર પ્રશંસનીય છે, પણ આજની અનાજ આદિની વિકટ પરિસ્થિતિમાં આવતા ફાગણ માસમાં ઉજવવાનો વિચાર થાય છે. આવતી કાલ કેવી ઊગશે તે તો જ્ઞાની જાણે પણ આ ઉત્સવમાં ગુરુદેવના સંદેશને જૈન તેમજ જૈનેતર જગતને પહોંચાડવાનું રચનાત્મક કાર્ય કરવાની ભાવના છે. તે માટે આજથી જ તૈયારીઓ થવી જોઇએ. પંજાબ શ્રી સંઘના આગેવાનોની સમિતિ નીમવામાં આવે અને તે માટેની યોજના વગેરે જૈન સમાજની જાણ માટે પ્રકાશિત કરવી જોઇએ. પંજાબ શ્રી સંઘને ગુરુદેવના ગુજરાત–કાઠિયાવાડ, મારવાડ, મેવાડ, દક્ષિણ આદિના ગુરુભક્તોની જરૂરી સહાયતા મળશે

છોટાલાલ દુગડે એક સો એકત્રીશ મણ ઘીની બોલીથી ગુરુદેવની તસ્વીરનું વાસક્ષેપથી પૂજન કર્યું. બાળાઓના મંગળાચરણ પછી ગુરુકુળના પ્રીન્સીપાલ સાહેબે ભારતીય સંસ્કૃતિ પર મનનીય વ્યાખ્યાન આપ્યું. ગુરુકુળના વિદ્યાર્થીઓના મનોહર ભજનો તથા હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત ભાષાઓમાં સંવાદો થયા જે આકર્ષક થઈ પડ્યા. પંન્યાસજી મહારાજશ્રી સમુદ્રવિજયજીએ અર્ધશતાબ્દિના નાયકના જીવન પર પ્રકાશ ફેંકતા ‌રુદેવ જેવા મહાન્ વિશ્વોપકારી વિભૂતિના પ્રત્યે જૈન સમાજનું · કર્ત્તવ્ય છે, તેનું દિગ્દર્શન કરાવ્યું. અંતમાં આચાર્ય-‌એ મનનીય પ્રવચન કર્યું.

'આજનો ઉત્સવ પુણ્યરાશિ ગુરુદેવની અર્ધશતાબ્દિનો છે. સંઘ પંજાબે આવતા વર્ષમાં તે ઉત્સવને વિશિષ્ટ પ્રકારે વવાનો નિર્ણય કર્યો છે. તે માટે આજથી તૈયારીઓ । જોઈએ. એક વાત યાદ રાખશો કે હવે જમાનો એવો આવે છે કે, કોરી વાતોથી કામ નહિ ચાલે, રચનાત્મક કાર્ય કરીને બતાવી આપવું જોઇએ કે-કર્તવ્યનું પાલન એજ આ જમાનામાં આવશ્યક છે.

બીજી વાત એ છે કે, પંજાબ શ્રી સંઘે જે વીસ હજારની રકમ એકઠી કરી છે, તેનો ઉપયોગ એક અત્યંત આવશ્યક કાર્ય માટે આપવાની યોજના કરવાની છે. અમારું ચાતુર્માસ બિકાનેરમાં હતું. એક દિવસ મુનિમંડળ સહિત શ્રી નેમિનાથ સ્વામીના મંદિરે દર્શનાર્થ જવાનું થયું. અહીં અચાનક બનારસ હિંદુ યુનીવર્સીટીમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ આવ્યા. તેઓએ વંદણા કરીને એક પ્રાર્થના કરી.

'ગુરુવર્ય! આપથી શિક્ષણ પ્રચારનું કાર્ય અહોનિશ થઈ રહ્યા છો. અમારી મુશ્કેલીઓ દૂર થાય તો કેવું સારું!'

'તમારી શું મુશ્કેલીઓ છે?'

'અમે બનારસ હિન્દુ યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ છીએ. ત્યાં જૈન વિદ્યાર્થીઓને રહેવાની ઘણી મુશ્કેલીઓ રહે છે. દેવ-દર્શન માટે તો સાધન હોય જ ક્યાંથી? બનારસ યુનિવર્સીટીમાં એક જૈન છાત્રાલયનો પ્રબંધ થાય તો ઘણા વિદ્યાર્થીઓને તેનો લાભ લેતા કરી શકાય. જૈન સમાજ જેવી સમૃદ્ધ અને શક્તિશાળી સમાજ એટલું પણ ન કરી શકે? દર વર્ષે જૈન સમાજના કેટકેટલા પૈસા ખરચાય છે!'

'ભાઈઓ! તમારી વાત તો બરાબર છે. પણ તે વિષે અમને તો કોઈએ આજસુધી જણાવ્યું નથી, પણ આ વાત લક્ષમાં રાખવામાં આવશે અને તમારી મુશ્કેલીઓ દૂર કરવામાં આવશે.'

[illegible]

[illegible]

આવી. પ્રભાવના તથા ગરીબોને રોટી-દાળ તથા શેરા ભોજન આપવામાં આવ્યું.

બપોરના ત્રણ વાગે ગુરુકુળના વિદ્યાર્થીઓના ભજન તથા ધાર્મિક-સામાજિક સંવાદો થયા. ડો. લખનપાલજી, ચૌધરી દીનાનાથજી, લાલા દેવરાજ, મદનપાલજી વગેરેએ ગુરુદેવના જીવનચરિત્ર પર વિવેચનો કર્યાં.

આ પ્રમાણે મુંબઈ લાલબાગમાં પૂજ્ય આચાર્યશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં સ્વર્ગારોહણ અર્ધ-શતાબ્દિ નિમિત્ત અઠ્ઠાઈ મહોત્સવ થયો. ગોડીજીમાં શ્રી આત્માનંદ જૈન સભા તરફથી ઉત્સવ ઉજવવામાં આવ્યો. કલકત્તા, બીકાનેર, ભાવનગર, અમદાવાદ, મેવાડ, મારવાડ આદિ સ્થાનોમાં અર્ધશતાબ્દિ ઉત્સવ સમારોહપૂર્વક ઉજવવામાં આવ્યો.

એક દિવસ આચાર્યશ્રી ચતુર્વિધ સંઘની સાથે ગુરુકુળના નિરીક્ષણ માટે પધાર્યા ગુરુકુળ બેન્ડ ટુકડીએ પોતાના કુળ-પતિને સલામી આપી અપૂર્વ સ્વાગત કર્યું. શ્રી વાસુપૂજ્ય સ્વામીના દર્શન કરી સભામાં પધાર્યા. ગુરુકુળના વિદ્યાર્થીઓના મનોહર ભજનો થયાં. ગુરુકુળના પ્રીન્સીપાલે આચાર્યશ્રી તથા ચતુર્વિધ સંઘનું સ્વાગત કર્યું તથા ગુરુકુળની પ્રગતિ તથા વિધવિધ પ્રવૃત્તિઓ વગેરેનો ટૂંક અહેવાલ રજૂ કર્યો. આચાર્યશ્રીએ ગુરુકુલના ઉદ્દેશ વિષે મનનીય પ્રવચન કરતાં જણાવ્યું કે:—

"ગુરુકુળની દિનપ્રતિદિન વધતી જતી પ્રગતિ જોઈને

આનંદ થાય છે. ગુરુકુળ થી સંઘ પંજાબનું ભૂષણ છે. ગુજરાં-
વાલા શ્રી સંઘ ગુરુકુળ માટે ગૌરવ માને છે. મુંબઈ અને
ગુજરાત સુધી ગુરુકુળનું નામ પહોંચ્યું છે. જેની પ્રતિષ્ઠા ગુરુ-
કુળની જામી રહી છે તે કાયમ રાખવાની જવાબદારી ગુરુ-
કુળના અધ્યાપકોની છે. વિદ્યાર્થીઓના જીવન વિકાસ અને
ચારિત્ર ઘડતરનો આધાર અધ્યાપકો ઉપર છે. ગુરુકુળનો
અર્થ જ એ છે કે ગુરુઓના કુળમાં વિદ્યાર્થીઓને ઉત્તમ સંસ્કાર-
અભ્યાસી વૃત્તિ, સ્વાશ્રયી જીવન તથા ધાર્મિક જીવન વગેરે
કોલેજો અને શાળાઓમાં જે નથી મળતું તે શિક્ષણ
ભાવનાથી બાળકોને અહીં શીખવવામાં આવે છે એટલે આપની
જવાબદારી મોટી છે. પંજાબ શ્રી સંઘ આ સંસ્થાને [illegible]
ગૌરવ લઈ શકે, ગુજરાંવાલા શ્રી સંઘને [illegible]
[illegible] હોય તો જૈન સમાજને થોડા વર્ષોમાં વિદ્વાનો, [illegible]
કાર્યકર્તાઓ તથા આદર્શ યુવકો મળે અને પંજાબ તેના
હિંદભરમાં તેની ગૌરવ મહત્તા વધે.

[illegible] આવ્યા છે તે [illegible]
[illegible] ગુરુકુળને [illegible]
[illegible]"

[illegible] ૧૧) [illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

સંભળાવ્યાં તથા ગુરુકુળ પ્રત્યે પંજાબી ભાઇ બહેનોનું કર્તવ્ય છે તે સમજાવ્યું. આ પ્રસંગે બીકાનેરથી ૪૦-ભાઇઓ આવ્યા હતા. પંજાબભરમાંથી ઘણા ભાઇ બહે[illegible] સંક્રાંતિ ઉપર આવ્યા હતા.

ગુજરાંવાલા શ્રી સંઘે ગુરુદેવને ચાતુર્માસ માટે વિનતિ[illegible] કરી અને એ વિનતિનો સ્વીકાર કરવામાં આવ્યો.

બપોરના વ્યાખ્યાન હોલમાં બીકાનેરનિવાસી શ્રી રિખવ-ચંદજી ડાગાએ રચેલ દાદા પ્રભાવકસૂરિ (વિજયાનંદસૂરિજી) ની અષ્ટપ્રકારી પૂજા કોચર મંડળીએ રાગરાગણીની સાથે ભક્તિપૂર્વક ભણાવી. દર સંક્રાંતિ સમયે તથા પર્યુષણમાં આવ-નાર ભાઇ બહેનો માટેની સ્વધર્મી ભક્તિ માટે નીચે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવામાં આવી.

માસાંતને દિવસે લાલા જગન્નાથ દીવાનચંદ તરફથી, સંક્રાંતિના બધા દિવસોએ લાલા માણેકચંદ છોટાલાલ તરફથી, પર્યુષણના બધા દિવસોએ લાલા ઠાકોરદાસ પન્નાલાલ તથા લાલા બાબુલાલ ત્રિપખીયા તરફથી, ભાઇબીજ-આચાર્યશ્રીના જન્મ દિવસો-ત્રણ દિવસ લાલા ગણેશદાસ પ્યારેલાલ બરડની તરફથી. બાકીના દિવસોએ શ્રી સંઘે વારા પ્રમાણે ગોઠવ્યા. એ પ્રમાણે નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી. સૌએ સ્વામીભક્તિનો ખૂબ સારો લાભ લીધો.

આજ સ્વતંત્રતા દેવીના સાચા પૂજારી, હિન્દુત્વના રક્ષક મહારાણા [illegible]ની જયંતી હતી. શ્રી મહાવીર દળના પ્રમુખ [illegible]ના આગ્રહભર્યા નિમંત્રણથી આચાર્યશ્રી શિષ્યપરિવાર

સહિત પધાર્યા શ્રી રઘુનાથજીના મંદિરના વિશાળ ચોગાન[illegible] 'પ્રતાપ જયંતી'ના ઉત્સવ માટે મનોહર મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. કાર્યકર્તાઓએ આચાર્યશ્રીનું સ્વાગત કર્યું. હિંદુ-મુસ્લીમ-શીખ-ભાઈ બહેનોથી ચોક સંપૂર્ણ ભરાઈ ગયો હતો. મંગળાચરણ પછી જુદા જુદા વક્તાઓએ રાણાની વીરતા, પ્રાણ સમર્પણની રાણાજીની ભાવના, હિંદુત્વના રક્ષણ માટે તથા ભારત દેશની સ્વતંત્રતા માટેની રાણાજીની વીરપ્રતિજ્ઞા વગેરે રોમાંચકારી જીવનપ્રસંગો રજૂ કર્યાં.

આચાર્યશ્રીએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું કે મહારાણા પ્રતાપની સ્વદેશભક્તિ અનુપમ છે. દેશની સ્વતંત્રતા માટે વન વન રખડવું, રાજકુટુંબ અને પ્યારા બાળકોના દુઃખ પણ જે રાણાને પોતાની પ્રતિજ્ઞામાંથી ચલિત નથી કરી શક્યાં તે વીર પુરુષનું કેવું ઊંચું મનોબળ હશે? આજના [illegible] મહારાણા પ્રતાપના જીવનમાંથી સ્વદેશભક્તિનું દૃષ્ટાંત પોતાના જીવનમાં ઉતારે તો ભારતવર્ષની આઝાદી કાલે જ આવે.

મેવાડના [illegible] 'તપગચ્છ' [illegible]

તંત્રતાને માટે યાતના અને સમર્પણ'ના સૂત્રો પોતાના જીવનમાં ઉતારે તો ભારતવર્ષ વિશ્વમાં અનુપમ સ્થાન પ્રાપ્ત કરી શકે. હિંદુ સંસ્કૃતિની રક્ષાનો ભાર આજ યુવાનો પર છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ આપણને અનેક રીતે નુકશાનકર્તા નીવડી છે તે તમે સૌ જાણો છો. હિંદુ જાતિ, હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિના રક્ષણ માટે ભારતવર્ષના ખૂણેખૂણામાંથી પ્રચંડ આંદોલનો થવાં જોઈએ.'

ગુરુદેવનું પ્રભાવિક વ્યાખ્યાન સાંભળી સભા મંત્રમુગ્ધ થઇ ગઈ. જૈનાચાર્ય રાણા પ્રતાપને ભવ્ય અંજલિ આપે અને હિંદુ સંસ્કૃતિના પુનરુદ્ધાર માટે પડકાર કરે એ ખરેખર પ્રશંસનીય ગણાય.

છેવટે બિકાનેરનિવાસી શ્રી રીખવચંદ ડાગાએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું કે સ્વતંત્રતા માટે જ્યારે મહારાણા પ્રતાપને મોગલ સમ્રાટ અકબરથી હારી પોતાની રાજધાની છોડવી પડી, ત્યારે અમારા જૈન ઓસવાલ જેને આપ ભાવડા કહો છો તે શેઠ ભામાશાહે પોતાની લાખોની સંપત્તિ મહારાણાના ચરણોમાં સમર્પણ કરી હતી અને તે અનર્ગળ ધનથી મહારાણા પ્રતાપે સેનાને પુનઃ સજ્જ કરી ચિતોડની જીત મેળવી હતી.

શ્રી મહાવીર દળના પ્રમુખે કીમતી સમયમાંથી વખત મેળવી 'પ્રતાપ જયંતી'માં શિષ્યપરિવાર સહિત પધારવા માટે તથા રાણા પ્રતાપના જીવન ઉપર મનનીય વ્યાખ્યાન આપવા માટે આચાર્યશ્રીનો હાર્દિક આભાર માન્યો હતો.



ધર્મપુરી ગુજરાંવાલા.

'ગુરુદેવ! મત્થએણ વંદામિ!'

'ભાઈ! તમે તો આનુમાન પહેલાં [illegible] પધારેલા.'

'ગુરુજી! આપના દર્શનની અભિલાષા હતી. [illegible] મારું [illegible] પરિભ્રમણનો નિશ્ચય કરો.'

[illegible]

મહારાજની અવસ્થા હોવાથી ચિંતા થતી હતી પણ તેઓ તો અમારાથી પણ આગળ નીકળ્યા. અમે વચ્ચે વચ્ચે થાકી જતા પણ તેમનો નિશ્ચય દઢ હતો. અમે તેમની હિંમતે જ અત્રે નિર્વિઘ્ને આપની સેવામાં પહોંચી ગયા.'

"તમે આવી પહોંચ્યા છો તેવા એક ભાઈએ સમાચાર આપ્યા ત્યારે અમને બધાને આશ્ચર્ય થયું. કેટલા લાંબાં લાંબાં વિહારો આ ગરમીમાં તમે કર્યા હશે."

"કૃપાસાગર! સવારના અને સાંજના ઠંડે પહોરે વિહાર કરતા અને અત્યંત તાપમાં જ્યાં અનુકૂળતા મળી જાય ત્યાં સ્થિરતા કરતા. કોઈ કોઈ જગ્યાએ તો પાણીની મુશ્કેલી રહેતી. ગોચરી તો જ્યાંથી જે લુખુ સૂકું મળે તે લઈ લેતા. દિલ્હી સુધી વિશેષ તકલીફ રહી. પછી તો અનુકૂળતા મળી રહેતી."

"જૈન સાધુના આચાર ઘણા આકરા છે. તેમાં જ ખરી કસોટી છે. તે સંયમ અને તપના પોષક છે અને પાદવિહાર, ગરમ પાણી, તપશ્ચર્યા, ગોચરીના નિયમો વગેરે જૈન સાધુની વિશિષ્ટતા છે."

આષાઢ શુદિ ૧૦ ના રોજ આચાર્યશ્રીના શિષ્ય આચાર્ય શ્રી વિદ્યાસૂરિજી, પંન્યાસ શ્રી વિકાસવિજયજી, શ્રી શિવવિજયજી, શ્રી વિચાર વિજયજી તથા મુનિ હીરવિજયજી ગુજરાત જેટલા દૂરના પ્રદેશથી લગભગ એક હજાર માઈલનું અંતર કાપીને પૂજ્યપાદ આચાર્યદેવની સેવામાં પધાર્યા ગુરુ–શિષ્યોનું એ મિલન અપૂર્વ હતું.

ચોમાસી ચૌદશનો દિવસ હતો. અનેક શ્રાવક શ્રાવિકા-

ઓએ પૌષધ કર્યા. બપોરના ચતુર્વિધ સંઘ સાથે મોટું [illegible] વંદન કર્યું. અનેક ભાઈ બહેનોએ ચાતુર્માસમાં બ્રહ્મચર્ય [illegible] તથા રાત્રિભોજનના નિયમ લીધાં.

પૂજ્યપાદ આચાર્યદેવે વિશેષ ગરમી હોવા છતાં [illegible] વિહારો ઉપવાસ કર્યો. સવારે બે કલાક વ્યાખ્યાન વાંચ્યું. [illegible] કલાક બપોરના દેવવંદનમાં થયા તથા ચોમાસી પ્રતિક્રમણ [illegible] ત્રણ કલાક લાગ્યા પરંતુ એક આસને બિરાજમાન રહ્યા. [illegible] તને ટેકે તો દઈ બેસવાની આદત જ નથી. પગ પણ [illegible] નીચા નથી કર્યા શિષ્યો અને સંઘને એક આશ્ચર્ય [illegible] પૂરું પાડ્યું. ૭૬ વર્ષની ઉમર છતાં કેવી દૃઢતા ! કેવી [illegible] આત્મશક્તિ !

આચાર્યશ્રીની ચાતુર્માસની દિનચર્યા [illegible] પ્રાતઃ આવશ્યક ક્રિયા તથા પાઠ આદિથી નિવૃત્ત થઈ [illegible] ૮-૩૦ થી ૯-૩૦ પ્રતિદિન વ્યાખ્યાન વાંચતા. [illegible] [illegible]

એક 'પંજાબી ધર્મશાળા' થાય તો કેવું સારું? પરંતુ આ માટે એક હજારથી ઓછી રકમ લેવાવી જોઇએ નહિ. આજની માદ્ર સંક્રાંતિને કોણ કોણ સફળ બનાવે છે? આ પર્યુષણ પર્વમાં પંજાબના તમામ શહેરોના શ્રી સંઘોનું આ કાર્ય મુખ્ય હશે. જો ગુરુદેવની કૃપા હશે તો અર્ધ શતાબ્દિના આ સ્મારકનું ખાતમુહૂર્ત અર્ધ શતાબ્દિ ઉત્સવ લગભગ થઇ જશે.

આચાર્યશ્રીની અમૃત વાણી સાંભળી સ્વર્ગવાસી ગુરુદેવના જયઘોષથી વાતાવરણ ગુંજી ઊઠયું. ગુરુદેવની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા પંજાબી ભાઇઓ કટિબદ્ધ થયા. એક જ દિવસે રૂપીઆ ત્રીસ હજાર નોંધાઇ ગયા. પંજાબી ભાઈઓની ગુરુભક્તિ તથા ઊર્મિઓનું આ કેવું સુંદર પ્રતીક કહેવાય?

આજે તો જાણીને આનંદ થાય છે કે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની' શીતળ છાંયડીમાં પંજાબી ધર્મશાળા માટે રૂા. ૩૨૦૦૦) લગભગની મોખરાની રસ્તા ઉપરની સુંદર જગ્યા આણની ધર્મશાળાની સામે લેવામાં આવી છે તેનું ખાતમુહૂર્ત પણ થઇ ગયું છે. દીવાળી પછી તેના બાંધકામની વ્યવસ્થા થશે અને ગુરુદેવની ભાવના પ્રમાણે અર્ધશતાબ્દિનું પહેલું ભવ્ય સ્મારક થોડા જ વખતમાં સર્જાશે.

પંજાબમાં ગુજરાંવાલા તીર્થસ્થાન ગણાય છે. અહીં સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય ન્યાયાંભોનિધિ ગુરુદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ સ્વર્ગવાસ પામ્યા છે. અહીં તેમનું સમાધિમંદિર છે. અહીં ગુરુદેવના નામથી શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ-પંજાબના ભૂષણ રૂપે શોભી રહ્યું છે. અહીંનું [illegible] ભવ્ય અને મૂર્તિ અલૌકિક છે. અહીં શ્રી સંઘનું

સંગઠન આદર્શ ગણાય છે. ગુરુભક્તિ તથા સંઘના કાર્યોમાં ગુજરાંવાલાનો નંબર પ્રથમ હોય છે. એથી જ એ તીર્થભૂમિ-ધર્મભૂમિ-ધર્મપુરી ગણાય છે.

પર્યુષણ પર્વની મંગળ શરૂઆત થઈ. વ્યાખ્યાનાદિમાં બધાં આનંદપૂર્વક ભાગ લેવા લાગ્યા. કલ્પસૂત્ર લાલા ગોકળચંદજી મુન્દાણી બોલી બોલીને પોતાને ત્યાં લઈ ગયા. રાત્રિજાગરણ પ્રભાવના આદિ થયાં.

ભાદરવા વદિ ૦)) ના દિવસે કલ્પસૂત્રનું શ્રી સંઘે દાન-પૂજન કર્યું. [illegible] બોલી બોલીને કલ્પસૂત્ર ગુરુદેવને વહોરાવ્યું અને ગુરુદેવે કલ્પસૂત્રની વાચના કરી.

બીજા દિવસે સ્વપ્ન ઉતારવામાં આવ્યાં. જન્મવાચન આનંદપૂર્વક થયું. [illegible] આંગીની [illegible] અને રોશની જોવા આખું શહેર ઉમટી પડ્યું.

[illegible]

[illegible]

[illegible]

છતાં ૧૬-૧૫-૧૩-૧૨-૧૧-૧૦-૯ ઉપવાસોની સંખ્યા ઘણી હતી. શ્રાવક-શ્રાવિકાઓએ થઈને ૪૦ થી ૫૦ તો અઠ્ઠાઈ કરી હતી. મુનિશ્રી જનકવિજયજીએ પણ અઠ્ઠાઈ કરી હતી. અઠ્ઠાઈમાં આ વર્ષે એવા નવયુવકો હતા જેઓને સામાન્ય રીતે એકાસણા કરવા પણ મુશ્કેલ પડતા. બધાની સુખ સમાધિપૂર્વક તપશ્ચર્યા થઈ. છઠ્ઠ, અઠ્ઠમ, ઉપવાસ તો ઘણી મોટી સંખ્યામાં થયાં હતા. તપસ્વીઓને અનેક સજ્જનો તરફથી વિવિધ પ્રકારની પ્રભાવના વહેંચવામાં આવી હતી.

ભાદરવા શુદ ૧૧ ના દિવસે જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરની જયંતી આચાર્યશ્રીની અધ્યક્ષતામાં સમારોહપૂર્વક ઉજવવામાં આવી. શ્રી હીરવિજયજીસૂરીશ્વરની છબીનું વાસક્ષેપથી પૂજન કરવામાં આવ્યું. બાલિકાઓએ ગુરુસ્તુતિ સંભળાવી. પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ, પં. શ્રી વિકાસવિજયજી તથા પંડિત હંસરાજજીએ જયંતીનાયકના જીવન ઉપર વિવેચનો કર્યાં. મોગલસમ્રાટ અકબર ઉપર જયંતીનાયકે કેવો પ્રભાવ પાડ્યો હતો તથા તેઓશ્રીના ઉપદેશથી અકબરે પોતાના રાજ્યમાં જીવહિંસા કેવી રીતે બંધ કરાવી હતી તથા કેવી રીતે માંસાહાર બંધ કર્યો હતો વગેરે સમજાવ્યું. અંતમાં આચાર્યશ્રીએ, જગદ્ગુરુ પોતે કેવા તપસ્વી તથા પ્રભાવશાળી હતા, તેમના જીવનમાં કેવા ચમત્કારી કાર્યો તેઓશ્રીએ કર્યાં હતા વગેરે બતાવી જૈન સમાજની ઉન્નતિ માટે ધર્મપ્રચારની કેવી આવશ્યકતા છે વગેરે વિસ્તારપૂર્વક જણાવ્યું હતું.

આશ્વિન સંક્રાંતિના પ્રસંગ પર અનેક ભાઈબહેનો આ
હતાં. વઢવાણથી શેઠ રતિલાલ વર્ધમાન શાહ તથા અમ
વાદથી શેઠ શાંતિલાલ પુંજાભાઈ તથા ઉદયપુરના કેટલ
ભાઈઓ આચાર્યશ્રીના દર્શને આવ્યા હતા. શેઠ રતિલા
વર્ધમાને રૂા. ૧૦૦૦) આત્માનંદ જૈન ગુરુકુળને ભેટ આપ્યા

શ્રી નવપદજીની ઓળીની આનંદપૂર્વક આરાધના કરી.
પંન્યાસ શ્રી વિકાસવિજયજીએ શ્રીપાળ રાસની વાંચના કરી.

આજ કાર્તિક શુદ બીજનો-ભાઈબીજનો દિવસ હતે.
આજે ગુરુદેવનો ૭૭ મો જન્મદિવસ હતો. ગુજરાંવાલાના
સંઘના આગ્રહથી પોતાના પરમપૂજ્ય પંજાબોદ્ધ...
સમાજ કલ્યાણકારક, સંસ્થાઓના સંસ્થાપક તથા ...
ગુરુદેવની જન્મજયંતી ઉજવવા ઉત્સાહિત થઈ રહ્યા હતા
[illegible] સંઘના [illegible] આનંદનો [illegible]
રહી હતી.

[illegible]

[illegible]

અમૃતસરનિવાસી બાબુ મોહનલાલજી એડવોકેટના સભાપતિત્વમાં સભા થઈ. ગુરુકુળના વિદ્યાર્થીઓએ ગુરુસ્તુતિ-મંગળાચરણ કર્યું. મંત્રીએ ગુજરાત, મારવાડ, પંજાબ આદિ દેશોથી આવેલા અભિનંદનના તારો તથા પત્રોના સંદેશા સંભળાવ્યા. સંદેશાઓમાં ખાસ કરીને પંન્યાસ પૂર્ણાનંદવિજયજી, મુનિશ્રી પુણ્યવિજયજી, શેઠ કુલચંદ શામજી, શ્રી મોતીચંદ ગિરધરલાલ સોલીસીટર, શ્રી રણછોડભાઇ રાયચંદ, શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, શ્રી શાંતિલાલ ઓધવજી, શ્રી વાડીલાલ જેઠાલાલ, શેઠ સકરચંદ મોતીલાલ મૂળજી, શ્રી જેસિંગભાઈ લલ્લુભાઈ, આત્માનંદ જૈન સભા મુંબઈ, શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય વરકાણા, આત્માનંદ જૈન હાઇસ્કૂલ મલેરકોટલા, શ્રી વૈદ્ય જશવંતરાયજી જૈન, ઉપરાંત પાલી, ફાલના, બીજોવા, બીકાનેર જૈન સંઘ તથા શ્રી વાડીલાલ વૈદ્ય વડોદરા વગેરે મહાનુભાવોના ખાસ ઉલ્લેખનીય છે.

શ્રી સંઘ ગુજરાંવાલા અને શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ પંજાબ તરફથી આચાર્યશ્રીને અભિનંદન-પત્રો સમર્પણ કરવામાં આવ્યાં.

અહીંના કવિ તેજરામજી તથા જેહલમના શાયર રહીમ દીને ગુરુદેવની સ્વરચિત સ્તુતિના ભજનો સંભળાવી સભાને ચકિત કરી દીધી. શ્રી મગનબાગા(શ્રી શીવજીભાઇ)એ સ્વરચિત 'અમર રહો વલ્લભ સૂરિરાજ' નું ભજન સંભળાવી સભાને મુગ્ધ કરી દીધી. પંન્યાસશ્રી વિકાસવિજયજી તથા મુનિશ્રી જનકવિજયજીએ આચાર્યદેવના જીવન ચરિત્ર પર સુંદર વિવેચન કર્યું

આચાર્યશ્રીએ નીચે પ્રમાણે મનનીય વ્યાખ્યાન આપ્યું. 'મારા ૭૭ મા જન્મદિન પ્રસંગે પંજાબથી સંઘ તથા આપ સૌએ મને જે સન્માન આપ્યું છે, તે માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. દિવસે દિવસે ઉમર વધતી જાય છે. ધર્મ, શાસન તથા સંઘના કામો થવાં જોઈએ તેમ વેગપૂર્વક તો ક્યાં થાય છે? છતાં મને ગુરુદેવે જે સંદેશ આપેલ છે, તેને પૂરો કરવા આજીવન મારે મારું કાર્ય ચાલુ રાખવાનું છે. હું તો પંજાબ શ્રી સંઘની ઉન્નતિ અને સંગઠન ચાહું છું. ગુરુદેવનો પંજાબ પ્રાણ હતો તેમ પંજાબ મારો પણ પ્રાણ રહ્યો છે અને રહેશે. હજી મેં કાંઈ ખાસ એ ગુરુદેવની શતાબ્દિ તો શતાબ્દી. ઉજવવાનું આપણું મોટું કર્તવ્ય છે કે સમસ્ત જૈન જગતને માટે વ્યવસ્થિત યોજના વિચારી તેનો અમલ કરવો રહે, [illegible] [illegible]

છેવટે સભાપતિ શ્રી મોહનલાલજી વકીલે સમાલો કરતાં જણાવ્યું કે ગુરુદેવની ભાવનાઓ મૂર્તિમંત કરવા પંજાબનો શ્રી સંઘ તૈયાર છે અને ગુરુદેવનું દીર્ઘ આયુ ઇચ્છતાં ગુરુદેવના જીવનમાં જે જે પંજાબ શ્રી સંઘની ઉન્ન નાં કાર્યો થયાં છે તે પંજાબ શ્રી સંઘ કદી કદી નહિ ભૂલે અમારા સાચા રાહબર ગુરુદેવ છે અને આખો પંજાબ ગુરુ દેવની પાછળ છે.

બપોરના બીજી સભા થઇ. ભજનાદિ પછી પં. હંસરાજ- જીએ ગુરુદેવના જીવનના અનેક પ્રસંગો રસભરી ભાષામાં ાવ્યા. પં. બિહારીલાલજીએ આચાર્યશ્રી સાથેનો પોતાનો રિચય અને ગુરુદેવની અદ્વિતીય વિદ્વત્તા તથા ગુરુદેવની ગમે ધર્મના ગમે તે માન્યતાવાળા મનુષ્યને સમજાવવાની પ્રભા- વક શક્તિ વગેરેનું વિવેચન કર્યું હતું.

પંન્યાસ શ્રી સમુદ્રવિજયજીએ ગંગા પાપં શશી તાપં । દૈન્યં કલ્પતરુસ્તથા । પાપં તાપં ચ દૈન્યં ચ સંતો ઘ્નન્તિ મહાશયાઃ ॥ એ શ્લોકનો અર્થ કરતાં જણાવ્યું કે—ગંગા પાપનો, ચંદ્ર તાપનો અને કલ્પવૃક્ષ દરિદ્રતાનો નાશ કરે છે, પણ સંત પુરુષ તો પાપ, તાપ અને સંતાપ ત્રણેનો નાશ કરે છે. એ જ પ્રમાણે જ્યારે સં. ૧૯૯૭ માં ગુરુદેવનો અહીં પ્રવેશ થવાનો હતો ત્યારે આખું શહેર ધ્વજા-પતાકા-દરવાજા તથા બજારોની શોભાથી અપૂર્વ રીતે શણગારવામાં આવ્યું હતું અને સવારમાં પ્રવેશ સંપૂર્ણ હતું.

અહીં રાત્રે શહેરના વાતાવરણમાં એવું પરિવર્તન લાગ્યું કે હિન્દુ મુસલમાન વચ્ચે હંગો થઇ જશે. સંઘ ગભરાઇ ગયો

આગેવાનો ચિંતાતુર થઈ ગયા. શું કરવું તે વિચારવા લાગ્ય
ગુરુમહારાજ શહેરથી ત્રણ ચાર માઈલ દૂર હતા. રાત્રિ
આગેવાનો ત્યાં પહોંચ્યા. ગુરુમહારાજને જગાડ્યા અને પરિ
સ્થિતિ જણાવી. 'બહારથી ઘણા પંજાબી બહેન ભાઈઓ
આવ્યા છે. શહેર આપના સ્વાગત માટે તૈયારીમાં પડ્યું છે
અનેરી શોભા થઈ રહી છે પણ વાયુમંડળ જુદું જ દેખાય છે
જગ્યા જગ્યાએ અફવાઓ ફેલાઈ રહી છે. આચાર્યશ્રીએ
આગેવાનોને ધીરજ રાખવા કહ્યું. શાસનદેવ અને ગુરુદેવ સૌ
રૂડાં વાનાં કરશે, તમે નિશ્ચિંત રહો.

ને ગુરુમહારાજનો પ્રવેશ થતાં જ સારે જાણે અપૂર્વ
શાન્તિ ફેલાઈ ગઈ. એ પ્રવેશ મહોત્સવ જોયો તો [illegible]
[illegible] આજસુધી [illegible] પણ જોયો આનંદ [illegible]
[illegible] આ [illegible] હિંદુ-મુસલમાન-[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]

શોભાવ્યું. ગુરુસ્તુતિ પછી આચાર્યશ્રીએ હેમચંદ્રાચાર્યની વિદ્વત્તા, પ્રતિભા વગેરે દર્શાવતાં તેઓશ્રીએ પરમાર્હત મહારાજા કુમારપાળને ઉપદેશ આપીને અહિંસા પરમો ધર્મનો જે પ્રચાર કર્યો હતો તથા તેમના રાજ્યમાં કોઇને કોઇપણ જીવને મારવાની રાજ્ય તરફથી મનાઇ હતી વગેરે વિવેચન કરીને દેશની આજની પરિસ્થિતિમાં અહિંસાનો પ્રચાર કેવો આવશ્યક છે તથા જૈન ધર્મના રક્ષણને માટે કેવા વેગપૂર્વક પ્રયાસો કરવા જોઇએ વગેરે સમજાવી આજે હેમચંદ્રાચાર્ય જેવા પ્રભાવિક પુરુષની જૈન સમાજને જરૂર છે તે જણાવ્યું હતું.

પંન્યાસ શ્રી વિકાસવિજયજીએ પણ હેમચંદ્રાચાર્યના જીવનના ઘણા પ્રસંગો બતાવી જણાવ્યું કે જૈન ધર્મની તે વખતની અપૂર્વ જાહોજલાલીના જો કોઈપણ યશનામી હોય તો તે આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યજ હતા. તેઓની પ્રતિભા અલૌકિક હતી. તેમની વિદ્વત્તાની આજે પણ જૈન-જૈનેતર વિદ્વાનો મુક્ત કંઠે પ્રશંસા કરે છે. તેના જેવા અનુપમ વિદ્વાન જૈન સમાજે હજી જોયા નથી.

પંન્યાસ શ્રી સમુદ્રવિજયજીએ આજકાલની પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જો આજ હેમચંદ્રાચાર્ય જેવા પ્રભાવિક ગુરુ અને કુમારપાળ જેવા ઉદાર રાજા હોય તો બંગાળ આદિ દેશોમાં જે પરિસ્થિતિ પ્રવર્તી રહી છે તે કદાચ ન હોય. જે આ ભયંકર સંકટોમાં ફસાઈ ગયાં છે તેમને તન-મન-ધનથી સહાયતા પહોંચાડવી તે મનુષ્ય માત્રનું કર્તવ્ય છે.

જે જે જાતિના હિન્દુઓને બળાત્કારથી મુસલમાન બના-

વવામાં આવ્યાં છે તે જાતિના આગેવાન તથા ધર્મગુરુઓ તેમજ સંબંધીઓને મારી આગ્રહપૂર્વક સૂચના છે કે તેઓને સમજાવી-મદદ પહોંચાડી પોતપોતાની જાતિમાં મેળવી લેવા જોઈએ. એ પ્રમાણે નહિ થાય તો પાછળથી પસ્તાવું પડશે

અંતમાં સભાપતિજીએ સુંદર સમાલોચના કરી સભા વિસર્જન કરી.

સં. ૨૦૦૨ નું ગુજરાંવાલાનું ચાતુર્માસ આનંદપૂર્વક સમાપ્ત થયું.

ગુજરાંવાલાએ ખરેખર ધર્મપુરી નામ સાર્થક કર્યું.





સ્યાલકોટમાં અપૂર્વ પ્રતિષ્ઠા મહોત્સવ.

'મત્થએણ વંદામિ!' સ્યાલકોટના પ્રતિનિધિ ભાઈઓએ વંદણા કરી.

'ધર્મલાભ!'

'ગુરુદેવ! આપશ્રીએ અમને વચન આપ્યું છે. હવે મંદિર તૈયાર થઈ ગયું છે. આપશ્રી સત્વર પધારો. પ્રતિષ્ઠા મહોત્સવ માટે જનતા આપની રાહ જોઈ રહી છે.'

'ભાગ્યશાળી! હું મારું વચન ભૂલ્યો નથી. તમે મંદિરનું કાર્ય ઠીક ઠીક વેગથી ઉપાડ્યું અને વહેલાસર પુરું થઈ ગયું.'

'કૃપાળુ! અમને ગુજરાંવાલા શ્રી સંઘનો ખૂબ સાથ મળ્યો. તેમાં લાલા માણેકચંદ કપુરચંદની જહેમત તથા તેમનો પરિશ્રમ તો વિશેષ પ્રશંસનીય છે. સાચું કહીએ તો જ્યારે જોઈએ ત્યારે હાજર જ હોય અને અમારા કામમાં

એવા પ્રેમપૂર્વક ભાગ લેતા કે બાહ્યે પોતાના ઘરનું [illegible] કેમ ન હોય ?

તે કેણુ છે તે તમે ક્યાં નથી જાણતા ? તે આ [illegible] પરમપ્રિય ગુરુભક્ત લાલા માણેકચંદજીના સુપુત્ર છે. [illegible] તેમને આવાં ધર્મકાર્યો માટે વિશેષ લગની છે.'

'સાહેબ ! મેં તેમાં શું નવાઈ કરી છે ? પરમાત્માના [illegible] મંદિર માટે તો આ દેહથી જેટલી સેવા થાય તેટલી ઓછી છે [illegible] મારી સાથે અહીંના ઘણા ભાઈઓ પણ આ કાર્યમાં જ્યારે [illegible] જરૂર પડી ત્યારે પડે પગે રહ્યા છે.'

'ધન્ય ! ત્યારે જ આપણીએ ગુજરાંવાલાને ધર્મપુરી બનાવી [illegible] છે ને !'

'હાં નહીં બનાવી ગુરુદેવના [illegible] [illegible] છે અને આ [illegible] [illegible] ધર્મપુરી બની છે.'

'ગુરુદેવ ! [illegible]

[illegible]

જવાબદારી તેઓને જ સોંપી છે. લાલા કપૂરચંદજીને તો તમે સાથે જ લઇ જશો. અમે પણ હવે વિહાર કરવાની તૈયારીમાં છીએ.'

'ગુરુદેવ! આપે જે જે ગૃહસ્થોને નિમંત્રણ મોકલવા સૂચના કરી છે તે બધાને પત્રિકાઓ મોકલાઇ ગઇ છે. આપશ્રી પણ ખાસ ખાસ સજ્જનોને અમારી વતી બે શબ્દો લખવા કૃપા કરશો. અમારા શહેરની શોભા વધે તેમ થવું જોઇએ.'

'તમે નિશ્ચિંત રહો. શાસનદેવની કૃપાથી અને ગુરુદેવના આશીર્વાદથી આનંદ આનંદ થઇ રહેશે.'

× × ×

પંજાબના સુપ્રસિદ્ધ ઔદ્યોગિક શહેર સ્યાલકોટમાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી સં. ૧૯૯૭ (ગુજરાતી)માં ચાતુર્માસ રહ્યા હતા. એ ચાતુર્માસ ઐતિહાસિક નીવડ્યું. આપશ્રીના વચનામૃતો સાંભળવા જૈનો સિવાય જૈનેતર બંધુઓ પણ આવતા અને ઘણાખરા જૈન ધર્મના અનુરાગી બન્યા હતા. અહીં એક પણ જૈન મંદિર ન હોતું. આચાર્યશ્રીના ઉપદેશથી મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. સકલ શ્રી સંઘે પૂર્ણ ઉત્સાહથી તથા પંજાબ શ્રી સંઘ અને ગુજરાંવાલાના ભાઈઓના સહકારથી પાંચ છ વર્ષમાં બે માળનું ગગનચુમ્બી ચોમુખજીનું ભવ્ય મંદિર તૈયાર કરવામાં આવ્યું. આ મંદિર જમીનથી ૧૦૨ ફૂટ ઊંચું છે. આ મંદિરની પ્રતિષ્ઠા માટે આચાર્યશ્રીએ વચન આપ્યું હતું તેથી સ્યાલકોટથી પ્રતિનિધિ મંડળ ગુજરાંવાલા જઈ પહોંચ્યું અને આચાર્યશ્રીને વિનં



આચાર્યશ્રીના સીયાલકોટ-પંજાબના
પ્રવેશ-ઉત્સવ.
(૧૯૮૭)

લાગી. આ પરિશ્રમનું અધિક શ્રેય ગુરુદેવના પરમભક્ત [illegible] મદનલાલજી ક્ષત્રિયને છે.

'જે થાય છે તે સારાને માટે' એ કહેવત કેટલીક [illegible] સાચી પડે છે. આપણા જલુસ માટે એમજ બન્યું. [illegible] જલુસનો કાર્યક્રમ આમંત્રણ પત્રિકામાં માગશર શુદિ [illegible] ચોથનો હતો, પરંતુ જલુસનો હુકમ મળ્યો નહોતો. [illegible] તરફ મેઘરાજ પ્રતિષ્ઠા મહોત્સવને અંજલિ અર્પવા [illegible] પધાર્યા હતા.

માગશર શુદિ પાંચમનું પ્રભાત સૂર્યોદયના [illegible] [illegible]. [illegible] વીખરાઈ ગયાં, વીજળીના ચમકારા [illegible] [illegible] ના [illegible] હૃદયો આનંદથી [illegible] હતા. પ્રતિષ્ઠા [illegible] ભાગ લેવા સ્ત્રીપુરુષો [illegible] [illegible] હતા.

[illegible] મુનિમહારાજ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

૧૦૦૧) શ્રી વારિષેણુ ભગવાન — લા. જગન્નાથ સાવણુમલ્લ દુગ્ગડ

૧૦૦૧) શ્રી વર્ધમાન સ્વામી — લા. કપુરચંદ સુપુત્ર ઉગ્રસેન પપનાખા હાલ નારોવાલ

૬૦૧) શ્રી ચંદ્રાનન સ્વામી — લા. પન્નાલાલ કુંદનલાલ સાઢોરા બીજે માળ.

૨૫૧) શ્રી શાંતિનાથ સ્વામી — લા. સોહનલાલજી નારોવાલ

૨૦૧) „ — લા. મંજુશાહ ધર્મચંદ નારોવાલ

૧૭૧) „ — લા. ખજાનચીલાલ લુધિયાના

૧૮૧) „ — લા. નંદલાલ તીર્થરામ પટ્ટી

૬૬૧)× મંદિરજી પર કળશ ચઢાવવા — લા. પંજુશાહ ધર્મચંદ દુગ્ગડ-નારોવાલ

૩૫૧)+ „ ધ્વજ ચઢાવવા — લા. વલ્લભદાસ સુપુત્ર લાખા વિલાયતી રામ-લુધિયાના.

બરાબર દશ વાગે પૂજ્યપાદ આચાર્યદેવ ચતુર્વિધ સંઘની સાથે શ્રી આત્માનંદ જૈન મુક્તિમંદિરમાં પધાર્યા અને છાયા લગ્નમાં ૧૦-૩૫ સમયે મૂળ ગભારામાં શ્રી શાશ્વત જિનબિંબ

× સુવર્ણ કલશ પણ લાલા પંજુશાહ ધર્મચંદ તરફથી બનાવવામાં આવ્યો છે.

+ ધ્વજદંડ લાલા નંદલાલ તીર્થરામ પટ્ટીવાળા તરફથી [illegible] આપ્યો છે.

શ્રી ઋષભદેવસ્વામી,[1] શ્રી ચંદ્રાનનસ્વામી,[2] વારિષેણસ્વામી તથા શ્રી વર્ધમાનસ્વામી,[3] ચૌમુખજીનો આનંદ તથા ઉત્સા[હ] પૂર્વક ૐ પુણ્યાહં ૐ પુણ્યાહંની મધુર ધ્વનિ સાથે પ્રતિ[ષ્ઠા] મહોત્સવ કરવામાં આવ્યો.

બીજા ભાગના મનોહર મંદિરમાં શ્રી શાંતિનાથ સ્વામીની ચતુર્મુખી પ્રતિમાઓ બીરાજમાન કરવામાં આવી. ચારે [illegible] ભાગના ગોખમાં શાસનદેવી–દેવતાઓની પ્રતિમાઓ તથા [illegible] ગરૂખામાં શ્રી માણિભદ્રની તથા બીજા ગરૂખામાં પૂજ્ય શ્રી બુટેરાયજી મહારાજ,[4] શ્રી મુળચંદજી મહારાજ,[5] ત[થા] શ્રી આત્મારામજી મહારાજની[6] ધાતુમયી પ્રતિમાઓ પ્રતિ[ષ્ઠિત]

1. [illegible]

2. [illegible]

3. [illegible]

4. [illegible]

5. [illegible]

6. [illegible]

કરવામાં આવી. શિખર પર ધ્વજદંડ તથા કળશ ચઢાવવ
આવ્યા. મંત્રાક્ષરો તથા જયનાદોના ધ્વનિથી આખું શ
ગુંજી ઊઠ્યું. સર્વત્ર જય જયકાર વર્તી રહ્યો. આનંદ ઊર્મિઓ
ઉછળી રહી.

બપોરના શ્રી જિનેશ્વર ભગવાનની મૂર્તિને ચાંદીના રથમાં
બિરાજમાન કરી ખૂબ ધામધૂમપૂર્વક જલુસ નીકળ્યું. ભગ-
વાનના રથની આગળ આગળ પંજાબનું પ્રસિદ્ધ બેન્ડ ચાલી
રહ્યું હતું. તેની આગળ કોતલ ઘોડાઓ તથા વિધવિધ
હેરોની ભજનમંડળીઓ પોતાના મનોહર સારગર્ભિત ભજનો-
દ્વારા જનતાના હૃદયને આહ્લાદિત કરતી હતી. બન્ને ભજન
મંડલીઓના મધ્યમાં ઘોડાગાડીઓ ચાલી રહી હતી જેમાં
કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય તથા પરમાર્હત મહારાજા
કુમારપાળ તથા મહાન્ મોગલસમ્રાટ પ્રતિબોધક જગદ્ગુરુ શ્રી
હીરવિજયસૂરિજી તથા પંજાબદેશોદ્ધારક શ્રી બુદ્ધિવિજયજી
(બુટેરાયજી) દાદા તથા ન્યાયામ્ભોનિધિ નવયુગપ્રવર્તક શ્રીવિજ-
યાનંદસૂરીશ્વરજી મહારાજની તસ્વીરો પધરાવવામાં આવી હતી.

સૌથી આગળ મહેન્દ્રધ્વજા, ડંકા-નિશાન હતાં. આ રીતે
જલુસની શોભા અવર્ણનીય હતી. કોઈ દોઢ માઈલ લાંબુ
જલુસ હતું. શહેરની જનતા ઉમટી આવી હતી. દુકાનોની
સીડીઓ તથા હવેલીઓની અગાશીઓ તથા ઝરુખાઓ નર-
નારીઓથી ભરચક હતા.

પૂજ્યપાદ આચાર્યદેવ શિષ્યપરિવાર સહિત પ્રભુદર્શનને
ચોમુખા બજારમાં પધાર્યા હતા જ્યારે પ્રભુજીનો રથ

એ હતી કે સાથોસાથ પૂજ્યપાદ આચાર્યદેવ પૂજાના બીજાક્ષરોનો અર્થ વ્યાખ્યા સહિત સમજાવી રહ્યા હતા અને પૂજાનું રહસ્ય જાણવાથી જનતા આનંદપૂર્વક પૂજાનો રસ લઈ રહી હતી.

શાંતિકળશ થયા પછી સ્યાલકોટનિવાસી લાલા રામલાલ જ્ઞાનચંદ જૈને એક સો વીસ મણ ઘીની બોલીથી આરતી ઉતારી તથા લાલા ગોપાલશાહ વૈદ્યે ઘીની બોલીથી મંગળદીવો ઉતાર્યો. લાલા શેરીલાલ નાહર એકાવન મણ ઘીની બોલીથી બહુજ આનંદપૂર્વક શાંતિકળશ પોતાને ઘેર લઇ ગયા અને રાત્રિ જાગરણ કર્યું.

પ્રતિષ્ઠાના મંગળ દિવસ માગશર શુદ ૫ ના રોજ મુંબઈનિવાસી શેઠ ફુલચંદ શામજી તરફથી સાધર્મી વાત્સલ્ય થયું અને બીજા દિવસોમાં સ્થાનિક શ્રી સંઘની તરફથી સાધર્મી વાત્સલ્ય થયાં.

× × ×

લુધિયાનાનિવાસી મર્હૂમ લાલા પન્નાલાલજીની ધર્મપત્ની અને ગુજરાંવાલાનિવાસી લાલા મોતીલાલજીની સુપુત્રી પ્રકાશવંતી બહેનની શુભ ભાવના ભાગવતી દીક્ષા અંગીકાર કરવાની થવાથી માગશર શુદિ સાતમના દિવસે દીક્ષાનો વરઘોડો ચઢાવવામાં આવ્યો. દીક્ષાર્થી બહેન પ્રકાશવંતી ઘોડાગાડીમાં બેસીને વરસીદાન દેતી દેતી વરઘોડાની સાથે મંડપમાં આવી. અહીં નાંદ માંડવામાં આવી હતી તથા દેવાધિદેવ શ્રી વીતરાગ પ્રભુની ચૌમુખી પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી હતી.

આચાર્યશ્રી ચતુર્વિધ સંઘની સાથે બિરાજમાન હતા. દીક્ષ બહેનને તેમના સંસારી જેઠ લાલા અમરનાથજી જંડ જે પરિવાર સહિત હાજર હતા તેમની આજ્ઞા લીધી અને મુહૂર્તમાં પૂજ્યપાદ આચાર્યદેવે આનંદપૂર્વક દીક્ષા પ્રવર્તિની સાધ્વીશ્રી દેવશ્રીજીના પરિવારમાં સાધ્વીશ્રી શ્રીની શિષ્યા બનાવી પ્રકાશશ્રીજી નામ આપવામાં આવ્યું.

દીક્ષાર્થી બહેને પોતાના આઠ દસ હજારના ઘરેણાં અરધી રકમ પોતાના જેઠને આપી અને બાકીની રકમ નીચે પ્રમાણે જાહેર કરવામાં આવી:—

૧૦૦૦) શ્રી આત્માનંદ જૈન પંજાબી-ધર્મશાળા પાલી
૧૦૦૦) શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ—ગુજરાંવાલા
૫૦૦) શ્રી આત્માનંદ જૈન કોલેજ—અંબાલા
૫૦૦) શ્રી આત્માનંદ જૈન વિદ્યાલય—લુધિયાના
૧૦૧) શ્રી મોહનલાલ—સ્યાલકોટ.

[illegible]

[illegible]

પ્રમાણે જીવનમાં ધર્મનો પ્રકાશ કરવા અને જે વેશ સ્વીકાર્યો છે તેને શોભાવવા જીવનભર પ્રયાસ કરવા માટે હિતોપદેશ આપ્યો હતો. ઉપરાંત ઉપસ્થિત જનતાને ઉદ્દેશીને જણાવ્યું કે અહીં જે બે ઉત્સવો થયા છે તેની પૂર્ણાહુતિમાં જીવદયાખાતે પ્રત્યેક ભાઇ બહેને યથાશક્તિ દાન કરવું જોઇએ. ગુરુદેવની વાણીનો પ્રભાવ જ ઓર છે. વાત વાતમાં રૂા. ૧૭૦૦) થઇ ગયા અને તે અહીંની ગોશાળામાં આપવામાં આવ્યા.

દીક્ષાના દિવસે દીક્ષાર્થી બહેનની તરફથી સ્વામીવત્સલ કરવામાં આવ્યું હતું.

આ બન્ને ઉત્સવોમાં સ્થાનિક શ્રી સંઘને તમામ વ્યવસ્થામાં ગુજરાંવાલા શ્રી સંઘે ઉત્સાહપૂર્વક સહાયતા આપી હતી.

જૈન જૈનેતર ભાઇઓના અત્યંત આગ્રહને માન આપી આચાર્યશ્રીએ પ્રતિષ્ઠા પછી વીસેક દિવસ સ્થિરતા કરી. પ્રતિદિન વ્યાખ્યાન થતાં રહ્યાં. જૈન જૈનેતર ભાઈઓએ આનંદપૂર્વક ભાગ લીધો.

શ્રીયુત રાયસાહેબ લાલા કરમચંદજી અગ્રવાલ ઑનરરી મેજીસ્ટ્રેટની અત્યંત આગ્રહભરી વિનતિને માન આપી આચાર્યશ્રી પોષ વદિ ૭ ના દિવસે સવારના તેમની કોઠીમાં પધાર્યા. રાય સાહેબે ભક્તિભાવપૂર્વક ગુરુદેવ તથા શ્રી સંઘનું સ્વાગત કર્યું. કોઠીના વિશાળ ચોકમાં આચાર્યશ્રી શિષ્ય પરિવાર સહિત પાટ પર બિરાજમાન થયા. સ્થાનિક તથા બહારથી આવેલ ભાઈઓથી ચોક સંપૂર્ણ ભરાઇ ગયો. શ્રી આચાર્યશ્રીએ પ્રથમ મહામંગળકારી સ્તોત્ર સંભળા...



જૈન વિદ્યાપીઠ.

"આજે જે સ્થાનમાં આપણે મુકામ કર્યો છે તે પણ એક ધર્મસ્થાન છે. ઉપાશ્રય જેમ આપણું ધર્મસ્થાન ગણાય-શીખ ભાઇઓનું ધર્મસ્થાન ગુરુદ્વારા છે. અમારે તો ઘણી વખત ગુરુદ્વારામાં સ્થિરતા કરવી પડે છે. શીખ સરદારો અમારું આદરપૂર્વક સન્માન કરે છે અને કથા-વાર્તા સાંભળી આનંદ અનુભવે છે. આ ગુરુદ્વારાનો એક ભાગ વરસાદની મોસમમાં પડી ગયો છે. સાધુ-સંતોને ઉતરવાના આવા પવિત્ર સ્થાન માટે અહીં આવેલા ભાઇ બહેનો થોડી થોડી મદદ કરે તો એક પંથ અને દો કાજ જેવું થઇ જાય. જૈન ધર્મમાં દાનનો મહિમા કેવો છે તે તમે જાણો છો. મહામંત્રીશ્વર વસ્તુપાળ તેજપાળે ભવ્ય મંદિરો બંધાવ્યાં હતાં તેમ મસજીદ પણ બંધાવી હતી. અમારું કામ ઉપદેશ કરવાનું છે. આવા કાર્યમાં સહાયતા કરવી એ એક કર્તવ્ય છે."

સ્યાલકોટથી વિહાર કરી બે માઇલ દૂર આવેલા એક ગામના ગુરુદ્વારામાં સ્થિરતા કરી ગુરુદ્વારાનો એક ભાગ વ...

ગિરધરલાલ કાપડીયા સોલીસીટર તરફથી શુભ સમાચાર મળ્યા કે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની બીજી શાખા અમદાવાદમાં ખોલવામાં આવી છે. તેનો ઉત્સવ તથા દાનવીર શેઠ જેસીંગભાઈ ભોળાભાઈના બસ્ટની ઉદ્ઘાટન ક્રિયા થવાની છે. શેઠ કસ્તુરભાઈએ પ્રમુખસ્થાન લેવા સ્વીકાર્યું છે. સરદાર વલ્લભભાઈ પટેલના મંગળ હસ્તે આ માંગલિક કાર્ય થવાનું છે. આપના આશીર્વાદ મોકલશો. ઉપરાંત આપશ્રીના આશીર્વાદથી પૂનામાં પણ શ્રી ભારત જૈન વિદ્યાલયમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ત્રીજી શાખા થવાની છે તે માટે પણ વ્યવસ્થા થઈ છે.

આ માંગલિક સમાચારથી અત્યંત આનંદ થયો ગુરૂદેવે નિમ્ન લિખીત સંદેશો પાઠવ્યો.

શુભ સન્દેશ.

'શ્રી મહાવીર જૈન વિદ્યાલય–અમદાવાદ શાખાના ઉત્સવ સમારંભના પ્રમુખશ્રી શેઠ કસ્તુરભાઈ તથા દેશનેતા સરદાર વલ્લભભાઈ પટેલ, દાનવીર શેઠ ભોળાભાઈ જેશંગભાઈ, અન્ય સજ્જનો—

ધર્મલાભ. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આ ઉત્સવ સમારંભના પ્રસંગે સ્વર્ગવાસી ગુરુદેવ શ્રી ૧૦૦૮ ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજે પોતાના અજ્ઞાનતિમિરભાસ્કર ગ્રંથમાં જૈનધર્મ પ્રશ્નોત્તરમાં જૈન સમાજની ઉન્નતિ માટે જે શિક્ષણ વિકાસ માટેની તેઓશ્રીની હાર્દિક ભાવના વ્યક્ત કરી છે તે શુભ ભાવનાના કિરણો પ્રગટ થતાં જોવાય છે. આપ સજ્જનોના કેળવણીની વૃદ્ધિ માટેના પ્રયાસો સ્તુત્ય છે. જૈનસમાજમાં જ્ઞાનનો પ્રકાશ દિનપ્રતિદિન

:ની વાત છે. અમારી તો પ્રથમથી જ જ્વલંત ભાવના રહી
.કે જ્યાં સુધી 'જૈન' વિદ્યાપીઠ 'ની યોજના મૂર્ત સ્વરૂપ
હિ લ્યે ત્યાં સુધી આપણું ધ્યેય પૂરું સધાશે નહિ.

કાઠીયાવાડ તથા મેવાડ–મારવાડમાં એક એક શાખા ખોલ-
વાની જરૂર છે. પ્રયત્ન કરો તો બનારસમાં પણ એક શાખા થઇ
શકે અને પછી તો મુંબઇના પરામાં એક કોલેજ થઇ જાય
તો જૈન–સંશોધનને માટે ઘણું ઘણું થઇ શકે. આપણી કોમના
સ્વરાજના ઘડતરમાં જૈન સમાજને વિદ્વાનો, લેખકો, વિવેચકો,
વક્તાઓ, સેવકો અને સંશોધકો જોઇશે, જે આવી વિદ્યાપીઠ
સિવાય શક્ય નથી. જૈન સમાજ જેવી સમૃદ્ધ કોમ માટે
પૈસાનો પ્રશ્ન તો ગૌણ છે. સાચા એકનિષ્ઠ ધગશવાળાં કાર્ય-
કર્તાઓ જોઇએ. આજે પણ ઘણા દાનવીરો છે. જેઓને જૈન
સમાજના ઉત્થાન માટે તથા જૈન શિક્ષણના વિકાસ માટે
અનન્ય પ્રેમ છે. તમે નિર્ણય કરો તો ગુરુદેવની કૃપાથી સૌ
સંજોગો મળી રહેશે. તમારી અનન્ય સેવાભક્તિ માટે ધન્ય-
વાદ. તમારા જેવા ૧૦–૨૦ નવલોહીયા સમાજ–દેશના ઘડવૈયાઓ
તૈયાર કરવાની જવાબદારી ક્યારે સ્વીકારશો ? તે દિશામાં પણ
પ્રયત્ન કરવાની જરૂર છે.

વલ્લભસૂરિના ધર્મલાભ.

પપનાખાના જૈન જૈનેતર ભાઇઓના અત્યંત આગ્રહથી
આચાર્યશ્રીએ એક સમાહની સ્થિરતા કરી. વ્યાખ્યાન પ્રતિદિન
બપોરના બેથી ત્રણ સુધી. વ્યાખ્યાનમાં ખત્રી, શીખ તથા
મુસલમાન ભાઇઓ પણ સારી સંખ્યામાં આવતા. આ પપ-
ખા ક્ષેત્ર પંજાબદેશોદ્ધારક પૂજ્યપાદ શ્રીમ

મહારાજનું પ્રતિબોધિત ક્ષેત્રોમાંનું એક છે. અહીં શ્રી સુવિધિ-નાથજીનું ભવ્ય જૈન મંદિર પ્રત્યેક આગંતુકને આનંદ આપનાર છે. વળી પંજાબના બરડ આદિ ગોત્રના કેટલાક [illegible] કુટુંબો–શ્વેતાંબર મૂર્તિપૂજક કે સ્થાનકવાસી અહીં '[illegible] ભાગા' નામથી પ્રસિદ્ધ સ્થળની યાત્રા કરવા માટે આવે છે

પોષ શુદિ આઠમના પ્રાતઃકાળમાં ભગવાનના દર્શન કરી આચાર્યશ્રી સપરિવાર વિહાર કરી કિલા શોભાસિંહ [illegible] અહીં શ્રાવકના તો માત્ર બે જ ઘર છે પણ અહીં [illegible] ખત્રી-શીખ આદિ ભાઈઓ સત્સંગી છે. એક માઈલ દૂર સામે આવ્યા અને ભજનમંડળી-બેન્ડ સાથે પ્રવેશ કરાવ્યો. પ્રવેશ સમયે હિન્દુ મુસલમાન ભાઈઓ દુકાનો બંધ કરી પણ આવ્યા હતા

'સાહેબ! આપ તો અહીં વિચરના કરી ગયા પણ [illegible] [illegible] 'કૈસી સાહેબ! [illegible] છે' [illegible] [illegible] ભાઈઓએ પ્રાર્થના કરી

'[illegible] [illegible] [illegible] [illegible] છે!'

'દયાળુ! એક પરમાર્થી આત્માએ બીજા પાસેથી પૈસા માગીને જાતમહેનતથી તેને એક રમણીય સ્થાન બનાવ્યું છે. ત્યાં રાધા કૃષ્ણનું ભવ્ય મંદિર છે અને સુંદર બાગ પણ બનાવ્યો છે. હમેશાં ભગવત કથા થાય છે. લોકો તો ખૂબ લાભ લે છે.'

'ભાઈ! બાર વાગવાની તૈયારી છે. થોડો થાક પણ સૌને લાગ્યો હશે. મારે પાઠ પણ કરવાનો છે, પરંતુ તમારી બધાની ભાવના હોય તો અમે પણ તૈયાર છીએ.'

જનતાની અપૂર્વ ભક્તિ જોઈને આચાર્યશ્રી રોડી સાહેબ પધાર્યા. હિન્દુ, શીખ, મુસલમાન જનતાની હાજરી સારી હતી. સ્વાગત ભજન થયા પછી પૂજ્યપાદ આચાર્યશ્રીએ ધર્મ શું વસ્તુ છે અને તેની સાચી આરાધના કેવી રીતે કરવી જોઈએ તે વિષય ઉપર બહુજ સુંદર વિવેચન કર્યું. લગભગ દોઢ વાગે સ્થાન પર પધાર્યા, રોડી સાહેબની શોભા જોઈ આનંદ થયો. નિત્યકર્મ બાકી હોવાથી પટ્ટપૂજન માલાદિ પૂર્ણ કરી રાા વાગે આહારપાણી કર્યા.

રાત્રિનાં અનેક ભાઈઓ આવ્યા અને ધર્મ ચર્ચા થતી રહી. પ્રશ્નોત્તરમાં બહુજ આનંદ આવ્યો. ગુરુદેવે શંકાનું સમાધાન એવી ખૂબીપૂર્વક કર્યું કે બધા ગુરુદેવની વિદ્વત્તાની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા.

પોષ શુદિ દશમીના દિવસે ગુરુદેવે ગુજરાંવાલામાં પ્રવેશ કર્યો. શ્રાવક ભાઈઓ દોઢ બે માઈલથી આવવા લાગ્યા હતા. આચાર્યશ્રીનું સ્વાગત થયું ગુરુદેવ મંદિરજી પધાર્યા થી પા

નાથસ્વામીના દર્શન કરી શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયમાં પધાર્યા. મંગલિક સંભળાવી ધર્મદેશના આપતાં સંઘ પંજાબના કર્તવ્ય વિષે ઉલ્લેખ કરતાં આદેશ કર્યો.

'ગુરુદેવની અર્ધ શતાબ્દિ આવે છે. શ્રી સંઘ પંજાબની જવાબદારી મહાન છે. ગુજરાંવાલા-ધર્મપુરી-તીર્થભૂમિ ગુજરાત-કાઠીયાવાડ-મારવાડ-મેવાડ-રજપૂતાના વગેરેના જૈન બાંધવો-ગુરુભક્તો આવશે. આપણે ગુરુદેવનો વિજય ઘોષ સંભળાવવો છે. શિક્ષણ સંસ્થાઓનું સંગઠન સાધવા શિક્ષણ પરિષદ બોલાવી છે અને જૈન સમાજના સંગઠન અને પુનર્વિધાનના શ્રી ગણેશ માંડવા છે. રચનાત્મક કાર્યદ્વારા સમાજ ઉત્થાન સાધવા પ્રયાસ કરવા છે. તમારી જવાબદારી એ સમજો ઉઠો આજથી જ તેની તૈયારી કરી લ્યો.

એક વાત વિચારવાની છે. મનુ [illegible]

'કૃપાનિધાન ! આજ્ઞા આપો, આશીર્વાદ આપો, અમો બન્ને શ્રી તીર્થાધિરાજ શત્રુંજય જઇએ છીએ ત્યાં સાધ્વીજી ચિત્તશ્રીજી પાસે દીક્ષા અંગીકાર કરવાની ભાવના છે.'

'તમારી ભાવના ઘણી ઉત્તમ છે. તમને તો જાણું છું. તમે દુર્ગાદેવી પણ બીજાં બહેન કોણ છે ?'

'ગુરુદેવ ! જંડીયાલાનિવાસી શાંતાદેવી છે.'

'તમે સુખેથી સીધાવો. અમારા તો હાર્દિક આશીર્વાદ છે. તમારી દીક્ષા દીપાવશો. પંજાબ દેશ, પંજાબી ગુરુભક્તિને ભૂલશો નહિ. તમારા ગુરુણીના ગુરુણીશ્રી દેવશ્રીજીના જેવાં અમર કાર્યો કરશો અને જૈન શાસનને દીપાવશો.'

બન્ને શ્રાવિકાઓએ ગુરુદેવના આશીર્વાદ મેળવ્યા. અહીં બન્નેએ વરસીદાન દીધું તથા નીચેની સંસ્થાઓને સારી રકમ દાન આપી પાલીતાણા માટે રવાના થયા.

૧૦૦૦) શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ પંજાબ–ગુજરાંવાલા.
૧૦૦૦) શ્રી આત્માનંદ જૈન પંજાબી ધર્મશાળા–પાલીતાણા.
૧૫૦૦) શ્રી ગુરૂમંદિર જંડીયાલા.
૨૫૦) શ્રી આત્માનંદ જૈન કોલેજ અમ્બાલા.
૨૫૦) શ્રી સુમવીર આચાર્ય દ્વિતીય ભાગ.
૧૦૧) શ્રી આત્માનંદ જૈન કન્યાશાળા–ગુજરાંવાલા.
૫૦૦) સ્વર્ગવાસી ગુરુદેવની મૂર્તિને માટે.
૧૦૦) શ્રી તીર્થંકર ભગવાનની મૂર્તિને માટે.
૨૫૦૦) સ્યાલકોટ મંદિર ચાંદીનું પારણું તથા ચૌદ સ્વપ્ન માટે.

કંઠી એક સોનાની શ્રી પાર્શ્વનાથ સ્વામીના મંદિરમાં
કંઠી એક સોનાની શ્રી વાસુપૂજ્ય સ્વામીના મંદિરમાં
(સમાધિમંદિર)

બે લોકેટ સોનાના સદરના મંદિરને માટે.

આજે ચતુર્દશી હતી. વ્યાખ્યાનમાં ગુરુદેવે બન્ને [illegible] બહેનોને ઉદ્દેશીને પરમ વૈરાગ્યમય ઉપદેશ આપી કહ્યું કે પંજાબી બહેનો તો સરલ હૃદયની છે. વળી બહેનોને વૈરાગ્ય થયો છે અને તે આનંદની વાત છે. તમે [illegible] તેમ પ્રવર્તિની શ્રી દેવશ્રીજીએ ગુરુકુલ ગુજરાંવાલા માટે [illegible] રૈના પ્રયાસો કરી આખે ગામમાંથી સારો એવો ફાળો [illegible] જ્ઞાન-પ્રચારનું ઉત્તમ કાર્ય કર્યું છે. જૈન સમાજની [illegible] સમાજમાં તેમનું કાર્ય ઘણું જ મહત્ત્વનું છે એટલું જ નહિ પણ તેમની શિષ્યાઓમાં જ્ઞાન-ધ્યાન-તપશ્ચર્યા તથા [illegible] [illegible] જોઈને આનંદ થાય છે.

[illegible]

ગુરુદેવનો સંદેશ મેં સાંભળ્યો અને મને આત્મસંતોષ છે કે ગુરુદેવના કાર્યોને વેગ આપવામાં મેં યથાશક્તિ પ્રયાસો કર્યા છે. આવતી કાલનો રખેવાળ હું શોધું છું. ગુરુદેવનો વારસો મેં આજ સુધી સંભાળ્યો તે વારસો હવે કોઈ શક્તિ-શાળીને આપવો રહ્યો.

એવો શક્તિશાળી આત્મા જાગી ઊઠે તો પંજાબને સંભાળે અને તેને નવચેતન અને નવીન પ્રાણ આપી ગુરુદેવનો લીલમ-ીલો ગુલશન બનાવી દે. ત્યારે જ મારા આત્માને શાંતિ થશે, ાનંદ થશે.

ગુરુદેવની અમૃતવાણી સાંભળી સભા મુગ્ધ થઈ ગઈ. ગુરુ-ના જયઘોષથી ઉપાશ્રયની દિશાએ દિશા ગુંજી ઊઠી. ગુરુ-ની અમર ભાવના માટે ગુજરાંવાલાના આબાલવૃદ્ધ નાચી ા. ધન્ય ગુરુદેવ, ધન્ય ગુરુદેવ.



રોમાંચક કહાણી.

"ગુરુદેવ ! હિંદને સ્વરાજ્ય તો મળ્યું પણ દેશના ભાગલા થયા તે વખતુ પંજાબને માટે તો ભારે ખત[illegible] નીવડ્યો." એક પંજાબી ગૃહસ્થે દુઃખની વાત કરી.

"ભાઈ ! જ્યારથી ભાગલાની વાત સાંભળી છે ત્યારથી [illegible] પણ ભારે વિમાસણ થઈ રહી છે. પંજાબની એકતા, પંજાબની [illegible], પંજાબની કર્તવ્યતા અને પંજાબની ધાર્મિકતાનું શું? [illegible] ઐતિહાસિક મંદિરો, ભવ્ય પ્રભાવિક મૂર્તિઓ, [illegible]

[illegible]

[illegible]

"શાહજી! હિંદુસ્તાનમાં મુસલમાનો તો રહેશે ને?

"ગુરુદેવ! હિંદુસ્તાનમાં હિંદુઓ સાથે મુસલમાનો શકશે પણ અમને ભય છે કે પાકીસ્તાનમાં હિંદુઓ સ સલામત નહિ રહી શકે. હજી તો ભાગલાની વાતો ચાલે ત્યાં જ મુસલમાન લોકો ઉશ્કેરાયેલા જણાય છે."

"પાકીસ્તાન સરકાર તો હિંદુઓ-શીખો વગેરેની રક્ષ માટે પ્રબંધ કરશે ને?"

"પ્રબંધ કરવો તો જોઇએ પણ શું થશે તે કહેવાય નહિ? સત્તાનો મદ જુદી વસ્તુ છે."

હિંદુસ્તાનના બે ભાગલા થયા. જે રાત્રે હિંદ સંઘના સૂત્રધારો સ્વતંત્રતાનો ઉત્સવ ઉજવતા હતા. ગામે ગામ શહેરે-હેર આબાલવૃદ્ધ, હિંદુ-મુસલમાન-શીખ-પારસી-ઇસાઇ રંગી ઝંડાને વંદન કરી સ્વતંત્રતાની ઘોષણા કરી દેશના ાનમાં સર્વસ્વ સમર્પણ કરવા કટિબદ્ધ થઇ રહ્યા હતા. તે કાળરાત્રિએ પાકિસ્તાનના હિંદુ શીખ ભાઈબહેનો ચિંતાગ્રસ્ત હતા. ગામે ગામ અને શહેરે શહેરમાં ગુંડાઓએ તોફાનો કરવાની જાળ બીછાવી હતી, લૂંટ, આગ અને છુરાબાજીના બનાવોથી હિંદુ પ્રજા ભયગ્રસ્ત હતી. લઘુમતિ કોમોના રક્ષણની માત્ર વાતો જ હતી. વાતાવરણ જ એવું તંગ બની ગયું હતું કે કોઇના જીવને શાંતિ નહોતી. હિંદ સંઘે પણ આ પરિ-સ્થિતિની કલ્પના કરી નહોતી. સમગ્ર દેશની અંધાધુંધીને હોંચી વળવું મુશ્કેલ હતું.

× ×

"ગુરુવર્ય ! સમાધિમંદિરને આગ લગાડવામાં આવી છે, ચારે તરફના બારીબારણાં તૂટી પડ્યાં છે. હું અને મારી [illegible] માંડમાંડ બચીને આવ્યા છીએ." પૂજારીએ [illegible] વાત કરી.

"મારી શંકા સાચી પડી. આખી રાત્રે મને નિદ્રા જ નહીં આવી. ગુરુદેવના સમાધિમંદિરની જ મને ચિંતા થતી [illegible] થયું પણ તેમજ. ગુરુ સમાધિમંદિરની શું સ્થિતિ છે ?" આચાર્યશ્રીએ પોતાની ચિંતા વ્યક્ત કરતાં પૂછ્યું.

"ગુરુદેવ ! હજી સમાધિમંદિર તો સુરક્ષિત છે ત્યાં સુધી ગુંડાઓ આવી શક્યા નથી."

"[illegible] શું આવી જ હાલત છે ?"

"ગુરુદેવ ! [illegible]"

ને પણ સમય નહોતો. તંગ વાતાવરણ
રાત્રિ સમુદાયની સલામતી માટે

શાંતિથી પૂરાં થશે કે કેમ તે પણ
ણ પૂરાં થયાં અને મુંબઇ તથા દેશા-
આંદોલનથી હિંદ સંઘનું સ્થાનાંતરણાનું
અમારા પૂજ્ય આચાર્ય અને સાધુ-સાધ્વી
ળસેડો. 'ના નાદથી તેમજ મુંબઇથી આવેલ
ફતેહચંદ બેલાણીની જહેમતથી આચાર્યશ્રીને
વાને લઇ જવા માટે આંદોલનો શરૂ થયાં.

× ×

ઈ હંસસાગરજી મહારાજ, ભાઇઓ અને બહેનો,
ની ભાષા નથી જાણતો. નથી હિંદી જાણતો. પણ
ભાષામાં બે શબ્દો કહું છું તે શાંતિથી સાંભળશો.
મારા ભારે પ્રયાસથી અને જહેમતથી અમે ગુજરાંવાલાના
સવાસો ભાઈઓ અમૃતસર સહીસલામત આવ્યા તે માટે
ને તો શું પણ અમારાં બાલ-બચ્ચાં પરિવાર આપના સદાના
ી રહેશે. ગુરુ મહારાજ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
અમારા તારણહાર છે. તેમણે ત્રણ ત્રણ વખત સમુદાય
ા જવાની સાફ ના કહી. અમારી રક્ષા કરવા તેઓએ ભારે
ર્યા કરી છે. જ્યારે જ્યારે અમારા ઉપર આક્રમણ થતું
તેઓના પુણ્ય પ્રતાપે અમે બચી ગયા છીએ. ગુરુદેવે
ને છોડીને, પણ જવાની કલ્પના નથી કરી. વિશેષ તો
ા ભાઈ લજી કહેશે."

પંજાબી ભાઈના ગોડીજીની સભાના આ વચનો [illegible] પણ યાદ આવે છે ને રોમાંચ થાય છે. જૈન સમાજ અને [illegible] વાત્સલ્યનું રહસ્ય તથા જૈન આચાર્યની પોતાના સમુદાય માટેની કર્તવ્યનિષ્ઠા વગેરે જાણીને મસ્તક નમી પડે છે.

બાબુ પ્યારેલાલજીએ સ્થાનાંતરની જે કથા કહી છે [illegible] વાચકોને ભેટ કરતાં આનંદ થાય છે.

ભાદરવા શુદ ૮ સોમવાર તા. ૨૨-૯-૪૭ ના [illegible] અમૃતસરથી ત્રણ મોટર ટ્રક મુનિરાજને લેવા આવી [illegible] પંડિતોએ [illegible] વિના જવાની ના કહી અને તે પછી [illegible] પાછું આવ્યું. ભાદરવા શુદ ૧૧ શુક્રવાર તા. ૨૬-૯-૪૭ ના રોજ અમૃતસરથી ૧૫ ટ્રક આવી. તેના [illegible] કહ્યું કે તમારા જૈન સમાજે અમારા [illegible] છે અમારા [illegible] [illegible]

[illegible]

ટોળાં આવ્યાં. કોઈ સામાન મૂકાયો ને કોઇ કોઇ તો એ ઉઠાવી ગયા. વીસ પચીચ હજારનો સામાન તો લૂંટાઈ ગયો. જિનેશ્વર ભગવાનની મૂર્તિઓ કેટલીક તો ભંડારી દીધી હતી. કેટલીક અમે સાથે લીધી. દહેરાસરના દાગીના વગેરે પણ સાથે લીધા. તોફાનમાંથી પસાર થઇ અમે ગુરુકુળ પાસે આવ્યા. અમારી પંદર ટ્રકોને જોઇને મુસલમાનનું બે હજારનું ટોળું નહેર પાસે જમા થઈ અમને લૂંટવા માટે રાહ જોઇ બેઠું. અમને પણ તેના સમાચાર મળી ગયા. અમારી ટુકડીના કેપ્ટને દુરબીનથી પરિસ્થિતિ જોઇ. ખરેખર હથિયારબંધ ટુકડીઓ સજ્જ હતી. ..ફાનની ભયંકરતા જણાવીને ત્યાં રોકાઈ જવાનું કહ્યું. અમે સો ટ્રકોમાંથી નીચે ઉતર્યા પણ ગુરુદેવના પ્રતાપે અને કુદ. રતની પ્રેરણાથી, બસો માણસની એક મીલીટરી અચાનક બીજે રસ્તેથી જતી હતી, તે વળી અમારી તરફ આવી પહોંચી. વાત આશ્ચર્યકારક બની. એ મીલટરીના કેપ્ટન શીખ હતા. તે કુટુંબ સહિત જતા હતા. તેની પત્નીએ ગુરુમહારાજને દૂર ઉભેલા જોયા અને તેણે જ પોતાના પતિ શીખ સરદારને કહ્યું કે 'આ તો જૈનગુરુઓ છે. તેમનો આચાર ઉત્તમ હોય છે. તેઓ મુસીબતમાં જણાય છે, તો આપણે બની શકતી મદદ કરવી જોઇએ, આથી તે સરદાર મીલીટરી સાથે ત્યાં આવ્યા. તેમણે પંદર ટ્રકો કેમ અટકી છે તે પૂછ્યું. અમારા કેપ્ટને તથા બીજા ભાઈઓએ મુસલમાન તોફાનીઓ નહેર પાસે છુપાયેલા છે તે વાત કરી. તે સરદારે પોતે હીંમતથી કહ્યું ગુરુમહારાજ તથા તમે બધા જલ્દી તૈયાર થઈ ચાલો. હું તમને બધાને સલામત પહોંચાડીશ. તોફાનની કશી ચિંતા ન કરશો. મારી પાસે બધી સાધન સામગ્રી છે.

સાધ્વી દેવશ્રીજી જે વયોવૃદ્ધ તથા અંતિમ સ્થિતિમાં હ[illegible] તેમને અમે ખભા ઉપર લઈને ટ્રકમાં બેસાડ્યા. ગુરુદેવ[illegible] જયકાર બોલી અમે ગુજરાંવાલાના અશ્રુપૂર્ણ આંખે અંતિ[illegible] દર્શન કરી ચાલી નીકળ્યા. અમારી [illegible] તો આજે પણ એટલું જ થઈ રહ્યું છે.

એ બહાદુર જવાંમર્દે પોતાની પાસેની બંદૂકો-તલવાર વગેરેથી એવો તો સામનો કર્યો કે તોફાની ટોળામાં નાસ[illegible] થઈ રહી અને અમારી ટ્રક સહીસલામત એ તોફાની [illegible] માંથી બચી ગઈ. અને સપાટાબંધ લાહોર પહોંચી ગઈ.

શીખ સરદાર આચાર્યશ્રીની રજા લેવા આવ્યા. આ[illegible] [illegible] તેઓને ધન્યવાદ આપ્યો અને ધર્મલાભ આપી [illegible] [illegible] શીખ સરદારે તો પોતાની મહાન ફરજ બજાવ[illegible] [illegible] માટે તથા આપ જેવા ગુરુદેવના [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

રેશન મળ્યું. દાળ અને બબ્બે રોટી બધાએ ખાઇને ભૂખને સંતોષી. અમે બધા જરા શાંતિથી બેઠા હતા. ત્યાં રાવી લાઈન તૂટ્યાની ખબર આવી અને વાયરલેસથી સંદેશો આવ્યો કે ભલે રવિવાર હોય, જૈન ગુરુઓને જલ્દી લઈ આવો, તા. ૨૮–૯–૪૭ ને રવિવારની સાંજના ૪–૩૦ કલાકે અમારી પંદરે ટ્રકો અમૃતસર જવા ઉપડી. જુલાદે નામના ગામમાં બધાની તલાશી થાય છે. પાકીસ્તાન અને હિંદુસ્તાનની જ્યાં હદ આવે છે ત્યાં ખૂબ બારીકાઈથી તપાસ થાય છે. ગુરુ-મહારાજના પ્રભાવે અમારી ટ્રકોને જવા દીધી. કોઇનું કશું તપાસવામાં આવ્યું નહિ. અહીં પણ કદાચ વાયરલેસ આવી ગયો હશે કે જૈન ગુરુઓની ટ્રકોને સહીસલામત જલ્દી રવાના કરો. રવિવારની રાત્રે ૮ા વાગે અમૃતસર પહોંચ્યા. અમૃતસરમાં તો રાત્રે કરફ્યુ હતો. અમે આખી રાત અમૃતસર બહાર જંગલ જેવા શરીફપુરામાં રહ્યા. ગુરુદેવ કહે સારૂં થયું. આજે અમૃતસરમાં પેસવાનો સામો કાળ હતો. સવારના અમૃતસર શહેરમાં પહોંચી ગયા. અમારા સમાચાર સાંભળી ત્યાંના ભાઈઓ દોડ આવ્યા. એવી પરિસ્થિતિમાં ગુરુદેવનું સ્વાગત કર્યું. ગુરુદેવન દર્શન કરી બધા ભાઇબહેનોને હર્ષાશ્રુ આવી ગયા. ગુરુદેવના જયઘોષથી દિશાઓ ગુંજી ઊઠી.

'ભાઇઓ!' ભાઇ પ્યારેલાલજીએ વિશેષ કહ્યું. ગુરુદેવ અમારા સર્વસ્વ છે. ગુરુદેવ ગુજરાંવાલામાં ન હોત તો અમારું શું થાત એ પ્રશ્ન છે. આથી અમારા માટે અમારાં બાળબચ્ચાં માટે, અમારા પરિવાર માટે એવું મોટું ધર્મઋણ થયું છે કે અમે તે ક્યારે અને કેવી રીતે ચૂકાવી શકશું. ગુરુદેવની

માટે નહિ પણ ભક્તિપૂર્વક મને કહેવા દયો કે ગુરુદેવે મહાન આચાર્યશ્રી આત્મારામજી મહારાજના વચનને માન [illegible] પંજાબની ખરેખરી રક્ષા કરી છે. ગુરુદેવનું ત્યાગી, તપસ્વી ઉચ્ચ જીવન અમારે માટે પ્રેરણા સમાન છે. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી અમારા જૈન સમાજના સાચા રાહબર અને પરમ કલ્યાણ સાધક આદર્શ ગુરુદેવ છે. ગુરુદેવ જુગજુગ જીવે!

[illegible] શાસનદીપક શ્રીમદ્ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી, [illegible] [illegible] [illegible] તથા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]





આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી

ભવ્ય જિનપ્રાસાદ તથા સુંદર ઉપાશ્રય છે. ૧૨૦ જેટલા ઘરો છે. પંજાબમાં વિશેષ વસ્તી ગુજરાંવાલામાં છે. ગુજરાંવાલાનું સંગઠન, ગુરુભક્તિ અલૌકિક છે. સાચે જ તે ધર્મપુરી છે.

પણ આ બધાં પાકીસ્તાનમાં જતાં હોવાથી આપણા ચરિત્ર-નાયકનો પંથ વિશેષ મુશ્કેલ છે.

સમયના જાણકાર, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવનો વિચાર કરનાર, પ્રભુ આજ્ઞાને પહેલું મહત્વ આપનાર, વડીલ-ગુરૂવર્યોની આજ્ઞા શિરોધાર્ય માનનાર, નાના સાધુ પાસેથી પણ ગુણ ગ્રહણ કરનાર, વિરોધી પાસેથી પણ સાર સમજનાર, પોતાનું આત્મનિરીક્ષણ વારંવાર કરનાર આપણા ચરિત્રનાયકનું જીવનરહસ્ય, જીવનકાર્ય, જીવનધ્યેય અને જીવનદષ્ટિ આપણે આપણા જીવનમાં ઉતારીએ તો આપણું કલ્યાણ થઈ જાય.

તેઓશ્રીના અંતરમાં સમાજજાગૃતિ માટેની જે ધગશ-ધગે છે, જ્ઞાનપ્રચારની જ્યોતિ તેમના હૃદયમાં જગે છે, ધર્મ પ્રચારની જે આગ તેમના હૈયામાં સળગે છે, શાસન ઉન્નતિ માટે જે આતશ તેમની નસેનસમાં ભભૂકી રહ્યો છે. તે આપણે તેઓશ્રીના જીવન-કાર્યમાં જોઇ શકીએ છીએ.

સમાજના કલ્યાણ માટે, જગતની શાંતિ માટે, ગામે ગામના સંઘના સંગઠન માટે, સંઘે સંઘની ઉન્નતિ માટે, દુઃખીના દુઃખ દૂર કરવા કાજે, માર્ગ ભૂલેલાને 'ઉપદેશામૃતનું પાન કરાવી સન્માર્ગે વાળવા માટે, સમાજના અંગેઅંગના સર્વતોમુખ વિકાસ જોવાની મહેચ્છા દ્રષ્ટિએ ગામેગામ, દેશેદેશ, જંગલે જંગલ, દૂર દૂરના પ્રદેશોમાં વિચરી હિંદુ-મુસલમાન, ઇસાઇ, શીખ, આર્યસમાજી, જાટ, જૈન-અજૈન બધાને જૈન ધર્મનો

સત્ય–અહિંસા, દયા, બ્રહ્મચર્ય–તપશ્ચર્યાનો સંદેશ સંસારે કેટકેટલું સાધી શકયા છે, કેટલું સાધી રહેલ છે, [illegible] સાધવાની આ વયોવૃદ્ધ ઉંમરે પણ ભાવના સેવે છે તે [illegible] તો હૃદય નાચી ઊઠે છે. અંતરના તારે તારને [illegible] લહરીઓથી રણઝણાવી મૂકે છે. ભકતજનોના [illegible] અમૃતના સાગરમાં અંઘોળ કરાવીને પુલકિત કરી મૂકે છે

ગુરુવર્યના મંગળ આદર્શો, તપસ્વી જીવન, [illegible] કામના, સર્વજન મંગળકારી ભાવના, જીવનની મંગલ [illegible] અદમ્ય ધૈર્ય, આત્માની નિરંતર જાગૃતિ, સતત [illegible] શાન્તિ ધર્મ દષ્ટિ, વિધિ બંધુત્વ પુનઃ પુનઃ વંદના [illegible] છે. આપણા ચરિત્ર નાયક પામરતા હટી ત્યાં પ્રમાદ [illegible] પાપ-પતનને પુણ્ય પંથે દોરીને, કુસંપને સંપ અને સંગઠન [illegible] [illegible]ને, [illegible] આત્મસમર્પણમાં પલટાવીને, [illegible] [illegible] અનાવીને અને અપ્રકાશમાંથી પ્રકાશ [illegible] [illegible], જૈન [illegible], જૈન જાગૃતિ, જૈનધર્મ અને જૈન [illegible] [illegible]. [illegible] [illegible] પૂર્ણ [illegible]

આચાર્યશ્રીના સ્વર્ગસ્થ શિષ્યરત્નો



[illegible]

પિતા તેમને સમજાવી–મનાવી પાછા લઈ આવ્યા. પણ તેમનું મન તો દીક્ષા માટે તડપતું હતું. તેમણે એક દિવસ અમદાવાદના શેઠ સવચંદભાઈ લાલચંદને પોતાની દીક્ષાની ભાવના જણાવી. તેમણે ડાહ્યાભાઈને શ્રી આત્મારામજી મહારાજ પાસે દીક્ષા લેવાની સલાહ આપી અને તે માટે તેમને શ્રી કાન્તિવિજયજી મહારાજની પાસે આબૂ મોકલ્યા.

શ્રી કાન્તિવિજયજી મહારાજે તેમને પંજાબમાં મોકલ્યા. ડાહ્યાભાઈ પંજાબમાં આપણા ચરિત્રનાયક શ્રી વલ્લભવિજયજી મહારાજ પાસે પહોંચ્યા. તેમણે પોતાની દીક્ષાની ભાવના પ્રગટ કરી. મહારાજશ્રીએ તેમના પિતાને રજીસ્ટર પત્રથી સૂચના આપી કે ડાહ્યાભાઈ અમારી પાસે દીક્ષા લેવા આવ્યા છે. તેમના સાસરા શ્રી છગનલાલભાઈ, તેના મોટાભાઈ મૂળચંદભાઈ તથા એક બીજા ભાઈ એમ ત્રણ ભાઈઓ જંડિયાલા પહોંચ્યા. ડાહ્યાભાઈને અમદાવાદ આવવા માટે ઘણું ઘણું સમજાવ્યા પણ તે તો દીક્ષા લેવા માટે મક્કમ વિચારના હતા. છેવટે તેઓએ કોર્ટનો આસરો લીધો, મેજીસ્ટ્રેટે તેમને બોલાવ્યા અને પુછગાછ કરી પણ ડાહ્યાભાઈની દૃઢ ભાવના જોઈને તથા ઉમરલાયક હોઈને ઇચ્છાનુસાર વર્તવા રજા આપી. છેવટે સં. ૧૯૪૮ ના માગશર વદ પાંચમના દિવસે તેમને પટ્ટીમાં દીક્ષા આપી, તેમનું નામ વિવેકવિજયજી રાખવામાં આવ્યું. તેઓ ઘણા શાન્ત, ધર્મપરાયણ તથા ગુરુભક્ત હતા. આત્મસાધના સિવાય તેઓ બીજી કોઈપણ બાબતમાં પડતા ન હતા. તેઓ તપસ્વી તેમજ વિદ્વાન હતા. તેઓ સં ૨૦૦૧ માં તેમની જન્મભૂમિમાં કાળધર્મ

હાલમાં વિચરતા ચરિત્રનાયકના પટ્ટપ્રભાવક આચાર્ય [illegible] આચાર્યશ્રી વિજયઉમંગસૂરિજી તેમના (શ્રી વિવેકવિજયજીના) શિષ્ય છે.

ઉપાધ્યાય શ્રી સોહનવિજયજી.

જમ્મુ (કાશ્મીર)ના રહીશ ભાઈ વસંતામલનો [illegible] ઓસવાળ કુટુંબમાં થયેલો. વૈરાગ્ય ભાવનાથી પહેલાં [illegible] વાસી સંપ્રદાયમાં સમાના (પતિયાળા)માં દીક્ષા લીધી [illegible] પણ ત્યાં શાંતિ ન મળી. તેઓ ગુરુદેવની પાસે [illegible] તેમના દર્શનથી તથા વાતચીતથી તેમને શાંતિ [illegible] દેવનું [illegible] તેઓ મુગ્ધ થયા. તેઓને ગુજરાત [illegible] આવ્યા. આચાર્યશ્રીના શિષ્યરત્ન શ્રી લલિતવિજયજી [illegible] [illegible]



સ્વ. પૂજ્ય ઉપાધ્યાય શ્રી સોહનવિજયજી મહારાજ

હોદય પ્રેસ—ભાવનગર.

હિન્દુ કે મુસલમાન, બ્રાહ્મણ કે ક્ષત્રિય, રાજા કે રંક એક વખત તેમના સમાગમમાં આવતા, તેમનાં પ્રભાવશાળી વ્યાખ્યાનો સાંભળતા, તે તરત જ તેમના ભક્ત બની જતા. હિન્દુ-મુસલમાન બધાએ તેમના ગુણ ગાયા છે. અરે કસાઈ-ભાઈઓએ પણ બહુ જ આદરભાવપૂર્વક માનપત્ર સમર્પણ કરીને શ્રદ્ધાનાં ફૂલોથી તેમનું સન્માન કર્યું હતું એ કેટલું ગૌરવશાળી ગણી શકાય ?

તેઓ અનન્ય ગુરુભક્ત હતા. ગુરુ આજ્ઞા શિરોધાર્ય કરવામાં તથા ગુરુદેવના કાર્યને પાર પાડવામાં તેઓ કષ્ટોની પણ પરવા નહોતા કરતા.

જ્યાં જ્યાં તેઓ ગયા, જે જે ક્ષેત્રોની તેમણે સ્પર્શના કરી, જ્યાં જ્યાં ઉપદેશનો પ્રસંગ આવ્યો ત્યાં ત્યાં આપણા ઉપાધ્યાયજીએ સંઘ સમસ્તના અને તે દ્વારા જૈન સમાજના કલ્યાણના કાર્યો કર્યાં છે.

કુસંપ હોય ત્યાં સંપ કરાવ્યો, નાનાં નાનાં ગામોમાં જૈન ધર્મની પ્રતિષ્ઠા વધારી સમાજના કુરિવાજો વિષે ખુલ્લં-ખુલ્લા નીડરતાથી વ્યાખ્યાનો આપ્યાં. સંસ્થાઓ સ્થાપન કરવા સ્થળે સ્થળે પ્રયાસો કર્યા. જૈન જૈનેતરોને પોતાના વિચારોથી મુગ્ધ કર્યા. સમાજની જાગૃતિ અને ઉત્થાનના સ્વપ્ન સેવનાર અને તે માટે અહોનિશ પ્રયત્ન કરનાર એ વિરલ આત્માને ધન્ય છે.

પંજાબ ગુરુદેવનો મનોહર ગુલશન હતો. એ બગીચાને સુરમ્ય બનાવવાના કોડ આપણા ઉપાધ્યાયજીને હતા, તેથી

પંજાબના જૈન સમાજને ઉન્નતિના પંથે વાળ્યા, મહા[illegible] નાશ કરવા, કુરિવાજોને દૂર કરવા, શિક્ષણનો પ્રચાર [illegible] તથા પંજાબના સમસ્ત સમાજના અંગેઅંગમાં પ્રાણ [illegible] નવચેતન જાગે તે દૃષ્ટિએ ઉપાધ્યાયજીના પ્રયાસથી ગુ[illegible] વાલામાં શ્રી આત્માનંદ જૈન મહાસભાની સ્થાપના કર[illegible] આવી હતી.

શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ-પંજાબની યોજનામાં [illegible] ગુરુદેવને ઉપાધ્યાયજીનો પૂરો સાથ હતો.

આજે એ ધર્મવીર-કર્મવીર ઉપાધ્યાય નથી. તેની [illegible] પણ ખોટ પડી છે. પણ તેઓશ્રીની સાધુજીવનની [illegible] અનન્ય ગુરુભક્તિ, તેમનો વિનમ્ર સ્વભાવ, પંજાબના [illegible] માટેનો [illegible] અને તેમનાં કાર્યો આજે પણ જીવંત છે.

ઉપાધ્યાયજીના શિષ્યોમાં મુનિશ્રી [illegible]વિજયજી [illegible] શ્રી [illegible]વિજયજી અને મુનિશ્રી [illegible]વિજયજી [illegible] માન છે [illegible] શ્રી [illegible]વિજયજી મહારાજ આજ [illegible]

[illegible] મહારાજ

[illegible]



તપસ્વી શ્રી વિદ્દમવિજયજી મહારાજ.



હતું. સ્વભાવે શાંત, મીલનસાર અને પરગજુ હતા અને મૂળથી પોતાના જીવનનો અમૂલ્ય સમય ધર્મકાર્યમાં વ્યતીત કરતા. તેમના પત્નીનું નામ ચંદનબાઈ હતું જેનાથી તેમને બે સંતાન પુત્ર ભાઈ પોપટલાલ અને પુત્રી લાડુબાઈ થયાં. તેમનાં પત્નીનું સંવત ૧૯૬૯ ની સાલમાં સુવાવડમાં અવસાન થવા છતાં વૈરાગ્યપૂર્ણ વિચારવાળા ગીરધરલાલભાઈએ ફરીથી લગ્ન ન કર્યાં.

સં. ૧૯૮૨ ની સાલમાં આચાર્ય મહારાજશ્રી વિજયલલિતસૂરિજીનું (તે વખતે પંન્યાસ) ચોમાસું પાલણપુર શહેરમાં થયું. તેમની વૈરાગ્યપૂર્ણ વાણી સાંભળીને અને ગીરધરલાલભાઈને આ અસાર સંસાર પરથી વિરક્ત ભાવ ઉત્પન્ન થયો અને સાધુજીવન જીવવાની ઈચ્છા પોતાના કુટુંબીજનોને જણાવી. કુટુંબીજનો તેમના સ્વભાવથી પરિચિત હતા અને તેમનો દૃઢ નિશ્ચય જોઈને પ્રફુલ્લ મને રજા આપી, અને સંવત ૧૯૮૩ ના કારતક વદ ૫ ના રોજ ખૂબ ધામધુમથી પાલણપુર શહેરમાં તેમનો દીક્ષા મહોત્સવ ઉજવવામાં આવ્યો અને તેમનું નામ વિક્રમવિજયજી રાખવામાં આવ્યું અને આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. તેમને વડી દીક્ષા બીજોવા(મારવાડ)માં આપવામાં આવી.

દીક્ષા ગ્રહણ કર્યા પછી તેમને પોતાના આત્માના કલ્યાણ તરફ જ લક્ષ સેવ્યું અને ઉગ્ર તપશ્ચર્યા આદરી. તપશ્ચર્યા દરમ્યાન તેમને અવારનવાર સખ્ત માંદગી ભોગવવી પડી, પરંતુ પોતાના નિશ્ચયમાં તેઓથી મેરૂપર્વતની

રહ્યા અને ગમે તેવા કપરા સંજોગોમાં પણ પોતાના [illegible] કદીપણ ઊણપ આવવા દીધી નહિ. પોતે શિષ્ય [illegible] મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના હોવા છતાં તેમ[illegible] પોતાના દીક્ષાપર્યાયનો અમૂલ્ય સમય આચાર્યમહારાજ[illegible] વિજયલલિતસૂરીશ્વરજીની સેવામાં વ્યતીત કર્યો. [illegible] સ્નેહની એક એવી ગાંઠ હતી કે બન્ને [illegible] જુદા ગયા [illegible] ન હતા આટઆટલી [illegible] કરવા છતાં આચાર્ય મહારાજશ્રી વિજયલલિતસૂરિ[illegible] તેમણે કદી કોઈપણ પ્રકારે ઊણપ આવવા દીધી ન [illegible] તેઓશ્રી જે પ્રકારે સેવા ઉઠાવતા તે આજે પણ [illegible] મનમાં [illegible] છે.

[illegible]



યુગવીર આચાર્યના જીવન ચરિત્ર માટે દાન આપનાર ગુરૂદેવના ભક્તો નો ટૂંક પરિચય.

શ્રી શેઠ સકરચંદ મોતીલાલ મૂળજી

આપણા ચરિત્રનાયક ગુરૂદેવ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પરમ ભક્ત દાનવીર શેઠ મોતીલાલ મૂળજીના સુપુત્ર શેઠ સકરચંદભાઇ પણ તેવા જ ગુરૂભક્ત છે.

તેઓ જૈન સમાજની ઘણીખરી સંસ્થાઓના પ્રમુખ અને ટ્રસ્ટી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટી છે, મુંબઇ જૈન દવાખાનાના પેટ્રન, ટ્રસ્ટી તથા પ્રમુખ છે. પાલીતાણા યશોવિજયજી જૈન ગુરૂકુળના ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી છે. શ્રી આત્માનંદ જૈન સભા મુંબઇના પેટ્રન અને માજી પ્રમુખ, શ્રી જીવદયા મંડળીના પેટ્રન અને વ્યવસ્થાપક સમિતિના સભ્ય છે.

શ્રી શંખેશ્વરજી તીર્થમાં જૈન ભોજનશાળાને સારા પાયા ઉપર મૂકવા માટે જાતે જહેમતથી સંપૂર્ણ રસ લઇને સારું એવું ફંડ ઊભું કર્યું છે. અને તે ખાતાનો વહીવટ પોતે જાતે દેખરેખ રાખીને સુંદર રીતે ચલાવે છે. રાધનપુરમાં તેઓશ્રીના પિતાશ્રી દાનવીર શેઠ મોતીલાલ મૂળજીના નામથી જૈન દવાખાનું, જૈન પ્રસૂતિગૃહ, દરેક કોમ માટેનું સદાવ્રત, સ્કોલરશીપખાતું વગેરે સુંદર રીતે ચલાવે છે.

મુંબઇ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તથા અંબાલા જૈન કોલેજ અને હાઇસ્કૂલમાં તેઓએ સારી રકમની મદદ કરી છે.

ગુજરાનવાલામાં શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ માટે તેમના પિતાશ્રી શેઠ મોતીલાલ મૂળજીના સ્મરણાર્થે રૂા. ૨૫૦૦૦ આપ્યા છે.

તેમના પૂજ્ય પિતાશ્રીએ રાધનપુરની તેમના [illegible] માટે રૂા. ત્રણ લાખનું ફંડ કરવું હતું તેમાં તેમના [illegible] મણિભાઈ તથા રા. શ્રી સારચંદ ભાઈએ વધારો કરી રૂ. [illegible] કર્યું છે અને તેનું વ્યાજ વપરાય છે.

આ ઉપરાંત [illegible]

આ [illegible] ઉપદેશથી [illegible] તેમણે [illegible] છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]



ધાંગધ્રા નિવાસી
શ્રી પુરૂષોતમદાસ સુરચંદ.





સાદડી-(મારવાડ) નિવાસી
શા. ચંદનમલજી કસ્તુરચંદજી

જૈન ગુરુકુલ પાલીતાણાને રૂા. ૨૦૦૦, ગુજરાનવાળા ગુરુકુળ તથા અંબાલા કોલેજને રૂા. ૨૦૦૦, સાહિત્ય ગ્રંથો માટે રૂા. ૫૦૦૦ ઉપરાંત અનેક નાના મોટા કામોમાં તેઓનો દાનપ્રવાહ ચાલુ છે. આ રીતે તેઓશ્રીએ રૂા. એક લાખ જેટલી રકમ જૈન સમાજના ઉત્કર્ષ માટે આપી છે. તેઓશ્રીનો દાનપ્રવાહ આવાં જ કલ્યાણકારી કાર્યો માટે ચાલુ રહો એ જ અભ્યર્થના.

શેઠ મૂલચંદજી છજમલજી

સમાજસેવક, દાનવીર, ધર્મનિષ્ઠ શ્રીમાન્ શેઠ મૂલચંદજી ગોડવાડ પ્રાન્તના નહિ પરંતુ રાજપૂતાનાના જૈન સમાજમાં એક સુપ્રસિદ્ધ વ્યક્તિ ગણાય છે. આપનો જન્મ વિ. સં. ૧૯૩૦ માં સુરત જીલ્લાના મોટા નામના એક નાના ગામમાં થયો હતો. નાનપણથી જ આપનામાં ધર્મના સુંદર સંસ્કારો પડ્યા હતા.

સમાજમાં ધનિક સજ્જનોનો અભાવ નથી પણ આપનું જીવન ઘણી રીતે વિશિષ્ટ પ્રકારનું હતું. સુસંપન્ન હોવા છતાં ચંચળ લક્ષ્મીનું અભિમાન કદી તેઓએ કર્યું નથી. આપ ત્યાગ તથા સાદગીની સાક્ષાત મૂર્તિ છે. ગરીબ, અમીર, નાના મોટા બધાની સાથે એક જ જાતનો વ્યવહાર રાખવાની તેઓની પ્રકૃતિ પ્રશંસનીય ગણાય.

આપની દાનશીલતા સમાજના ધનિકોને માટે એક આદર્શ દૃષ્ટાંત છે. આપશ્રીએ કેટલીક સાર્વજનિક તથા કેટલીક સામાજિક સંસ્થાઓમાં અતુલ ધનરાશિનું દાન કરેલ છે. શ્રી આત્માનંદ જૈન વિદ્યાલય સાદડીને રૂા. ૨૦૦૦૦) સાદડીના ન્યાતી નોહરાને રૂા. ૫૦૦૦) આણંદજી કલ્યાણજીની પેઢીની ધર્મશાળાને માટે રૂા. ૩૫૦૦૦) તથા શ્રી પાર્શ્વનાથ વિદ્યાલય વરકાણાને માટે રૂા. ૨૦૦૦૦) ના દાન વિશેષ ઉલ્લેખનીય છે.

આપની આ દાનશીલતાની અસર આપના ભાઈઓ, ભત્રીજાઓ પર પણ ઘણી સારી પડી જણાય. આપના ભાઈશ્રી જવરાજજીએ સાદડીમાં એક ઉપાશ્રય માટે રૂા. ૨૦૦૦૦) આપેલા છે, આપના



શા. મોહનલાલ દોલતરામ-માણસા.





શા. ચીમનલાલ દોલતરામ-માણસા.

સામાં રૂ. ૮૦૨૫ જૈન પાઠશાળા માટે આપ્યા છે અને પાઠશાળા સુંદર રીતે ચાલે છે. માણસામાં એક બગીચો બનાવ્યો છે અને તેનો તમામ ખર્ચ તેઓ આપે છે. બગીચાના ફૂલો માટે દેરાસરોમાં વપરાય છે. કાર્તકી-ચૈત્રી પુનમના શત્રુંજયના પટ આ બગીચામાં બંધાય છે. શ્રી માણસા પાંજરાપોળને રૂ. ૨૫૦૦ તથા ભાવનગર પાંજરાપોળ અને પંજાબના દેરાસર માટે પણ સારી રકમો આપી છે. દરેક શુભ કાર્યોમાં યથાશક્તિ ફાળો આપવાનો ભાવ છે.

શેઠ ચંદનમલજી કિસ્તુરમલજી

સાદડી (મારવાડ) નિવાસી શેઠ ચંદનમલજી (કિસ્તુરમલજી) પણ એક સાચા ગુરુભક્ત અને પરમ ધર્મપ્રેમી છે. તેમનો જન્મ એક [illegible] કુટુંબમાં સં. ૧૯૬૬માં થયો. મુંબઈમાં તેમની એક [illegible] ચાલે છે. તેમની [illegible]

[illegible]



શ્રી શેઠ મૂળચંદજી છજમલજી.



શ્રી ઝવેરચંદ છગનલાલ.

મરહુમ સદ્‌ગૃહસ્થે આચાર્ય લલિતસૂરિજી મ૦ના સં. ૧૯૯૮ ના ચાતુર્માસમાં અઠ્ઠાઇ મહોત્સવ અને શાંતિસ્નાત્રાદિ સત્કાર્યો ધૂમધામપૂર્વક કર્યાં હતા તથા બીજા પણ સામાજિક કાર્યોમાં સારો રસ લીધો હતો.

પાલેજના જ નિવાસી શેઠ ઉત્તમચંદ નેમચંદભાઇએ પણ રૂા. ૫૦૧) સુમવીરમાં ભેટ આપેલ છે, પરંતુ આગ્રહ કરવા છતાં ફોટો અને જીવની આપવા અનિચ્છા દર્શાવી છે.

શ્રી ઝવેરચંદ છગનલાલ

વડોદરાથી બારેક ગાઉ દૂર મીયાગામ-કરજણની પાસે આવેલા સુરવાડાના રહીશ શ્રી ઝવેરચંદભાઇ સં. ૧૯૬૬ માં આચાર્યશ્રીના પરિચયમાં આવ્યા. અભ્યાસ તો ગુજરાતી સાત ચોપડીનો હતો. ધાર્મિક અભ્યાસ પણ સામાન્ય હતો પણ પંજાબમાં લાંબો સમય વિચરી, શાસનપ્રભાવનાના કાર્યો કરી પ્રથમ વડોદરામાં આવેલા ગુરુવર્યના પહેલા જ વ્યાખ્યાને ઝવેરચંદભાઇને ચિનગારી લાગી. સંત સમાગમ વધતો ચાલ્યો. જીવનની સાચી દ્રષ્ટિ મળી અને ઝવેરભાઇનું આંતરિક ઝવેરાત જગમગી ઊઠયું. પછી તો જ્યારે જ્યારે તક મળી ત્યારે ગુરુદેવના દર્શનનો અને તેઓશ્રીના સુધાભર્યા પ્રવચનોનો લાભ લેવાતો રહ્યો. સુરવાડામાં ગુરુદેવનો વિશેષ લાભ મળ્યો અને તેઓશ્રીની શીતળ છાયડી અને ઉપદેશામૃતના પરિણામે ધર્મભાવના દૃઢ બની અને કોઇ નિકાચિત કર્મના ઉદયથી સં. ૧૯૭૦ થી શરીરની પ્રકૃતિ કથળેલી રહેવા છતાં તેમજ અસાધ્ય બિમારીએ ઘર કર્યું હોવા છતાં પરમ ઉપકારી ગુરુદેવની કૃપાદૃષ્ટિથી મનની શાંતિ ટકી રહી છે અને ધર્મશ્રદ્ધા તથા ધર્મભાવના આજે પણ જાગ્રત છે.

આવા ધર્મપ્રેમીઓથી જ ધર્મની જ્યોત જલતી રહે છે.

× × ×

બીજા કેટલાક ગુરુભક્તોના ચરિત્રોની હકીકત પૂરેપૂરી ન મળી શકી નથી તે ત્રીજા ભાગમાં આપવામાં આવશે.

